

# ક્ષમા = પ્રેમ + મૈત્રીની મહેક

પંન્યાસ શ્રી અજિતશેખર વિજયજી ગણિ

# ક્ષમા = પ્રેમ + મૈત્રીની મહેક

• અખંડ આશીર્વાદ •

પૂજ્ય અનંતોપકારી સ્વ. ગચ્છાધિપતિ આચાર્યદેવ

**શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**

પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવ **શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મહારાજ**

પૂજ્ય સહજાનંદી સ્વ. આચાર્યદેવ **શ્રી વિ. ધર્મજિતસૂરીશ્વરજી મહારાજ**

પૂજ્ય સૂરિમંત્રઆરાધક આચાર્યદેવ **શ્રી વિ. જયશેખરસૂરીશ્વરજી મહારાજ**

પૂજ્ય વિદ્વદ્વર્ય પંન્યાસ પ્રવર **શ્રી અભયશેખર વિજયજી ગણિવર મહારાજ**

❖ સહયોગ ❖

**પૂ. મુનિરાજ શ્રી વિમલબોધિ વિજયજી મ.**




◆ લેખક ◆

**પૂ. પંન્યાસ**

**શ્રી અજિતશેખર વિ. ગણિવર મ.**





• પ્રકાશક •

અર્હમ્ પરિવાર ટ્રસ્ટ

મુંબઈ, બેંગલોર, વિજયવાડા, મદ્રાસ

## અર્હમ્ પરિવારનું ઉપલબ્ધ ગુજરાતી સાહિત્ય

| | | |
|---|---|---|
| ૧. | નદી-નાવ સંયોગ | રૂ.૩૦/- |
| ૨. | કરત પ્રશંસા સબ મિલ અપની | રૂ.૨૫/- |
| ૩. | ૧૦૮ પાર્શ્વનાથ દર્શન | રૂ.૭૫/- |
| ૪. | ઉપશમ અમૃતરસ પીજિએ | રૂ.૩૦/- |
| ૫. | પળ-પળનો હિસાબ | રૂ.૨૫/- |
| ૬. | વીર ! મને તારો છે આધાર | રૂ.૨૦/- |
| ૭. | જિંદગી તારા રૂપ અનેક | રૂ.૨૫/- |
| ૮. | સિદ્ધિ જઈ તેને વરે | રૂ.૩૦/- |
| ૯. | સમાધિનો સાથી | રૂ.૧૫/- |
| ૧૦. | ૧૦૮ નવકાર (વિવિધ ડીઝાઈનમાં) | રૂ.૩૫/- |
| ૧૧. | ક્ષમા = પ્રેમ + મૈત્રીની મહેક | રૂ.૩૦/- |

❖ પ્રાપ્તિસ્થાન ❖

**MUKESHKUMAR JAIN**
*C/o. Multy Graphics*
100/102, V. P. Road,
Jyotiprakash Bldg., 2nd Floor,
Mumbai - 4. Ph. : 388 02 08

**ASHVINBHAI SHAH**
*C/o. Hansa Compu Graphics*
1, Poorna Prasad Road,
Bangalore - 560001. Ph. : 226 06 55

**HEMAL SHAH**
*C/o. Hrimkar Compu Printers*
8, Kesar Niketan, Kartar Rd. No.4,
Borivali (E.), Mumbai. Ph. : 862 47 11

**ANILBHAI SHAH (CHINUBHAI)**
*C/o. Hansa Cine Equipments*
87, Mount Road, Madras - 600 002.
Ph. : 840 872



આપ રૂ. ૧૦૦૮ ભરી હમણાં જ તાત્ત્વિક -સાત્ત્વિક સાહિત્યના આજીવન સદસ્ય બની જાવ અને અમૃતપાન સમા સાહિત્ય વાંચનને જીવનભર માણો.

- ટ્રસ્ટી ગણ

પ્રથમ આવૃત્તિ : સંવત ૨૦૫૫

મૂલ્ય : ૩૦/- રૂ.



શ્રી સર્વોદય પાર્શ્વનાથાય નમઃ
વિજય પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ- ધર્મજિત-જયશેખર સૂરિભ્યો નમઃ

# પ્રાસ્તાવિકમ્

પતિદેવ ઓફિસેથી થાક્યા-પાક્યા ઘરે આવ્યા. પણ બધા ટી.વી.માં નાટક જોવામાં મશગુલ હતા.. કોઇએ પાણીનો પણ ભાવ પૂછ્યો નહીં. જેઓમાટે કમાવા પોતે આટલો પરિશ્રમ લે છે, તેઓ તરફથી થતી આ ઉપેક્ષાથી ત્રાસી પતિ બરાડ્યા-હવે તો હદ થાય છે. તમે ટી.વી.માં નાટક જોવામાંથી ઊંચા નથી આવતા, ને મારી સામું પણ જોતા નથી. હવે તો આ ઘરમાં કાં ટી.વી. નહીં, કાં હું નહીં.

ત્યારે ટી.વી. જોતા જોતા જ પત્નીએ કહ્યું - હવે નાટક બંધ કરો.. તમારે જવું હોય તો જાવ, પણ રસોડામાંથી ખીચડી ખાઇને જજો. નહીંતર એ વધી પડશે, તો ખવડાવવા માટે મારે ક્યાં કૂતરાને શોધવા જવું !

બિચારા પતિદેવ ઠંડાગાર થઇ ગયા ! હા, મને ઘણીવાર આશ્ચર્ય થાય છે, આજે ઘરે ઘરે નાટકો ચાલી રહ્યા છે, ભવાઇઓ ભજવાઇ રહી છે, માનસિક વિચિત્રતાઓની ફિલમ ઉતરી રહી છે, છતાં આ બધું જોવા લોકો ટી.વી. સામે આંખો ફાડીને કેમ ચોંટેલા રહેતા હશે!

પ્રસ્તુત પુસ્તકમાં માનવીના વિચિત્ર મનની ભવાઇઓથી સર્જાતી કરુણાંતિકા અને ક્ષમાભાવની મનોચિકિત્સાથી સર્જાતી સંવાદમય સુરમ્ય સુરાવલીનું આલેખન કરવાનો પ્રયત્ન કર્યો છે. પ્રસંગોનું મુખ્યતત્વ વાંચેલી-સાંભળેલી બનેલી હકીકતોના આધારે તારવેલું છે. પછી એનો હૃદયસ્પર્શી વિસ્તાર ક્યાંક જાતને જોડી, તો ક્યાંક મુનિરાજ ને આગળ કરી કલ્પનાના રંગો પૂરી કર્યો છે. સારી અને સગી ગણાતી વ્યક્તિઓ પણ કેવા કેવા પ્રકારની મનઃસ્થિતિનો ભોગ બની જાય છે, એ વાત ઉપસાવી મનનો કબજો હૃદય-મગજપર ન છવાઇ જાય, તેવી સાવધાની આપવાનું લક્ષ્ય છે, તો હકીકતની જાણકારી વગેરે દ્વારા ક્ષમાભાવનાં અમૃતથી મનના ઝેર દૂર થતાં આવતો હૃદયપલટો જીવનની દિશાને આનંદના કેવા ફૂવારાથી ભરી દે છે, તે દર્શાવવાનો ધ્યેય છે. ધીરજ, દીર્ઘદૃષ્ટિ, સહનશીલતા અને ક્ષમા-મૈત્રી જ જીવનને ધબકતું રાખી શકે છે. અકળામણની આગમાંથી આનંદના બાગમાં લઇ જઇ શકે છે. એ વાત આપણા સૌના હૈયામાં જડબેસલાખ બેસી જાય એ આ પુસ્તકની સાર્થકતા છે.

સદા સ્મરણીય-શરણીય પંચપરમેષ્ઠી ભગવંતો એમાં પણ વિશેષતઃ ઉપકારી ગુરુ ભગવંતોની કરુણા આ સુકૃતસર્જનનું મુખ્ય પરિબળ છે. જિનાજ્ઞાવિરુદ્ધ લખાણ મારા પ્રમાદ-મતિમંદતાથી સંભવે છે. અને તે બદલ મિચ્છામિ દુક્કડમ્

દધાતુ તુષ્ટિં મયિ વિસ્તરો ગિરામ્.

સર્વોદય નગર
વીરવિભુ ચ્યવન કલ્યાણક દિન
વીર સંવત - ૨૫૨૫

- પં. અભયશેખર વિ. ગણિ મ.નો
શિષ્ય અજિતશેખર વિ.

# ... અનુક્રમણિકા ...


| | | |
|---|---|---|
| ૧. | ક્ષમાપના = પ્રેમ + મૈત્રીની મહેક | ૧ |
| ૨. | ક્ષમાપના : વિષને અમૃતમાં ફેરવતો મંત્ર | ૧૧ |
| ૩. | ક્ષમાપનાનું સૌંદર્ય | ૨૦ |
| ૪. | સગુ તારું કોણ સાચુ રે... | ૩૧ |
| ૫. | ક્ષમાભાવ-ઈર્ષ્યાની આગમાંથી પ્રમોદનો બાગ | ૪૧ |
| ૬. | ક્ષમાપના = દ્વેષની આગમાંથી પ્રેમનો ફુવારો... | ૫૩ |
| ૭. | ક્ષમા-ધર્મધ્યાનનું રસાયણ | ૬૭ |
| ૮. | હિસાબ રાખવાની કળા | ૮૦ |
| ૯. | અચ્ચંકારી ભટ્ટા | ૯૫ |
| ૧૦. | દેખ ! તેરે સંસાર કી હાલત | ૧૧૨ |




ચંપકકાકા ઘણા દિવસે દેખાયા. વંદન કરી બેઠા. મોંપર વ્યગ્રતા આંટાફેરા મારી રહી હતી. ગ્લાનિ, ઊચાટ, બેચેની મોંપર જૂદી જૂદી રીતે કબજો જમાવી બેઠેલા સ્પષ્ટ દેખાતા હતા.

મેં પૂછ્યું → કેમ ચંપકભાઈ ! ઘણા દિવસે દેખાયા ? સ્વાસ્થ્ય બરાબર નહોતું ? ચંપકભાઈ મારા સવાલને ગળી ગયા. જવાબમાં એક અજંપાભર્યું મૌન પથરાયું, મને લાગ્યું મામલો ગંભીર લાગે છે. ચંપકભાઈના હૈયે કોઈ લાવારસ ઉકળી રહ્યો લાગે છે. થોડી ક્ષણો બંને પક્ષે ચૂપકીદીમાં જ વહી ગઈ.

પછી ખેદભરેલા સ્વરે ચંપકભાઈ બોલ્યા → સાહેબ ! હું મારી પત્નીથી અલગ થઈ રહ્યો છું.

આ સાંભળી હું ચોંક્યો. લગભગ સાંઠી વટાવી ચુકેલી આ બુઝર્ગ વ્યક્તિ જેની સાથે લાંબો કાળ વિતાવ્યો છે, એ પત્નીથી અલગ થાય છે; આશ્ચર્ય થયું. જૂવાનીના આંધળા ઉન્માદમાં રૂપ - સંપત્તિ કે સંબંધમાં ઓછાપણું આવી જાય, અને આવેશમાં છુટાછેડા લેવાના પ્રસંગો બને, તે શક્ય છે. ગરમીના, તોફાનના, આટાપાટાના દિવસોમાં આ સંભવે, પણ હવે તો ઠંડા પડવાના, શાંત રહેવાના અને જે થાય તે સ્વીકારી લેવાના દિવસો આવ્યા.. આ ઉંમરે આવી વાત ? મન મુંઝાઈ ગયું.

મેં પૂછ્યું → આ તમે શું કહો છો ? તમારે લગ્ન થયાને તો ઘણા વર્ષો થયા હશે ? કાકાએ કહ્યું - હા ૩૫ વર્ષ થયા.

મેં પૂછ્યું→ આટલા વર્ષોમાં પરસ્પરને ન ગમે તેવા ઘણા પ્રસંગો બન્યા હશેને ? કાકાએ કહ્યું →ખાસ એટલા નહીં. અને શરુઆતથી પરસ્પરને સમજવાની ટેવ રાખેલી. અને 'સંસાર ગાડું બરાબર ચલાવવું હોય, તો ખમી ખાવું જોઈએ' આ સિદ્ધાંત રાખેલો. અમે પરસ્પરની ઉણપને સમજી, અને સ્વીકારીને જ જીવનગાડું હંકારેલું.. એટલે એવા પ્રસંગો ખાસ આવ્યા નથી. અને તેથી જ આજે - કે જ્યારે એકબીજાને એકબીજાના હુંફની ખાસ જરૂરત છે, ત્યારે આમ અલગ પડતાં હૈયુ વલોવાઈ જાય છે.

એક બાજૂ આવી સારી સારી વાત અને બીજી બાજૂ છૂટા પડવાની વાત. મારા મગજમાં કંઈ ઘડ બેસી નહીં.

મારાથી પૂછાઈ ગયું →એવી તે કેવી ભૂલ થઈ ? ગુનો કોનો, તમારો કે તમારા ઘરવાળાનો કે જેથી આમ હવે એકાએક છૂટા પડવાની વાત કરો છો ? ચંપકભાઈએ ઊંડો નિસાસો નાંખી કહ્યું →ભૂલ તો અમારા બંનેની છે. મેં પૂછ્યું →બન્નેની ? શી? કાકાએ કહ્યું →હાસ્તો વળી ! અમે બન્ને એ ગુનાઓમાટે સરખા જવાબદાર છીએ કે પુત્રોને જન્મ આપ્યો, ભણાવ્યા. અલગ-અલગ દુકાન કરી આપી અને પરણાવ્યા.

આ વળી એક નવો ફણગો ફૂટ્યો. ચંપકકાકાને બે છોકરા હતા, બન્ને હોંશિયાર, ભણેલા અને પોતપોતાના ધંધામાં ઠરીઠામ થયેલા. અલબત્ત બન્નેની દુકાન અલગ - અલગ હતી, પણ સંયુક્ત કુટુંબ હતું. બન્નેનો પરિવાર માતા - પિતાની સાથે ભેગો જ રહેતો હતો, તેથી મને થયું કે દાળમાં કાળું આ જ લાગે છે કે છોકરાઓ સાથે કાંક બગડ્યું લાગે છે. પણ એમાં આ વૃદ્ધદંપતીએ એક - બીજાથી છૂટા થવાની શી જરુર ?

મેં કહ્યું →સંતાનને ભણાવવા - ઠેકાણે પાડવા, એ તો દરેક મા - બાપની ફરજ છે.

કર્ત્તવ્ય છે. એ કંઈ ગુનો ન કહેવાય. હા ગુનો જો ગણવો હોય, તો એ ગણાય કે એ સંતાનોને ધર્મનો માર્ગ, સાધનાનો માર્ગ ન બતાવવો અથવા એ માર્ગે જવા ઇચ્છતા હોય, તો તે અટકાવવા પ્રયત્ન કરવો. બાકી તમે સંતાનો માટે જે કર્યું, એને કોઈ ગુનો ગણતું નથી, પણ મા – બાપતરીકેની ફરજ બરાબર નિભાવી એમ જ ગણે.

કાકાએ કહ્યું →કોઈ શું ગણે અને માને એનાથી મને શો મતલબ ? હું તો એટલું જાણું કે સંતાનોમાટે જે કર્યું, એના ફળરૂપે આજે અમને બન્નેને દંડ – સજા મળી રહી છે, માટે એ ગુનો જ ગણાય.

મેં પૂછ્યું →કાકા ! તમને પુત્રોના કારણે શું દંડ-સજા ભોગવવાનો અવસર આવ્યો? અને એમાં પુત્રોને કેમ જવાબદાર ગણો છો ?

કાકાએ કહ્યું →સાહેબ ! અમને અમારા બન્ને પુત્રોપર ઘણો પ્રેમ હતો. બન્ને હોંશિયાર, રૂપાળા, ભણવામાં દક્ષ અને અમારાપ્રત્યે વિનયથી ભરેલા. તેથી અમારો પરિવાર આનંદ – કિલ્લોલ કરતો પરિવાર ગણાય. બન્ને ભણીને તૈયાર થયા, પછી બંનેની રુચિને અનુરૂપ બંનેને દુકાનો પણ કરી આપી. મોટો મહેશ કાલબાદેવીપર કપડાની પેઢી સંભાળે છે.

નાનો રમેશ અંધેરીમાં વાસણની દુકાનપર બેસે છે. બંનેને ધંધામાં સારી રીતે પળોટેલા. એટલે બંનેએ ધંધો અને નફો વધાર્યો છે. બંને વચ્ચે સંપ જળવાઈ રહે, એમાટે એક જ ઘરની બે સગી બહેનોને જ બંનેની પત્નીરૂપે આ ઘરમાં સ્થાન આપ્યું છે. આ બહેનો સંસ્કારી ઘરની છે, વડીલોની આમન્યાને સમજે છે, ભણેલી છે, સમજુ છે, અને પરસ્પર સારો પ્રેમ રાખે છે, એ જાણીને જ એ બંનેપર પસંદગી ઉતારેલી.

મેં પૂછ્યું →તો હવે શાની મોકાણ છે ?

કાકાએ કહ્યું →સાહેબ ! વિધિની વક્રતાને કોણ સમજી શકે છે ? આપણું ગણિત ક્યારે સાચુ ઠરે છે ? જે સુખની ટોચ દેખાય, એ તો જ્વાલામુખીની ટોચ હોય છે. સારી ગણાતી વ્યક્તિ પરિસ્થિતિ બદલાતા કેટલી ખરાબ બની શકે છે ? અને એકરૂપે દેખાતો પ્રેમ બીજારૂપે કેટલો દ્વેષમાં બદલાઈ જાય છે ? એ બધી મોકાણ આપને શી કહેવી ? અને સાહેબ, માત્ર ધન વધવાથી કામ સરતું નથી, ધનની સાથે સાથે અહં વગેરે દોષોસામે ટકી રહેવાનું નૈતિક બળ પણ વધવું જરૂરી છે. નહિતર ધનમાં વધારો ચારિત્રમાં બગાડોને સમાંતર ચાલે.

મેં કહ્યું →આ બધી વાતો સારી છે. પણ એનું પિષ્ટપીંજણ કર્યા વિના હકીકત શું બની ? તે કહેશો...

ચંપકકાકાએ કહ્યું –જ્યારથી એ બે સગી બહેનો અહી સાસરે આવી જેઠાણી દેરાણી બની છે, ત્યારથી એકબીજામાટે બન્નેની આંખોમાં વીંછીએ અને જીભપર સાપણે ચોકો જમાવ્યો

છે. બંને 'સ્ત્રીની દુશ્મન સ્ત્રી' કહેવતને ચરિતાર્થ કરી રહી છે. ભીંડાનું શાક કોણે વધારે સમાર્યું ? અને કોણે ઓછું ? આ પણ એ બન્નેને લડવાનો વિષય બને છે.

મેં પૂછ્યું →પણ એ બંનેને લડતાં તમે કે તમારા ઘરવાળા અટકાવે નહીં ? આપણે ત્યાં એક વાત આવે છે.. એક જંગલમાં બે ખિસકોલી લડવા માંડી. બીજા બધા પશુ-પંખી એ બેને લડતા અટકાવવાને બદલે રસથી લડાઈનો તમાશો જોવા માંડ્યા. ત્યારે વનદેવતાએ એ બધા પશુઓને ઉદ્દેશી કહ્યું →આ બેને લડતાં અટકાવો, નહીંતર જંગલ નાશ પામશે અને તમને નુકસાન થશે. પણ પશુવગેરેએ એ વાતપર ધ્યાન આપ્યું નહીં. બે ખિસકોલીની લડાઈથી શું થઈ જવાનું ? એવા ધરપતથી નિરાંતે તમાશો જોતા રહ્યાં. એ બન્નેની ધમાચકડી ચાલુ રહી. એમાં એક ખિસકોલી ભાગતી ભાગતી એક સૂતેલા હાથીની સૂંઢમાં ઘુસી ગઈ. સળવળ થવાથી હાથી જાગી ગયો. સૂંઢ પછાડવા માંડ્યો. બીજી ખિસકોલી અંદર ઘુસવા જતી હતી.. તે તો આ સૂંઢ પછડાવાથી એના મારથી ત્યાં જ મરી ગઈ. પેલી અંદર ગયેલી બહાર નીકળી શકી નહીં. અંદર જ ડરથી આમ તેમ દોડવા લાગી. એટલે અકળાયેલો - ગુસ્સે થયેલો હાથી તોફાને ચઢ્યો. અંદરની અકળામણથી ત્રાસેલાં હાથીએ પાગલ બની ઝાડ-પાન ઉખેડવા માંડ્યા.. એ પાગલ બન્યો, એ જોઈ બીજા હાથીઓએ પણ પાગલ બની તોફાન શરું કર્યું. દોડધામ - ગર્જના - ઝાડ - પાનને ઉખેડી નાંખી ફેંકવાની ગરબડ - આમાં બીજા નાના પશુઓ અડફેટમાં આવી કચરાઈ ગયા - પંખીઓના માળા ખતમ થઈ ગયા. ચીસાચીસ અને હોહાની અંધાધૂંધી મચી ગઈ. બંને ખિસકોલી તો મરી ગઈ, પણ આખું જંગલ કચ્ચરઘાણ થઈ ગયું. ચંપકકાકા ! એટલું સમજી લ્યો, લડતા નહીં અટકાવાયેલી બે ખિસકોલી આખા જંગલનો વિનાશ કરી શકે છે.

ચંપકકાકાએ કહ્યું →સાહેબજી ! આપની વાત સોળે આના સાચી છે. અમારી આ બે ખિસકોલીઓની લડાઈમાં અમારા ઘરની શાંતિ જોખમાઈ છે. આબરુના ધજાગરા ઉડી રહ્યા છે, અને ઘર ભંગાણના આરે આવી ઊભુ છે. પણ કરીએ શું ? બેની લડાઈમાં વચ્ચે પડીએ છીએ, તો બંનેને એમ લાગે છે, કે અમે એકની સામે બીજીનું ઉપરાણું લઈએ છીએ. અને ચૂપ રહીએ છીએ, તો બંનેને એ વાતનું ખોટું લાગે છે, કે આની ભૂલ હોવા છતાં અમે એને કેમ ઠપકો આપતા નથી ? સાહેબ, અમારી હાલત તો બે બિલાડીની લડાઈમાં ચૂથાઈ રહેલા ઉંદર જેવી છે.

મેં કહ્યું -હં ! પણ એનો કોઈ નિકાલ ?

ચંપકકાકાએ કહ્યું →ગઈકાલે જ નિકાલ થઈ ગયો, હવે એ બંનેને શાંતિ થશે અને અમને અજંપો.

મેં પૂછ્યું →કેમ એમ કહો છો ? શો નિવેડો આવ્યો ?

ચંપકકાકાએ કહ્યું →બસ એ જ. આજના કાળે જે આવવો જોઈએ તે જ.

મેં અકળાઈને પૂછ્યું →એમ ગોળ ગોળ ન કહો.. શું થયું ! સ્પષ્ટ કહો.

ચંપકકાકાએ નિરાશવદને કહ્યું →શું કહું ? એ બંને વહૂ દિવસે લડે અને રાતે પોત પોતાના પતિના કાન ફૂંકે.. વઘાર કરીને વાતો કરે.. ઝેર પીરસે... બંને ભાઈઓને પણ પોતપોતાના ધંધામાં મળતી સફળતાનો પારો તો ચડી જ રહ્યો હતો.. એમાં આ બધી મોંકાણ... પરિણામે એકવખત એક થાળીમાં જમનારા બે જણા પણ પરસ્પર માથા લડાવવા માંડ્યા.. એક બીજાની કમાણી - ખર્ચનો હિસાબ લગાવવા માંડ્યા.. રૂપિયો બોલવા માંડ્યો.. એટલે લાગણી - લોહીસગાઈ બોલતી બંધ થઈ. ચડભડ વધી. મનભેદ થવા માંડ્યો. અંતે આ બધી ઝંઝટનો અંત આણવા અને કાયમી શાંતિમાટે ગઈકાલે જ બે ભાઈઓ વચ્ચે મીટીંગ થઈ. મને વચ્ચે લાવ્યા પણ નહીં... મારી ઇચ્છા, મારા અભિપ્રાય કે મારી સલાહ પણ લેવા જેવી લાગી નહીં. મેં જ સોંપેલી સંપત્તિનાં મારી પરવા કર્યા વિના પોતપોતાની મરજીપૂર્વક ભાગ પાડી નાંખ્યા.

મેં પૂછ્યું →એ ભાગ પાડતી વખતે કંઈ ગરમાગરમી થઈ ?

કાકએ કહ્યું →ના ! ત્રણ કલાકમાં શાંતિથી બધો નીવેડો લાવી દીધો. આમેય સંપત્તિની બાબતમાં બંનેનું પોતપોતાનું બરાબર ગોઠવાયેલું જ હતું. તેથી એવો કોઈ પ્રશ્ન આવવાનો સંભવ જ નહોતો.

મેં કહ્યું →ચલો ! એટલું સારુ કહેવાય કે બંને શાંતિથી - સમજીને છૂટા પડે છે. સમયનો આ તકાદો છે, એમ સમજી હવે તમારે પણ સમતા રાખી સ્વસ્થ રહેવું.

આ સાંભળી કાકાના મગજનો પારો તપી ગયો -શું સાહેબ સમતા રાખે ? ધૂળ ? એ બે વહૂની લડાઈમાં દંડ અને સજા અમને ભોગવવા મળી રહ્યા છે. અને તમે સમતા રાખવાની વાત કરો છો ! એ તો સાહેબ ! પાણીનો રેલો પોતાના પગપાસે આવે, ત્યારે ખબર પડે કે સમતાની વાત કરવી કેટલી સહેલી છે અને રાખવી કેટલી અઘરી છે ?

મેં પૂછ્યું →તમારે શું દંડ - સજા ભોગવવાનો અવસર આવ્યો ?

કાકાએ કહ્યું →મારા બે પુત્રોએ અમારી સંપત્તિના તો ભાગ પાડ્યા. અમારા પણ ભાગ પાડી નાંખ્યા...

મેં પૂછ્યું - એટલે ?

કાકાએ કહ્યું →એટલે એ જ ! બંનેએ વિચાર - વિમર્શ કરી નક્કી કરી નાંખ્યુ, મારે નાનાની સાથે રહેવાનું, મારી પત્નીએ મોટાની સાથે. આજ સુધી ક્યારેય જૂદા નહીં પડનારા અમારે વૃદ્ધ દંપતીએ એ કપાતરોના પ્રભાવે છૂટાછેડા લીધા વગર અલગ પડવાનો અવસર આવી લાગ્યો છે ! આ ઘડપણમાં દિકરા - વહૂ તો સામું જોવાના નથી, જે સામું જોઈ સહાનુભૂતિ-હુંફ - ઉષ્મા આપી શકે, એનાથી પણ અલગ થવાનું.. અને નોકર થઈને રહેવાનું.

આટલું બોલતા તો કાકાની આંખમાંથી દડ..દડ..દડ.. આંસુધારા વહેવા માંડી.. કાકાનું હૈયુ ભરાઈ ગયેલું.. ડૂમો જામી ગયેલો.. એટલે ભીની આંખે મેં પણ થોડીવાર મૌન રહી, એ

આંસુધારાને વહેવા દીધી. પછી આશ્વાસન આપતા કહ્યું →તમારા છોકરા તમને બંનેને સારીરીતે સાચવશે. નહી તો કહી દો ને કે, તમારે તમારું જે કરવું હોય, તે કરો. અમારો વિભાગ કરવાનો તમારો કોઈ અધિકાર નથી. તમે નહીં સાચવી શકો, તો અમે બંને અહીં કે દેશમાં જઈ શાંતિથી રહીશું.

આંખને લૂંછી કાકાએ કંપતા સ્વરે કહ્યું →સાહેબ ! મેં જ્યારે અમારા ભાગલાની વાત જાણી, ત્યારે આ જ વાત કરી, તમે મને પૂછ્યા વિના સંપત્તિ આમ વહેંચી લીધી, તે તો હું બરદાસ્ત કરી લઈશ. પણ તમે અમારા બંનેના ભાગ શી રીતે પાડી શકો ? તમે અલગ થાવ, એમાં અમને કેમ છૂટા પાડો છો ? તમે બેમાંથી એક પણ અમને બંનેને સાચવવા તૈયાર ન હોય, તો અમે દેશમાં જઈશું – વૃદ્ધાશ્રમમાં રહીશું. પણ અમને જૂદા પાડનારા તમે કોણ ?

મેં પૂછ્યું – હં ! પછી તેઓએ શું કહ્યું ?

કાકાએ કહ્યું →એ બંનેએ અમારી મા – બાપતરીકેની પુત્રોપ્રત્યેની કોમળ લાગણીનો ગેરલાભ ઉઠાવ્યો.

મેં પૂછ્યું કેવી →રીતે ?

કાકાએ કહ્યું →બંનેએ એકસંપથી કહ્યું →પિતાજી ! આપ બંનેના અમારાપર અસીમ ઉપકાર છે. શું અમે બંને એવા નપાવટ છીએ કે બે દિકરાને પાળી – પોષી મોટા કરનારા મા – બાપને એક દિકરો પણ સાચવી ન શકે ? અમારી બંનેની જીદ હતી કે મા – બાપને તો અમે જ સાથે રાખીશું. આ જીદનો બીજી કોઈ રીતે નિકાલ ન આવવાથી આ વચલો માર્ગ લીધો છે. અને અમે બંનેએ નક્કી કર્યું છે, કે દરેક ગુરુવારે નાનો રમેશ પોતાના પરિવાર અને આપને લઈ મોટા મહેશને ત્યાં જમવા આવશે. અને દર રવિવારે મહેશ મમ્મીને લઈ રમેશને ત્યાં જમવા આવશે. આમ દર અઠવાડિયે બેવાર આપ બંને પરસ્પરને અને પૂરા પરિવારને મળી પણ શકશો. અને પિતાજી ! આપ બંને આમ દેશમાં કે વૃદ્ધાશ્રમમાં જાવ, તો આપણા પરિવારની જ આબરુ જાયને! બંનેએ એવી મીઠી મીઠી વાત કરી, કે અમે બંને ભોળવાઈ ગયા, અને અમારા ભાગલામાં પણ સંમતિ આપી દીધી.

મેં પૂછ્યું →તો હવે અફસોસ શાનો છે ? બંને છોકરા તમને સંભાળવા તૈયાર છે... પછી જોઈએ છે શું ?

કાકાએ કહ્યું →સાહેબ ! બધી વાતો મુટ્ઠીમાં રાખવા જેવી છે. એ પછી રાતે જ મહેશ અને એની પત્નીની વાતો મારા કાને પડી. મહેશની પત્નીએ ચિડાઈને મહેશને કહ્યું →આ ડાકણ જેવી ડોશીને કેમ આપણી સાથે રાખવાનું નક્કી કર્યું ? મારે માથે આ જમડીને ઠોકતા પહેલા મને તો પૂછવું'તું ! મહેશે પત્નીને શાંત પાડતા કહ્યું →તમારી 'સ્ત્રીઓની અક્કલ પગની પાનીએ' એ વાત ખોટી નથી. અમે બંનેએ બહુ સમજીને નિર્ણય લીધો છે. જો (૧) સમાજમાં એમ નહીં કહેવાય કે આ પૈસાદાર કપૂતોએ પોતાના ઉપકારી મા – બાપને તડકે મુક્યા.. તગેડી મુક્યા.. (૨) મમ્મી –

પપ્પાને પણ સંતોષ થઈ ગયો કે અમારા દિકરા સારા છે, અમને સાચવવા ઈચ્છે છે. અને મેં પણ ગણત્રી લગાવી, (૩) જો તું હાલ પ્રેગ્નેન્ટ છે. આપણો ચિન્ટુ પણ નાનો છે. મમ્મી ઘરમાં હોય, તો ચિન્ટુને રમાડવાવાળી આયાની કે રસોયણની જરુર નહીં રહે, ખર્ચો બચી જશે. મમ્મી ચિન્ટુને સાચવશે ને રસોઈ પણ કરશે. આમ તને પણ એટલી રાહત રહેશે..હવે બોલ, મારી ગણત્રી બરાબર છે ? આ સાંભળી એની પત્ની પણ રાજી થઈ ગઈ. બંનેએ ખુશ થઈ એક-બીજાને તાલી આપી. પછી એની પત્નીએ મહેશને પૂછ્યું →તો રમેશભાઈ પિતાજીને સંભાળવા કેમ તૈયાર થયા? મહેશે કહ્યું →મારે રમેશસાથે વાત થઈ. એના પણ કારણ એવા જ છે. એના પિન્ટુને દાદા વાતો કરે એ ગમે છે. રાતે દાદાની વાતો સાંભળે, તો મા-બાપને એટલો ત્રાસ ઓછો. અને રમેશને દુકાન સંભાળવા એક માણસની જરુરુ તો હતી જ. પોતે માલ લેવા જાય, ઉઘરાણીએ જાય, જમવા જાય, ત્યારે ભરોસાપાત્ર માણસો તો દુકાન સંભાળવા જોઈએ જ. વળી ઘરાકીના સમયે ઘરાકોને સંભાળવા પણ બીજો માણસ જોઈએ. તો પિતાજી જેવો વગર પગારનો ભરોસાપાત્ર માણસ બીજો ક્યો મળવાનો ? પપ્પાને 'આપનો સમય પણ પસાર થશે' એમ કહી દુકાને વળગાડવાનો એનો પ્લાન છે. સાહેબ ! રાતે જ મારા દિકરાઓના દિલની વાત જાણવા મળી ગઈ. હવે આપ કહો, સમતા કેવી રીતે રાખવી ?

હું પણ આ બધું સાંભળી સ્તબ્ધ થઈ ગયો. ભીષણ સંસારરણમાં ગમે તેવા લીલાછમ સંબંધોને પણ સૂકવી નાંખે એટલો સ્વાર્થનો તાપ પડતો હશે ? પ્રેમ - વાત્સલ્ય - સહાનુભૂતિના ગુલાબોની સુવાસને પણ છૂપાવી દે-શું સ્વાર્થના સડેલા શબની બદબુ આટલી બધી ભયાનક હશે ? શું સ્વાર્થનું રસાયણ એવું કરામતી હશે કે જે કોમળ હૃદયને કઠોર પથ્થરમાં ફેરવી શકે ? અને આટલા સ્વાર્થી - કઠોર હૈયાના આદમીને પણ જીવતો માણસ માનવો પડે ?

મેં મારી ફરજરૂપે કાકાને આશ્વાસન આપ્યું. ભૂતકાળમાં અજ્ઞાન દશામાં થઈ ગયેલી ભૂલોનો દંડ આ ભવમાં આવા પ્રસંગદ્વારા વિચિત્રરૂપે ભોગવવો પડે, એમ સમજી સ્વસ્થ રહો, તથા ખોટા વિચારો - દુર્ધ્યાનથી આ વૃદ્ધાવસ્થાને વધુ દુઃખમય - ત્રાસમય - નરકમય ન બનાવતા 'જે બને, તે સાક્ષીભાવે સ્વીકારી લેવું' એમ વિચારી અને 'કર્મના દોષમાં મારા પુત્રો ગુનેગાર નથી.' એમ પુત્રો પ્રત્યે શુભ - પ્રેમયુક્ત મૈત્રીભાવથી સમતામાં રહી, હવે પ્રભુ જ અનાથના નાથ, અશરણના શરણ છે એમ માની પ્રભુભક્તિ કરો, નવકારનો ખૂબ જાપ કરો. આમ કરી આ ભવના છેલ્લા દિવસો, અને ભવાંતર સુધારી લ્યો. ભગવાનની ભક્તિ વધારો ને પ્રાર્થના કરો કે તમને પુત્રો પ્રત્યે દુર્ભાવ ન થાય. રોજ સવારે ઉઠતા - રાતે સૂતા આત્માને સમજાવો, ભાવના કરો કે 'પુત્રોનો - પુત્રવધૂઓનો અપરાધ નથી, અપરાધ મારા પૂર્વના કર્મોનો, મારો પોતાનો જ છે.' ઇત્યાદિ વાતો કહી. ત્રણ આધ્યાત્મિક દવા આપી. કાકા ગયા.

થોડા દિવસમાં પાછા મળવા આવ્યા. આ વખતે મોં પ્રસન્ન દેખાતું હતું. ચહેરો પ્રફુલ્લ હતો. બદનમાં તાજગી વરતાતી હતી. વંદન કરી બેઠા. મેં જ પૂછ્યું →કેમ ચાલે છે ? નવી

વ્યવસ્થામાં અનુકૂળતા આવી ગઈ ?

એટલે હસું - હસું થતાં ચહેરે કાકાએ કહ્યું →સાહેબ ! આપનો ઉપકાર કદી ન ભૂલું!

મેં પૂછ્યું (આશ્ચર્યસાથે) - મારો ઉપકાર ? ક્યો ?

કાકાએ કહ્યું →મેં મારી રામકથા કહી પછી આપે જે ઉપદેશ આપેલો, અને ત્રણ દવા આપેલી, એણે ચમત્કાર સર્જ્યો.

મેં પૂછ્યું →કેવી રીતે ? માંડીને વાત કરો.

કાકાએ કહ્યું →આપની ત્રણ વાત મેં અમલમાં મુકી (૧) રોજ ખૂબ જ ભક્તિપૂર્વક પૂજા શરુ કરી. પૂજા - ચૈત્યવંદનના અંતે ભગવાનની આગળ રોતી આંખે એક પ્રાર્થના શરુ કરી 'પ્રભુ! મને પુત્રોપર ક્રોધ-રોષ-દ્વેષ કે વેરભાવ ન આવે એટલો મજબૂત બનાવ.' (૨) લગભગ આખો દિવસ ઉઠા-બેઠતા - ચાલતા નવકારનો જાપ ચાલુ કરી દીધો અને (૩) રોજ રાતના સૂતા પહેલા અને સવારે ઉઠતી વખતે આત્માને સમજાવવાનું ચાલુ કરી દીધું, - 'આ તારા પૂર્વભવની ભૂલની સજા છે, કર્મનો વાંક છે, બન્ને પુત્રો તો નિર્દોષ છે, બિચારા વગર કારણે આ સજામાં નિમિત્ત બની રહ્યા છે. માટે બંને પ્રત્યે પ્રેમ રાખ.. બંનેના હિતનો વિચાર કર.' અને સાહેબ, ખરેખર કમાલ થઈ ગઈ. પાછા અમે બધા એક થઈ ગયા. સંયુક્ત કુટુંબરૂપે હવે રહીએ છીએ.

મેં પૂછ્યું →પણ આમ બન્યું કેવી રીતે ? બન્ને વહૂઓ માની ગઈ ? તમારા બંને પુત્રોમાં સંપ થઈ ગયો ? તમારાપર સદ્ભાવ કેવી રીતે વધી ગયો ?

કાકાએ કહ્યું →હા ! બન્યું એમ, કે હું રમેશને ત્યાં ગયો, એટલે મહેશના ચિન્ટુને અકળામણ થઈ ગઈ. હું એને પણ વાર્તા કહેતો હતો. એ મારીસાથે હળી ગયેલો. રોજ એ પોતાના પપ્પાપાસે જીદ પકડે, 'મને દાદાપાસે લઈ જાવ..' મહેશ પોતે ચિન્ટુની જીદથી કંટાળેલો.. એમાં પોતે માંદો પડ્યો. એટલે પેઢી સંભાળવાવાળું કોઈ ન રહેવાથી થોડા દિવસ પેઢી બંધ રહી, એમાં કેટલાક સોદા રદ થવાથી, હાથમાંથી જવાથી નુકસાન થયું. આ બાજુ રમેશની પત્ની પણ પ્રેગ્નેન્ટ થઈ માંદી પડી. ઘરમાં કોઈ કામ કરવાવાળું રહ્યું નહીં. એના પિન્ટુને દાદીમા યાદ આવ્યા કરે. વ્યક્તિની આવશ્યક્તા - કિંમત એની ગેરહાજરીમાં જ અનુભવાય - ખબર પડે. વિચિત્ર પરિસ્થિતિ નિર્માણ થવાથી બંને ભાઈઓ થોડા જ દિવસમાં અકળાયા... પણ જ્યાં સુધી બે વહૂના ઝેર ઉતરે નહી, ત્યાં સુધી કરી શું શકે ?

મેં પૂછ્યું →પછી એ બેના ઝેર કેવી રીતે ઉતર્યા ?

કાકા કહે → બન્યું એમ, કે જ્યારે અમારે ત્યાં આ ધમાલ થઈ, તે વખતે એ બંનેનો સગો ભાઈ એના મમ્મી - પપ્પાને થોડા દિવસ જાત્રાએ લઈ ગયેલો. ખુબ જ સારી રીતે જાત્રા કરાવેલી. આમેય અમારી ન્યાતમાં એ આધુનિક શ્રવણતરીકે ઓળખાય છે. એ મા - બાપને લઈ પાછો આવ્યો, ત્યારે બંને બહેનો પિયર મળવા ગઈ. પણ એના ભાઈ-માતા-પિતાને અમારે ત્યાં થયેલા

ભંગાણના સમાચાર મળી ગયેલા.

એ બંને આવી તો ખરી. પણ ભાઈએ પાણીનો પણ ભાવ પૂછ્યો નહીં, અને ખબર લઈ નાંખી →આજે તમારા ને મારા મમ્મી-પપ્પાને મેં અને મારી વહૂએ કાઢી મુક્યા હોત, તો તમને બંનેને શું થાત ? અમે જાત્રાએ લઈ ગયા, તો મમ્મી-પપ્પાને કેટલો આનંદ બધો આવ્યો ! અને મને પણ થયું કે ચલો, મહાઉપકારી માબાપની કાંક સેવાભક્તિ કરવાનો, ઋણ અદા કરવાનો લાભ મળ્યો. અને તમે શું કર્યું ! સાસુ સસરાને જાત્રા કરાવવાની કે સેવા કરવાની વાત જવા દો, બે પુત્રોથી પણ અલગ કરી દીધા ? આપણા કુટુંબની તમે આ આબરું વધારી ? તમારી એક ભાભી સાસુ - સસરાને સારી રીતે સાચવી શકે, અને તમે બંને મળી સાસુ - સસરાને વગર છુટાછેડાએ પરસ્પરથી પણ અલગ કરાવી દો ?

એમના મા-બાપે પણ બંનેને તતડાવી નાંખ્યા →અમારા તમને આ સંસ્કાર મળ્યા? તમને એ વિચાર ન આવ્યો કે અમારા ભાઈ - ભાભી આજે માતા-પિતાના ભક્ત બની આટલી સેવા કરે છે, અને અમે આ શું માંડ્યું છે ? તમને બંનેને સાસરામાં દેરાણી-જેઠાણીના ઝગડા જેવો ત્રાસ ન થાય, એટલામાટે એક જ ઘરે પરણાવ્યા. અને તમે આ ધજાગરો કર્યો ? તમારા બંનેના લડવાના સમાચાર મળતા હતા, ત્યારે પણ અમારું હૈયું દુઃખી થઈ જતું હતું. પણ તમે બંનેએ તો હદ કરી નાંખી, તમારી લડાઈમાં બે ભાઈઓને અલગ કર્યા અને મા - બાપથી છૂટા પાડ્યા. ત્યાં સુધી તો ઠીક, વૃદ્ધદંપતીને ય એક - બીજાથી પણ નોખા કરી નાંખ્યા. આ સમાચાર જાત્રા કરીને આવ્યા પછી મળ્યા, ને અમારું તો હૈયુ વલોવાઈ ગયું.. સારી જાત્રા કર્યાનો બધો આનંદ ઉડી ગયો.

અને પછી એ બેના મા - બાપે અને પુત્રે એક કાગળ બંનેને વંચાવ્યો.. કાગલ બીજે દિવસે અખબારમાં જાહેરાતરૂપે છપાવાનો હતો.. 'આ બે સ્ત્રીઓ અત્યારસુધી અમારી છોકરીતરીકે ઓળખાતી હતી.. પણ તેઓએ સાસરે જઈ ભાઈ - ભાઈને લડાવ્યા છે, અને મા-બાપને નોકર બનાવ્યા છે, અલગ કર્યા છે; ત્યારથી એ અમારી છોકરી રહેતી નથી. કોઈએ અમારી છોકરીઓતરીકે ઓળખવી નહીં'. બંનેના ફોટાસાથે આ જાહેરાત આપવાનો પ્લાન ઘડાઈ ગયેલો.

બંને સ્તબ્ધ થઈ ગઈ.. અવાક્ બની ગઈ. એવો ઝાટકો લાગ્યો કે, ત્યાં ને ત્યાં ફસડાઈ ગઈ.. પોતાના માબાપને અને ભાઈને પગે લાગી, ધ્રુસકે ધ્રુસકે રોવા માંડી. છતાં મા-બાપે સ્પષ્ટ કહી દીધું →તમારા એવા આંસુઓથી અમે પીગળવાના નથી. લો કરો ફોન ! તમારા બંનેના પરિવારને મા-બાપ સાથે અહીં આવવા તત્કાલ જણાવો. અને અહીં અમારી નજરસમક્ષ તમારા સાસુ-સસરાને સાચા મા-બાપ માની પગે પડો..માફી માંગો.. ક્ષમામાટે રડો.. તો જ અમને શાંતિ વળશે.

મને પણ આ અકલ્પ્ય વળાંકમાં રસ પડ્યો - મેં કહ્યું - હં પછી !

ચંપકકાકાએ કહ્યું →પછી શું ? બંનેએ પોતપોતાના પતિને ફોન કર્યા.. પપ્પા - મમ્મીને

લઈ તાકીદે આવી જવા કાકલુદી કરી. બંને પુત્રો ઘરે આવી અમને લઈ વેવાઈને ત્યાં પહોંચ્યા.. અમે 'શું હશે ? શું નહીં ?' ની અમંગળ કલ્પનાઓમાં ચડેલા..

પણ જેવા ત્યાં પહોંચ્યા, કે એ બંને વહૂ સીધી અમારા પગે પડી... ધ્રુસકે ધ્રુસકે રોવા માંડી... થોડી વાર તો કંઈ બોલી જ શક્યા નહીં. બસ પગ પકડી રડ્યા જ કરે.. એટલામાં એ બંનેના મા-બાપ-ભાઈ-ભાભી આવી અમારે પગે પડી કહેવા લાગ્યા - અમને માફ કરો. અમારી દિકરીઓએ આપ બધાને જે રંજાડ્યા છે, પજવ્યા છે, છોકરાઓથી અને એકબીજાથી અલગ પાડીને જે ત્રાસ દીધો છે, એમાં અમારો જ વાંક ગણાય. આ બંને અબૂઝ છે. પામર છે, આપ ઉદાર છો.. ભૂલો-ગુનાઓ ભૂલી માફ કરી દો.. દિકરીતરીકે સ્વીકારી લો.. અને એ બધા પણ આંસુ વહેવડાવવા માંડ્યા..

અમારી બધાની આંખ પણ ભીની થઈ ગઈ. આવા સ્વાગતની કોઈ કલ્પના નહીં. મારા બંને દિકરાઓને પણ લાગ્યું, કે અમે ભૂલા પડ્યા છીએ. મા-બાપને વિખૂટા પાડી મહાપાપ આચર્યું છે. એટલે એ બંને પણ અમારા પગ પકડી રોવા માંડ્યા... માફી માંગવા લાગ્યા... પપ્પા ! મમ્મી ! અમને માફ કરો, આપના અગણિત ઉપકારોને ભૂલી અમે કપાતર નીવડ્યા છીએ. આપને દેવ માની પૂજવાને બદલે નોકર ગણવાની તુચ્છતા આચરનારા કપૂતો છીએ ! કુલાંગારો છીએ ! પણ આપ દયાળુ છો ! પ્રેમાળ છો ! ઉદાર છો! અમને માફ કરો.. ક્ષમા કરો.. દયા કરો..

અમને લાગ્યુ અમે અનિચ્છાએ પણ મહાન બની ગયા.

જાણે ખોવાઈ ગયેલો પરિવાર મળ્યો એ આનંદમાં અમારી આંખે પણ અશ્રુધારા વહેવા માંડી...

આંસુઓની એ સુભગસભામાં બધાના મનના મેલ ધોવાઈ ગયા.. હૃદય સ્વચ્છ બન્યા. 'મિચ્છામિ દુક્કડમ્'ના રણકારથી જાણે સંવત્સરીપર્વ જેવો આનંદ અનુભવાયો.

એ જ ઘરે બધા સાથે જમ્યા.. ફરી સંયુક્ત કુટુંબમાં રહેવાનો ઠરાવ થયો. અને બંને દિકરા-વહુએ અમને જીવંત તીર્થતરીકે સ્વીકાર્યા. ઘરની તમામ બાબતોમાં અમને બંનેને જ મુખ્ય કરવાનો નિર્ણય કર્યો. બસ હવે ફરી આનંદનું વાતાવરણ જામ્યું છે. પણ હવે અમે સ્વસ્થ છીએ. સમતાના પાઠ શીખી લીધા છે.

મને પણ અ ક્ષમાપના - મૈત્રી અને પ્રેમની મહેકનો જાણે સાક્ષાત્ અનુભવ થયો. મૈત્રીમાં મન કેટલું પ્રસન્ન રહે છે ! વાતાવરણ કેવું ખુશનુમા કહે છે ! સર્વત્ર આનંદ - કિલ્લોલ કેવા છવાયેલા રહે છે ! અને છતાં આશ્ચર્ય છે કે આપણે તદ્દન તુચ્છ સ્વાર્થ ખાતર કટૂતા - દ્વેષ - શત્રુતાના માર્ગે જઈએ છીએ.




ડૉક્ટર રમેશભાઈ ધર્મપ્રિય જીવ. પ્રભુદર્શન – ગુરુવંદનનો ક્રમ લગભગ નિત્ય. સવારે પોતાના દવાખાને જતાં પહેલાં અચૂક આવી જાય. ઉપાશ્રયમાં રહેલા બધા મુનિઓની શાતા પણ પૂછે અને અસ્વસ્થતાના પ્રસંગે સારવાર પણ કરે.

એકવાર રોજિંદા ક્રમમુજબ વંદનાર્થ આવ્યા. વંદન કરી બેઠા... મહારાજને પૂછ્યું, 'સાહેબ! આપ એ બાપમાટે શું કહેશો, કે જે પોતાના ઘાયલ થયેલા છોકરાના મોતમાં રસ ધરાવે, અને એ માટે બે પાંચ હજાર ખરચવા તૈયાર થાય.. ?'

મહારાજે કહ્યું →'છોકરો મરે, તો મોટો વીમો પાકવાનો હોય, તો એવા સ્વાર્થ ખાતર પેટભરા બાપ દિકરાના મોતમાં રસ ધરાવે...'

ડોક્ટરે કહ્યું →'સાહેબ ! એવું નથી. એ બાપ સ્વયં ખાધેપીધે સુખી છે, અને એવો કોઈ વીમો પાકવાની શક્યતા નથી.'

મહારાજે કહ્યું →'તો પછી કાં તો છોકરો તદ્દન આઉટ લાઈને ચઢી ગયો હોય, કે પછી હવે જિંદગીભર અપંગપણાની અત્યંત વિવશ જિંદગી વિતાવે તેવી સંભાવના હશે.'

ડોક્ટરે કહ્યું →'ચૌદ વર્ષનો એ છોકરો સંસ્કારી છે. કોઈ ખોટા વ્યસન - સંસ્કાર નથી. અને એવી અપંગ અવસ્થાની પણ સંભાવના નથી... અને એવું હોય, તો પણ કયો બાપ, એટલા ખાતર જ છોકરાનું મોત ઇચ્છે ? મા-બાપ તો અપંગ સંતાનને વધુ પ્રેમથી જિંદગીભર સાચવે. હા ! પુત્ર એવો વિચાર કરી મા-બાપની પળોજણથી છૂટવા માબાપના મોતમાં રસ ધરાવે, તે બને. અહીં એવી વાત નથી.'

મહારાજે કહ્યું, 'તો પછી શું કારણ હોઈ શકે ?

ડૉક્ટરે કહ્યું, 'આમાં એક મોટી રામકહાની છે. ઘર ઘરની દીવાલો પાછળ ખેલાતાં નાટકોનું એક વરવું સ્વરૂપ છે. જો આપને સમય હોય, તો માંડીને વાત કહું.. આપને પણ સંસારના રંગ સમજાવવામાટે જીવંત ઉપયોગી દૃષ્ટાન્ત બને તેમ છે.

મહારાજે કહ્યું →'વાંધો નથી, સંભળાવો...'

ડૉક્ટરે કહ્યું 'મારા પરિચિત કુટુંબની વાત છે. હું આપને સાચા નામ નહીં કહું. પણ માની લો કે બે સગા ભાઈ છે, એક શાન્તિભાઈ, બીજા કાન્તિભાઈ.

બન્ને ટ્વીન (=જોડિયાભાઈ) છે. વ્યવહારથી શાન્તિભાઈ મોટા છે. મારે જે પિતાની વાત કરવી છે, તે છે કાન્તિભાઈ. બંને ભાઈઓ મારા સહાધ્યાયી, એમાં પણ મારે કાંતિભાઈ સાથે તો અંગત ઘરોબા જેવો સંબંધ છે.

આ બાર જાન્યુઆરીએ એમનો નાનો પુત્ર જયેશ પતંગ પકડવા જતાં છાપરા પરથી ગબડ્યો. જલ્દીથી મારી પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કર્યો.. સમયસરની સારવારથી બચી ગયો છે. પણ હજી પૂરેપૂરો ભાન-જાગૃતિમાં નથી આવ્યો. મારી ધારણામુજબ કાલ સુધીમાં ભાનમાં આવી જશે. કેસ એટલો ગંભીર નથી. જીવનભર યાતના સહેવી પડે એવી કોઈ પરિસ્થિતિ નહીં સર્જાય, તેવી મારી શ્રદ્ધા છે. અંતે તો બધું સર્જનહારના હાથમાં છે.'

મહારાજે પૂછ્યું →જયેશને હોસ્પિટલમાં દાખલ તો એના પિતાએ જ કરાવ્યો ને! કે બીજાએ ?

ડોક્ટરે કહ્યું, 'આ બારમીએ રવિવાર હતો.. તેથી એના પિતા ઘરે જ હતા.: સહજ છે કે

પિતા જ પુત્રને લઈને હોસ્પિટલ આવે...'

મહારાજે પૂછ્યું →'તો પછી અહીં પુત્રને મારવાની વાત ક્યાં આવી ? શું એ વાત સાચી છે કે હોસ્પિટલમાં પ્રવેશેલો સીધો સ્વર્ગમાં જ બહાર નીકળે ? હોસ્પિટલ સ્વર્ગનું દ્વાર છે ?'

ડૉક્ટરે કહ્યું, સા'બ ! એમ નથી. વાત હવે જ રંગ જમાવે છે. જ્યારે પુત્રને હોસ્પિટલ લાવ્યા, ત્યારે તો એના પિતા ઘણા જ ચિંતાતુર હતા.. છોકરાને ગમે તેમ કરી બચાવી લેવા ઘરના ગણાતા મારા જેવા મિત્ર આગળ પણ આજીજી કરતા હતા. અને મેં પણ તત્કાળ મારો પુત્ર સમજી જ સારવાર આપી. સમજોને કે એ પ્રથમ સારવારે જ ગુમાવેલું આયુષ્ય મેળવી આપ્યું.

પણ પછી ગઈકાલે જ - બીજા દિવસે જ રાતે આવી કાંતિભાઈએ મારીસાથે અંગત વાત કરવા માંડી.. મને કહે, બહુ ઉત્તમ સારવાર આપવાની જરૂર નથી. મેં કહ્યું, ''કેમ એમ કહો છો? પૈસાનો તો કોઈ પ્રોબ્લેમ નથીને ? અને હોય, તો પણ ચિંતા ન કરીશ. જયેશની સારવારમાં મને પૈસાની કોઈ અપેક્ષા નથી. હું મારો જ છોકરો માની રહ્યો છું''

કાન્તિભાઈ કહે, ''અરે ડૉક્ટર ! એ વાત નથી. પુત્ર આગળ પૈસા કોઈ વિસાતમાં નથી. ભગવાનની કૃપાથી એઅંગે કોઈ ચિંતા પણ નથી. અને તું ઘરનો જ છે. તને મોડું ચૂકવું કે ન ચૂકવું, તો પણ મિત્રદાવે તું ઉઘરાણી ન કરે તેવી ખાતરી છે. પણ વાત બીજી છે.''

મેં પૂછ્યું, ''દોસ્ત ! શી વાત છે ?''

કાન્તિભાઈએ કહ્યું, ''આજે હું વકીલને મળી આવ્યો...''

''વકીલને ? શા માટે ?''

''મારે શાન્તિભાઈપર કેસ માંડવો છે.''

''શાન્તિભાઈ.. તારા મોટાભાઈ પર ? કેમ ?''

''જો રમેશ ! જ્યારે જયેશ છાપરાપરથી પડ્યો, ત્યારે શાન્તિભાઈ સિવાય બીજું કોઈ છાપરાપર હતું નહીં. તું જાણે છે ને કે પિતાજીના ગયા પછી બંગલાના બે ભાગ કરી અમે બન્નેએ વહેંચી લીધા છે. અને નાના-મોટા ઝગડા ટાળવા ગ્રાઉન્ડની ઓસરી સુધી દીવાલ નાખી છે.''

મેં કહ્યું -કાન્તિ ! એ બધી વાત હું જાણું છું. મને ખબર છે કે મિલકતની વહેંચણી વખતે પણ તમારા બેવચ્ચે ચડભડ થયેલી અને અબોલા પણ થયેલા...

કાન્તિભાઈ -''એ અબોલા સંવત્સરી પ્રતિક્રમણ પછી મિચ્છામિ દુક્કડ્ માંગતી વખતે તૂટી ગયેલા.. પણ વાત એ છે, કે તે વખતે અગાસીના છાપરાના બે ભાગ કરવાના રહી ગયેલા.. એટલે શાંતિભાઈ પોતાના ઘરના દાદરાથી પણ અમારા ભાગની અગાસીમાં આવી શકે..''

મેં →''તો શું તારું એમ માનવું છે કે શાન્તિભાઈએ જયેશને ધક્કો મારી પાડ્યો..?''

''હા! હા! હું સોએ ટકા માનું છું, કે શાંત્યાએ જ ધક્કો મારી જયેશને ગબડાવ્યો છે.''

''કાંતિભાઈ ! થોડા ઠંડા પડો.. એમ આવેશમાં ન આવો.. આવેશમાં બાંધેલા અભિપ્રાયો અને લીધેલા નિર્ણયો મોટે ભાગે ખોટા પડતા હોય છે.''

કાન્તિભાઈ કહે -''આ અભિપ્રાય કે નિર્ણય આવેશમાં લેવાયા નથી. પુરાવાપૂર્વક નક્કી થયા છે.. જ્યારે જયેશ પડ્યો, ત્યારે પડતી વખતે જયેશે 'બાપુજી' એમ મોટેથી ચીસ પાડેલી તે અમે ઘરમાં બેઠેલાઓએ પણ સાંભળેલી. તને ખબર છેને કે મારા બંને છોકરા શાન્તિને જ 'બાપુજી' કહીને બોલાવે છે ? મને તો 'કાકા' કહે છે !''

મેં કાન્તિભાઈનો રોષ ઓછો કરવા કહ્યું ''એ તો એવું ય બને કે પડતી વખતે જયેશની નજર એમનાપર ગઈ હોય, અને આમેય તે વખતે અગાસીપર કોઈ નહીં, એટલે એમના નામથી ચીસ પાડી હોય...બાકી તારે શાંતિભાઈ માટે આવું ખરાબ ધારવું જોઈએ નહીં.''

કાંતિભાઈ →''જો રમેશ ! તું જાણે છે, અમે સાથે જનમ્યા એટલે માની લે કે જનમથી જ અમારું લડવાનું ચાલુ છે ! પિતાજી તો ત્યાં સુધી કહેતા હતા કે ધાવવાની બાબતમાં પણ ધમાલ થતી હતી.. મને યાદ છે કે હું 'મા' ના ખોળામાં હોઉ, તો એ મને રડીને કે પકડીને પણ નીચે ઉતારી પોતે ખોળે ચઢી જતો અને એને પિતાએ તેડ્યો હોય અને હું રડું તો પણ ઊતરતો ન હોતો.. આ જન્મથી નંખાયેલા દ્વેષ - ઇર્ષ્યા અને સ્પર્ધાના ભાવ અમારી ઉમરસાથે દિન-પ્રતિદિન વધતા જ ગયા છે. એક જ કૂલાસમાં ભણીએ, એમાં જ્યારે મને શિક્ષક મારે ત્યારે એ ખુશ થાય.. મારા તોફાનની એ શિક્ષકને કે પિતાજીને ચાડી ખાઈ મને માર ખવડાવી આનંદ માણે. એનો નંબર સારો આવે અને મારો પાછળ, એટલે બધા એની વાહવાહ કરે, ત્યારે એ મારી મશ્કરી - અપમાન કરતો હતો.. ખાવા - પીવા - રમવા - પહેરવા - ફરવા વગેરે બધી બાબતોમાં અમે પરસ્પર લડવાનું જ કામ કર્યું છે. જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ વિષયો બદલાયા, પણ આ દુર્ભાવ ગયો નહીં. ઝેરી લતાની જેમ વધતો જ ગયો.. આ જ કારણસર દુકાન પણ અલગ થઈ ને ઘર પણ અલગ થયાં.. મારી દુકાનના ઘરાકોને પડાવી લેવા એ કેવા ધમપછાડા કરે છે, કાળાં કરતૂતો કરે છે, તે બધું હું જાણું છું.. સમાજમાં પણ મારું નીચાજોણું થાય, એવો એક પ્રયત્ન એ છોડતો નથી.''

મેં -''દોસ્ત ! આ તો તો તારી એની એ જૂની રેકર્ડ છે, તેં મને કંઈ કેટલીય વાર સંભળાવી હશે ! તું ગજબ છે, આવી ઝીણામાં ઝીણી હકીકત યાદ રાખે છે, અને મને કેટલીવાર સંભળાવી તે ભૂલી જાય છે. ખેર ! પણ એ બધા પિષ્ટપિંજણને આ વાત સાથે શું લાગેવળગે છે ?''

કાંતિભાઈ →''સોરી ! તને આ બધું સાંભળવાનો કંટાળો આવે છે તે હું જાણું છું. પણ શું કરું.. એક પણ એવો પ્રસંગ બને છે, ને ભૂતકાળના તમામ પ્રસંગોની ભૂતાવળ મનમાં એકદમ ઊભરાઈ આવે છે. તારા જેવા અંગત મિત્ર આગળ ખાલી કરું, તો જ કાં'ક હળવાશ અનુભવાય છે.''

મેં →''કાંઈ વાંધો નહીં, તું તારું દિલ ખોલે એનો વાંધો નથી. પણ એમાં શાંતિભાઈ પર શક કેમ પડ્યો ? વકીલસાથે શી વાત થઈ ? અને પુત્રની સારવારને ઢીલી પાડવાનું શું પ્રયોજન છે ? આ મહત્ત્વની વાતો ભૂલાઈ જાય નહીં.''

કાંતિભાઈ →''હવે એ વાતપર જ આવું છું. જો ! શાંતિભાઈને બે પુત્રી છે... મને બે પુત્રો.. શાંતિભાઈ આ વાતથી ખૂબ જ દુઃખી છે. તેઓ મારું પુત્રસુખ જોઈ જલી મરે છે.. એટલે પોતાને પુત્રો નથી, તો મારા પણ પુત્રો મરી જાય એવું ઇચ્છે છે.

મેં →''સામાન્ય માણસ જે પોતાને ન મળ્યું, તે કોઈને ન મળે તેમ ઇચ્છે.. જેને મળ્યું હોય, તેના પર ઇર્ષ્યા કરે. એ જેટલી નીકટની વ્યક્તિ હોય, એટલી તીવ્ર અદેખાઈ કરે. અને એનીપાસેથી પણ એ મળેલું જલદીથી ચાલ્યું જાય એમ ઇચ્છે, તે સ્વાભાવિક છે. પણ હું શાંતિભાઈમાટે આવું નથી ધારતો...''

કાંતિભાઈ →''દોસ્ત ! શાંત દેખાતા પાણીનાં મૂળ કેટલા ઊંડા હોય, તે ખબર ન પડે.. બાકી હું સ્પષ્ટ માનું છું, કે શાંતિભાઈને મારા બંને પુત્ર આંખના કણાની જેમ ખુંચે છે.. તેથી જ ગઈકાલે મોકો જોઈને જયેશને ધક્કો માર્યો છે. નહિતર એમને અગાશીપર જવાની શી જરૂર હતી ?''

મેં →''ચાલો ! માની લઈએ કે તેમણે ધક્કો માર્યો હોય... પણ વાત જતી કરો.. જયેશ બચી ગયો છે.''

કાંતિભાઈએ મોં ફુલાવી કહ્યું, ''એમ હું શું કામ જતા કરું ? મને ભૂતકાળમાં હેરાન કરવાનો બદલો વાળવાનો આ જ અવસર આવ્યો છે. એના પરિવારસહિત એનું નિકંદન નહીં કાઢું, તો મારું નામ કાન્તિ નહીં. જિંદગીભર તો મને હેરાન કર્યો, હવે મારા કુમળા પુત્રને ધક્કો મારવા જેટલી અધમતા આચરનારને હું જતો કરું, એ કદાપી નહીં બને.''

મેં કાંતિભાઈને પૂછ્યું →તો વકીલની શી સલાહ છે ?''

કાંતિભાઈ →''મેં વકીલને આખા કેસની વિગત સમજાવી કહ્યું કે મારે શાન્તિપર મારા પુત્રના ખુનનો આરોપ મુકવો છે. ત્યારે વકીલે કહ્યું કે જયેશ જીવે છે, માટે ખૂનનો આરોપ નહીં મૂકી શકાય.. હા ! ખૂનના પ્રયાસનો આરોપ મૂકી શકાય. આરોપ સિદ્ધ થાય, તો અમુક વર્ષની સજા થઈ શકે.''

મેં કાન્તિભાઈને પૂછ્યું →''પછી શું થયું ? કેસના કાગળ કર્યા ?''

ત્યારે કાંતિભાઈ મારી નજીક આવી ધીમા અવાજે કહ્યું –''કાગળ તો તૈયાર થશે, પણ ડૉક્ટર ! શું એવું ન થઈ શકે, કે આ સારવાર દરમ્યાન જ જયેશ મરી જાય ? એ માટે બે-પાંચ હજાર આમ-તેમ કરી શકાશે...''

જે કાંતિભાઈ જયેશને બચાવવા કાલે દોડતા હતા, અને એને શાંતિભાઈએ ધક્કો માર્યો, એટલી કલ્પનામાત્રથી શાંતિભાઈનું સત્યાનાશ ઇચ્છતા હતા, તે કાંતિભાઈની આ વાત સાંભળી હવે આવેશમાં આવવાનો અવસર મારો હતો. મેં આવેશમાં પૂછ્યું →''કાંતિ! તું આ શું બકે છે? સગા દીકરાને મારી નાંખવા તું બે પાંચ હજાર ખરચવા તૈયાર થાય છે ? અને એ કાળુ કામ મારી પાસે કરાવવા માંગે છે ? જયેશે તારું શું બગાડ્યું છે ! કાંતિ ! મેં તને સાવ આવો નહોતો ધાર્યો!''

કાંતિભાઈએ મને ધીરો પાડતાં કહ્યું, ''રમેશ ! જયેશે મારું કશું બગાડ્યું નથી. મને એના પર પ્રેમ છે જ. પણ મારે મારી એક કાર્યસિદ્ધમાટે એટલો ભોગ-એટલું બલિદાન આપવું જરૂરી છે. તારે બીજું કશું નથી કરવાનું-જરા સારવારમાં ગરબડ કે-ઢીલાશ- તું ડોક્ટર છે... યોગ્ય કરી શકે...''

મેં પૂછ્યું ''તારે એવું તો કયું કાર્ય સિદ્ધ કરવું છે કે જેથી જયેશનું બલિદાન આપવું પડે ?

કાંતિભાઈએ કહ્યું, 'જો આ સારવાર દરમ્યાન જ જયેશ મરી જાય, તો શાંતિપર ખૂનનો આરોપ લગાડી શકાય કે જેની ઉત્કૃષ્ટ સજા ફાંસી હોય, અને સમાજમાં પણ 'ખૂની' તરીકે પંકાઈને તેની આબરૂના ધજાગરા ઉડે... વકીલની સલાહ એવી છે કે જયેશ મરે, તો જ ખૂનનો આરોપ મૂકી શકાય.''

વાત કરતાં કરતાં જ ઉશ્કેરાટ અનુભવતા ડૉક્ટર રમેશભાઈએ મહારાજને કહ્યું→'સાહેબ ! કાંતિભાઈની તે વખતની મોટાભાઈમાટેની દ્વેષ-ઈર્ષાથી ઊભરાતી પિશાચ જેવી મુદ્રાથી હું સ્તબ્ધ બની ગયો. દ્વેષ અને ઈર્ષ્યા આદમીને કેટલીહદે નીચે ઉતારી શકે છે? દ્વેષની પ્રબળતા જેનાપર પ્રેમ છે એનું પણ બલિદાન અપાવે !

સાહેબ ! દરવર્ષે બંને ભાઈઓ સંવત્સરી પ્રતિક્રમણ પછી મિચ્છામિ દુક્કડમ્ માંગે છે. અને થોડા દિવસ સારો વ્યવહાર પણ કરે છે. પછી પાછા કો'ક પ્રસંગ-ભલે પછી તદ્દન નાનો હોય-પામીને બંને જ્વલનશીલ પદાર્થની જેમ એકદમ જ સળગી ઊઠે છે... ભડકો એવો થાય છે કે જાણે જનમ-જનમના વૈરી ન હોય, એમ દ્વેષના ધૂમાડાના ગોટે-ગોટા નીકળવા માંડે છે... આમ કેમ?'

મહારાજે કહ્યું, 'વાત એમ છે કે, બંને બનેલા પ્રસંગોનું મિચ્છામિ દુક્કડમ્ દઈ કડવા પ્રસંગોની ડાળી તો કાપી નાંખે છે, પણ મનમાં ઉદ્ભવેલા પરસ્પરમાટેના દુર્ભાવોનું થડ અને તેમાં પણ કારણભૂત આત્મામાં દ્વેષના ઝેર પાયેલાં મૂળ જ્યાં સુધી સલામત છે, જ્યાંસુધી એ દ્વેષના વમનરૂપ અને દુર્ભાવના ત્યાગરૂપ મિચ્છામિ દુક્કડમ્ સાચા થયા નથી, ત્યાં સુધી કડવી ડાળીઓ જ ઊગવાની અને એ ડાળીઓપર ઝેરપૂડા જ બંધાવાના... આત્માના કણેકણને મૈત્રી અને પ્રમોદના અમૃતથી માંજવામાં નહીં આવે, સતત એ અમૃતકૂંડમાં ડૂબાડી એ અમૃતથી ભાવિત નહીં કરવામાં આવે, ત્યાં સુધી કડવા પ્રસંગોની માંગેલી સાચી ક્ષમાપના પણ લાંબી ટકવાની નહીં. કેમકે ફરી

કડવા પ્રસંગરૂપ ડાળી ઉગવાની. હં ! પણ પછી શું થયું ?'

ડોક્ટરે કહ્યું, 'મેં કાંતિભાઈને કહ્યું, 'પણ આ તમારી ગેંગવોરમાં નિર્દોષ જયેશ મરાઈ રહ્યો છે. જયેશનો સગો બાપ થઈ વૈરપિપાસાની તૃપ્તિમાટે અને સગા ભાઈને ફાંસીના માંચડે ભટકતો જોવાના પૈશાચિક આનંદખાતર નિર્દોષ જયેશને શું કામ આશાભરી જિંદગીથી હાથ ધોવડાવે છે ? અને એમાં તો તારી કલ્પનામુજબ શાંતિભાઈનું જ ધાર્યું થાય છે. તું માને છે ને કે શાંતિભાઈને તારું પુત્રસુખ ખૂંચતું હોવાથી તે તારા પુત્રોને મારવા ઇચ્છે છે... એમની આ ઇચ્છા પૂરી કરવામાં તું જ સહાયક બને...''

કાંતિભાઈ કહે→''હા ! જો એ મારા પુત્રને મારવાનો પૈશાચિક આનંદ માણવા માંગતો હોય, તો હું એને ફાંસીએ ચડાવવાનો આનંદ માણવા માંગું છું. અત્યાર સુધી બનેલા પ્રસંગોથી ઘાયલ થયેલા હૃદયમાટે એ જ મલમપટ્ટાનું કામ કરશે. વિરોધીના ઉત્કર્ષથી લાગતો ઘા વિરોધીના અપકર્ષથી જ રૂઝાઈ શકે... હવે આ બાબતમાં લાંબુ ન કર... તું મને ફોગટ સમજાવવાનું છોડી.... મિત્રદાવે મારું કહ્યું કર...'

'સાહેબ ! મેં જોયું... કાંતિભાઈ ઈર્ષ્યા અસૂયા-દ્વેષના આવેશમાં હતા... મારી વાત-મારી સલાહ માને તેમ ન હતા, આવેશમાં આવેલાને કશું કહેવામાં ફાયદો ન દેખાવાથી મેં ''મારાથી બનતું કરીશ'' એમ કહી વાત પૂરી કરી... કાંતિભાઈ તો ગયા... પણ મને આખી રાત ઉંઘ નથી આવી. આજે આપપાસે આવ્યો છું... સા'બ ! શું પ્રેમ કરતાં પણ દ્વેષ જીતી જાય ? એક બાજુ જયેશ-સગાપુત્ર પરનો પ્રેમ અને બીજી બાજુ સાથે જન્મેલા સગા ભાઈપરનો દ્વેષ-દ્વેષને સંતોષવા પ્રેમપાત્રનું બલિદાન... ગજબ કહેવાય.'

મહારાજે કહ્યું, 'ડોક્ટર સા'બ ! જે ભાવ તીવ્ર હોય, તે જીતે. ભાઈપર દીર્ઘકાળથી સતત ઘુંટાયેલો દ્વેષ આ પ્રસંગને પામી પૂર્ણતાને આરે છે, તો જયેશપરનો પ્રેમ બીજો પુત્ર હોવાથી વિભાજિત છે, અને એટલે જ એટલો ઘુંટાયેલો નથી... માટે દ્વેષ જીત્યો. અને ખરેખર જોવા જઈએ, તો માની લીધેલી આત્મસંતુષ્ટિ અને અહંપુષ્ટિ જ કેન્દ્રબિન્દુમાં છે, ચેસબોર્ડના કીંગ છે. બહારનાં બધા પાત્રો તે માટેના જ રમતના પ્યાદામાત્ર છે. ખેર ! તમે કિસ્સો ગજબનો સંભળાવ્યો, સંસારનો રંગ ખરો જોવા મળ્યો... પણ મારી તમને સલાહ છે કે તમે ગમે તે ચાલાકી કરીને પણ નિર્દોષના ભોગમાં હાથા નહીં બનતા...' ડોક્ટરે કહ્યું, 'સા'બ, સવાલ જ નથી, મારા ખાસ મિત્ર ગણાતાની પણ અંગત દ્વેષ પીપાસા સંતોષવા હું લોહીનો વેપારી બનું એ શક્ય જ નથી. હું કુહાડાનો હાથો નહીં બનું..'

રમેશભાઈ ગયા... લગભગ બે ત્રણ દિવસ પછી દેખાયા. વંદન કરી બેઠા... મહારાજ પૂછે, એ પહેલા સામેથી જ કહ્યું, 'અગત્યના ઓપરેશન વગેરે કારણે બે દિવસ નહીં આવી શક્યો.

પણ મહારાજની ઉત્કંઠા બીજી હતી, એટલે મહારાજે જ પૂછ્યું ' પછી જયેશનું શું

થયું?'

ડોક્ટર સાહેબે અત્યંત પ્રસન્નમુદ્રામાં કહ્યું, 'સાહેબજી ! જાણે ચમત્કાર થઈ ગયો. આપ કલ્પના ન કરો એવો આ વાર્તાનો અંત આવ્યો...

મહારાજે પૂછ્યું, 'શો ?'

ડોક્ટરે કહ્યું, 'સાહેબજી ! આપને વાત કરી, એ જ દિવસે લગભગ એક વાગે જ જયેશ પૂરેપૂરા હોંશમાં આવી ગયો. અને સ્વસ્થતા પણ જલદી આવી ગઈ. કાંતિભાઈ વકીલને લઈ ત્યાં આવેલા. વકીલે જ જયેશને કેવી રીતે પડ્યો ? તે વગેરે પૂછ્યું. જોગાનુજોગ શાંતિભાઈને પોતાના પર કેસ થવાની ગંધ આવી ગયેલી... તેથી તે પણ પોતાના વકીલસાથે ત્યાં હાજર હતા... કેમ કે જયેશનું સ્ટેટમેન્ટ મહત્ત્વનું હતું. જયેશે કહ્યું, ''કાકા ! (=કાંતીભાઈ) હું છાપરાપર પતંગ ચગાવતો હતો. ત્યાં મેં દૂરથી કપાયેલો પતંગ આવતો જોયો... તે પકડવા હું દોડ્યો, અને છાપરાપરથી મારો પગ લપસ્યો. બાપુજી ટી.વી. નું એન્ટેના ચેક કરવા આવેલા,, મને પડતો જોઈ, મને પકડવા આવ્યા. મેં પણ 'બાપુજી' ! એમ ચીસ પાડી... પછી શું થયું ? મને ખબર નથી...''

જયેશનું આ સ્ટેટમેન્ટ સાંભળી કાંતિભાઈ સ્તબ્ધ થઈ ગયા. દ્વેષભાવે કરેલા રજનું ગજ જોઈ મને હસવું આવી ગયું.. પણ શાંતિભાઈ તો જઈને જયેશને સીધા વળગી જ પડ્યા... ધ્રૂસકે ધ્રૂસકે રોઈ પડ્યા... માંડ માંડ બોલ્યા→''દીકરા ! તેં મારી લાજ રાખી, નહીંતર મારે માથે ભત્રીજાના ખૂનનું કલંક ચોંટી જાત... '' અને જે આંસુની ધાર વહી, તે માત્ર અમને જ નહીં, આવા દ્વેષિલા કાંતિભાઈને પણ ભીની કરતી ગઈ. એ પણ સજળનેત્ર બન્યા. બંને વકીલો મોં વકાસી એક-બીજા સામે જોવા માંડ્યા...

મહારાજે કહ્યું-ગજબ ચમત્કાર થયો.

'સા'બ ! ચમત્કાર તો હવે થાય છે. મેં બંને ભાઈને ત્યાં જ બેસાડ્યા.'

કાંતિભાઈને કહ્યું, ''જૂઓ ! હવે તમે શાંતિભાઈ પ્રત્યેની કડવાશ દૂર કરો, તો મારી એક સલાહ છે.''

કાંતિભાઈ કહે → 'કઈ'

મે કહ્યું, ''જયેશ લગભગ મરવાનો હતો, બચી ગયો. આમે મરત, તો તમારે એક જ પુત્ર બાકી રહેત... તો હવે એમ ન થઈ શકે, કે જયેશને શાંતિભાઈ પોતાના ખોળે લે... આમેય તેમને એકે પુત્ર નથી, તો પુત્ર મળશે. અને કાંતિભાઈ, તમે શાંતિભાઈની એક દીકરીને દત્તક લો, એટલે તમને એક દીકરી મળશે. અને સૌથી મોટી વાત તો એ થશે, કે અત્યારસુધી રહેલો પરસ્પર દ્વેષભાવ કાયમ માટે દૂર થઈ જશે.''

અને સાહેબજી ! શી વાત કરું ? એક ક્ષણ આ વાત સાંભળી બન્ને એકદમ ગંભીર અને

ખામોશ બની ગયા. બંનેના હૃદયમાં જાણે રાગ-દ્વેષનું તુમુલ યુદ્ધ ક્ષણમાટે મચી ગયું.

'સાહેબ ! કાંતિભાઈએ ક્ષણવારના મનોમંથન પછી નિર્ણય કરી લીધો.. શાંતિભાઈના પગે પડી ગયો.. અત્યાર સુધીના કેળવેલા દ્વેષભાવમાટે અને છેલ્લા કેટલાક દિવસથી ભાવેલા અત્યંત દુષ્ટભાવમાટે હૃદયથી મિચ્છામિ દુક્કડમ્ માંગ્યું.. આંખનાં ઉમટી આવેલા આંસુના મહાપૂર એનાં સાક્ષી બન્યાં.. ''શાંતિભાઈ ! આજથી જયેશ આપનો અને આપની મીના (બીજી પુત્રી) મારી... દ્વેષ અને ઘૃણાના અંધારામાં મેં તમારામાટે ન કરવાની કલ્પના કરી. ભાઈતરીકેની લાગણીને બદલે શત્રુતરીકેની કઠોરતા જ વહેતી રાખી ! તમારામાટે કેવા કેવા હલકટ વિચારો કર્યા ! કેવી કેવી દુષ્ટ ભાવનાઓ ભાવી ! તમને ફસાવવા મેં કેવી કેવી કાતિલ તરકીબો રચી! ભાઈ ! તમે દેવ કે માનવ છો, પણ હું તો સાક્ષાત્ દાનવ - રાક્ષસ - પિશાચ જ છું... મને માફ કરો.. મને ક્ષમા આપો. મને રોઇ લેવા દો, આંસુના પાણીથી આપના ચરણ ધોઈશ, તો જ પ્રાયશ્ચિત્ત થશે, અંગે અંગથી આપ પ્રત્યેની ઝેરભાવનો મેલ ખરી પડશે ! ભાઈ ! મને લાત મારો કે ગળે લગાડી, પણ માફ કરો... મારો સ્વીકાર કરો.. કાંતિભાઈને આ રીતે હીબકા લેતા જોઇ આસપાસના પણ બધા રોવા માંડ્યા. શાંતિભાઈ પણ રોઈ પડ્યા. કાંતિભાઈને ગળે વળગાડી આંસુથી નવડાવી નાંખ્યા, ક્લેશ - દ્વેષની આગ શાંત થઈ. કાંતિભાઈને કરેલા અન્યાયોવગેરે માટે માફી માંગી.. અને વાત સ્વીકારી લીધી.. દસ્તાવેજ તૈયાર કરવાનું કામ એ જ વકીલોને સોંપી દીધું...

'સાહેબજી ! તે દિવસે એ બે ઘરનો આનંદ અનેરો હતો... દિલની દીવાલ તૂટ્યા પછી બહાર દીવાલ ઊભી રહે ખરી...? બંગલાના બે ભાગ કરવા ચણાવેલી દીવાલ તે જ દિવસે તોડાવી ને જાણે ઉત્સવ મનાવ્યો... બંને ઘર એકસાથે જમ્યાં, મુખ્ય મહેમાન હું બન્યો. સાચી ક્ષમાપના અને સાચો મૈત્રીભાવ ત્યારે દેખાયો. 'દેવો આવા પ્રસંગે પુષ્પવૃષ્ટિ કરે છે.' એવો અદશ્ય રોમાંચ ત્યારે અનુભવ્યો.

મહારાજ પણ માનવોના મનની વિચિત્રતાથી સવિસ્મય આનંદ પામ્યા. રાવણ જેવું માનવમન આટલી સહજતાથી રામ બની શકે છે, એ જોઈ ખરેખર આ કલિકાળમાં પણ માનવજાત પ્રત્યેની શ્રદ્ધા ટકી રહી શકે છે ! ક્ષમાપના - મૈત્રીનો મંત્ર કેવો ચમત્કાર સર્જી શકે છે ! બીજા મંત્રો કદાચ બાહ્ય ફેરફારો કે પ્રાપ્તિ કરાવી શકે, પણ આ મંત્ર આંતરિક ફેરફાર કરી શકે છે. દુર્યોધનને યુધિષ્ઠિર બનાવી દે એવો મંત્ર. જાની દુશ્મનને જિગરજાન મિત્ર બનાવી દે એવો મંત્ર, દ્વેષના ઝેરને પ્રેમના અમૃતમાં ફેરવી દે એવો મંત્ર આ સિવાય બીજો કયો હોઈ શકે ?



# ક્ષમાપના નું સૌંદર્ય

રમેશ સંસ્કારી અને ધર્મપ્રિય યુવાન હતો. ઘણીવખત વ્યાખ્યાનશ્રવણાર્થ આવતો હોવાથી પરિચય પણ ખરો. C.A. થયેલા... પ્રેક્ટીસ પણ ઠીક ઠીક ચાલે. મળતાવડો, હસમુખો અને પરગજુ.

એકવાર વ્યાખ્યાન પછી આવીને રમેશે કહ્યું →'સાહેબ ! મારે આપને બપોરે મળવા આવવું છે.. સમય આપશો ?' જરૂર આના સંસારરણમાં કોક અજાુગતા પ્રસંગરૂપ રેતીની આંધી આવી લાગે છે. છૂટવાના ઉપાયમાટે સમય માંગે છે' એમ સમજી મહારાજે પણ ખુશીથી બપોરનો

સમય ફાળવ્યો.

રમેશની સમયપ્રતિબદ્ધતા દાદ માંગી લે, એવી હતી. મિનીટના પણ ફેરફાર વિના આપેલા સમયે આવી પહોંચ્યો. વંદન કર્યા.. સવિનય બેઠો. મહારાજે પણ થોડી આડીઅવળી વાતો કરી. પછી મૂળમૂદ્દા પર આવતા રમેશે ધડાકો કર્યો.

સાહેબ ! આપે ""**Great - men never fight for small issues**" (મહાપુરુષો નાની ક્ષુલ્લક બાબતો માટે લડતા નથી) આ પંક્તિ સાંભળી છે ?

મુનિરાજે કહ્યું →હા ! બહુ પ્રસિદ્ધ છે.

રમેશ →પણ સાહેબ ! જ્યારે મહાન - આસામાન્ય વ્યક્તિ જ તદ્દન સામાન્ય વાતને અસામાન્યરૂપ આપી ઉથલ - પાથલ મચાવે તો કેવી હોનારત સર્જાઈ જાય ?

મુનિરાજ →એમ સસ્પેન્સ - સ્ટોરીની જેમ રહસ્યમય વાત કર્યા વિના સ્પષ્ટ વાત કરો, તો ખ્યાલ આવે.

રમેશ →સાહેબ ! એ માટે જ આ ભૂમિકા કરી. મારી કૌટુંબિક વાત છે. લાંબી છે. આપે ધીરજ રાખી સાંભળવી પડશે.

મુનિરાજ →ભલે ! ખુશીથી સંભળાવો.

રમેશ →મેં લગભગ છ વર્ષની ઉંમરે પિતાજીની છત્રછાયા ગુમાવી. માત્ર ૨૪ વર્ષની ઉંમરે વિધવા બનેલી માનો હું એકમાત્ર સંતાન. પિતાજી સારી મૂડી મુકીને ગયા. તેથી આર્થિક પ્રશ્ન એટલો ન હતો. પ્રશ્ન હતો મારા જીવનઘડતરનો. એક અપેક્ષાએ હું ભલે પિતા વિનાનો બનવાથી કમનસીબ ગણાઉં - પણ મને તો એમ જ લાગે છે કે એ પણ મારા સારામાટે જ થયું. કેમકે પહેલા તો મને માત્ર માની લાગણી જ મળતી હતી.. હવે મને એક જ વ્યક્તિ - મારી માદ્વારા માતાની મમતા, પિતાની હુંફ, ભાઈનો પ્રેમ અને બહેનનો સ્નેહ એક સાથે મળવા લાગ્યા.. આમ તો પિતાજીના સ્વર્ગવાસસાથે મારી જીવતી જુવાન માતાના એક પત્ની તરીકેના આશા - મનોરથો - અરમાનોનો પણ સ્વર્ગવાસ થઈ ગયો. છતાં મારી મા હિંમત હારી નહીં. યોગિનીની જેમ એક યોગ - એક સાધના આરંભી - 'મારા પુત્રને માત્ર શિક્ષિત નહીં, એવો સંસ્કારી બનાવવો, કે મહાન નહીં તો સજ્જન તો બને જ.' આ લક્ષ્યસાથે મારી તમામ પ્રકારની કાળજી લેવા માંડી. મારી માનું જાણે જગદંબારૂપ પ્રગટ થયું.

મને માત્ર સ્કુલનું શિક્ષણ નહીં, ધર્મ-નીતિનું શિક્ષણ પણ મળવા લાગ્યું. મા મને પૂજા - સામાયિક - નવકારમાળા - પ્રતિક્રમણવગેરે ધાર્મિક પ્રવૃત્તિની સતત પ્રેરણા કરે અને પોતાની સાથે સાથે મારીપાસે પણ કરાવડાવે. માત્ર આઠ ચોપડી ભણેલી મારી માની ઉદાત્તતા, સંસ્કારિતાના દર્શન તો ડગલે - પગલે થતાં. સ્કૂલે જતી વખતે નાસ્તાનો ડબ્બો ભરી આપે.. હંમેશા આ ડબ્બો

મારા પેટના ખાડા કરતાં ઘણો મોટો રહેતો. અને મા ખાસ ટોકી - ટોકીને કહે 'જો જે નાસ્તો એકલો એકલો ન કરતો..., તારા મિત્રોની સાથે તો બેસજે જ.. પણ જેની સાથે તારે બગડ્યું હોય એનો પણ હાથ પ્રેમથી પકડી આ સુખડી ખવડાવજે. જેના મોંમા તું મીઠી સુખડી તારા હાથે મુકશે, એના મોંપર હાથ ઉગામવાનું કામ તું નહીં કરી શકે, અને એ મીઠું બનેલું મોં તને ગાળ સંભળાવી ક્યારેય કડવું નહીં બને.

મને ક્યારેક સાંજે - રાતે સમુદ્ર કિનારે ફરવા લઈ જાય, ત્યારે પણ સમુદ્ર, ચંદ્ર, તારા, આકાશ વગેરે બતાવી એવી સુંદર સુંદર વાતો કરે, કે જેથી મન પ્રફુલ્લ બની જાય.

મુનિરાજે ''પોતે વાત રસપૂર્વક સાંભળે છે'' તે બતાવતા પૂછ્યું - તારા માતાજી એવી કેવી વાતો કરતા ?

રમેશે કહ્યું - મારી મા મને સમુદ્ર બતાવી કહે, જો આ સમુદ્રપાસેથી આપણે ઘણું શીખવાનું છે. (૧) સમુદ્ર જેવા વિશાળહૃદયના અને ગંભીર બનવાનું છે (૨) ક્યારે'ય કોઈની ખરાબ વાતોનો કચરો હૃદયમાં સંઘરવો નહીં, પણ સારી વાતોના રત્નો જ સંઘરવા (૩) જીવનમાં પણ ભરતી - ઓટ આવ્યા કરે, પણ એ બધા વચ્ચે આ સમુદ્રની જેમ સ્થિતપ્રજ્ઞતા છોડવી નહીં. (૪) અંદર - પેટાળમાં ભલે કશાક કારણથી વડવાનલ બળતો હોય, પણ બહાર - પાસે બેઠેલાને તે ઠંડક જ આપવી. અને એક મહત્વની વાત.. જો સમુદ્રમાં પાણી કેટલું બધું છે ? છતાં કોઈ એ પાણી પીએ છે ? સમુદ્રપાસે આવીને પણ તરસ્યાએ પાણી તો ઘડાનું જ પીવું પડે છે.. કેમ? તો કે પાણી ઘણું છે, પણ ખારું છે.. કામનું નથી. એમ તારા જીવનમાં કદાચ ઘણી સમૃદ્ધિ આવી જાય.. પણ જો તારામાં જીવો પ્રત્યે ખારાશ હશે, તો તારે દ્વારે આવેલા ઘણાને તરસ્યા પાછા જવું પડશે.

ચંદ્ર અને તારા બતાવી કહે, → જો આ બધા કેવા ચમકે છે ? જગતમાં જેમ અંધકાર વધુ, તેમ આ તારાઓનો ચમકારો વધુ, તારે તારા જેવા થવાનું છે.. જગતમાં અનેક પ્રકારના દોષોથી ભલે ગમે તેટલો અંધકાર હોય, તારે ડરવાનું નથી.. તારે તો એટલા જ ગુણોથી ચમકવાનું છે. આ ચંદ્ર જો ! એ જેમ જેમ પૂર્ણ થતો જાય છે, તેમ તેમ વધુને વધુ શીતળતા રેલાવે છે ! અંધારાને વધુ વધુ સમયમાટે દૂર કરે છે - પ્રકાશ રેલાવે છે. તારે ચંદ્રવત્ પૂર્ણતા પામવાની છે. પણ તારી પૂર્ણતા દઝાડનારી નહીં, શીતલતા દેનારી બનવી જોઈએ.. બીજાઓના જીવનમાં પ્રકાશ પાથરનારી હોવી જોઈએ.

જો ! આ ચંદ્ર અને તારાઓની પણ પાછળ કેવું અનંત આકાશ છે ! આ આકાશનો ગુણ છે - બીજાને સ્થાન આપવું ! જગા આપવી. પોતે બેકગ્રાઉન્ડમાં રહી બીજાને ચમકવા - પ્રકાશવાનો ચાન્સ આપવો. આકાશની આ મહાનતા જેવી તેવી નથી. આકાશ વિનાના સૂર્ય ચંદ્રની કલ્પના પણ ન થઈ શકે. પોતે પાછળ રહી બીજાને આગળ વધવા - ચમકવા જે મોકો આપે છે, સાથ - સહકાર આપે છે. એ જ આકાશની જેમ અનંત થઈ શકે.

**ક્ષમા.....**

✓ ક્યારેક માતા સૂર્યના ગુણો વર્ણવે, ખાસ તો કહે કે સૂર્ય ક્યારેય જગતમાં ફેલાયેલા અંધકારની ફરિયાદ કરે નહીં, પણ ક્ષણવારમાં જ અંધકારનો નાશ કરે.. સૂર્યની ફરિયાદ પોતાને ઘેરી વળેલા કાળા વાદળા સામે હોઈ શકે, કે જે પોતાના પ્રકાશને રુંધે છે. એમ મહાપુરુષ ક્યારેય બીજાના દુર્ગુણો, દુષ્ટતા, અજ્ઞાનતાને વખોડે કે ફરિયાદના ભાવથી તિરસ્કારે નહીં.. એ બધાને દૂર કરવા પ્રયત્નશીલ બને.. મહાપુરુષોની ફરિયાદ તો પોતાને સતાવતા દોષોની જ હોય કે જે પોતાના વિકાસને રુંધે છે, પરોપકાર માટેની પોતાની શક્તિ - તમન્નાને અવરોધે છે.

મારી માના આ બધા ઉપદેશો 'પરોપદેશે પાણ્ડિત્યં' જેવા નથી, ખરેખર સ્વયં બીજામાટે એટલું જ ઘસાઇ છૂટે પણ છે.. તન-મન-ધનથી બીજાને અવસરે મદદરૂપ થયા વિના રહે નહીં, અને ક્યારેય કરેલા ઉપકારોનું બીલ સ્વપ્રશંસાદ્વારા કે બીજા આગળ ગાઈ બતાવવા દ્વારા વ્યક્ત કરે નહીં. મારી માને રાતે ઉંઘ ન આવવાના બે કારણો હોય છે. કાં તો દિવસભરમાં અનાસક્તભાવે, નિર્દમ્ભ - નિર્વ્યાજભાવે બીજામાટે ઘસાઈ છુટવાનું બન્યું ન હોય, અને કાં તો બીજું કોઈ મારી મામાટે થોડું પણ ઘસાઈ ચૂક્યું હોય !

આસપાસના આબાળવૃદ્ધ તેથી જ મારી માને 'ગુલાબ મા' કહીને બોલાવે છે. મારી માના પિતાજીના ઉંમરના ડોસા-ડોસી પણ માનભેર 'ગુલાબ મા' કહીને જ બોલાવે. મારી મા વિધવા હોવા છતાં, આજુબાજુમાં એવી સજ્જડ છાપ છે કે 'ગુલાબ મા' ના દર્શન કરીને જઈએ, તો કામ સફળ થયા વિના રહે નહીં.

મુનિરાજે પણ પ્રશંસાના સ્વરે કહ્યું →ધન્ય છે તમારા માતાજીને ! આવી મહાન વ્યક્તિઓ આ જગતમાં છે, તેથી જ હજી પણ સૂર્ય - ચંદ્ર પોતાના જગતઉપકારના કાર્યપર સમયસર લાગી જાય છે, અને સમુદ્ર મર્યાદા મુક્તો નથી.

રમેશ →મેં આટલી લાંબી ગુણગાનભરી કથની કહી, તે મારી માની મહાનતા-અસામાન્યતા બતાવવા જ કરી... પણ ખરી વાત હવે આવે છે.

મુનિરાજ →કરો ત્યારે ખરી વાત. આગળ ચલાવો.

રમેશ →મારી માના ખંત, ચીવટ, કાળજી અને સંસ્કારઘડતરથી આજે હું **C.A.** થયો છું. મારી પ્રેક્ટીસ જામી, એમાં પણ મારી માની ગુડવીલનો જ મોટો ફાળો છે.

પણ આ અભ્યાસકાળ દરમ્યાન જ મને એક સંસ્કારી જૈન યુવતી સાથે પ્રેમ થઈ ગયો. હકીકતમાં પરસ્પર આકર્ષણનું કારણ જ પરસ્પરને મળેલા સંસ્કાર હતા. અમે પરસ્પર તો જીવનસાથી બનવા તત્પર હતા, એના માતા-પિતાની સમ્મતિ પણ મળી ગયેલી.. કારણ કે સમાજમાં મારી માની છાપ ઘણી ઊંચી છે. આવો જમાઈ અને આવી સાસુ પોતાની પુત્રીને મળતા હોય, તો ક્યા માબાપની સમ્મતિ ન મળે.. પણ મને ડર હતો.. મારી માએ જે માવજતથી મારો ઉછેર કર્યો છે, તે

જોતા માની લાગણીનો વિચાર પહેલો કરવો પડે. મારી માને મારામાટે કેવા કેવા મનોરથ હશે ! પોતાને મનપસંદ કન્યા લાવવાના કેવા કોડ હશે ! અને હું પ્રેમલગ્નની વાત કરી એ બધા મનોરથ - કોડના કોડિયાઓને લાત લગાવતો નથીને ! એવી આશંકાથી મારી મુંઝવણ એને અને એના મા-બાપને કહીને, મેં સ્પષ્ટ કહી દીધું →'મને પ્રેમ છે એ વાત સાચી. છતાં મારી માની સમ્મતિ વિના હું એક ડગલું આગળ નહીં વધું !' એ બધા પણ એ વાતમાં સમ્મત થયા.

મેં એકવાર ડરતા ડરતા માને વાત કરી →મા ! મને એક સંસ્કારી જૈનયુવતી પસંદ પડી છે ! એ અને એના મા - બાપ પણ સમ્મત છે.. પણ..

મારી માએ હસીને પ્રેમાળ હાથ વાંસે ફેરવતા કહ્યું - બેટા ! એમાં શી મોટી વાત છે! તારી પસંદ એ મારી પસંદ ! મિંયા બીબી રાજી, તો ક્યા કરે કાજી ! તું ખુશીથી એ કન્યાસાથે લગન કર. મારી પૂરી સમ્મતિ છે.

માતરફથી આટલી સહેલાઈથી મળી ગયેલી સમ્મતિનો આનંદ જાણે મારાથી જીરવાતો ન હોય, તેમ મેં ફરી પૂછ્યું →પણ મા ! તારે એ કન્યા જોવી નથી ?

માએ કહ્યું - બેટા ! મેં તને સંસ્કાર સિંચ્યા છે. મને પૂર્ણ વિશ્વાસ છે કે તારી પસંદ સુયોગ્ય જ હોય ! મારો છોકરો ચમાર નથી કે માત્ર ચામડી જૂએ ! એવો દરજી પણ નથી, કે ફેશન-ફેશનેબલ કપડાને જૂએ ! કે એવો ભ્રષ્ટ પણ નથી, કે માત્ર પૈસાને જૂએ ! મારો દિકરો સંસ્કારી ભારતીય જૈન છે. જે બહારના ઠાઠને નહીં, અંદરના ગુણ - સંસ્કારની સજાવટને પહેલા જૂએ ! બેટા ! તારી પસંદગી શ્રેષ્ઠ જ હશે ! મારે એમાં કોઈ પરીક્ષા કરવી નથી.

માની મારાપરની શ્રદ્ધા અને ખુમારીભરી વાતોથી પુલકીત થઈ, મેં માને પૂછ્યું →તો સગાઈ અને પછી લગ્નની તૈયારી કરાવીએ ?

માએ કહ્યું →બેટા ! એવી ધમાલની શી જરુર છે ? જો છોકરીવાળા માનતા હોય, તો છોકરીના માબાપસાથે તું શંખેશ્વરદાદાના દરબારમાં પહોંચી જા.. ત્યાં જ સજોડે ભગવાનપાસે પ્રાર્થના કરો કે 'આ સંબંધ કામરાગ વધારનારો ન બનતા ગુણરાગ વધારનારો બનો.'

પણ મા... તને ધામધુમથી લગ્ન કરાવવાના કોડ નથી...'

જો બેટા ! અનીતિ અને ભ્રષ્ટાચારનું કેટલું પ્રદૂષણ વધાર્યા બાદ સંપત્તિ એકઠી થાય છે ? હવે જો એ સંપત્તિ વાપરતી વખતે પણ એ પ્રદૂષણ ઘટવાને બદલે આડંબર - બગાડના નામે વધે, તો સાર્થક ન ગણાય. ધૂમાડો ગણાય. આપણે સંપત્તિ ખરચવી છે. પણ સાર્થક થાય એમ.. તારા લગ્નનિમિત્તે પાંચ દિવસનો મહોત્સવ રાખીશું.. પ્રથમ દિવસે જીવદયાનો વિશેષ પ્રોગ્રામ.. બીજા દિવસે ગરીબો પ્રતિ અનુકંપાનો કાર્યક્રમ.. જીવદયાનું રેશમી ધોતિયું અને અનુકંપાની જરિયનની કફની પહેરવાથી તારી વરરાજારુપે છાપ પડશે. સાધર્મિકભક્તિનો ત્રીજા દિવસનો પ્રસંગ તારી દસે

આંગળીમાં સોનાની વીંટીસમાન ચમકશે. ચોથે દિવસે સુપાત્રદાનનો વિશિષ્ટ લાભ તારા ગળે હીરાના હારની જેમ ઝગમગ થશે. અને પાંચમે દિવસે ભગવાનની આંગી-પૂજાથી કરેલી વિશિષ્ટતમ ભક્તિ લાખો રૂપિયાના મુગટની જેમ તારા મસ્તક પર શોભા પામશે. મહારાજ સાહેબોના પ્રવચનોમાં આવી વાતો સાંભળી, ત્યારથી મેં મારા મનમાં તારા લગ્નપ્રસંગે આવા વિશિષ્ટ કાર્યક્રમો રાખવાના કોડ સેવ્યા છે, તે સાર્થક થશે.

ખરેખર ! સાહેબ ! પિતાજીની હયાતીમાં સામાન્યગૃહિણીતરીકે જીવતી મારી મા વિધવાજીવનમાં વૈશ્વિકભાવનાનું જીવન વિતાવી રહી છે.

મુનિરાજ →આ બધી વાત તો કલ્પનામાં શોભે એવી લાગે છે. તારી માએ જીવનમાં ઉતારી એ ગજબ કહેવાય. પણ જે 'ખરી વાત છે' એ કેમ હજી આવી નહીં.

રમેશ →એ જ વાત હવે આવે છે.. માની લગ્નમાટેની સંમતિ, ઉદાત્ત વિચારોથી પ્રભાવિત થયેલા મેં મારા ભાવી સાસુ - સસરા - પત્ની-બનેવીવગેરે આગળ આ વાત કરી. તેઓએ પણ ખુશ થઈ એમાં સક્રિય સહકારની ખાતરી આપી.

મેં માને પણ શંખેશ્વર આવવા કહ્યું.

ત્યારે માએ કહ્યું →જો બેટા ! પ્રથમ વાત તો એ કે તારા પિતાજીના ગયા પછી મારી આત્મશુદ્ધિ કાજે અને એમની સ્મૃત્યર્થે કોઈ પણ સાંસારિક કાર્યક્રમમાં ભાગ લેવાની ઇચ્છા નથી. અને મહત્ત્વની વાત એ કે ''હું વિધવા છું.. ગમે તેમ પણ અપશુકનિયાળ ગણાઉ. મારા દર્શનથી - મારી સક્રિય હાજરીથી તારા લગ્નના દિવસને અમંગલમય બનાવવો નથી.. મારા ઓછાયાથી તારા જીવનમાં કંઈક પણ અશુભ થાય, એ મારામાટે અસહ્ય છે.. તેથી હું અહીં રહી, તને આશીર્વાદ આપીશ.. પણ સાથે લઈ જવાનો આગ્રહ ન રાખીશ...''

આ સાંભળી મારી આંખ ભરાઈ ગઈ...મારી મા પોતાના દીકરાના પ્રસંગે પોતાની હાજરીને અમંગલભૂત ગણે, એ મારે માટે અસહ્ય હતું.. મેં ખુબ આગ્રહ કર્યો.. પણ મા માની નહીં.

તેથી શંખેશ્વર જતાં પહેલા જ, એને લઈ હું માપાસે આશીર્વાદ લેવા આવ્યો..

માની નજર એનાપર પડી... અને માનું મોં ફરી ગયું.. ક્ષણભરમાટે માના મોંપર હર્ષની જગ્યાએ વિષાદ - ડંખ ઉભરી આવ્યા, અલબત્ત માએ તરત સ્વસ્થ બની આશીર્વાદ તો આપ્યા.. પણ મને સ્પષ્ટ ખ્યાલ આવી ગયો.. મા કન્યાને જોઈ ખુશ થવાને બદલે દુઃખી થયા છે. માને કન્યા પસંદ પડી નથી... કન્યાના મોં સામું જોવાનું ટાળે છે...

મુનિરાજ →કન્યા કદરૂપી હશે ! ખોડખાંપણ હશે !

રમેશ →ના ! એવું જરાય નહીં, રૂપાળી, દેખાવડી, કશી પણ ખોડ-ખાપણ વિનાની! છતાં માનું મન જાણે શૂન્ય બની ગયું.

પણ ત્યારે તો વાત કરવાનો સમય મળ્યો નહીં.. શંખેશ્વર જઈ આવ્યા. પાંચ દિવસનો મહોત્સવ પણ થઈ ગયો.. માએ ભાગ લીધો.. બધું ખરું. પણ માનું મન પ્રસન્ન નહીં.. પુત્રવધૂ સાથે બને ત્યાં સુધી બોલે પણ નહીં. મેં માને સીધું – આડું, ઉલટ-પૂલટ કરી ઘણું પૂછી જોયું.. પણ મા મગનું નામ મરી ન પાડે. પણ મા સુકાવા માંડી.. મેં મારી પત્નીને પૂછ્યું – પૂર્વે ક્યારે'ય મારી માને મળવાનું થયું છે ? અને તે વખતે કંઈ અજૂગતું બન્યું છે? એ કહે →મેં પૂર્વે ક્યારે'ય બાના દર્શન કર્યા જ નથી.

સાહેબ ! અમે બન્નેએ સંકલ્પ કર્યો હતો.. માએ ઘણું સહ્યું છે, ઘણાં કષ્ટ ઉઠાવ્યા છે, હવે માને એવા સુખમય વાતાવરણમાં રાખવા, એવી ભક્તિ કરવી કે માનું જીવન સાર્થક બની જાય.. પણ વાત ઉલ્ટી બની.. એ માની સગી માની જેમ સેવા કરવા ખડે પગે તૈયાર છે.. અપમાન-કટાક્ષ સહી લેવા તૈયાર છે, ઘસાઈ જવા તૈયાર છે.. પણ મા સેવા તો કરવા દેતી નથી, પણ એની ઘોર ઉપેક્ષા કરે છે.. સામું જોવા તૈયાર નથી. સાહેબ ! અપમાન સહી લેવા કરતાં પણ ઘોર ઉપેક્ષા સહી લેવી ઘણી મુશ્કેલ છે..

મારી પત્ની પણ ક્યારેક આથી હિંમત હારી જાય છે. પોતાનો દોષ કાઢે છે. અને આત્મહત્યા સુધી વિચારી લે છે ! માંડ માંડ હું સમજાવું છું. માને મનાવવાના મારા પ્રયત્ન આજ સુધી સફળ થયા નથી.

મુનિરાજ →પણ આ ઉપેક્ષા પાછળ કો'ક કારણ તો હશે ને !

રમેશ →મેં ઘણા પ્રયત્ન આ કારણ જાણવા કર્યા.. ઘણા વખત સુધી તો કારણ જાણી શક્યો નહીં.. જ્યારે જાણ્યું ત્યારે હસવું કે રડવું સમજી શક્યો નહીં.

મુનિરાજ →શું કારણ છે ?

રમેશ →સાહેબ સાવ બાલિશ કારણ છે ! 'ખોદ્યો ડુંગર ને નીકળ્યો ઉંદર' એના જેવું છે ! મને તો કહેતા પણ શરમ લાગે છે, કે આવી મહાન – અસામાન્ય મા આવડા અમથા કારણ ખાતર આવું વર્તન કરે છે ! તદ્દન ક્ષુલ્લક બાબતમાટે માએ પોતાની મહાનતાને ગીરવે મુકી છે. સમજ પડતી નથી કે મહાપુરુષ ક્ષુલ્લક બાબતને **issue** મહત્ત્વનો મુદ્દો બનાવે નહીં, તો મારી માએ આમ કેમ કર્યું ?

મુનિરાજ →પણ એ તો બતાવો કે વાત શું છે ?

રમેશ →મારી માએ બચપણમાં સાંભળ્યું કે વાંચ્યું છે કે ''માંજરી આંખવાળી સ્ત્રી કપટી અને અપમંગલવાળી હોય છે.' એક માંજરી આંખવાળી બિલાડીએ માને બચપણમાં ડરાવેલી.. અને માનું એવું માનવું છે કે જે દિવસે પિતાજીનો અકસ્માત થઈ સ્વર્ગવાસ થયો, તે દિવસે પિતાજીએ ઘરથી નીકળતી વખતે એક માંજરીઆંખવાળી સ્ત્રીને જોયેલી. સાહેબ ! મારી પત્ની પણ

માંજરી આંખવાળી છે.. તેથી મારી માના મનમાં એક કલ્પના પેસી ગઈ છે, કે આ સ્ત્રી કપટી છે.. અને અપલક્ષણી છે. બસ આ વાતથી તે પેલીને પાસે પણ ફરકવા દેતી નથી. ગમે તેટલું કરે.. બધું કપટમાં ખતવે છે.. એક ડંખ પેસી ગયો છે કે, 'આ સ્ત્રી મારું અને મારા પુત્રનું ધનોતપનોત કાઢી નાખશે' સાહેબ ! ઘણાએ ઘણી રીતે સમજાવી જોઈ, પણ માનું મન માનતું નથી.

મુનિરાજ →તમારી માનો સ્વભાવ શંકાશીલ અને જીદ્દી છે ?

રમેશ →આમ તો સાહેબ ! મારી મા એવી નથી. મને યાદ નથી કે ક્યારેય મારી માએ આના સિવાય કોઈના પર પણ ખરી – ખોટી શંકા કરી હોય. ક્રોધ કરવો કે ગાંઠ રાખવી એ મારી માના સ્વભાવથી વિરુદ્ધ છે. ક્યારેક અતિ થાય અને થોડો ક્રોધ આવી જાય, તો પણ જેના પર ક્રોધ આવે એની માફી માંગ્યા વગર રાતે ન ઉંઘી શકનારી મારી માને કોણ જાણે કેમ પણ મારી પત્નીપ્રત્યે ખરી ગાંઠ બંધાઈ ગઈ છે.. સાહેબ ! પરિસ્થિતિ એટલી હદે વણસી છે, કે મારી માની તબિયેત આવી વિચારણા – શંકાથી બગડતી જાય છે ! અને મા માને છે, કે આના પગલાથી જ આમ થાય છે ! મા વારંવાર જીદ પકડે છે, કે મને કોઈ તીર્થસ્થાનમાં કે કોઈ વૃદ્ધાશ્રમમાં મુકી દે.. હું મારું ફોડી લઈશ.. પણ હું આ ઘરમાં નહીં રહી શકું !

સાહેબ ! ગઈકાલથી તો આ જીદ ખુબ વધી ગઈ છે ! શું કરું ! આવી મહાન અને આવી ઉપકારી માને વૃદ્ધાશ્રમમાં મુકવાનો જીવ ચાલતો નથી. મારી પત્ની પણ આખી રાત રડી છે. હજી રડવાનું ચાલું છે. પણ મા આને 'ઢોંગ' 'કપટ' જ સમજે છે. કંઈ સમજ પડતી નથી. સંવત્સરી પ્રતિક્રમણ પછી મારી મા દરવરસે એને સામે ચાલીને ખમાવે છે.. પણ આંખસાથે આંખ મિલાવ્યા વગર ! અને વર્તણુક તો અકબંધ એવીને એવી જ ! સાહેબ ! શું આને સાચી ક્ષમાપના કહી શકાય?

મુનિરાજ →તમારી માનું જીવન જોતાં એમ લાગે છે કે તારી મા ક્ષમાપના તો સાચા ભાવથી કરે છે.. પણ એમાં પ્રાણ પૂરવા માટે આવશ્યક ગણાતી બે ચીજની ખામી છે.

રમેશ →આ ક્ષમાપના દંભી નહીં ? સાચી ? અને છતાં પ્રાણ વિનાની ? કેવી રીતે?

મુનિરાજ →જ્યારે એક વ્યક્તિ ક્ષમાપના ન કરવાના નુકસાનને જાણે છે, ત્યારે એ નુકસાનથી બચવા ઉદારતાથી ક્ષમા આપે છે. અને અહં છોડી નમ્રતાથી ક્ષમા માંગે પણ છે.. પણ પોતાની માન્યતા કે જેના આધારે સામી વ્યક્તિમાટે બાંધી દીધેલી કલ્પના – અભિપ્રાય સંઘર્ષતરફ– દ્વેષતરફ લઈ જાય છે, તે માન્યતા છોડવાનું ખ્યાલમાં આવતું નથી, તેથી ક્ષમાપના કરવા છતાં પરિસ્થિતિ સુધરતી નથી. જ્યાં સુધી વાંચન–શ્રવણ કે કો'ક કાકતાલીયન્યાયે થયેલા અનુભવના કારણે 'માંજરી આંખ કપટી' જેવી અનેકાનેક બાંધી દીધેલી માન્યતા – સિદ્ધાંતોની ગાંઠ કે જે કદાગ્રહરૂપ છે, તે છૂટે નહીં, અને તેના આધારે બીજી વ્યક્તિમાટે ઊભી થયેલી પૂર્વગ્રહની ગાંઠ તૂટે નહીં, ત્યાં સુધી ક્ષમાપના પ્રાણવાન બને નહીં.

રમેશ →તો સાહેબ હવે કરવું શું ?

મુનિરાજ →તમારા માતાજીને અહીં લાવો ! એ ગાંઠ છોડાવવા પ્રયત્ન કરી જોઈએ.. સફળ થાય તો વાહ વાહ !

રમેશની મા આવી પણ ખરી ! મુનિરાજે સમજાવવા શક્ય પ્રયત્ન કર્યો. પણ આ બાબતમાં 'પુષ્કરાવર્તના મેઘમાં મગશેલિયો ન ભીંજે' જેવું થયું. ખાસ સફલતા ન મળી.

મુનિરાજની વાતોથી 'ગુલાબ મા' ને એવું જરૂર લાગ્યું, કે પોતાનો કદાગ્રહ-પૂર્વગ્રહ-ખોટો છે.. પણ છતાં છોડી શક્યા નહીં. મોટા મોટા વૃક્ષોને ઉખેડી શકનાર હાથી મચ્છર સામે હારી જાય.. સહસ્રમલ્લ યોદ્ધો એક કેળાની છાલથી ગબડી પડે.. સમુદ્ર તરનારો કિનારે ડૂબી જાય, એના જેવું થયું.. અનેકાનેક ગુણોથી મહાન સ્ત્રી આટલી નાની બાબતને છોડવા સમર્થ ન બની..

પછી તો મુનિરાજ વિહાર કરી ગયા.

લગભગ ચારેક વર્ષ પછી ફરીથી એ તરફ આવવાનું થયું. વ્યાખ્યાન પછી રમેશની એ 'ગુલાબ મા' પોતાની પુત્રવધૂસાથે વંદન કરવા આવ્યા.. ગોચરીની વિનંતી કરીને ગયા..

મુનિરાજને આશ્ચર્ય થયું.. ગુલાબમાના વ્યવહારમાં ક્યાંય કદાગ્રહ - કડવાશ દેખાયા નહીં. બલ્કે પ્રથમનજરે જોનારને તો સાસુ - વહૂને બદલે મા-પુત્રી લાગે, એવો વ્યવહાર દેખાયો.

પણ મુનિરાજને પોતાના આશ્ચર્યને સમાવવામાટે લાંબી રાહ જોવી પડી નહીં. રમેશ સ્વયં 'પરિચિત મુનિરાજ આવ્યા છે' જાણી બપોરે વંદનાર્થ આવ્યો. એની સ્વસ્થતા - પ્રસન્નતા સ્પષ્ટ ઝલકતી હતી..

મુનિરાજ પૂછે, એ પહેલા જ રમેશે કહ્યું - સાહેબ ! અમે સંવત્સરી તો ભાદરવા સુદ ચોથની જ કરીએ છીએ.. પણ ક્ષમાપનાપર્વની ઉજવણી ફાગણ વદ ત્રીજની કરીએ છીએ.

મુનિરાજ →એમ કેમ ?

રમેશ →આ દિવસે લગભગ ચાર વર્ષ પહેલા અમારા ઘરમાં ખરી-સાચી ક્ષમાપના થઈ, કે જેથી મારું ડૂબતું જીવન-કુટુંબ આજે માત્ર તરી રહ્યું નથી, માનોને કે આકાશમાં ઉડી રહ્યું છે !

મુનિરાજ →એવું શું થયું કે તમારી માનો સ્વભાવ બદલાઈ ગયો ?

રમેશ →આપ પાસેથી ઉપદેશ સાંભળ્યા પછી મારી માને એમ તો લાગી જ ગયું કે મારી માન્યતા ખોટી છે. તેથી એ તોડવા મારી માએ પ્રયત્ન કરવાનું ઠેરવ્યું.. એના એક ભાગરૂપે ઘણા વર્ષે પ્રથમવાર મારી પત્નીસામે નજર મેળવી.. પણ ! જૂના સંસ્કાર એમ જાય ! નજર તો મેળવી, પણ પાછી ફડક પેસી ગઈ 'આ માંજરી આંખ' આ ફડક એવી પેસી ગઈ કે એના જ વિચારમાં બીજા દિવસથી માંદગીમાં પટકાઈ.. હકીકતમાં આ માનસિક તાણથી જ માંદગી આવી. પણ મારી માની

માન્યતા મજબૂત બની કે 'આ જ અપલક્ષણી છે'... માંદગીમાં પણ આવા વિચારો ચાલવાથી માંદગી ખૂબ વધી ગઈ.. મારી પત્નીએ સેવા કરવામાટે કમર કસી. પણ મારી માએ જીવનમાં પ્રથમવાર ત્રાડ નાખી 'ખબરદાર! મારી પાસે ફરકી પણ છે તો! તારા જ કારણે માંદી પડી છું. હવે તું કપટી સેવાના નામે મને મારી નાખવા માંગે છે ? માટે દૂર જ રહેજે.'

મારી પત્નીને આથી ખુબ ખોટું લાગ્યું ! આઘાત પણ જબ્બર લાગ્યો.. કરવું શું..? મેં માંડ સમજાવી. માના ઉપકારો યાદ કરાવ્યા.. મારી પત્ની સ્વસ્થ બની. માની સેવા તો આવશ્યક હતી.. પણ કરવું શું ? માની પરિસ્થિતિ એટલી હદે ખરાબ થઈ ગઇ કે એમ જ લાગતું તું કે થોડા દિવસો કે કલાકો ગણવાના છે ! વારંવાર ઊલ્ટી ઝાડા થવા માંડ્યા. કોઈ ભાડૂતી બાઈ પણ સેવામાટે તૈયાર નહીં. અંતે મારી પત્નીએ જ યોજના બનાવી.. એક નર્સને તૈયારી કરી- એનું કામ એટલું કે બા પાસે રહેવાનું ! દેખાવ એવો કરવાનો કે સેવા એ નર્સ કરે છે ! પણ બધું કામ મારી પત્નીએ કરવાનું !

સાહેબ ! શું વાત કરું ? મારી પત્નીએ નીંદ - થાક, દિવસ-રાત કશું જોયા વિના જે સેવા કરી છે ! પણ માને જરાય કળાવા ન દીધું કે સેવા પુત્રવધૂ કરે છે.. પોતાના કારણે માને દુઃખ થાય છે, એ જાણી ક્યારે'ય સામે પણ ન આવી.. પણ પાછળ રહી શરીર ઘસી નાંખ્યું..

માને જાણે પુનર્જન્મ મળ્યો.. સ્વાસ્થ્ય સુધર્યું.. તાજગી આવી. ફાગણ વદ ત્રીજનો દિવસ. સવારે સ્વસ્થ માએ મારી અને નર્સની સેવા માટે પ્રશંસા કરી. ત્યારે તક જોઈ હિંમત કરી મેં માને કહ્યું →મા ! સાચુ કહું ! તું ગુસ્સે તો નહીં થાયને ! તને ખોટું તો નહીં લાગે ને!

મા →એમ કેમ બોલે છે ? હું ગુસ્સે નહીં થાઉં ! તું શું કહે છે બોલ !

રમેશ →મા ! તું ભલે મને અને નર્સને શાબાશી આપે ! પણ તારી ખરી અને સાચી સેવા કરનાર ત્રીજી વ્યક્તિ છે, કે જેને રાતદિવસ જોયા નથી. છેલ્લા કેટલાક દિવસથી સીધી ઉંઘ લીધી નથી. તને સારા કરવા માટે શરીર ઘસી નાખ્યું છે, અને વજન ગુમાવી દીધું છે !

મા →એમ ! બોલ એ કોણ છે ?

રમેશ →મા ! જવા દે, હું કહીશ, તો તું માનશે નહીં. તને ગમશે નહીં.

મા →બોલ ! બોલ ! રમેશ ! મને તારાપર વિશ્વાસ છે. તું સાચું જ કહેશે ! પછી ન માનવા - ગમવાની વાત રહેતી નથી...

રમેશ →'મા ! તારી સેવા તારી પુત્રવધૂએ કરી છે !' એમ કહી બધી વાત કરી... માના મનમાં ગડમથલ મચી ગઈ.. પુત્રવધૂને બોલાવી.. ડરતી, ડરતી નીચું જોતી જોતી આવી.. પણ માએ એનું શરીર એનો થાક જોયા... અને સાહેબ ! ક્ષણભરમાં જાણે માને શું થયું તે પલંગ પરથી એક ઝાટકે ઉઠી ગઈ.. હું કાં'ક અજૂગતુની કલ્પના કરું એ પહેલા તો મા મારી પત્નીના પગમાં

ફસડાઈ ગઈ, ને ધ્રુસકે ધ્રુસકે રોવા માંડી. →માફ કર ! બેટી ! માફ કર ! મેં મારી ખોટી કલ્પનાથી તને ખૂબ હેરાન કરી ! તારામાટે કેવા કેવા વિચાર કર્યા ! તું સ્ત્રી નહીં, દેવી છે !' મા વધુ બોલી ન શકી... ખુબ રડી.. માના આંસુએ મને અને એને, બધાને રડાવી મૂક્યા.. માને ઉઠાવી એ જાણે માને પુત્રી વળગી ને રુએ એમ ધ્રુસકે ધ્રુસકે રોવા માંડી.. મા પલંગપર બેસી ને એ માના ખોળામાં માથુ મુકી હીબકા લેતી ગઈ ! હીબકા શાંત થયા. એટલે માને પૂછ્યું →મા ! મા ! તેં મન માફ કરી દીધીને ! મા ! તેં મારો સ્વીકાર કર્યો ને !

માએ આંસુસાથે પ્રેમાળ હાથ ફેરવતા કહ્યું →બેટી ! માફ તો તારે મને કરવાની છે ! મારા જેવી નાલાયક સ્ત્રીનો તેં મા તરીકે સ્વીકાર કર્યો એ જ મારેમાટે આશ્વાસનરૂપ છે !

સાહેબ ! એ દિવસ અમારે માટે ધન્ય દિવસ બની ગયો ! ક્ષમાપનાપર્વરૂપ બની ગયો ! તે દિવસથી સાહેબ ! એ બે આદર્શ સાસુ-વહૂની જોડી બની ગયા ! અજાણ્યામાટે તો મા-બેટી જેવા બની ગયા ! એ દિવસથી અમારું ઘર નંદનવન છે, અમારું જીવન પ્રસન્નતાથી છલકાઈ ગયું છે ! અમારા હૃદયમાં સ્વર્ગ આવીને વસી ગયું છે !

રમેશની આંખ બોલતા બોલતા છલકાતી હતી.. મુનિરાજની આંખ પણ ભીની થઈ ગઈ.. સાચી ક્ષમાપનાએ સર્જેલા મન - જીવનમાં સૌંદર્યને માણવા કલ્પનાના ગગનમાં ખોવાઈ ગયા. કેન્સરની ગાંઠ કરતાં ભયંકર કદાગ્રહ અને પૂર્વગ્રહની ગાંઠને મટાડી પ્રસન્નતાની રુઝ આપવા સમર્થ ક્ષમાપનાને ઔષધ કહીશું કે અમૃત ? રસાયણ કહીશું કે સંજીવની ?




એક સાઠેક વર્ષના માજીએ વંદન કર્યા.. સુખશાતા પુછી.. વાતવાતમાં જાણવા મળ્યું, કે સંસારીઅવસ્થામાં દૂરના પરિચિત છે. દૂર દેશમાં દીર્ઘકાલે મળેલા દૂરના પરિચિત પણ પોતાના લાગે. એટલે માજીએ ગોચરી આવવા આગ્રહ કર્યો, માજીનું મન રાખવા મહારાજ પણ એમને ત્યાં ગોચરી વહોરવા પધાર્યા..

માજીનું ઘર સામાન્ય સાઈઝનું હતું. મા અને બે છોકરા એમ ત્રણ જણનો વસ્તાર રહેતો હતો.. અલબત્ત એટલા પરિવારમાટે ઘર માત્ર પૂરતું નહીં, બલ્કે મોટું હતું... પણ આડી-અવળી

એટલી બધી સામગ્રી વેરવિખેર પડેલી હતી, કે આ મોટું ઘર પણ સાંકડુ લાગતું હતું.. બચેલી જગામાં ત્રણે જણા કેવી રીતે સમાતા હશે ? એ પ્રશ્નનો જવાબ અનુભવગમ્ય હતો.. સામગ્રીનો પ્રભાવ જ એ છે, કે એ જ્યાં રહે ત્યાં સંકડાશ ઊભી કરે.. મનમાં સામગ્રી 'રાગ' ના લેબલ હેઠળ દાખલ થાય, એટલે મન પણ સાંકડું થવાનું જ...

મહારાજે સહજ પૂછ્યું → 'ઘરમાં આટલી બધી ચીજો આટલા બધા પ્રમાણમાં કેમ છે ? આ તે ઘર છે કે દુકાન ?'

સહજભાવે પૂછાયેલો આ પ્રશ્ન માજીમાટે દુખતી નસ દબાવવા જેવો થઈ પડ્યો. ભાષાસમિતિના પાલનનો – વચનગુપ્તિને જાળવવાનો અને મૌન રાખવાનો મહિમા આવે અવસરે સમજાય. માજીની આંખમાં ઊભરાયેલા આંસુ અને સુકાઈ ગયેલી જીભમાં ખોવાઈ ગયેલા શબ્દો જાણે કહી રહ્યા હતા કે 'મહેરબાન ! તમે સાધુ થઈને ગૃહસ્થના સંસારરૂપ પ્રતિષિદ્ધ પ્રદેશમાં ઘુસવા જઈ રહ્યા છો. તમારી આ ડખલ સાધુ તરીકે છાજતી નથી.' ઊભી થયેલી કરુણ – વિચિત્ર પરિસ્થિતિથી છોભીલા પડેલા મહારાજ સાહેબ તો માજીની સામે નજર માંડ્યા વિના અને જવાબની રાહ જોયા વિના ત્યાંથી પોબારા ગણી ઉપાશ્રય આવી ગયા.

બપોરે એક વીસેક વર્ષનો યુવાન મળવા આવ્યો.. હાથ જોડી પ્રતિકાત્મક વંદન કરી પૂછ્યું 'મહારાજ સાહેબ ! આપ બારેક વાગે અમારે ત્યાં ગોચરી આવેલા?' મહારાજે નામઠામ પૂછી હા પાડી. એટલે એ યુવાન બેઠો.. સવારે પૂછેલી વાતનું પુનરાવર્ત્તન ન થાય, એની કાળજી લઈ, મહારાજે ધર્મોપદેશ આપવાની બુદ્ધિથી પૂછ્યું → 'દેરાસર દર્શન કરવા જાવ છો ?'

યુવાને ના પાડી અને કહ્યું 'સાહેબ ! હમણાં હું આપ પાસે કોઈ ઉપદેશ સાંભળવા કે વ્રત – નિયમ લેવા આવ્યો નથી.'

'તો કેમ આવ્યા છો !' મહારાજ એની આ સ્પષ્ટ વાત સાંભળી થોડા અકળાયા, એટલે અરુચિના ભાવથી પૂછી બેઠા.

એણે કહ્યું – આપે મારી માતાને પ્રશ્ન પૂછેલો.. જેનો જવાબ મારા માતાજી આપી શક્યા નહીં અને આપને ભોંઠા બની નીકળી જવું પડ્યું. એથી એમને ઘણું દુઃખ થયું. આપના ઘણા વખતે દર્શન થયા, તેથી આપશ્રીને અમારા સંસારની લીલીસૂકીનો ખ્યાલ ન હોય.. તેથી આપને સહજ અજાુગતું દેખાય તો પૂછવાનું મન થાય. મારા માતાજીએ મને ખાસ સાચી હકીકત આપને જણાવવા જ મોકલ્યો છે. આપને અનુકૂળતા હોય, તો દર્દભરી દાસ્તાન રજાું કરું.

મહારાજે સહૃદયતાથી હા પાડી.

અને યુવાને મનની કોતરમાં કોતરાયેલા, નહીં રુઝાયેલા ઘાની કરમ કથની જે કહી, તે આ...

'મારા પિતાજી ચીમનભાઈનું નામ તો આપ જાણતા જ હશો ? મહારાજે હા કહી.

એમનો જનરલ કરિયાણાનો ધંધો. અહીં ચાલીસેક વર્ષથી વસેલા. મારા પિતાજી તો લગભગ ચૌદેક વર્ષ પહેલા ગુજરી ગયા.. એમના અમે ત્રણ છોકરા.. મોટાભાઈ દુભાષ, વચલો હું વિજય અને સૌથી નાનો રાજુ.'

''મોટા દુભાષભાઈ ક્યાં રહે છે ? સાથે નથી રહેતા ?' મહારાજે અધીર થઈ પૂછ્યું...

'સાહેબ ! આપ ધીરજ રાખો.. એ જ બધી રામકહાણી કહું છુ. પિતાજીના મરણ વખતે દુભાષભાઈ સોળ વર્ષના.. અમે બે તો ઘણા નાના.. દુભાષભાઈની કોલેજમાં આગળ ભણવાની ઇચ્છા હતી, તેથી માતાજી દુકાન વેંચી નાંખવા માંગતા હતા... પણ એક વડીલે સલાહ આપી.. 'હાલ દુકાન ચલાવવી ન હોય, તો પણ કાઢી નાંખવા જેવી કે ભાડે આપવા જેવી ભૂલ કરશો નહીં. દુભાષ બે ચાર વર્ષમાં દુકાન ચલાવવા યોગ્ય બની જશે, તો કામ લાગશે.. પછી આવી મોકાની દુકાન મેળવવી મુશ્કેલ પડે, અને ભાડુઆત પણ જલ્દી ખાલી નહીં કરે..' વડીલની સલાહને સ્વીકારી દુકાન વેંચવાની કે ભાડે આપવાની વાત જતી કરી બંધ કરી રાખી. પણ પિતાજી કંઈ એટલું મુકીને ગયેલા નહીં.. તેથી ઘર ચલાવવું મુશ્કેલ પડવા માંડ્યું.. મારી માએ થોડું પિયરથી લાવી, થોડા ખાખરા-પાપડ જેવા પરચૂરણ કામો કરી ઘરનું ગાડું નભાવવા માંડ્યું.. દુભાષભાઈ મોટા ખરા, પણ ઘરપ્રત્યે લાગણી ઓછી અને સ્વાર્થી વધુ. એક બે ટ્યૂશન કરી પોતાનો ખીસ્સાખર્ચ કાઢી લે, પણ ઘરમાં માને જરા ય સહાય ન કરે.

મહારાજે વાતમાં રસ દાખવતાં પૂછ્યું →તો તમારા માતાજી કશું કહે નહીં ?'

સાહેબ ! એક બે વાર કહ્યું, પણ સાંભળે તો દુભાષભાઈ શાના ? ઉપરથી કટાક્ષ કરે કે 'તમને મારી પ્રગતિ પસંદ નથી, તેથી મને આગળ વધવામાં સહાય કરવાને બદલે, મને આટલી નાની વયમાં ઘર સંભાળવાની જંજાળમાં ફસાવવા માંગો છો' એટલે પછી મારી માએ કહેવાનું બંધ કર્યું.

'પણ પેલા વડીલ તો કહી શકેને ?' મહારાજે જાણે માર્ગ બતાવ્યાની ચતુરાઈ બતાવી.

'સાહેબ ! ઘરની વાત કંઈ ગામ આગળ થોડી ઉઘાડી પડાય છે ? અને માનો જીવ! છોકરામાટે બીજા આગળ ઘા નાખી શકે ખરો ?'

હં ! પછી !

પછી.. 'દુભાષભાઈએ ભણી લીધા પછી, એકાદ વર્ષ પિતાજીની દુકાન ફરી ચાલુ કરવા પ્રયત્ન કર્યો.. પણ ફાવ્યા નહીં.. તેથી દુકાન ફરી બંધ કરી, છૂટક ફેરી, દલાલી વગેરે ચાલુ કર્યું. જ્યારે પૈસાની જરુર પડે, ત્યારે મા પાસે હાથ લંબાવે.. મા ઉદારતાથી જાતે ઘસાઈ, હોય એ પ્રમાણે મદદ કરે.. પણ દુભાષભાઈ કદી પોતે કેટલું કમાયા ? ઘરમાં કેટલું આપશે ? વગેરે કહે નહીં.. ઘરનું

જમી જાય પણ ઘરમાં એક પાઈ પરખાવે નહીં.

મેં એકવાર મા કેટલી મહેનત કરે છે ? હવે થોડો આરામ આપવો જોઈએ, એવા ટોણસાથે કહેવા પ્રયત્ન કર્યો..તો દુભાષભાઈ મારાપર ગરમ થઈ એલફેલ બોલવા માંડ્યા.. અને છેલ્લે કહ્યું 'હમણાં મા જેટલું કરે એટલું કરી લેવા દે, પછી ઘરડી થઈ નકામી થાય, ત્યારે સાચવવી જ પડવાની છે ને !' દુભાષભાઈના આવા જવાબથી આભા બનેલા મેં પણ આઘાત અનુભવ્યો.. પછી ક્યારે'ય આ વાત ઉપાડવાની હિંમત ચાલી નથી...

દુભાષભાઈ લાઈનપર ચડી ગયા એ વાત તો ન્યાતમાં બધા જાણતા હતાં, પણ બધાને એ થોડી ખબર, કે મનના શુભભાવોની લાઈન કટ થઈ ગઈ છે. કૃતજ્ઞતાની લાઈન ખોટવાઈ ગઈ છે.. અને આમેય દુનિયાને એ સાથે થોડો મતલબ છે ? પૈસાની લાઈન બરાબર ચાલે એટલે દુનિયાને મન ભયો ભયો. દુભાષભાઈમાટે મુંબઈના અમારી ન્યાતના જ શ્રીમંત શેઠની છોકરીનું માંગુ આવ્યું. શ્રીમંત કુટુંબની ભણેલી કન્યા હતી, એટલે સગપણ થઈ ગયું.

બેએક મહીના પછી સસરાનું તેડું આવવાથી દુભાષભાઈ મુંબઈ ગયા. તે વખતે માતાએ લગ્ન ક્યારે ? ક્યાં ? કેવી રીતે કરવા ? વગેરે પૂછી નક્કી કરી આવવા કહેલું..

દુભાષભાઈ સાસરે ગયા.. સસરાસાથે બધી વાતો થઈ. સસરાએ દુભાષભાઈને મુંબઈ સેટલ થવા ઓફર કરી. દુભાષભાઈએ કહ્યું, હમણાં ત્યાં ધંધો જામી રહ્યો છે, તેથી ત્યાં જ રહેવાની ઇચ્છા છે. સસરાએ દુકાન કરવા, ફ્લેટ લેવા વગેરે બાબતમાં સહાયક થવાની તત્પરતા સાથે કહ્યું →તમને આગળ લાવવા હું બધું કરી છુટવા તૈયાર છું. પણ મારી એક શરત તમારે માનવી પડશે.

દુભાષભાઈએ પૂછ્યું →'કઈ શરત છે ?'

'જૂઓ દુભાષકુમાર ! મારી છોકરી તમને પરણે છે. તમારા માતા કે ભાઈઓને નહી. તમારા ઘરે આવી મારી છોકરી એ બધાનાં ઢસરડાં કરનારી નોકરાણી બને, તે મને પસંદ નથી. તમારે લગ્ન પછી અલગ રહેવાની તૈયારી હોય, તો જ લગ્નનો વિચાર કરીએ.'

આમેય દુભાષભાઈને મા કે અમારાપ્રત્યે એવી કોઈ લાગણી હતી નહીં, એમાં આ વાત આવી.. પોતાને બધી સહાય મળવાની છે, એ લાભ નજરસામે દેખાતો હતો.. આંખમાંથી હર્ષાશ્રુ અને મોંમાંથી ફાવી ગયાની લાળ ટપકતી હતી, એટલે સસરાની શરત વિના સંકોચે સ્વીકારી લીધી. સસરાએ કહ્યું 'હું લગ્નના નામે ધૂમાડો કરવામાં માનતો નથી. કાલનું મુહૂર્ત સારું છે. તમે બન્ને, અમે, અમારા ઘરનો પરિવાર કોર્ટમાં જઈશું. ત્યાં રજીસ્ટ્રારની સામે લગ્નવિધિ કરી લઈશું.

અને ભાઈએ અમને સમાચાર પણ આપ્યા વિના ત્યાં લગન કરી નાંખ્યા...

સસરાએ જમાઈરાજને કહ્યું 'તમે જાવ.. ઘરથી અલગ થાવ, અને સારો ફ્લેટ શોધો.. એટલે હું પોતે ત્યાં આવી ફ્લેટ જોઈ પાકું કરી લઈશ..'

દુભાષભાઈ મુંબઈથી પાછા ઘરે આવ્યા. માએ અધીરતાથી 'લગ્નઅંગે શી વિચારણા કરી?' એમ પૂછ્યું. પણ મગનું નામ મરી પાડે તો દુભાષભાઈ શાના ? કશો જવાબ આપ્યા વિના બહાર ઉપડી ગયા.. બે – ત્રણ દિવસ ખુબ દોડધામ કરી.. અમે પૂછીએ, તો કહે પણ નહીં.. ત્રણેક દિવસ પછી એમના સસરા આવ્યા.. હોટલમાં ઉતર્યા.. ફ્લેટનું પાકુ કરી જતાં રહ્યા.. પણ અમને તો એ બધી ખબર ખુબ મોડી પડી.

એ પછી બેએક દિવસે દુભાષભાઈએ ધડાકો કર્યો →મુંબઈમાં લગ્ન કરીને જ હું અહીં આવ્યો છું. હવેથી હું મારી પત્નીસાથે જૂદા ફ્લેટમાં કાલથી રહેવા જવાનો છું, મારે આ ઘરની ઘરવખરી જોઈતી નથી. પણ એના બદલામાં મારા ભાગને અનુસાર મને પંદર હજાર રૂપિયા મળવા જોઈએ.

આ સાંભળી અમને કેવો આઘાત લાગ્યો હશે, એ કેવી રીતે કહેવું ? મા તો ક્ષણભર આઘાતમાં બોલી શક્યા જ નહીં. પછી ડૂસકે ડૂસકે રડી પડ્યા.. પણ મારા નફ્ફટ ભાઈએ એ સામે જોયા વિના જ કહી દીધું →મારી આગળ એવા લાગણીવેડા બતાવવાની જરૂર નથી. પંદર હજાર આજે નહીં, તો કાલે મળવા જોઈએ...' એમ કહી પોતાના કપડાવગેરે સમેટી ઘરમાંથી નીકળી ગયા. રાતે ઘરે આવ્યા જ નહીં. મુંબઈથી એમની પત્ની બારોબાર નવા ફ્લેટપર ચાલી ગઈ.. અમને મળવા કે માતાના આશીર્વાદ લેવા પણ આવી નથી. એ પછી પણ અત્યારસુધીમાં એક વાર પણ અમારા ઘરે ભાભી આવ્યા નથી. હું એક બે વાર એમના ઘરે ગયો હોઈશ.. માએ તો એમનું ઘર જોયું પણ નથી.

મહારાજે પૂછ્યું →તમારે કેમ જવાનું થયું ? હવે જાવ છો કે નહીં ? યુવાને કહ્યું – સાહેબ હજી સાંભળો તો ખરા ! ઘરના સમાચાર આપવા તો જવું પડેને ! છોકરો માને મા ન માને. પણ માથી કંઈ થોડા છોકરાને પીવડાવેલા લાગણીના ધાવણ એમ ભૂલી જવાય છે ? એમાં છેલ્લી વાર જ્યારે મારે જવાનું થયું, ત્યારે ભાઈ ન હતા– માત્ર ભાભી જ હતા.. મેં સહજ કહ્યું, એક વાર તો ઘરે આવો.. લગ્ન પછી તમે માતાના આશીર્વાદ લીધા જ નથી.. અને ભાભીએ વેણ કાઢ્યું →'એવી વિધવાના કંઈ આશીર્વાદ લેવાતા હશે ? વિધવાના દર્શન થઈ જાય તો આશીર્વાદને બદલે અપશુકન થઈ જાય'.. ભાભીના આ કારેલાને મીઠા કહેવડાવે તેવા શબ્દોથી હું ઊભો ઊભો સળગી ગયો... ત્યારથી ભાઈના ઘરે જવાનો અને ભાભીના મોંના દર્શન કરવાની બાધા લઈ લીધી છે.

આટઆટલા ઘા પડવા છતાં મા ઘર ચલાવવા તનતોડ મહેનત કરતી હતી.. અંદરથી દાઝી ગયેલી માનું સૌમ્ય હાસ્ય પણ મને અંદરથી આગના તાપની જેમ દઝાડતું હતું.. મેં દસમી પાસ કરી. મા તો આગળ ભણાવવા માંગતી હતી.. પણ હવે મારાથી જોયું જવાય તેમ ન હોવાથી ભણવાનું છોડી દીધું..

પિતાજીની બંધ પડેલી દુકાન ચલાવવાનો મેં પ્રયત્ન કર્યો..ઠગારા ભાગ્યે ફરી મૃગજળની

ચમક બતાવી..દુકાન ઠીક ઠીક ચાલવા માંડી..આ સમાચાર ક્યાંકથી ભાભીએ જાણ્યા.. ભાભી અમને અગ્નિમાં તપાવવા માંગતા હશે.. મુંબઈ ભાભીના પિયરમાં આ સમાચાર ગયા.. અને દુભાષભાઈને મુંબઈથી તેડું આવ્યું.. દુભાષભાઈ મુંબઈ જઈ આવ્યા, અને બીજે દિ'જ ઘરે આવી ધડાકો કર્યો.. 'મને ઘરવખરીના પંદર હજાર પણ હજી મળ્યા નથી. પિતાજીનો હું સૌથી મોટો પુત્ર છું.. તેથી મારો હક મુખ્ય ગણાય.. તમે ઘરમાં રહો છો, તો દુકાન મને મળવી જોઈએ...' માએ સમજાવટથી કામ લેવા ધાર્યું. હું સમસમી ગયો.. ખૂબ તડફડ થઈ.. અંતે તોડ કાઢવા વડીલવર્ગને બોલાવ્યા.. પહેલા તો દુભાષભાઈને સમજાવવા ખુબ મથામણ કરી. પણ એ તો એક ના બે ન થયા... અંતે દુકાન ભલે હું ચલાવું.. પણ મારે ચાર વર્ષમાં દુભાષભાઈને સાંઈઠ હજાર ચુકવવાના એમ નક્કી થયું.

અમે પંદર હજારવાળા ત્રણ હપ્તા તો ત્રણ વર્ષમાં ચૂકવ્યા. આ વરસે ધંધો એટલો ન ચાલવાથી અને માની અચાનક ભારી માંદગીના ખર્ચાના કારણે, ચોથો અંતિમ હપ્તો ચૂકવી શક્યા નહીં. દુભાષભાઈ રોજ આવી તકાદા કરે.. માની તબિયેત પૂછવા ન આવે, અને પૈસા માંગવા આવે. અમે સગવડ થયે તરત આપવાની વાત કરીએ, એટલે પગ પછાડી ધમકી આપી જાય...

એમાં થોડા દિવસ જ પહેલા.. હું તૈયાર થઈ દુકાન જવા જઉં, ત્યાં કો'કે આવી સમાચાર આપ્યા → વિજયભાઈ ! પોલીસ આવી છે. તમારી દુકાન તોડી બધી ચીજો બહાર ફેંકે છે..હું દોડતો ત્યાં ગયો.. પોલીસસાથે દુભાષભાઈ ! મને કહે → જા આ તારો સમાન ઘરે મુકી આવ ! અને માને લઈને આવ ! મેં બહાર પડેલા સામાનને ઉઠાવ્યો. બે રીક્ષા કરી બધો સામાન બે ફેરે ઘરભેગો કર્યો, અને..'' યુવાન બોલી ન શક્યો.. ડૂસકું ખાઈ ગયો.. રડતા રડતા બોલ્યો.. માને લઈને દુકાને ગયો... તો નફ્ફટ ભાઈના સૂચનથી પોલીસ મને અને મારી માને હથકડી પહેરાવી ભરબજારે વરઘોડો કાઢી કસ્ટડીમાં લઈ ગઈ..

માએ હૈયાફાટ રુદન ચાલુ કર્યું.. પોલીસ પણ પીગળી ગઈ, પોલીસે કહ્યું 'સા'બ! તમારા ભાઈએ આ પાપ કરાવવા અમને ૩૦૦૦ ની લાંચ આપી છે ! આ પૈસાના લોભમાં અમે આ પાપ આચરી બેઠા છીએ. પોલીસને દયા આવી.. આજુબાજુના જૈનસમાજમાં આ વાત ફેલાતા કેટલાક સજ્જન ચોકીએ આવ્યા.. એમની ભલામણથી પોલીસે જામીનપર ચાર કલાક પછી અમને છોડ્યા..

આજે એ ભાઈ નફ્ફટ થઈને દુકાનપર બેસે છે. અને અમને ઘરની બહાર નીકળતા પગ ભારે થઈ જાય છે ! એક દીન-યાચક ભિખારી - તરછોડાયેલાના ભાવસાથે ભગવાન પાસે ય જવાનું મન થતું નથી...

અત્યારસુધી મન કઠણ રાખી બોલતા યુવાનના હૈયામાં ઉછળતા અજંપાના સમુદ્રે મર્યાદા મુકી દીધી..

એ યુવાન બાળકની જેમ પથ્થર પીગળાવી દે તેવું રોઈ પડ્યો.. મહારાજપાસે સહાનુભૂતિના

શબ્દો ન હતા.. સજળનયને મૌન આશ્વાસન આપવાનું ઉચિત લાગ્યું. એ યુવાન તો ક્ષણભરમાં ઉઠીને ચાલ્યો ગયો.

બે-એક દિવસ પછી મળવાનું થયું, ત્યારે મહારાજે પૂછ્યું -તમે ભાઈસામે પગલા લેવા ધારતાં નથી ? બીજા વડીલો એમાં સહાયભૂત થતાં નથી ?

કાંક સ્વસ્થ બનેલા યુવાને કહ્યું →મારી અને બીજા સહાનુભૂતિ રાખતા વડીલોની તો 'જેવા સાથે તેવા'થવાની ઇચ્છા થઈ આવે છે.. પણ મા રોકે છે. મા કહે છે 'ઘણો ભવાડો થઈ ગયો.. હવે એમાં આગ ચાંપી વધુ ફજેતા કરવા નથી. પૂર્વભવની કો'ક લેણદેણ આ રીતે જ ચૂકતે થવાની હશે.. તો ભલે થઈ જાય. પણ મારે મારા છોકરાસામે પગલા ભરી જીવનભરના મારા માતૃત્વને ભૂસવું નથી. અને તારે પણ હિમ્મત હારવાની જરુર નથી.. હું બેઠી છું, મારા શરીરમાં તાકાત હશે, ત્યાં સુધી હું ઘરને ઊંચે લાવવા પ્રયત્ન કરીશ.. પછી તો જેવા ભાવિભાવ'.. મહારાજ ! માની આ હિંમત જ મને ટકાવી રહી છે.. નહિતર હું ભાંગી પડત..

એક સામાન્ય માજીમાં રહેલી અસામાન્ય મહાનતા આગળ મનોમન મહારાજ પણ ઝુકી ગયા..

મહારાજે યુવાનને ઉત્સાહવર્ધક પ્રેરણા આપી.. પરમાત્માના મંદિરે જવા અને પૂજા - ભક્તિ કરવા ભલામણ કરતાં કહ્યું →જો દોસ્ત ! તું દીન -હીનરૂપે ભગવાન પાસે જવામાં ભલે નાનમ અનુભવતો હોય, પણ ભગવાનની કરુણા પામવાનો આ જ સાચો માર્ગ છે.. મોટાભા થઈને ભગવાનપાસે જનાર કશું પામતો નથી.. અને કદાચ તું સ્વમાની થઈ કંઈ માંગવા ન ઇચ્છતો હોય, તો પણ ભગવાનપાસે એટલું તો માંગી જ લેવાનું રાખ કે 'ભગવાન! મને આપત્તિમાં સમાધિ અને સત્ત્વ જળવાઈ રહે એવું મનોબળ આપ'.. યુવાન સમજી ગયો.

એ પછી બે એક વર્ષે મહારાજને તે તરફ જવાનું થયું. જોગાનુજોગ એ યુવાનનો ભેટો થઈ ગયો. યુવાને પણ હાથ જોડ્યા.

મહારાજે પૂછ્યું →કેમ છે હવે તમારે ? યુવાને કહ્યું →પરમ શાંતિ અને આનંદ.

મહારાજને થયું, આ સાચું કહે છે કે પછી દિલની આગને આ વક્રોક્તિથી વ્યક્ત કરી રહ્યો છે ? આમ વિચારી ફરી પૂછ્યું - ખરેખર શાંતિ થઈ ગઈ ? કેવી રીતે ? શું થયું ?

યુવાને કહ્યું → આપને છેલ્લે મળ્યાના બે એક મહીના પછી જ દુભાષભાઈને સ્કૂટર પર જતાં ભયંકર અકસ્માત થયો.

મહારાજે આશ્ચર્યથી પૂછ્યું - હેં ! હવે કેમ છે ?

યુવાને કહ્યું →હા. સ્કૂટર સાથે બસ અથડાવાથી ઉથલી પડ્યા. ખૂબ ઘાયલ થયા. ત્યાંથી પસાર થતાં મહાનુભાવોએ ભાઈને હોસ્પિટલમાં દાખલ કર્યા.

મહારાજે પૂછ્યું - પછી તમને સમાચાર કેવી રીતે મળ્યા ?

યુવાને કહ્યું -ભાઈપાસેના કાગલોપરથી ત્યાંના સ્ટાફે હોસ્પિટલથી ભાભીના ફ્લેટપર ફોન કર્યો. ભાભી હોસ્પિટલ પહોંચ્યા.

મહારાજ - પછી ભાભીએ સેવા ચાકરી તો સારી કરીને ?

યુવાન - હા ! બહુ સારી. જ્યારે એમને હોસ્પિટલમાં દુભાષભાઈની પૂરી હાલત જોવા - જાણવા મળી. અને ડૉક્ટરો પાસેથી સૂચના મળી કે, ભાઈના પગના હાડકા ભાંગી ગયા છે. તેથી ઓપરેશનો કરવા પડશે. ભવિષ્યમાં ઘોડી વગર ચાલી નહીં શકે, અને ઓછામાં ઓછા છ મહીના તો બેડરેસ્ટમાં જ જશે. ત્યારે ભાભીએ હોસ્પિટલથી જ અમારા પડોશીના ફોનપર અમને ભાઈના સમાચાર આપ્યા.

મહારાજ →ચલો, આપત્તિમાં તો ભાભીએ તમને યાદ કર્યા.

યુવાન →હા ! બરાબર. અમને સમાચાર મળ્યા, ત્યારે હું તો ખુશ થયો. માની હાય લેનારા ભાઈની અંતે તો આજ હાલત થાય. મેં તો માને કહી દીધું, આપણે હોસ્પિટલ નથી જવું. ભલે ભાઈ-ભાભી કરેલા પાપોનું ફળ ભોગવે. પણ માનું હૃદય માને શાનું ? મને કહ્યું - બેટા ! ગઈ ગુજરી ભૂલી જવાની. લોહીનો સંબંધ યાદ રાખવાનો. માણસાઈ કહે છે કે આપત્તિમાં પડેલાને સહાયક બનો, તો આ તો તારો ભાઈ ને મારો પુત્ર. શું આપણે માણસાઇને પણ જતી કરવાની ?

મા તો કપડાનો થેલો તૈયાર કરી હોસ્પિટલ જવા તૈયાર થઈ ગઈ. મેં માને પૂછ્યું →મા! ઠીક છે, મળવા જઈ આવીએ. એટલે લોકોમાં પણ આપણું સારું લાગે. પણ એમાં આ કપડાનો થેલો શા માટે ?

માએ કહ્યું →બેટા ! બહારના સંબંધ દેખાડવા માટે હોય, અંદરના નહીં. આપણે બતાવવા નથી જવું. કોણ જાણે મારા દુભાષને કેવી પીડા થતી હશે! તારી ભાભીને પણ એકલા એકલા કેવી મુંઝવણ થતી હશે ! મને તો આ વિચારે જ અકળામણ થાય છે. હું તો જ્યાં સુધી દુભાષને સારું નહીં થાય, ત્યાં સુધી રહેવાની છું. એની ઘરવાળીને પણ એથી હુંફ રહેશે.

માને ક્યાં ખબર હતી કે ભાભી તો મા માટે કેવું વિચારે છે ?

અનિચ્છાએ પણ હું માસાથે હોસ્પિટલ ગયો. દુભાષભાઈ ક્યાં છે ? તે વાર્ડવગેરેની તપાસ કરી ત્યાં ગયા. ભાભી તો મળે જ નહીં. અમે તપાસ કરી તો પણ કોઈ પતો લાગ્યો નહીં. પછી મા તો દુભાષભાઈની સેવામાં લાગી ગયા.

મહારાજે પૂછ્યું →તો તમારી ભાભી - દુભાષભાઈની પત્ની ક્યાં ગઈ હતી ? પાછી ક્યારે આવી ? તમારી માસાથે કેવો વ્યવહાર કર્યો ?

યુવાન →ભાભી તો પાછી આવી જ નહીં. સીધી જ મુંબઈ પિયર ચાલી ગયેલી.

દુભાષભાઈની સેવા કરવા તે તૈયાર ન હતી. લાડકોડમાં ઉછરેલી એને સેવા લેવાના સંસ્કાર પડેલા, નહીં કે કરવાના. મુંબઈથી એમના પિતા આવ્યા. દુભાષભાઈના ત્રણ વર્ષના પુત્રને સાથે લાવેલા. મારી માને પૌત્ર સોંપ્યો.

મહારાજ –પણ તમારી ભાભીના કોઈ સમાચાર કેમ કહેતા નથી ? હોસ્પિટલનો ખર્ચ આપવા સસરા આવેલા ?

યુવાન → મહારાજ ! એ જ વાત છે. દુભાષભાઈના બધા ઓપરેશન સહિત હોસ્પિટલનો બધો ખર્ચ એના સસરાએ ભોગવ્યો.

મહારાજ –એ સારી ઉદારતા કરી.

યુવાન – હા ! એના બદલામાં એમણે દુભાષભાઈ પાસેથી કોર્ટના કાગલપર લખાણ કરાવી દીધું.

મહારાજ – શાનું ?

યુવાન –ભાભીસાથેના છુટાછેડાનું.

મહારાજ – હેં ? કેમ ?

યુવાન – ભાભી પથારીવશ છ મહીના રહેનાર અને જિંદગીભર અપંગ રહેનાર પતિની સેવા કરવા તૈયાર ન હતી. અને અપંગની પત્નીતરીકે શરમાવા માંગતી ન હતી.

મહારાજ – હં પછી !

યુવાન – પછી શું ? દુભાષભાઈએ છુટાછેડા લખી આપ્યા. મારી માએ દુભાષભાઈની ખુબ સેવા કરી. દુભાષભાઈ વારે ઘડિયે એ પ્રસંગ યાદ કરી રડી પડે છે. માને કહે છે → મા! ઈશ્વરનો અવતાર તારામાં અનુભવું છું, અને મને ફિટકાર છૂટે છે કે – ઈશ્વરના અંશ સમી માના પેટેથી આવો શેતાન– પથ્થર પાક્યો ! મા.. તેં અમારા માટે શું શું નથી કર્યું ? કેટલી હાડમારી ભોગવી ! કેવા અપમાનો કષ્ટો સહ્યા.. અને મેં પાપી, સ્વાર્થી, પત્નીઘેલાએ તને બેડી પહેરાવી, તને રંજાડી.. મા, મેં તને 'મા' કહીને બોલાવતા શરમ અનુભવી, ને તેં મને આવા નપાવટ –કપાતર ને કે જેની માતરીકે જાહેર થવામાં ય કલંક લાગે એને હજી 'બેટા' 'બેટા' કહેવાનું ચાલુ રાખ્યું છે. આવો પ્રેમ વરસાવ્યો છે. મા ! મને માફ કર.. ખરેખર ! તું મા નહી દિવ્ય મા છે ! યુવાન આટલું બોલતા ગળગળો થઈ ગયો.

મહારાજ – હવે દુભાષભાઈ શું કરે છે ?

યુવાન–હવે અમે બધા સાથે છીએ. દુભાષભાઈ દુકાન સંભાળે છે. ઘરખર્ચ એમાંથી જ નીકળે છે. હું અને નાનો ભાઈ ભણીએ છીએ. અને મા ઘરમાં પૌત્રને સુંદર સંસ્કાર આપે છે.

અમારા જીવનમાં શાંતિ છે. માની મહાનતા-ક્ષમા-ઉદારતા-પ્રેમે અમારા કુટુંબની આબરું ફરી ઊંચી આણી છે.

મહારાજ - પછી દુભાષની પત્નીનું શું થયું ?

યુવાન - છોડો એની વાત. અમે એની ચિંતા કરતાં નથી.

મહારાજ પણ એક વ્યક્તિની મહાનતા અને તે માટે ગમે તે સહી લેવાનો સહનશીલસ્વભાવ અને આપત્તિમાં પણ સ્વસ્થતા કેવો ચમત્કાર સર્જી શકે ? તે જોઈ ભાવવિભોર બની ગયા.



# ક્ષમાભાવ
# ઈર્ષ્યાની આગમાંથી
# પ્રમોદનો બાગ



રમેશભાઈને વંદન કરતાં જોઈ, એમના અંગે મારા મનમાં ઘણા વખતથી ઘોળાતી વાત મારા મોઢામાંથી સરી પડી : – રમેશભાઈ ! હમણાં હું થોડા વખતથી જોઉં છું, મોં પીળુ–પીળુ પડી રહ્યુ છે. તમારો વ્યવહાર મોળો મોળો લાગે છે. ઘણી વખત વ્યાખ્યાનમાં પણ તમે શૂન્યમનસ્ક બેઠેલા લાગો છો ! તમારી આંખ દૂર દૂર તાંકતી અને મન કશીક ગડમથલમાં ઝકઝોર લાગે છે. કોઈ ચિંતા, ઉપાધિ, આફત તમને ઘેરી વળી છે ? કઈ મુંઝવણે તમારા શરીર, મન અને વિચાર પર કબજો જમાવ્યો છે ?

રમેશભાઈએ કહ્યું :- સાહેબ ! જવા દો, સંસારમાં બેઠા એટલે સેંકડો ઉપાધિ આવે. અમારું જીવન તો સાહેબ ! નેશનલ હાઇવે, કેટલીય ઉપાધિઓના ખટારા આવે અને જાય!

મેં કહ્યું :- બરાબર છે ! સંસાર એટલે શતરંજ ! ભલેને તમે જાતજાતના રમકડા - પ્યાદાઓથી રમીને મોજ માણવા જાવ, અંતે તો શત = સેંકડો રંજ=ગ્લાનિઓ જ્યાં સતત રહેતી હોય, તે સંસાર ! પણ અત્યાર સુધી તમારા મુખ ઉપર જે જીતતા ખેલાડીની પ્રસન્નતા હતી, તે હવે દેખાતી નથીં; હારતા ખેલાડીની ફીકાશ નજરે ચઢે છે, માટે પૂછવાનું થયું.

રમેશભાઈએ કહ્યું :- સાહેબ ! આપે એકવાર વ્યાખ્યાનમાં સંસારને દાવાનલ કહેલો!

મેં કહ્યું :- હા, સંસારના બનતા પ્રસંગો સતત દઝાડે છે, ને પુણ્યના લીલાછમ વૃક્ષોને ખાખ કરી નાખે છે. પણ તે વાત અત્યારે કેમ સાંભરી ? રમેશભાઈ કહે :- મારો ઘરસંસાર દાવાનલ નથી, કેમકે દાવાનલ તો દેખાય, આ તો રાખમાં ઢંકાયેલો અગ્નિ છે. બહારથી સફેદ ઠંડો-લીસો-સુંવાળો લાગે, પણ એનાથી છેતરાઇને જે લેવા જાય, તે અંદરની આગથી દાઝ્યા વિના ન રહે.

મેં કહ્યું :- રમેશભાઈ ભૂમિકા બંધાઈ ગઈ, હવે હકીકત પર આવો ! રાખનો અગ્નિ તમને કેવી રીતે દાઝી રહ્યો છે, તેની માંડો.

રમેશ ભાઈ કહે :- 'છોરુ કછોરુ થાય, માવતર કમાવતર કદી ન થાય' આવી લોકોક્તિ ખોટી પડે, એવી પરિસ્થિતિમાંથી હું પસાર થઈ રહ્યો છું.

મેં પૂછ્યું - એટલે તમે શું કહેવા માંગો છો ?

રમેશભાઈએ કહ્યું - શબ્દો ચોર્યા વગર ચોખ્ખા શબ્દોમાં કહું, તો મારી માતા મારું મોત ઝંખી રહી છે !

હું તો આ સાંભળી આભો જ થઈ ગયો. સગી જનેતા પર રમેશભાઈ આવો આક્ષેપ કરે એ હદે એની ઘરપરિસ્થિતિ સ્ફોટક બની હશે, એવી તો કલ્પના જ નહીં. હું અવાચક બની ગયો.

રમેશભાઈએ કહ્યું :- સાહેબ ! આપને આ સાંભળીને આંચકો લાગ્યો, જ્યારે હું સતત આવા અનુભવના પ્રચંડ દબાણમાં સમય વિતાવી રહ્યો છું - આ વાત હું ને મારી પત્ની બે જ જાણીએ છીએ. મારા દિકરાને પણ ખબર નથી. આપ આગળ દિલ ખાલી કરી હળવાશ અનુભવવી છે, ને શાંતિ-સમતા રહે, તે માટે માર્ગદર્શન મેળવવું છે. માટે આ વાત કરી.

મેં કહ્યું :- રમેશભાઈ, તમે આ જે કહ્યું, તે અનુભવથી કહો છો કે માત્ર કલ્પનાથી ?

રમેશભાઈએ કહ્યું :- અનુભવના એરણ પર ટીપાયેલી આ વાત છે. બાકી પ્રશ્ન તો મને પણ ઉઠે છે કે શું માતા પોતાના દિકરાનું મોત ઝંખે ?

મેં કહ્યું :- પૂર્વકાળના દૃષ્ટાંત જોતા, અમરકુમારની માતા પૈસા ખાતર અમરકુમાર રાજાને

બલિમાટે સોંપવા તૈયાર થયેલી. એવી જ રીતે ચુલનીએ પોતાની કામવાસના ખાતર બ્રહ્મદત્ત ચક્રવર્તી જેવા પુત્રને મારવાનું કારસ્તાન કરેલું. આમ કામસંજ્ઞા કે અર્થસંજ્ઞાની તીવ્રતા જીવને ભુલાવવામાં પાડે, એમ બને. પણ તમારા માતા માટે મને આ બેમાંથી એક પણ કલ્પના કરવી યોગ્ય લાગતી નથી.

રમેશભાઈએ કહ્યું :- હું જ્યારે માત્ર દસેક વર્ષનો હતો, ત્યારે માત્ર ૩૦ વર્ષની જૂવાનવયે મારી મા વિધવા થયેલી. ત્યારથી આજ સુધી મારી માએ કોઈ પરપુરુષ સામે ઊંચી આંખે જોયાનો મને ખ્યાલ નથી, અને પ્રાયઃ પવિત્ર શીલધર્મનું પાલન કર્યું છે. નાટક-સીનેમા કે સારા-પહેરવા ઓઢવાની વાતમાં પણ રસ લીધો નથી. હાલ પણ એવા કોઈ પુરુષ સાથે પરિચય કે વાતોચીતો કરતી નથી, તેથી કામસંજ્ઞાનો કોઈ સવાલ નથી. એ જ રીતે મારા પિતા સધ્ધર પાર્ટી હતા. તેમ જ મારું મોસાળ પણ સુખી છે. મારા માતાના નામે એટલી મોટી રકમ વગેરે છે, કે ખાધે-પીધે કે દાન-ધરમ કર્યે પણ કશું ઓછું ન આવે. એટલું જ નહીં, ભગવાનની મહેરથી મારે પણ કમાણી સારી છે, ને માતાજીને જે કંઈ દાન ધરમ વગેરેમાં ખરચવું હોય, ક્યાં ય ના નથી - માટે મને અર્થનો પણ અનર્થ દેખાતો નથી.

મેં પૂછ્યું :- માતાને તારા પર કોઈ પ્રસંગ કે વહેમના કારણે પ્રેમ નથી, એવું નથી ને!

રમેશભાઈ કહે :- એવું કશું નથી. આમ જોવા જાવ, તો હજી પણ મારી માતાને હું આંખનું રતન જ લાગું છું.

મેં પૂછ્યું :- તો તમે લવમેરેજ કરી માતાને નહીં ગમતી કન્યાને પરણીને આવ્યા, એનો ડંખ તો નથી ને !

રમેશભાઈએ કહ્યું :- સવાલ જ નથી. માતાએ જ પસંદ કરેલી કન્યા સાથે લગ્ન કર્યા છે.

મેં પૂછ્યું :- એ બરાબર, પણ સારી સંસ્કારી જાણી લાવેલી પુત્રવધૂનો માતા પ્રત્યે કડવાશભર્યો વ્યવહાર વાતને વણસાવી શકે. એ અંગે શી પરિસ્થિતિ છે ?

રમેશભાઈ કહે :- એવું ય નથી. મારી ઘરવાળી ક્યારેય માતાજીને ટોણા-મેણા મારતી નથી, કે કડવાશભર્યો વ્યવહાર કરતી નથી.

મેં કહ્યું :- એ તમે તમારી પત્નીપ્રેમની આંખે કહો છો. તમારી માતા શું માને છે ? અને કડવાશ નહીં, તો ઉપેક્ષાભાવ પણ ગોઝારો છે, આપણી હાજરીની નોંધ જ ન લેવાય, એના જેવું જીવતું મોત બીજું કયું ?

રમેશભાઈ કહે :- સાહેબ એમ પણ નથી. હકીકતમાં અત્યારસુધી બંને વચ્ચે એટલો પ્રેમાળ - લાગણીભર્યો સંબંધ રહ્યો છે, કે જોનારને સાસુ-વહુને બદલે માતા-પુત્રી જ લાગે. અને દરેક બાબતમાં માતા સાથે ચર્ચા કરી, એમની સલાહ મુજબ જ નિર્ણય લેવાય છે. હા, હમણાં હમણાં

મારો માતાજી સાથે કાંક રુક્ષ વ્યવહાર થાય છે, પણ કઠોર તો નહિં જ.

મેં પૂછ્યું :- તમારે રુક્ષ વ્યવહાર કરવાનું કારણ ?

રમેશભાઈ કહે :- બસ એ જ, જે પૂર્વે કહેલું. મારી માતા વારંવાર મારા મોતની વાતો કર્યા કરે છે. પહેલા મને એમ હતું, કે કોઈક અપશુકનથી-ખોટી કલ્પનાથી મારી માતા ડરી ગઈ છે, ને મારા મોતની કલ્પનાથી ધ્રુજી ગઈ છે.

મેં પૂછ્યું :- તો હવે શું લાગે છે ?

રમેશભાઈ કહે :- હવે એમ લાગે છે કે એ મારા મોતની કલ્પનાથી ધ્રુજી નથી ગઈ, પણ હું મરી જાઉં એમ અંતરથી ઇચ્છે છે. અલબત્ત મારા ઉપર પ્રેમ અકબંધ હોવા છતાં ! બોલો સાહેબ, દુનિયામાં બધું કેવું અણધાર્યું બનતું હોય છે ?

મેં કહ્યું :- આપણને ધારી લેવાની ટેવ છે, માટે અણધાર્યુ બનતું લાગતું હોય છે. લોકલ ટ્રેનમાં રોજ લટકીને હજારો માણસ જાય છે, તેથી એમાંથી કોક મરે, એ અણધાર્યુ લાગે છે; કેમકે આમ લટકીને પણ સલામત જવાય, એ ધારી લીધું છે. સેંકડો વખત બનતા પ્રસંગોથી આપણે ધારણા બાંધી લઈએ છીએ, પછી પુણ્યના તાંતણે લટકાયેલી સલામતી, અચાનક પુણ્યના તાંતણાં તૂટી જતાં ખતમ થાય છે; ત્યારે જે ઘટના બને છે, એને આપણે અણધારી માની લઈએ છીએ.

રમેશભાઈ કહે :- પણ સાહેબ ! માતા તરફથી આવો વ્યવહાર શું સંભવી શકે ખરો?

મેં કહ્યું :- પૂર્વના વિચિત્ર ઋણાનુબંધો અને કર્મોની તેવી તેવી પરિણતિઓને સમજનારને આમાં કશું આશ્ચર્ય લાગતું નથી. દૂધ ચૂલે ચડે પછી, ઢાંકવા છતાં ક્યારે ઊભરો આવે, ને ક્યારે દૂધ ઊભરાઇ જાય કંઈ કહી શકાય નહિં, અને એમાં આશ્ચર્ય પામવાનું પણ રહેતું નથી. એમ સંસારના ચૂલે ચઢ્યા પછી વિચિત્ર કર્મપરિણતિઓ ક્યારે કેવી રીતે આવી ચઢે, કંઈ કહી શકાય નહીં, અને એમાં આશ્ચર્ય પણ રહે નહીં. દરેક નાના-મોટા પ્રસંગે રાગ-દ્વેષ કરવાનો અને તે મુજબ વર્તવાનો આપણો પડી ગયેલો સ્વભાવ જ્યાં સુધી બદલાય નહીં, ત્યાં સુધી આવી પરિસ્થિતિઓ સર્જાયા કરવાની. દૂધવાળાએ દૂધમાં પાણી વધુ નાખ્યું ને તેને તતડાવી નાંખ્યો, પૈસા કાપી નાખ્યા. શાકવાળાએ બે ભીંડા સડેલા નાખ્યા ને કલહ કરી બેઠા, પૈસા ઓછા આપ્યા. નોકરથી ગ્લાસ ફૂટી ગયો, તમે એને થપ્પડ મારી ને પાછો પગાર પણ કાપ્યો. પડોશીથી ભૂલમાં કચરો તમારા આંગણે નંખાયો ને તમે એની લેફ્ટ રાઇટ લઈ લીધી....

રમેશભાઈ- પણ એ બધાને માતાના આ વ્યવહાર સાથે શી લેવાદેવા ?

મેં કહ્યું :- રમેશભાઈ ! જગતના તમામ જીવો સાથે ભવોભવ ભટકતાં જુદા જુદા સંબંધો બંધાયા જ કરે છે. ગયા ભવનો નોકર કે શાકભાજીવાળો આ ભવે માતા-પિતા કે ભાઇ પણ બની શકે છે તે ભૂલશો નહિં ! તે વખતે તેમની સાથેના સંબંધમાં ખટાશ પૂર્વભવના તમારા એની સાથે

ખટાશભર્યા વ્યવહારના કારણે આવે છે. તે વખતે મેં તો શાકભાજીવાળાને કહેલું, માતાને થોડું કહેલું? એવો બચાવ રહેતો નથી. ગયા ભવના કોક રૂપે કોક જીવ સાથે થયેલા સંબંધમાં આપણે અનુચિત વ્યવહાર કર્યો હોય, એના મોતની ઝંખના કરી હોય, અને એ જીવ આ ભવે તમારા માતાજી બન્યા હોય, અને એ તમારી ઝંખનાના પ્રત્યાઘાતરૂપે આ ભવમાં તમારું મોત ઝંખે, તે બની શકે છે. માટે જ આ ભવમાં પણ કોઇની સાથે કોઇ પણ મુદ્દે સંઘર્ષ કરતા પહેલા આ વિચારી લેવું કે કદાચ આવતા ભવમાં આ જ વ્યક્તિ મારી નિકટનું સ્વજન બનીને આવશે, અને મારી સાથે અનુચિત વ્યવહાર કરશે, તો મને એ અત્યંત અઘટિત આઘાતભર્યું લાગશે, તે સહન થશે? અસ્તુ ! પણ એ તો કહો આ બધુ થયું ક્યારથી?

રમેશભાઈ :- છેલ્લા લગભગ દોઢેક મહિનાથી આવી વિચિત્રતા અનુભવવા મળે છે.

મેં પુછ્યું :- પણ શું તે વખતથી જ માતા આમ વર્તે છે ?

રમેશભાઈએ કહ્યું :- શરુ-શરુમાં તો માતા એમ કહેતી કે મારે આત્મહત્યા કરવી છે. મરી જવું છે. દર બે-ચાર દિવસે એકદમ રોતા રોતા એ એમ કહે. અમે પૂછીએ તો કહેઃ- બેટા ! તારા માટે ખૂબ અશુભ કલ્પનાઓ-વિચારો આવે છે. જે બિલકુલ ઉચિત ન ગણાય. આવું વિચારી માતા તરીકે જીવવા કરતાં મારે મરી જવું જોઇએ. અને સાહેબ, ખરેખર એક-બે વખત એમણે મરી જવાનો પ્રયત્ન પણ કરેલો. અંતે અમે એમને મારા પુત્રના - એમના પૌત્રના સોગંદ આપ્યા - જો તમે આપઘાતનો પ્રયત્ન પણ કરશો, તો તમને તમારા આ પૌત્રના સોગંદ છે. એમને પૌત્ર પર ઘણો પ્રેમ છે. તેથી ત્યારથી આપઘાતના પ્રયત્ન બંધ કર્યા. પણ પછી મને મારવાના પ્રયત્ન ચાલુ થયા.

મેં પૂછ્યું :- તમને એવો કોઇ અનુભવ થયો કે જેના આધારે તમે આ કહી શકો ?

રમેશભાઈ :- હા, હમણાં મારી માતા મારી પત્નીને વિધવાસૂચક 'રાંડ' વગેરે અપશબ્દો વારંવાર સંભળાવે છે.

મેં કહ્યું :- એ તો સહજ ટેવ પડી ગઇ હોય !

રમેશભાઈ કહે :- ટેવ ! ટેવ શાની ? બાળપણમાં હું ભૂલે ચૂકે ગાળ બોલું કે અપશબ્દ બોલું, ને મારી માતાને ખબર પડે, તો મારી માતા મારી પાસે જેને મેં અપશબ્દ કહ્યાં હોય, એની માફી મંગાવતી ને દેરાસરમાં અગ્યાર ખમાસમણ દેવડાવતી. મેં ક્યારેય એમના મોંઢે લગભગ આવા અપશબ્દો સાંભળ્યા નથી.

મેં કહ્યું :- પણ તમારી પત્નીએ માતાનું ધ્યાન રાખવું જોઇએ. એમને ગુસ્સો આવે, અને સંભળાવવું પડે એવી પરિસ્થિતિ જ કેમ ઊભી થાય !

રમેશભાઈ :- એમાં મારી પત્નીનો વાંક નથી. અત્યાર સુધી બધુ બરાબર ચાલતું હતુ. આ બધી ગરબડ છેલ્લા થોડા વખતથી જ છે. મારી પત્ની એમની પાસેથી કોઈ કામ કરાવતી નથી,

એમની બધી સગવડ સાચવે છે, એમની સાથે પ્રેમપૂર્વક વાતો પણ કરે છે, ને માતા ગમે તેવું બોલે, તો સામો જવાબ પણ આપતી નથી. એટલું જ નહીં, મને ક્રોધ આવી જાય, ને હું માને સામો જવાબ આપું તો મને ઠપકો પણ આપે છે, 'આ શું કરો છો! બાએ કેટકેટલા કષ્ટો સહન કરી તમને મોટા કર્યા છે. ને હું તો તમે બધી રીતે ઠરી-ઠામ થયા પછી સુખમાં ભાગ પડાવવા આવી છું. મારે ખાતર તમે બા સાથે બગાડો એ મને નથી ગમતુ.'

મેં કહ્યું :- તમારા કહેવાથી તો લાગે છે જાણે તમારી પત્ની દેવી જેવી છે.

રમેશભાઈ :- તમે નહીં, મારી બાએ પણ આજ સુધીમાં ઘણીવાર આ પ્રમાણે કહ્યું છે, ને હજી પણ પોતે ખરુ-ખોટું સંભળાવી દીધા પછી પાછો પસ્તાવો થાય, ને ભૂલ કબૂલ કરે ત્યારે પણ આમ જ કહે છે.

મેં કહ્યું :- તો તમારી માતાને અપશબ્દો કહેવા પડે એવું શું બને છે ?

રમેશભાઈ કહે :- કશી સમજ નથી પડતી. મા લડવા માટે કે જેમ તેમ બોલવા માટે કોઇ પણ નિમિત્ત શોધી લે છે, અરે ક્યારેક તો વગર નિમિત્તે પણ ચાલુ થઇ જાય છે. મૂળમાં એમને અમારા પ્રત્યે કોક અગમ્ય કારણસર ખટ્રાગ થયો છે. આ માત્ર શાબ્દિક અપશબ્દોની વાત નથી. બે-ત્રણવાર મને એમ ચોક્કસ લાગ્યું છે કે મારી માતાએ મને મારી નાંખવા પ્રયત્ન કર્યો હોય, ને બળવાન આયુષ્યથી જ હું બચ્યો હોઉં.

મેં પૂછ્યું - તો પછી તમે શું પ્રતિભાવ આપો છો ?

રમેશભાઈ :- શું પ્રતિભાવ આપવો ? પછી માતા પોતે જ હિબકા ભરીને રુએ, અને સાચા દિલથી માફી માંગે, પછી મારે શું કરવાનું રહે ? પણ પાછા બે-ચાર દિવસે એવો પ્રયત્ન થાય....

મેં પૂછ્યું :- પણ વારે ઘડીએ આમ થાય, તો તમે માતાજી પાસેથી દિલની વાત જાણવાનો પ્રયત્ન નથી કરતા ? માને ક્યાં - શું ખટકે છે ? એ તો જાણો ! તો એના સમાધાનનો કાંક પ્રયત્ન થાય.

રમેશભાઈ કહે- મેં એ માટે આડો-સીધો ઘણો પ્રયત્ન કર્યો. ઘણીવાર દિલની વાત જાણવા ટ્રાય કરી. આ વાત આવે અને માની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વહેવા માંડે ! મારે કરવું શું ?

મેં સલાહ આપી :- કોઇ મનોચિકિત્સક આગળ બતાવી જૂઓ તો !

રમેશભાઈ કહે :- મને કોઇ મનોચિકિત્સક આગળ માતાજી અંગે આવું કહેતા પણ શરમ આવે છે. શા માટે કોક આગળ માને હલકી ચિતરવી. અંતે એમનો મારા ઉપર અસીમ ઉપકાર તો છે જ.

મેં પૂછ્યું :- તો હવે તમે શું કરશો ?

રમેશભાઈ :- એ માટે આપ પાસે માર્ગદર્શન લેવા આવ્યો છું. - મારા માતાજીના મનમાં

અમારા પ્રત્યે રહેલો ખટરાગ દૂર થાય, ને મને પણ માતા પ્રત્યે સદ્ભાવ વધે એનો કોઇ માર્ગ બતાવો. કેમકે હું ખુબ બેચેન છુ. ઉપકારી માતા પાસેથી જેની અપેક્ષા ન હતી એ વ્યવહારથી ખુબ ત્રસ્ત છું. માતા પ્રત્યે દ્વેષભાવ ઘુંટાતો જાય છે, ને આત્મહત્યા સુધીના વિચારો આવી જાય છે.

મેં કહ્યું :- રમેશભાઈ ! જો મારું માનતા હો, તો માતા-માતા ના વ્યવહાર પ્રત્યે ત્રણ અભિગમ રાખો.

(૧) વૈરાગ્ય :- કોઈ પણ વ્યક્તિ પ્રત્યેથી સારા વ્યવહારની અપેક્ષા ન રાખવી, અને કોઈ પણ વસ્તુ માટે આકર્ષણ ન રાખવું એ વૈરાગ્ય છે. 'આ મારા માતા છે માટે એમનો મારા પ્રત્યે સારો જ વ્યવહાર હોવો જોઈએ'. એ ગણિત- એ અભિગમ - એ અપેક્ષા છોડી દો. કારણ કે તમામ સંબંધો નાટકના સંબંધ છે, જે ના ટકે. દરેક સંબંધની આકર્ષક દેખાતી પાઇપલાઈનની અંદર તો પેટ્રોલ જ વહે છે. ક્યાંક ખરા-ખોટા પ્રસંગો કે તેવી કલ્પનાથી છિદ્ર પડે ને કોક દિવાસળી ચાંપે કે ભડકો થાય જ. આજના સારા ગણાતા સંબંધી સાથે ગયા ભવે વેર બંધાયા હોય, તે સંભવે છે. માટે સંબંધોમાં રાગ-મમતા મારનારા છે, પીડાદાયક છે. સંબંધ પરથી રાગ-અપેક્ષા ઉઠાવી લઈએ તો સ્વસ્થ રહી શકાય.

(૨) ઉદાસીનતા - ઉપેક્ષા :- માતા તરફથી વર્તમાનમાં જે અનુચિત વ્યવહાર થાય, તે પ્રત્યે ઉદાસીનભાવ કેળવી લ્યો. જો કે ટી.વી. વગેરેમાં ભજવાતા સાવ નાટકીય પ્રસંગોમાં પણ ઉત્તેજિત થઇ જનારા તમારા માટે આ સાક્ષાત અનુભવમાં ઉદાસીન થવું અઘરું છે, પણ એ વિના ચાલશે નહિં. અરિસાને કોઈ ફૂલમાળા પહેરાવે કે અરિસાપર પથ્થર ફેંકે, અરિસો માત્ર એનું પ્રતિબિંબ પાડે, પણ રાજી-નારાજી ના બતાવે. શબ તો એવા પ્રતિબિંબ પણ પાડે નહીં, ને કોઇ અસર લે નહીં. બસ એવી ભૂમિકા પકડી લ્યો. જોઇએ તો એ માટે માતાના ભૂતકાળના મહાન ઉપકારો જ યાદ કરો. બાળકની ખોટી ચેષ્ટા ભવિષ્યમાં એ જ સહારો છે, એમ માની ઉપેક્ષિત કરાય છે. તો માતા-પિતાની ખોટી ચેષ્ટા ભૂતકાળના ઉપકારોને યાદ કરી ઉપેક્ષિત કરવી જોઈએ.

(૩) વાત્સલ્યભાવ :- દેખિતા અપરાધીને પણ અપરાધી ન માની કર્મનો ગુલામ સમજી, એના ભયંકર ભાવીની કલ્પનાથી 'એ બિચારાનું શું થશે !' એમ વિચારી કરુણા-વાત્સલ્યભાવ વહેવડાવવો. ભગવાન મહાવીર સ્વામીના શાસનની આ જ નીતિ-પ્રણાલિકા છે. પ્રસ્તુતમાં તમારા માતાજી પ્રત્યે તો તમારે માત્ર વાત્સલ્ય નહીં, પણ બહુમાનભાવ પણ જબરદસ્ત ઊભો કરવો જોઈએ. આ ભાવના પ્રવાહમાં તમામ દુર્વ્યવહારો વહી જશે ! દેખાશે પણ નહીં. અને વેરની - બદલાની - દ્વેષની ઊભી થતી ખોટી પરંપરાને તોડવાનો આ જ ઉપાય છે.

વિશેષમાં દોષિતો-અપરાધીઓ પ્રતિ પણ સર્વોત્તમ કરુણા ને વાત્સલ્ય વહેવડાવનારા અરિહંત પરમાત્માની ભક્તિમાં ચિત્ત પરોવી દો. એમાં પણ વિશેષતઃ ચંદનપૂજા કરો. ચંદન પોતાને છોલનાર રંધાને પણ સુવાસિત કરે છે. અને ઘસનાર કે છોલનારના શરીરને શીતલતા બક્ષે

છે. જાણે કે પરમાત્માપાસેથી જ આ અપરાધીને પણ સુવાસિત-શીતલ કરવાનો ગુણ પામીને અહોભાવ-કૃતજ્ઞતાથી પૂજાના નામે ચંદન પ્રભુને સમર્પિત થાય છે. આપણે એ ચંદનપૂજા પ્રભુની કરતાં પ્રભુ પાસે માંગીએ 'પ્રભુ, હું આપને મન, વચન, કાયા, શ્વાસોશ્વાસ, ધબકારા ને પ્રાણથી સમર્પિત થાઉં છું. આપ મને પણ અપરાધી પ્રત્યે કોમળ - સુવાસ ફેલાવનારને શીતલતા બક્ષનાર બનાવો, પ્રભુ ! ચંદનના સંપર્કથી પાણી પણ સુવાસ રેલાવનારું ને શીતલતા આપનારું બને છે, તો આપની ભક્તિથી હું પણ એવો કેમ ન બનું ?'

રમેશભાઈ 'આમ કરવા પ્રયત્નશીલ બનવાની કોશિશ કરીશ' એમ કહી, ગયા.

માત્ર બે-ત્રણ દિવસમાં જ સમાચાર આવ્યા, રમેશભાઈ હોસ્પિટલમાં છે. જાણવા મળ્યુ કે માંકડ મારવાની દવા પીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કરેલો....

રમેશભાઈએ ઘરની કરેલી વાતો જાણી હોવાથી મને એમાં વિશેષ આશ્ચર્ય થયું નહીં. માતાના વિચિત્ર વ્યવહારને સતત મગજમાં ઘુમરાવતા રહેવાથી ડિપ્રેસ થઈને આ પગલું લીધુ હશે, એમ મેં માની લીધું. રમેશભાઈ બચી ગયા. થોડા દિવસ હોસ્પિટલમાં રહી સ્વસ્થ થઈ ઘરે આવ્યા. એ પછી એકવાર વંદનાર્થ આવ્યા. વંદન કરી, મને એકાંતમાં-રૂમમાં લઈ ગયા. મને પૂછ્યું - સાહેબ ! મારા હોસ્પિટલમાં જવા અંગેના સમાચાર આપને મળેલા ?

મેં કહ્યું :- હા !

રમેશભાઈએ પૂછ્યું :- સાહેબ ! આપને શું વિચાર આવેલો ? શું જાણવા મળેલું ?

મેં કહ્યું :- મને એવા સમાચાર મળેલા કે તમે માંકડ મારવાની દવા પી ગયા હતા - આત્મહત્યાનો પ્રયાસ કરેલો. મેં માનેલું કે માતાજીના વ્યવહારથી ડીપ્રેસ થઈ તમે આ પગલું ભર્યું હશે !

રમેશભાઈ :- આ વાત માત્ર આપના પૂરતી રાખવા વિનંતી છે. મેં આત્મહત્યાનો પ્રયાસ કર્યો ન હતો, પણ મારી માતાએ મારી હત્યાનો પ્રયાસ કર્યો હતો.

મેં સ્તબ્ધ થઈને પૂછ્યું :- હેં ? શું વાત કરો છો ?

રમેશભાઈ :- હા ! હું જે ઘણા વખતથી ધારતો- અનુભવતો હતો, તે બનીને રહ્યું.

મેં પૂછ્યું :- કેવી રીતે ?

રમેશભાઈ :- વાત એમ બની કે રવિવારની બપોર હતી. મારી પત્ની મહિલામંડળની પૂજામાં ગયેલી. સાંજે લગભગ પાંચેક વાગ્યાનો સમય હતો. અચાનક માતાજી મારી પાસે સરબત લઈને આવ્યા- મને કહે-આ સરબત પી જા ! સાચું કહું તો તે દિવસે સવારથી મારી માતાનો વ્યવહાર વિચિત્ર લાગતો હતો. મારી પત્ની પૂજામાં ગઇ, ત્યારથી મારી માતા વ્યગ્ર-બેચેન- બહાવરી 'કશુંક

કરવું કે નહીં ?' તેના અવઢવમાં હતી. તેમાં છેવટે મને સરબત ધર્યુ. માના હાથે બનાવેલું સરબત પીતા દિકરાને શું શંકા જવાની ? મેં તો ગટગટાવ્યું. એમાં કડવાશ અનુભવી, પીતાની સાથે ભયંકર બેચેની લાગવા માંડી. માથુ ચક્કર ચક્કર ફરવા માંડ્યું. મેં માતાજીને બૂમ પાડી. પણ મારી આ દશા થવાની જાણીને- કદાચ જોઈ નહીં શકાય, તેવા ડરથી તે ક્યાંક ચાલી ગયેલી. હું મૂર્ચ્છિત જેવો થઈને સોફાપર પડ્યો. ઘણા વખત પછી મને ખબર પડી કે તે શાક લાવવાના બહાને માર્કેટમાં ચાલી ગયેલી.

મારી પત્ની તે વખતે જ પૂજા પતાવીને ઘરે આવી હશે. મારી હાલત જોઈ ડરી ગઈ, તત્કાલ આજુબાજુવાળા બધાને ભેગા કરી, મને હોસ્પિટલમાં એડમીટ કર્યો. તાત્કાલિક ટ્રીટમેન્ટના કારણે અને સરબતમાં એ ઝેર મેળવેલું હોવાથી ઝેરની મારણશક્તિ કાંઇક નબળી પડી હશે, તેના કારણે બચી ગયો. ડોક્ટરોએ ઉલટી કરાવી ઝેર પણ ઓકાવી નાખ્યું. હવે પોલીસ કેસનો પ્રશ્ન આવ્યો. હત્યા કે આત્મહત્યા ?

હું બિછાનામાં હતો, બાજુમાં પત્ની. પત્નીએ મને રડતાં રડતાં ફરિયાદ કરી- આપને આ રીતે આત્મહત્યા કરવાની શી જરૂર હતી ? હવે પોલીસકેસ થશે, ને કેટલા લફરા થશે... તમે અમારો કે તમારા પરલોકનો પણ વિચાર કર્યો નહિં.

મેં કહ્યું- પણ મેં આત્મહત્યા કરી જ નથી, માતાએ મારી હત્યાનો પ્રયાસ કર્યો છે. પોલીસમાં હવે ફરિયાદ નોંધાવવી છે કે માતાએ આ રીતે હત્યાનો પ્રયાસ કર્યો છે. મેં ઉશ્કેરાટમાં આવી મારી પત્નીને મારી માતાના કારસ્તાન જણાવી માતાને જેલભેગી કરવાનો નિર્ણય જણાવી દીધો.

પણ સાહેબજી ! આ સાંભળી મારી પત્ની એકદમ સ્વસ્થ થઇ ગઈ. મને કહ્યું- ખબરદાર માતાની વિરુદ્ધ કશું પગલું ભર્યું છે તો ! બાને આ ઉંમરે તમે આવો ત્રાસ આપશો? બાના અત્યાર સુધી નિષ્કલંક રહેલા જીવનને આ રીતે કલંકિત જાહેર કર્યા પછી તમારી આબરુ કંઈ વધવાની નથી. બાના અત્યાર સુધીના ઉપકાર યાદ કરો. આ અવસર છે બાનું ઋણ ફેડવાનો ! તમે પોલીસને કહી દેજો, ધંધાકીય મુંઝવણથી કંટાળી આત્મહત્યાનો પ્રયાસ કરેલો. આમાં કેસ જલદીથી આટોપાઈ પણ જશે, થોડાક પૈસામાં કામ પતી જશે. બા ને ઘરની આબરુ પણ બચી જશે.

હું પત્નીની વાતથી- સમતા- સ્વસ્થતાથી છક થઇ ગયો. એમ કરવાનું વચન આપ્યું- ત્યાં જ માતાજી જે બહાર ઊભા અમારી વાત સાંભળતા હતા તે ધસી આવ્યા... મારી પત્નીને ગળે વળગાડી કહે- દેવી ! ઓ દેવી ! મને માફ કર ! મારી જેવી પાપિણી અભાગિણીને તો જેલ તો શું નરક પણ સ્થાન નહિં આપે ! અરર ! મેં આ શું કર્યું ! બેટા ! તુંતોજ્યારથી આ ઘરમાં આવી છે, ત્યારથી આ ઘરની લક્ષ્મી, શોભા, દેવી બનીને રહી છે! મેં અભાગિણીએ આવું કાળુ કૃત્ય કરી પગપર કુહાડો માર્યો છે ! બેટા મને માફ કર ! માફ કર !

ત્યારે મારી પત્ની તો રોઈ રહેલી માતાને પીઠે હાથ ફેરવી આશ્વાસન આપવા લાગી. પણ મને મારી માતા આ રોવામાં પણ ખોટી સહાનુભૂતિ ઊભી કરાવી, હત્યાના આરોપથી જેલમાં જવાથી બચી જવાનું નાટક કર્યું હોય તેમ લાગ્યું...

મેં માને રુક્ષતાથી પૂછ્યું - પણ મા ! મેં તારું શું બગાડ્યું છે કે તેં મને મારવાનો પ્રયાસ-પ્રયત્ન કર્યો ? શા માટે છેલ્લા થોડા વખતથી મને મારવા આદુ ખાઈને પાછળ પડી છે? મને મારી નાખવો હોય તો દબાવી દે મારું ગળુ કે જેથી તારી ઇચ્છા પૂરી થાય.

મારી પત્ની આ સાંભળી મને ઠપકો આપવા ગઈ, ત્યાં માએ જ કહ્યું :- બેટા ! તારી વાત સાચી છે. હું છેલ્લા કેટલાક વખતથી તને મારવા પ્રયત્નશીલ હતી જ. પણ બેટા એમાં તારો કોઈ વાંક કારણભૂત ન હતો... મારી ઇર્ષ્યા કારણભૂત હતી.

મેં પૂછ્યું - ઇર્ષ્યા ? કોના પર ?

માતાએ કહ્યું- આ દેવી જેવી મારી પુત્રવધૂ પર આ ડાકણ જેવી તારી માને ઇર્ષ્યા હતી.

મેં કહ્યું- મા ! આના પર ઇર્ષ્યા કરવાનું કાંઇ કારણ ?

માએ કહ્યું- બેટા ! વહુ તો આવી ત્યારથી મને માની જેમ સાચવે છે. ક્યારેક હું ઊંચા સાદે બોલી હોઇશ, પણ એણે ક્યારેય સામો જવાબ નથી આપ્યો.

ખરેખર બેટા ! મને આવી વહુ મળવાનું ઘણું ગૌરવ હતું. ઘણાની આગળ મેં વહુના વખાણ પણ કરેલા !

મેં પૂછ્યું - મા ! એ બધી વાત મુક ! એમાં ઇર્ષ્યા ક્યાંથી આવી ? તે વાત કર !

માતાએ કહ્યું- બેટા ! એ જ વાત કહું છું. આ વહુની પ્રશંસા કરવામાં હું ભૂલી પડી. અયોગ્ય વ્યક્તિ આગળ કો'કની પ્રશંસા કરવી એટલે એના કાનમાં ધગધગતા સીસાનો રસ રેડવાનો. બસ એવું જ થયું. પેલા શાંતાબેન ખરાને ! મારી જ ઉંમરના છે. એ પણ વિધવા છે.

મેં કહ્યું - હા, ઓળખ્યા...

માતાએ કહ્યું :- એની પુત્રવધૂ ઘણી આઝાદ છે. શાંતાબેનને ઘણો ત્રાસ આપે છે. માની લે ને કે શાંતાબેન નારકના જીવ ને એ પરમાધામી ! શાંતાબેનને રંઝાડવામાં જ એને વિશેષ આનંદ આવે. એ શાંતાબેન મને એકવાર મળી ગયેલા. તે વખતે પુત્રવધૂ - પારાયણ સંભળાવી દુઃખના ઊના ઉના આંસુ પાડ્યા. ત્યારે મેં અભિમાનના આવેશમાં આવી મારી વહુના વખાણ માંડ્યા. શાંતાબેનથી સહન થયા નહીં, એમણે છૂટા પડતી વખતે મને ટોણો માર્યો- તમારી વહુ શાણી, કામગરી, સંસ્કારી ને સાથે પુણ્યશાળી પણ ખરી.

મેં પૂછ્યુ - કેમ પુણ્યશાળી ? શાંતાબેને કહ્યું- તમે તમારી વહુની ઉંમરે વિધવા હતા, ને ખુણો

પાળતા હતા. તમારી વહુ સધવા છે ને મજા કરે છે.

શાંતાબેન આ કહીને ગયા. પણ મારા મગજમાં આગ ચાપીને ગયા. બસ એ જ શબ્દો મારા મગજમાં ઘુમરાવા માંડ્યા, મોજ-મજા કરવાની ઉંમરે હું વિધવા થઈ, ને મારી સધવા વહુ મજા કરે....

બેટા ! બસ આ નાની અમથી વાતે મને ચગડોળે ચઢાવી દીધી. રાઈનો પર્વત થઇ ગયો. મારા મનમાં આ વાતે એવું વતેસર નું રૂપ લઇ લીધું, જાણે રેશમના ઢગલામાં પડેલા તણખાએ આગનું રૂપ પકડ્યું....

બેટા ! ત્યારથી મને બિહામણા સપનાઓ ને ભયંકર વિચારો આવવા માંડ્યા. વહુના કપાળે મોટો ચાંદલો જોઉં ને મને આગ લાગે ! મને જાણે લાગવા માંડ્યું, મને બાળવા જ વહુ મોટો ચાંદલો કરે છે, ને નવા-નવા ફેશનેબલ કપડા પહેરે છે ! મારામાં ઇર્ષ્યા તત્વ ઘર કરી ગયું ! હું વિધવા, તો મારી વહૂ કેવી રીતે સધવા રહી શકે, બસ આ જ વિચારધારા પર હું અટવાતી રહી. એમાં બેટા તારા પર ચિક્કાર પ્રેમ હોવા છતાં, તને મારવા તૈયાર થઈ ગઈ. પ્રેમના ઘીને ઇર્ષ્યાની આગે બાળી નાખ્યું અને દ્વેષની કાલિમા ઊભી કરી.

પણ બેટા ! મેં વહુની વાત સાંભળી. આટઆટલું વીતવા છતાં, અને મારી આટલી હલકટાઈ જોવા છતાં વહુએ જે દિવ્યતા ધારણ કરી છે, એમાં મારી ઇર્ષ્યાની આગ બૂઝાઇ ગઈ છે. બેટા ! તું મારાપર હત્યાનો આરોપ લગાડી દે ! ભલે મને જેલ થાય કે ફાંસી મળે, દુનિયાને ઇર્ષ્યાની કાતિલતા ખબર પડે, કે જ્યાં મા-દિકરાના સંબંધ પણ ખાખ થઇ જાય છે! બેટા ! મને ફાંસીએ ચડી જવા દે, મરી જવા દે, મારા જેવી પાપિયણ- કે જેણે પોતાના હાથે સરબતના ઢોંગથી સગા દિકરાને મોત ધર્યું, તેને જીવવાનો કોઈ અધિકાર નથી...

મા, રડી પડી... ફરી ફરી રડી પડી... હું ગળગળો થઇ ગયો, મારી પત્ની માની અકથ્ય વેદના ન જોઇ શકવાથી એ પણ રડી પડી. આંસુઓના ગંગાપ્રવાહથી બધાની કાલિમા ધોવાઇ ગઈ. માનું હૈયુ સાફ થયું. પત્ની તો ઉજ્જવળ હતી જ. એની ધવલિતા ઔર ઉજ્જવળ થઈ. હું પણ સ્વસ્થ થયો. આત્મહત્યાના પ્રયાસની વાત પોલીસમાં નોંધાવી ને પછી થોડા પૈસા ખવડાવી કેસ આટોપી લેવડાવ્યો. હા, હવે અમારા ઘરપર મંડરાયેલુ આપત્તિનું વાદળ ખસી ગયું છે. ઘર ફરી કિલ્લોલ કરે છે. એટલું ચોક્કસ સમજાઇ ગયું કે સંબંધો બધા જ તકલાદી છે. બચારા જીવો તો કર્મ ને ઋણાનુબંધ જેમ તાણી જાય, એમ તણાતા હોય છે. તેથી સંબંધોના નામે ક્યાંય બંધાવા જેવું નથી અને એમાં વિચિત્ર પ્રસંગો બને ત્યારે ક્યાંય અકળાવા જેવું નથી.

રમેશભાઈની વાતથી મને પણ ઘણો બોધપાઠ મળ્યો. ઇર્ષ્યાતત્વ દેવીને ડાકણ બનાવી દે છે- બનાવી શકે, કોમળને કઠોર બનાવી શકે; ત્યારે ઉપાય છે પૂરી ઉદારતાવાળો ક્ષમાભાવ.

સંબંધો પ્રત્યે વૈરાગ્ય, પ્રસંગો પ્રત્યે ઉદાસીનતા ને જીવો પ્રત્યે વાત્સલ્ય ભાવ જ્યારે પરમાત્મભક્તિના માધ્યમે ઉછળે છે, ત્યારે ઇર્ષ્યા પ્રમોદનું રૂપ ધારણ કરે છે. કેટકેટલા જીવો- ગુણોનું ભક્ષણ કરીને પણ નહીં ઓલવાતી અદેખાઈની આગને બૂઝાવનારું આ જ એક ઉત્તમ તત્વ છે. જેમાં બીજાનું કશું સારું દેખાઇ જાય ને જીવ બળવા માંડે- જેથી બીજાની સારી વાત દેખાઇ શકે નહીં, તે અદેખાઇની બાળનારી પીડામાં રાહત-શાંતિ અને રુઝ આપનારું બર્નોલ આ જ ક્ષમાતત્ત્વ છે.




મહેશભાઈ ધર્મરંગે રંગાયેલા તરવરિયા યુવાન. એકવાર મહેશભાઈ મારીપાસે એકભાઈને લઈને આવ્યા. ચહેરો ફીક્કો હતો. 'ચિંતા' નામની નદીએ બનાવેલી કોતરો જેવી કરચલીઓ મોંને સાવ વિકૃત આકાર વિનાની બનાવી રહી હતી. આંખ ઊંડી ઉતરેલી–રંગ ઉતરી ગયેલી. ઉજાગરાની ધજા ફરકાવતાં કાળા ધબ્બા આંખની ચારે બાજૂ જુગુપ્સાપ્રેરક રીતે છવાયેલા હતા. માથાનો મોટો ભાગ ઉજ્જડ રણપ્રદેશ જેવો. જે કાંઇ વાળ બચેલા તે બધા સફેદ. સૂકુભઠ્ઠ થયેલું શરીર મોતસુધીમાં લોહી–માંસ વિનાનું માત્ર હાડપિંજર બની જવા તરફ ધસી રહ્યું હતું. જાણે હિમાળો ગાળીને આવ્યા

હોય તેવું જ લાગે. ઉંમર સહેજે ૬૦-૬૫ વર્ષની હોવાનો અંદાજ લગાવી શકાય.

મહેશભાઈએ મને એમનો પરિચય કરાવતાં કહ્યું- આ મારા મિત્ર રમેશભાઈ છે. ધર્મપર શ્રદ્ધા હોવા છતાં ધર્મારાધનામાં ઘણા પાછળ છે. આમના માતાજી ખુબ જ ધર્મારાધના કરે છે. અને પરિણત શ્રાવિકા છે. હમણાં એમને પાંચસો આંબેલ ચાલે છે !

મેં અનુમોદનાના ભાવસાથે કહ્યું- એમ! એમની ઉંમર તો ઘણી હશે. એટલી વૃદ્ધાવસ્થામાં પણ આવી આરાધના ! ધન્ય છે.

મહેશભાઈએ કહ્યું- માજી લગભગ ૬૫ વર્ષના છે. પણ સારા આરાધક છે.

આ સાંભળી હું ચોંક્યો. માજી હજી ૬૫ વર્ષના જ હોય, તો આ રમેશભાઇ મેં ધારેલા એમ સાંઠ-પાંસઠના નહીં, પણ ચાલીસ-પીસ્તાળીશના જ હોવા જોઇએ. આશ્ચર્ય થયું કે પ્રૌઢ અવસ્થામાં ચહેરાપર આવી વૃદ્ધાવસ્થા કેમ દેખાઇ રહી છે ? કદાચ ઘણી છોકરીના બાપ હોવાના નાતે ચિંતા ઘણી હશે ! મારા મનમાં આ ગડમથલ અને વયનો તાલો મેળવવાની આ ગણિતબાજી ચાલતી હતી, ત્યાં મહેશભાઈએ જ કહ્યું- સાહેબ ! આ રમેશ મારો મિત્ર હોવા છતાં મારા કાકા જેવો લાગે છે. જૂઓને હજી તો પીસ્તાલીસમું ચાલે છે, અને કેવો નંખાઇ ગયો છે. જાણે મરવાના વાંકે જીવી રહ્યો છે.

મેં કહ્યું - હા ! તમે ઉંમર ન બતાવી હોત, તો ચહેરો વાંચીને તો હું આમને પાંસઠ વર્ષના વૃદ્ધ જ કલ્પી લેત. એવી તે શી ચિંતા છે કે આ ઉંમરે આવા ઢીલાઢફ થઇ ગયા છે ?

મહેશભાઈએ કહ્યું- એ અંગે જ કેટલીક વાત કરવા અને આપનું યોગ્ય માર્ગદર્શન મેળવવા આપપાસે આવ્યા છે. આપ આમની વાત સાંભળી યોગ્ય સલાહ આપશો. હું જાઉં છું. મત્થએણ વંદામિ...

મહેશભાઈ ગયા. રમેશભાઈ બેઠા. મેં અપરિચયના કારણે એમનામાં રહેલા ક્ષોભને દૂર કરવા કહ્યું- તમારે જે કહેવું હોય, તે દિલ ખોલીને કહેજો. મૂંઝાશો નહીં. એવી પેટ છૂટી વાત હોય, તો બહાર ફેલાવાનો ડર પણ રાખશો નહીં. અને તમે ખુલ્લી વાત કરશો તો મને યોગ્ય માર્ગદર્શન આપવામાં પણ સુગમતા રહેશે.

રમેશભાઇએ આ સાંભળી ખુલ્લા દિલે ધડાકો કર્યો- સાહેબ! હમણાં હમણાં મારા મગજપર બે ભયંકર વિચારો ભૂતની જેમ સવાર થયા છે. નિર્ણય નથી થતો કે બેમાંથી કયો વિચાર અમલમાં મુકવો પરિણામે હિતાવહ રહેશે.

મેં કહ્યું- ભયંકર વિચાર પરિણામે હિતાવહ કેવી રીતે બની શકે ? ખેર... કયા બે વિચાર છે ?

રમેશભાઇએ કહ્યું- હું નિર્ણય નથી કરી શકતો કે મારે આપઘાત કરવો કે પત્નીને મારી

નાંખવી ? આપની સલાહ શું છે ? તે જાણવા આવ્યો છું..

હું તો થીજી જ ગયો. આ ભાઇ હત્યા કરવી સારી કે આત્મહત્યા કરવી સારી ? એનું સમાધાન મેળવવા મારી પાસે આવ્યા છે. અમે એકેન્દ્રિયની હિંસા તો ન કરીએ હિંસાની અનુમોદના પણ ન કરીએ, અને આ ભાગ્યશાળી મનુષ્યની હિંસામાટે સલાહ લેવા આવ્યા છે. એમાં પણ હિંસા કરવી કે ન કરવી ? એ વિકલ્પમાટે નહીં, પણ હિંસા તો કરવી જ છે, વિકલ્પ માત્ર આ કે તે, એટલો જ વિચારવાનો. હા, એ વાત મને ચોક્કસ ગમી કે આ ખોટા કામમાટે પણ સલાહ લેવા સાધુ પાસે આવ્યો, દુનિયાપાસે ગયો નહીં. આટલી યોગ્યતા છે, માટે જ મારી સલાહ માનશે, અને ખોટા આવેશથી ઉગરી જશે તેવી શ્રદ્ધા મને બંધાઇ.

મેં કહ્યું- આ બાબતનો અંતિમ નિર્ણય આપતાં પહેલા મારે તમારા બધા સંજોગો જાણવા પડે. એવા તે કેવા પ્રસંગો, કેટલા બન્યા ? તે માટે તમારી વિગત પહેલેથી બતાવો. એમાં કશું છૂપાવશો નહીં.

રમેશભાઈએ કહ્યું- આમ તો જીવનની વ્યથાકથા લાંબી છે, સાંભળતા આપને પણ થાક લાગશે.

મેં કહ્યું- કશો વાંધો નથી. અધુરે કાચું કપાય, એના કરતાં પૂરું જાણી લેવું સારું.

રમેશભાઈ એ કહ્યું- મારા પિતાજી તો હું પાંચ વર્ષનો હતો, ત્યારે જ ગુજરી ગયેલા. પોતે ગરીબ હતા અને ગુમાસ્તાગીરી કરતા હતાં. તેથી માંડ માંડ પેટના ખાડા પૂરાતા હતાં. બચત ખાસ થયેલી નહીં, ને જે થયેલી તે દવા-દારુમાં તણાઇ ગઇ. પછી મારા માતાજીએ જ ખાખરા-પાપડ વેંચી, સિલાઇ કામ કરી અને બીજા એવા ઘરગથ્થુ કામો કરી અમારા બેનું ગુજરાન પણ ચલાવ્યું અને મને બી.કોમ. સુધી ભણાવ્યો પણ ખરો. સારે ઠેકાણે નોકરી પણ મળી ગઇ અને પૂરી તપાસ કરી અમારી જ જ્ઞાતિની સંસ્કારી કુટુંબની કન્યા પણ પસંદ કરી. અમે બહુ નાના કુટુંબમાં જીવેલા, એટલે અમે ખાસ સંયુક્ત કુટુંબમાં સંસ્કાર પામેલી કન્યા પસંદ કરી. અલબત્ત એ કુટુંબ પણ કંઇ ખાસ મોટું નહીં, પણ એ કન્યા દાદા-દાદી, માતા-પિતા, અને ભાઇ-બહેન વચ્ચે ઉછરેલી. તેથી સારી તાલીમ પામી હશે, એવી ગણતરી ખરી.

મેં કહ્યું- આમ ટકોરા પાડીને કન્યા લાવ્યા પછી તકલીફ ક્યાં થઇ ?

રમેશભાઈએ કહ્યું- સાહેબ ટકોરા બોદા નીકળ્યા. એ કન્યા પત્ની બનીને આવ્યા પછી માત્ર પત્ની જ બની રહેવા માંગતી હતી, પુત્રવધૂ નહીં. મારી મા ઘણા કષ્ટ-અપમાન સહી સહીને આમે ય સાવ દીન-ગરીબડી- બધાથી ડરવાના સ્વભાવવાળી તો બની જ ચૂકી હતી. એમાં આણે પોતાનું પોત પ્રકાશ્યું. આપણને જેમાં કશું કારણ જેવું દેખાય નહીં, એવા પ્રસંગમાં પણ મારી માને ટોણા મારવા, અપમાનિત કરવા, ઘરકામનો પૂરો ઢસરડો કરાવવો, અને પોતે છટકી જવું, વગેરે નાટકો

કરવા માંડ્યા. છાશવારે માથું દુઃખે, કમર તૂટે... વગેરે ફરિયાદો કરી પોતે પલંગ પર આડી પડી રહે, અને મગજના પાવરથી મારી મા પર જાત-જાતના હુકમો છોડતી જાય. જાણે પોતે શેઠાણી અને મારી મા નોકરડી. ઘણીવાર તો એમ થાય કે આ વહૂ થઇને નહીં, સાસુ થઇને આવી છે.

મેં કહ્યું- તો તમે રોકો નહીં ?

રમેશભાઈ કહે - સાચું કહું, તો સાહેબ ! સખત ગરીબી અને બીજાઓના નાના-મોટા કામ આપવાના ઉપકારથી જ અમે જીવીએ છીએ, એવી ઘર કરી ગયેલી ઓશિયાળાપણાની વૃત્તિથી હું પોતે સાવ બકરી જેવો નરમઘેંસ સ્વભાવનો રહ્યો છું. જ્યારે જ્યારે અન્યાય દેખાય ને મેં વિરોધ નોંધાવ્યો હોય, ત્યારે ત્યારે બીજા બાળકો, આડોશ-પાડોશ વગેરેએ મારી હાંસી ઉડાવી છે, 'આ આપણાપર નભતા ભિખારીને જૂઓ શિંગડા આવ્યા' એવા ટોણા-મેણા માર્યા છે. ક્યારેક માર પણ ખાવો પડ્યો છે, તો ક્યારેક મારે ખાતર મારી માએ એ બધાની ખોળો પાથરીને રડતી આંખે માફી પણ માંગવી પડી છે. આવા પ્રસંગો ઘણી વખત બન્યા છે. તેથી મારી મનોવૃત્તિ પણ સહી લેવાની થઇ ગઇ છે. જરા પણ ઉગ્ર વાતાવરણ થાય તો હું ખુબ ડરી જાઉં છું, મારી માનો આંસુ પાડતો અને ખોળો પાથરતો ચહેરો દેખાઈ જાય છે ને હું ધ્રુજી ઉઠું છું. પસીનો છૂટી જાય છે. કાયર થઇને ભાગી જવાની ભાગેડુવૃત્તિ જાગી આવે છે.

સાહેબ ! આ જ કારણસર મારી પત્ની મારી માપર ત્રાસ ગુજારે, અપમાનિત કરે, ત્યારે મનોમન સમસમી જવા છતાં કશું જ કરી શકતો નથી, અને આવું જોઇ દુઃખી થવાથી બચી જવા ઘરમાંથી ભાગી છુટું છું.

મેં કહ્યું- તમારી આ શાહમૃગનીતિ અને 'દેખવું નહીં ને દાઝવું નહીં' જેવી વૃત્તિથી તો તમારી પત્નીને વધારે ફાવટ આવી જાય. એને તો ખુલ્લું મેદાન મળી જાય.

રમેશભાઈએ કહ્યું- સાહેબ ! વાત સાવ સાચી છે. મારી પત્ની અમારી બંનેની આ ગરીબડીવૃત્તિનો પૂરો લાભ ઉઠાવે છે. અમને નબળા જાણીને છાતીએ ચઢી બેસી છે. સાવ નફ્ફટ થઇને મારી માને રંજાડી રહી છે. ઘરમાં એનું એકચક્રી શાસન ચાલે છે.

મેં કહ્યું - પણ તમે આમ ઢીલા-ઢફ થઇને નરમાશના સાવ છેલ્લે પાતલે બેસી જાવ, તે કેમ ચાલે ? તમારે થોડી કરડાકી બતાવી પત્નીને ચેતવવી જોઈએ. અટકાવવી જોઇએ.

રમેશભાઈએ કહ્યું- શરુ શરુમાં આવી હિંમત જ ન થઇ. પછી ક્યારેક હિંમતથી કહેવા જાઉં છું, તો એની સારી અસર પડવાના બદલે ફારસ જ થાય છે. એને કોઈ અસર જ થતી નથી. બલ્કે એ સામે એવી મશીનગન ચલાવે કે સાંભળનારના કાનના કીડા ખરી પડે. એમ થાય કે આને ક્યાં વટાવી ? અને પરિણામ એ આવે કે જે મામલો ૨-૪ કલાકમાં થાળે પડવાનો હોય, તે ૨-૪ દિવસે થાળે પડે. અને લટકામાં માને વધુ મોટો ત્રાસ ભોગવવો પડે. તેથી માએ જ મને કહી દીધું -

મેં જિંદગીભર સહ્યું છે. અને હવે મારે જીવવાનું પણ કેટલું છે? તેથી હું સહી લઇશ. મારેખાતર તું તારો સંસાર સળગાવ નહીં.

મેં પૂછ્યું - આ ત્રાસ કેટલા વખતથી છે ?

રમેશભાઈએ કહ્યું- લગ્ન થયાને આજે બાવીસ વર્ષ થયા. સમજોને ત્યારથી જ આ ધમાલ છે.

મેં પૂછ્યું - તમને કોઇ છોકરા છૈયા છે ?

રમેશભાઈએ કહ્યું- છે ને ! એક છોકરો છે. એની પણ એક કથા છે.

મેં પૂછ્યું - શી કથા છે ?

રમેશભાઈ કહે- માને પત્નીતરફથી થતાં ત્રાસને હું રોકી શકતો નથી. તેથી છેલ્લા થોડા વર્ષોથી મેં માને પાલીતાણા ચોમાસું કરવા જવાની, છરિપાલિત સંઘ વગેરેમાં જવાની સગવડ થાય એ ધોરણ અપનાવ્યું છે. અલબત્ત પત્ની તો જેનાપર જોરજુલમ ગુજારી શકાય અને ઘરનો ભાર ઢોળી આરામ ફરમાવી શકાય તેવી આ મા બહારગામ જાય, તે ચલાવી જ ન લે. ઘણા ધમપછાડા કરે. પણ હું ગુપચૂપ માને મોકલી આપું. પછી ઘરમાં રમખાણ ફાટી નીકળે. એમાં બિચારો મારો દીકરો સલવાઇ જાય. મારી પત્ની પહેલેથી પાકી છે. છોકરાને દાદીમાપાસે તો ફરકવા ન દે. મારી પાસે પણ બેસવા ન દે. દાદીમાપાસે છોકરાએ બગાડેલા કપડા ધોવડાવ્યા છે. પણ દાદીમાના ખોળામાં પૌત્રને બેસવા દીધો નથી. હું ભૂલે-ચૂકે એને રમાડું કે પાસે બેસાડું, કે તરત જ એ ઉઠાવી લેવાની. મને કોઇને કોઇ કામમાં વળગાડી દેવાની.

એ દિકરાના કાનમાં રોજ ઝેર રેડે, આ ઘરમાં મા-દિકરો ભેગા મળી મને રંજાડી રહ્યા છે. એમાં તું પણ એમના ભેગો ભળી જશે, તો મારું કોણ? બિચારો એ માના સકંજામાં એવો ફસાયો છે કે એ માવડિયો પોતાની માની સામે નજર પણ ઊંચી કરી શકતો નથી.

મેં પૂછ્યું - કેટલા વર્ષનો થયો તમારો બાબો?

રમેશભાઈએ કહ્યું- વીસ પૂરા થયા. કોલેજમાં છેલ્લા વર્ષમાં ભણે છે. છતાં એની માથી ડરે છે, મારાથી નહીં. જો કે હવે એ પણ સમજવા માંડ્યો છે કે ઘરમાં નરકનું વાતાવરણ સર્જાવા પાછળ મુખ્ય પરિબળ કોણ છે ? પણ પહેલેથી એની માની ધાકમાં ઉછરેલો હોવાથી એ પણ એની માની સામે ઊંચા અવાજે બોલી શકતો નથી.

મેં પૂછ્યું - આટલા વર્ષોથી આ પરિસ્થિતિ છે.અને તમે બધા એ પરિસ્થિતિથી ટેવાઇ ગયા છો... હવે કેમ મરવા-મારવાની વાત પર ઉતરી પડ્યા છો?

રમેશભાઇ કહે :- મારી મા ચોમાસુ-નવાણુ પતાવી પંદર દિવસથી ઘરે છે. આજે એમની ઉંમર પાંસઠ વર્ષની છે. પાંચસો આંબલ ચાલે છે. કેમ કે ઘરે તો ખાવાય મળે એમ નથી. શરીર સાવ

ઘસાઇ ગયું છે. છતાં આવી તે દિવસથી મારી ઘરવાળી તોફાને ચડી છે. એકબાજૂ બેફામ ગાળો-ટોણાઓનો વરસાદ વરસાવે છે, અને બીજી બાજૂ તમામ ઘરકામ મારી માપર ઢોળી દીધું છે. સવારથી કચરો કાઢવાનો, પાણી ભરવાનું, કપડા ધોવાના, રસોઇ બનાવવાની, વાસણ માંજવાના, ઘઉં ચોખા સાફ કરવાના વગેરે તમામ કામોમાં એવા લગાડી દીધા છે કે બિચારી મારી મા પૂજા કરવા ય જઈ શકતી નથી ને આંબેલ કરવા જવાનો નંબર છેક દોઢ બે વાગે લાગે- એ પણ દયાના ધોરણે જવા મળે, ને પા કલાકમાં પાછા આવી જવાની તાકીદ સાથે. પાછી મારી પત્ની ડામ દેતી જાય કે 'તમે તો વિધવા છતાં શરમ વિનાં ડાકણની જેમ મહિનાઓ સુધી બહાર ભટકે રાખો. અહીં તમારા ઘરના ને તમારા દીકરાના ઢસરડાઓ મારે કર્યે રાખવાના. તો ભટકીને આવો તો થોડા દિ'તો કામ કરો. હરામ હાડકાના થવાથી ખાવાનું નહીં પચે, અને પાંચસો આંબેલનો ઢોંગ કરી લોકોની સહાનુભૂતિ જીતવાના નાટક મારી આગળ નહીં ચાલે.'

સાહેબ ! રોજ આ જોઇ જોઇને મારો જીવ બળી જાય છે. હાય- ચિંતા-ઉપાધિમાં ઉંઘ નથી આવતી. અને પીસ્તાળીશ વર્ષે આ ચહેરો પાંસઠ વર્ષ જેવો કરમાઇ ગયો, તરડાઇ ગયો છે. વાળો ઉડી ગયા છે. કશી સમજ પડતી નથી, શું કરું ? શું નહીં કરું ? નોકરીમાં ચિત્ત ન ચોંટવાથી શેઠના ઠપકા અને ધમકી સાંભળવી પડે છે, એ તો છોગામાં...

મેં પૂછ્યું- છતાં મરવા મારવાના વિચાર સુધી તમને લઇ જાય એવું કશું બન્યું ખરું?

રમેશભાઈએ કહ્યું- હા, સાહેબ! બે દિવસ પહેલા જ હું મારી માસાથે બેઠેલો, માના આ ત્રાસથી મારી આંખમાં આંસુ આવી ગયેલા. ત્યારે મારી મા મને આશ્વાસન આપતા કહેવા લાગી- બેટા, ચાલ્યા કરે. અને આ બધો ત્રાસ જીવું ત્યાં સુધી છે. હવે હું ખર્યું પાન છું. કેટલું જીવવાની ? મારી મા આમ કહે, ત્યાં તો મારી પત્ની ધસમસતી આવી. એ આ સાંભળી ગયેલી.. તે ગર્જી...

અરે કચ કચ કરતી ડોશી ! હું તને એમ મરવા દેવાની નથી. હજી તો દસ વર્ષ તારી પાસે આવી મજૂરી કરાવીશ. પછી તું સાવ નકામી થઇ જાય ત્યારે નિરાંતે મરી જજે, અને ન મરે તો મને મારતા આવડે છે !

મારી મા તો નીલકંઠ મહાદેવની જેમ આ ઝેરના ઘૂંટ ગળી ગઇ. પણ મારું લોહી ઉકળી આવ્યું. મેં એને સીધીદોર કરવા ઘણા ફાફા માર્યા, પણ એ અનુભવી અને હું શિખાઉ. ક્યાં ટકી શકું ? એણે ઊભા ઊભા ચીરી નાંખે એવા કાઢેલા કડવા વેણ હજી ભૂલાતા નથી. અને આ ત્રાસથી છૂટવા હત્યા સુધીના વિચારે ચઢી ગયો છું. એને મારી નાંખું તો મને ફાંસી થાય, ને પોલીસ લફરામાં ઘર ચૂંથાઇ જાય. હું મરી જાઉં, તો ઘરનું જે થવાનું હોય તે થાય, હું તો આ ત્રાસથી બચું.

મેં કહ્યું- રમેશભાઈ ! પરિસ્થિતિવશ પણ કેળવેલી આ ભાગેડુવૃત્તિ તમારામાં જોર કરી રહી છે. મરી જવા માત્રથી આપણા પ્રશ્નો મરી જતાં નથી. હકીકતમાં તો આવા દુર્ભાવો કેળવી અને મરતી વખતે આ જ દુર્ભાવમાં રહીને આપણે આપણા પ્રશ્નોને વધુ વિકરાળ બનાવીએ છીએ.

હાથપર પડેલા ખરજવાથી કંટાળી જઇ ચામડી ઉતારી નાંખવાથી ખરજવાના સ્થાને વધુ મોટી બળતરા ભોગવવાનો અવસર આવે. દુઃખથી કે પાપથી ત્રાસીને આત્મહત્યા કરનારો દુર્ભાવમાં મરીને ફરી એવા સ્થાને ઉત્પન્ન થાય છે, કે જ્યાં પૂર્વના દુઃખથી પણ કંઇ ગુણા વધુ બળવત્તર દુઃખો જનમથી જ ભોગવવા પડે.

રમેશભાઈ કહે– સાહેબ ! એ તો પડશે તેવા દેવાશે ! આવતા ભવના દુઃખ કોણે જોયા છે ? અને આ ત્રાસમાંથી છૂટાતું હોય, તો એ ભોગવી લેવાશે.

મેં કહ્યું– રમેશભાઈ ! જો તમે 'પડશે તેવા દેવાશે'માં માની પરભવમાટે બેફીકર છો, તો હમણાં જે પડી રહ્યું છે, વીતી રહ્યું છે, તે સહી લો, બેફીકર બનીને ભોગવી લો. કેમ આટલા અકળાઇ ગયા છો ? ભાઇ મારા ! આ બોલવું સહેલું છે. પણ આ ભવમાં આપણે સહન કરી શકતા ન હોઇએ, તો પરભવમાં કેવી રીતે સહી શકીશું ? અને પૂર્વભવમાં માનો કે તમે કો'ક બીજા પ્રકારનું દુઃખ ભોગવી રહ્યા હતા, કે ન કરવાના પાપ કરતા હતા. ત્યારે મારા જેવા કો'કે તમને ચેતવ્યા હશે. અને એ ભવમાં પણ તમે આ જ જવાબ આપ્યો હોય, તેમ શું ન બની શકે ! હવે આ ભવમાં આ દુઃખ આવ્યું, તો તેથી છૂટવા આત્મહત્યાનું પાપ કરો, અને પરભવમાટે પડશે તેવા દેવાશે એમ કહો કે પછી 'એ ભવના દુઃખ સહી લઇશ, પણ આ ભવના સહન નહીં થાય.' એમ માનો.. પછી આવતા ભવમાં ફરી એવા કાતિલ દુઃખો આવે, ત્યારે ફરી આ જ વિચારણા રાખો... તો આ વિષચક્ર છે. આમાં દુઃખથી છૂટકારો નથી, પણ વધુ મોટા મોટા દુઃખના વમળમાં ફસાવાનું છે. અને માણસને પ્રાયઃ પોતાને માથે આવતા નાના દુઃખો પણ અસહ્ય લાગતા હોય છે.

રમેશભાઈએ કહ્યું– એ તો સીધી જ વાત છે ને ! મને ત્રાસ આફ્રિકાના સિંહથી નહીં, ઘરના મચ્છરથી જ થાય.

મેં કહ્યું– પણ તમે તો ઘરના મચ્છરથી ત્રાસીને આફ્રિકાના સિંહપાસે જવાની વાત કરો છો. તમે તો એમ કહો છો કે આ ભવના ત્રાસ કરતાં પરભવના ત્રાસ ઓછા પીડાકારક હશે. ઘરના મચ્છર કરતાં આફ્રિકાનો સિંહ ઓછી પીડા આપશે, માટે એનીપાસે જવા દે. એના જેવી આ વાત છે. સમજી લો ! કર્મ (૧) તમે ન કરેલા પાપ-ભૂલના દંડરૂપે ક્યારેય દુઃખ આપે નહીં. એટલે કે પૂર્વભવમાં આપણે પોતે એવી ભૂલ કરી હોય, તો હિસાબ ચૂકવવારૂપે આ દંડ મળે છે અને (૨) કર્મ ક્યારે ય હકીકતમાં રહેલી સહનશક્તિથી વધુ દુઃખ આપે નહીં, કેમ કે જો દુઃખ એટલું વધી જાય, તો દુઃખ જ દવા બની જાય... માનવી મરી જાય, એટલે દુઃખમુક્ત બની જાય. નરકગતિમાં ઘણું દુઃખ સહેવાનું છે, તો શરીર પણ એવું જ આપે, કે ભયંકર કષ્ટ પડે, તો પણ શરીરનો નાશ થાય જ નહીં.

રમેશભાઇ કહે :- શું એનો અર્થ એવો છે કે આ દુઃખ સહ્ય છે. અસહ્ય નથી ?

મેં કહ્યું - હા !

રમેશભાઇ કહે- સાહેબ ! શારીરિક દુઃખ તો સહી લેવાય, આ તો માનસિક ત્રાસ છે.

મેં કહ્યું- રમેશભાઈ ! નરકના ભવમાં શારીરિક, વાચિક, માનસિક બધા જ પ્રકારના ઉત્કૃષ્ટ ત્રાસ ન છૂટકે પણ સહેવા પડ્યા જ છે. અને એવું નથી કે શારીરિક સહેવા સહેલા, માનસિક અઘરા. જગતમાં જૂઓ, બિચારા કેટલા લોકો ભયંકર શારીરિક ત્રાસથી તૂટી રહ્યા છે. બેબાકળા બન્યા છે. પશુઓને જૂઓ... કેવી ભયંકર ગુલામ-પરાધીનદશા ભોગવી રહ્યા છે. શું તમારે એમ કહેવું છે, કે એ બધાના કષ્ટ કરતાં તમારા કષ્ટ વધારે છે ? અને માનસિક પીડા તો તમારાપર નિર્ભર છે. તમે મનમાં લો, તો પીડા અને મનમાં લો જ નહીં, તો મજા. જ્યારે જેઓપર શારીરિક જૂલ્મ છે, તે તો તેઓએ પરાધીનપણે ભોગવવા જ પડે છે. અને તેથી જ એ ત્રાસની વેદના તીવ્ર બની જાય છે. માટે આ ભવના આટલા ત્રાસથી કંટાળી આત્મહત્યાનો વિચાર છોડી દો. જે અધુરુ છોડી જાય છે, તેને નવેસરથી બધું વેંતરવું પડે છે, તે ભૂલશો નહીં. અને આટલા વર્ષોના અનુભવથી તમે તમારા દુઃખથી ટેવાઇ ગયા છો. તેથી તમને હવે એવા આકરા ન લાગે. લિંબોડીથી ટેવાયેલી જીભને કરિયાતું પણ કડવું નથી લાગતું. અને હવે 'બહુત ગઇ થોડી રહી' જેવી પરિસ્થિતિ છે. 'જિંદગીમાં જેટલા ગયા, તેટલા બાકી છે' એમ તમને લાગે છે ?

રમેશભાઈ કહે- સાહેબ ! આમેય અકાળે ઘરડો થઇ ચૂક્યો છું! અને આમ જ ચાલશે, તો લાગે છે કે ગોલ્ડન જ્યુબીલી પરલોકમાં જ ઉજવાશે !

મેં કહ્યું- એમ નિરાશ ન થાવ. એના કરતાં જેટલું જીવાય તેટલું કર્મો કપાય તેવું જીવાય, તેવો પ્રયત્ન કરો. અને આત્મહત્યાનો વિચાર માંડી વાળો. આ તો કાયરતા છે. તમારી મા તમારા સહારે તો આવી પીડાઓ વચ્ચે પણ ટકયા છે. તમારે ખાતર આટઆટલું પહેલેથી સહ્યું છે. એમને તમારાખાતર આટલું સહવા છતાં તમારું મોં જોઇને કદી આત્મહત્યાનો વિચાર નથી આવતો અને જીવી રહ્યા છે, અને તમે એમને દગો દઇ મરી જાવ, તો તમારા માતાજીનું શું થાય ? એમને જે સહન કર્યું, તે એળે નહીં જાય ? અને પછી એમનું કોણ ?

આ સાંભળી ફરી આવેશમાં આવી રમેશભાઇએ કહ્યું- સા'બ માનું આ દુઃખ સહેવાતુ નથી, માટે તો મરવા- મારવાપર ઉતરી આવ્યો છું.

મેં કહ્યું - બેમાંથી એકપણ રસ્તે માનો દુઃખમાંથી છૂટકારો થવાનો છે ? એ તો જરા વિચારો.

રમેશભાઇએ અકળાઇને પૂછ્યું- તો પછી મહારાજ ! શું કરું ? કેમ મારી પત્ની અમારી પાછળ પડી છે ? અમે એનું શું બગાડ્યું કે આટલો ત્રાસ આપે છે ?

મેં કહ્યું- રમેશભાઇ ! કશું કરવું નથી. આટલા વર્ષના વા'ણા વહી ગયા. હવે તમે પત્નીને સુધારી શકો, કે 'માને ત્રાસ આપે છે, ચાલી જા તારા પિતાજીના ઘરે' એમ કહી શકો એમ નથી.

હવે પત્નીને છંછેડવામાં વાતનું વતેસર થાય એમ જ છે.

રમેશભાઇ કહે- બરાબર છે ! અને તેથી જ વિચાર આવે છે કે એનો ટોટો પીસી નાંખું, જેથી કાયમની બલા ટળે.

મેં કહ્યું- એવા ક્રૂર વિચારો કરી પાપના પોટળા બાંધવાનું બંધ કરો. આમાં તમને બંને બાજૂથી માર છે. એક બાજૂ પૂર્વભવના પાપના ઉદયે આ સહન કરવારૂપે માર. અને બીજી બાજૂ તે સહન કરતી વખતે આવા ક્રૂર, રૌદ્ર, દુષ્ટ વિચારો કે હાયવોયની વેદના કરવાથી નવા પાપ ઊભા થાય કે જેના ભયંકર ઉદય તમને પરલોકમાં પીખી નાંખે. જ્યારે સહન જ કરવાનું છે, તો પ્રસન્નતાથી સહી લેવામાં જ ડહાપણ છે કે જેથી પરલોકમાં ફરી આ ચોપડો ઉઘડે નહીં. અને એને મારી નાંખવાથી બલા ટળવાની નથી, પણ વધુ તીવ્રતાથી વળગવાની છે. આ ભવમાં તમને ફાંસી, ઘર રફે દફે, તમારા માતાજી અને દિકરો નિરાધાર-અનાથ થઇ જાય. તમે અને તમારા પત્ની પરસ્પર તીવ્ર વેરભાવના કારણે ભવોભવ સાપ-નોળિયા જેવા ભવો પામી એક બીજાના મારનારા બનો. વિચારો... આમાં શુ પરિણામ આવશે !

રમેશભાઈ કહે- તો સાહેબજી! એ અમારી આવી વેરણ કેમ બની છે ?

મેં કહ્યું- આ પ્રશ્ન બરાબર છે. આ ભવમાં તમે એમનું કશું બગાડ્યું નથી. તમારા માતાજીએ સાસુતરીકેનો કોઇ ત્રાસદાયક રોલ ભજવ્યો નથી. બરાબર ?

રમેશભાઈ કહે- સાહેબ ! બિલકુલ બરાબર. ઉલ્ટા અમે તો એને બને એટલા અનુકૂળ થવા જ પ્રયત્ન કરીએ છીએ. એને જરાય ઓછું ન આવે તેની જ તકેદારી રાખીએ છીએ. છતાં એ તો મીઠા ઝાડના મૂળ ખાઇ રહી છે.

મેં કહ્યું- આમ કેમ ? આ સરાસર અન્યાય નથી લાગતો ?

રમેશભાઈ કહે- છે જ. ઘોર અન્યાય છે. આમાં તો ભગવાનપર કે ધર્મપર શ્રદ્ધા ન ટકે. મારી મા ખૂબ સરળ, સહનશીલ, શ્રદ્ધાળુ અને ધાર્મિક છે. છતાં તેમને આ સહેવું પડતું હોય, તો ધર્મ શું કામનો ? ઇશ્વર ક્યાં ગયો?

મેં કહ્યું- રમેશભાઈ ! એમ અકળાવાથી જવાબ ન મળે. જરા ઊંડાણથી વિચારો. આપણો ઇશ્વર એટલે આપણા ભગવાન ! એ તો પરમ કરુણાનિધાન છે. પણ એ કોઇને સુખ કે દુઃખ આપતા નથી.

રમેશભાઈ કહે- તો પછી શાના કરુણાનિધાન ? અને શું કામના ?

મેં કહ્યું- કોઇ આંખે પાટા બાંધેલો માણસ બગીચામાં જવા નીકળે અને કૂવામાં પડવાતરફ જઇ રહ્યો હોય, ત્યારે કોઇ વ્યક્તિ એને આંખપરથી પાટો છોડવામાં મદદ કરે અને બતાવે કે આ માર્ગે કૂવામાં પડશો, આ માર્ગે જાવ, તો બગીચામાં પહોંચશો... તો એ માણસ નકામો કે કામનો? દયાળુ

કે ક્રૂર ?

રમેશભાઈ કહે- સાહેબ એ દયાળુ જ છે! નકામો શાનો?

મેં કહ્યું- ભગવાન આપણને પોતાના કેવળજ્ઞાનના આધારે સાચું જ્ઞાન આપી આપણને દુઃખના કૂવામાં પડવાના માર્ગ-કારણો બતાવે અને સુખ-આનંદના બગીચામાં જવાનો રસ્તો બતાવે, તો કામના કે નકામા ? ક્રૂર કે કરુણાનિધાન !

રમેશભાઇ કહે- કહેવાય તો કામના જ અને કરુણાનિધાન જ. પણ તો મારી પત્નીને આવો સ્વભાવ કોને આપ્યો? અમને આવુ ભોગવવું કેમ પડે છે?

મેં કહ્યું- એમાં ભવિતવ્યતા અને કર્મોની વિચિત્ર પરિસ્થિતિ વિચારવી. તમે પૂર્વભવે આ સ્ત્રીને એક યા બીજારૂપે ખુબ સતાવી હશે. તમારા માતાજીએ આ સ્ત્રીના જીવને પરભવમાં ટોણા-મેણા-સંતાપ આપ્યા હશે. આમ વેરભાવ ઊભો કર્યો. એવા કર્મો બંધાયા. આ વેરભાવના વિષચક્રનો એક આંટો ફર્યો અને ભવ બદલાયા. હવે એ તમને સતાવે છે. તમારા માતાજીને ટોણા-મેણા-સંતાપ આપે છે. તમારા અને એના કર્મના વિચિત્ર ઉદયો એવા જ ચાલી રહ્યા છે. આ વિચાર જ યોગ્ય છે. કેમ કે આ વિચારવાથી તમને જરાય અન્યાયની ગંધ નહીં આવે. અને ધર્મ નકામો નહીં લાગે, ઇશ્વરશ્રદ્ધા નહીં ડગમગે.

રમેશભાઇ કહે- આ તો વિષચક્ર છે. હવે આવતા ભવમાં અમે બદલા લેવારૂપે એને સતાવીશું. અમારા અને એના કર્મો એવી પરિસ્થિતિ સર્જશે કે અમે એને ત્રાસ આપીશું..

મેં કહ્યું- આ વિષચક્ર જરુર છે. પણ આગળ ચલાવવું કે અહીં જ અટકાવી દેવું તે તમારા હાથમાં છે.

રમેશભાઈ કહે- કેવી રીતે ?

મેં કહ્યું- તમે તમારી પત્નીપરનો દ્વેષભાવ જતો કરો. તે જે કંઇ કરે છે, તેમાં તેને નિર્દોષરૂપે જૂઓ. તેના અને તમારા કર્મો જ આવું બધું કરાવી રહ્યા છે, એવી કર્મથિયરીને બરાબર પચાવો. અને ભગવાને બતાવેલી કરુણા-મૈત્રીયુક્ત માધ્યસ્થ ભાવનાથી ભાવિત થઈ તેની અયોગ્ય પ્રવૃત્તિઓ માટે તેને માફ કરો.. તેના ભવિષ્યનો વિચાર કરી તેની દયા ખાવ. 'વાવે તેવું લણે' ને યાદ રાખી તમે એવા શુભ વિચારોરૂપી શેરડીને તમારા આત્મારૂપ ખેતરમાં વાવો કે જેથી પરભવમાં તમારે મીઠી-મધુરી સાકર જ ખાવાનો અવસર આવે. આવા કડવા પ્રસંગરૂપ લિંબોડીઓ ખાવાનો વખત ન આવે. બસ વિષચક્ર સમાપ્ત. કમ સે કમ તમે તો આ ચક્કરમાંથી બચી જશો.

રમેશભાઈ કહે- સાહેબજી ! આપે મારા હૈયાને હળવું બનાવી દીધું. સાચો મારગ બતાવી દીધો. ખરેખર મન પ્રસન્ન થઇ ગયું. પણ ફરી ફરી આવા પ્રસંગો બન્યા કરે છે, તો સ્વસ્થ કેવી રીતે રહેવું ?

મેં કહ્યું- જો બને, તો સમરાદિત્યકથા, અંજનાસુંદરી ચરિત્ર, સીતા અને સુભદ્રા જેવી સતીઓના ચરિત્રો ખાસ વાંચો. આવા પ્રસંગોમાં મનને સ્વસ્થ રાખવાની ઘણી ચાવીઓ મળશે. રોજ ભગવાનની ખુબ ભક્તિ કરો. ભગવાનનો અભિષેક કરો. 'જ્ઞાનકળશ ભરી આત્મા, સમતારસ ભરપુર...' આપણો આત્મા જ્ઞાનમય છે, જ્ઞાનરૂપી સોનાનો કળશ છે. અજ્ઞાનની ધૂળ દૂર કરવાથી એ ચમકશે. પછી એમાં સમતારસરૂપી ઉત્તમ તીર્થજળ ભરી હું મારા હૃદયમાં રહેલા ભગવાનનો અભિષેક કરું છું, એવી ભાવના ભાવો. કેમકે ભગવાન સમતારસરૂપી અમૃતજળના અભિષેકથી જ પ્રસન્ન થશે. પાણી ઠંડુ છે.. આગને ઠારનારું છે. સમતારસ પાણી જેવો છે. માટે તો જળ અભિષેક કરવાનો છે. અને ભગવાનપાસે (૧) આ બનતા પ્રસંગો સમતાપૂર્વક સહન થાય તેવી શક્તિ આપો અને (૨) અમને અને એને (પત્નીને) પ્રભુ સદ્‌બુદ્ધિ આપો ! સન્માર્ગ દેખાડો ! એવી ગદ્‌ગદ્‌ હૈયે પ્રાર્થના કરો. તથા બને ત્યાં સુધી ગુરુભગવંતોના પ્રવચનવગેરે દ્વારા સત્સંગ કરો. તમારામાં ટકી જવાનો પાવર આવશે. અને તમારી સાચી ભાવના જરુર તમારા પત્નીના હૈયાને અસર કરશે.

રમેશભાઈ વાત સ્વીકારીને ગયા. પછી તો બે વર્ષે ફરી આ તરફ આવવાનું થયું. રમેશભાઈ પરિવારસહ વંદને આવ્યા. એમનો ચહેરો ફરી ગયેલો. મોં પ્રસન્નતાની ચાડી ફૂંકતું હતું. વંદન કરી બધા ગયા. રમેશભાઈ બેઠા. મને કહે- ખરેખર ! આપની સલાહથી મને અકલ્પ્ય ફાયદો થયો.

મેં પૂછ્યું - શું પત્નીનો ત્રાસ ઓછો થયો ? સ્વભાવ બદલાઇ ગયો ? રમેશભાઈ કહે- હા ! ત્રાસ ઓછો નહીં, પૂરેપૂરો બંધ થઇ ગયો. સ્વભાવમાં આમૂલચૂલ પરિવર્તન આવી ગયું.

મેં વિસ્મયસાથે પૂછ્યું - શું વાત કરો છો? કેવી રીતે?

રમેશભાઈ કહે- આપની સલાહમુજબ સમરાદિત્યકથા વગેરે પુસ્તકો વાંચીને સ્વસ્થતા રાખવાની ઘણી ચાવીઓ મેળવી. જેથી ઘરમાં એની કોઇપણ પ્રવૃત્તિનો પ્રતિકાર કરવાનો બંધ કર્યો. એના પ્રભાવે એ થોડી મોળી પડી. ભગવાનની ખુબ ભક્તિ વધારી. ખાસ અભિષેક પૂજાનો લાભ લેવા માંડ્યો... એમાં એક ચમત્કાર થયો.

મેં પૂછ્યું - કેવો ચમત્કાર ?

રમેશભાઈ કહે - મારો દિકરો એક છોકરીના પ્રેમમાં પડ્યો. છોકરી જૈન સંસ્કારી હોવાથી અમારે કોઇ વાંધો ઉઠાવવા જેવું હતું નહીં. તેથી સગાઇ કરી. એ છોકરી એક દિવસ અમારે ત્યાં રહી ગઈ. એ વખતે ઘરનું વાતાવરણ તો મેં આપને કહેલું તેવું જ હતું.

એ પછી ત્રીજા દિવસે મારો દિકરો ખાનગીમાં મને મળ્યો. મને કહે- મારી થનારી પત્ની એક દિવસ આપણે ત્યાં રહીને આપણા ઘરના વાતાવરણને જોઇ ગઇ છે. એ કહે છે કે 'તમારી મા (= મારી પત્ની) પિશાચિની છે. તમારા દાદીમા અને તમારા પિતાજીને જે ત્રાસ આપે છે, તે મેં જોયું. અને તમે માવડિયા છો. મા સામે ઊંચી નજરે જોઇ શકતા નથી. આ ઘરમાં હું આવું અને મારી એ જાલીમ સાસુ કે જે પોતાની સાસુને પણ આટલો ત્રાસ આપે છે, તે મારી શી હાલત કરશે

? મને તો તમારી માતામાં મારી જેવી કબૂતરને પીંખી નાંખતી બિલાડીના દર્શન થાય છે. તમારી માનો સ્વભાવ બીજાનું લોહી પીવાનો છે. મને તમારાપર પ્રેમ છે. હું પણ કૌટુંબિક ભાવનાઓમાં માનું છું. સાસુ-સસરા પ્રત્યેની ફરજો સમજું છું. પણ આ ડાકણમાં મને સાસુના દર્શન થતાં નથી. હું તો જ તમારીસાથે લગ્ન કરું, જો તમે તમારી માતાથી અલગ રહેવા તૈયાર હો. મને વિચાર કરી જવાબ આપજો. નહીંતર સગાઇ ફોક. હું મારું ફોડી ખાઇશ, પણ આ નરકમાં મારે આવવું નથી.' પિતાજી ! એની વાત ખોટી નથી, એ તો આપ અને હું બંને જાણીએ છીએ. હું માતાથી દબાયેલો છું, એ વાત પણ સાચી. તેથીસ્તો દાદીમાપર આટલો બધો ત્રાસ થતો જોવા છતાં બોલી શકતો નથી. તો હવે મારે એ કન્યાને શો જવાબ આપવો?

મેં (રમેશભાઈએ) કહ્યું- બેટા ! તારી થનારી પત્નીની વાત ખોટી નથી. હું પણ ઇચ્છતો નથી કે જે આગમાં અમે બળ્યા, તેમાં તમે પણ બળો. તમારો સંસાર સળગે તેવી મારી ઇચ્છા નથી. અમે તો ખાખમાં બેઠા છીએ અને ધીમે તાપે શેકાઇ રહ્યા છીએ. તારે એમાં બેસી રાખ થવાની જરુર નથી. મારા તને આશીર્વાદ છે. તું હિંમત કેળવ અને અમારાથી જૂદો થઇને સુખી થા.

સગો બાપ દીકરાને અળગ થઈને સુખી થવાની વાત કરે, તે ઘરની પરિસ્થિતિ કેવી નાજૂક હશે ! પણ સાહેબ ! ત્યાં જ એકાએક મારી પત્ની ધસી આવી. અમે બંને ચોંકી ઉઠ્યા. અમારી વાત સાંભળી ગઇ લાગે છે, અને હમણાં વરસશે એવી આશંકાથી ફફડી ઉઠ્યા..

મેં એનો ચહેરો જોયો. ગાલ લાલ-લાલ થઇ ગયેલા.. પણ આંખ ક્રોધના અંગારાને બદલે ઉના-ઉના આંસુ વહેવડાવી રહી હતી. 'ધસ'કરતી મારા પગમાં પડી... ફફડ ફફડ રડવા માંડી.. અમે બંને સ્તબ્ધ. એને રડતી અટકાવવી કે નહીં ? પગમાંથી ઉઠાવવી કે નહીં? તેવી મુંઝવણ હતી. કયાંક ગરબડ થઇ ગઇ ને એ વિફરે તો ?

એ ખુબ રોઇ. એના રોવાના કારણે તો અમે બાપ-બેટા પણ ગળગળા થઇ ગયા. આજ સુધી અમને રડાવનારી આ રીતે રડી શકે છે, તેના આશ્ચર્યસાથે મેં પૂછ્યું- તમે આમ કેમ રડો છો? એવા તે કયા સમાચાર આવ્યા કે આટલો બધો આઘાત લાગ્યો?

એ એકદમ ગળગળા અવાજે અને રોતી સૂરતે મને કહેવા લાગી- મને માફ કરો, મેં તમને અને બાને ખુબ સતાવ્યા છે, મને માફ કરો. આટલું બોલતાં બોલતા ફરી રડી પડી.. આ વખતે એ પશ્ચાતાપથી રડી રહી છે, જાણી આનંદ અને શોકમિશ્રિત ભાવથી મારી આંખ પણ આંસુથી ભરાઇ ગઇ.

મેં એને રોવા દીધી. પછી એણે કહ્યું- બેટા ! મેં તારી તારા પપ્પાસાથેની વાત પૂરેપૂરી સાંભળી છે. તારી થનારી પત્નીએ જે કહ્યું તે સાચું છે. હું ડાકણ છું. લોહી પિનારી છું. મેં આવા સરળ-સીધા બાનું જે લોહી પીધું છે અને તારા ભોળા પિતાજીને જે માનસિક ત્રાસ આપ્યો છે, તે જોતા હું પિશાચણ જ છું. બેટા ! ખરેખર મેં એક ક્રૂર આનંદ અને બદલો વાળવાનો ખોટો સંતોષ

મેળવવાના નામે બધાનું જીવન ઝેર બનાવી દીધું છે. ખાખ બનાવી દીધું છે.. હું ખરેખર દિલથી માફી માંગું છું.. મને માફ કરો ! મેં તમને જે સંતાપ આપ્યા છે તે બદલ જોઈએ તો હું જીવતી બળી મરવા તૈયાર છું. કાયમ ઉપવાસ કરવા તૈયાર છું. મારી ચામડી ઉતારી બાના પગની મોજડી બનવા તૈયાર છું.. પણ મને માફ કરો. ત્યાં તો બા આંબેલ કરીને આવી... બાને જોઇ મારી પત્ની ઉઠી તરત જ બાના પગે પડી ફરીથી ધ્રુસકે ધ્રુસકે રોવા માંડી... માના પગ પકડી મને માફ કરો.. મને માફ કરો..ના કાલાવાળા કરવા માંડી.

આમે ય મારા માતાજી તદ્દન સરળ, અને લાગણીશીલ તો છે જ. પુત્રવધૂને રોતી આંખે પગે પડેલી જોઇ પીગળી ગયા. વહૂને ઊભી કરી ખોળામાં માથુ લઇ પોતે પણ બોર બોર જેવા આંસુ પાડવા માંડ્યા. અને કહેવા માંડ્યા- બેટી ! તને મારા કારણે ઘણી તકલીફ પડી. મને માફ કર... આ સાંભળીને તો મારી પત્ની ઔર રડી પડી... એને મારી મામાં દેવીના દર્શન થયા. એનું સાવ વર્ત્તન જ બદલાઇ ગયું. ઘરમાં પ્રથમવાર સાહેબ ! દીવો થયો! પ્રકાશ પથરાયો ! આનંદનું વાતાવરણ સર્જાયું ! નરક અચાનક સ્વર્ગમાં પલટાઇ ગયું ! ઓ ગુરુદેવ ! ક્ષમાપનાનો આ કેવો જાદુ ! હજી સુધી જેમાંથી દ્વેષની આગ વરસતી હતી, તેમાંથી ક્યાંથી આ પ્રેમનો ફૂવારો ઉમટ્યો... સાહેબ ક્ષમાપનામાં એવું તે શું ભર્યું છે કે જેથી નરકની હાય એક જ ક્ષણમાં સ્વર્ગની હાશ બની જાય ! ઓ પ્રભો ! આ કેવો ચમત્કાર કે જે હજી સુધી જોવા પણ ગમતા ન હોય, તેને ગળે લગાડવાનું મન થાય ! સાહેબ હું ભૂલો પડેલો ! મને ખોટું લાગવું જોઇતું હતું વર્ત્તન! એના બદલે મેં ખોટી માની મારી પત્નીને ! તેથી હજી સુધી તેને મારી નાંખવામાં કોઇ પાપ નહીં લાગે, તેમ માનતો હતો. ક્ષમાપનાના સુરમાએ મારી દૃષ્ટિ બદલી નાંખી. હવે એનું વર્ત્તન બદલાઇ ગયું.. એ સ્ત્રી મારી નાંખવા જેવી નહીં, પણ ચાહવા જેવી લાગે છે ! ખરેખર ! જીવ તો ચાહવા જેવો જ છે. એના ખોટા વ્યવહાર જોઇ એને મારી નાંખવાના વિચાર કરવાને બદલે ભગવાનપાસે એનું વર્ત્તન બદલાઇ જાય, એમ પ્રાર્થના કરવામાં કેટલો બધો લાભ! એ જીવ ઊભો રહે! અરે હંમેશા આપણો થઇને ઊભો રહે! અરે હંમેશા આપણને આનંદ-પ્રસન્નતા આપતો રહે! અને એ ખરાબ વર્ત્તન નીકળી જાય.

મેં રમેશભાઈની આ વાત ભીના હૃદય અને ભીની આંખે સાંભળી પૂછ્યું - આટલો બધો ચેંજ કેમ આવ્યો? શું પુત્રની વાત સાંભળવામાત્રથી ?

રમેશભાઈએ કહ્યું- હા, મારા પુત્રની વાતમાં મારી અને એની થનારી પુત્રવધૂએ જે લપડાક લગાવી, તે ખરેખર આંખ ખોલનારી બની ગઇ.

મેં પૂછ્યું - પણ તમે પૂર્વે કહ્યું કે એ બદલો વાળવાના સંતોષમાટે આવું ત્રાસદાયક વર્ત્તન કરતી હતી.. તો શાનો બદલો?

રમેશભાઈએ કહ્યું- વાત એમ હતી, કે એના પિયરમાં એની માને એની દાદીમા ખુબ ત્રાસ દેતી હતી. સાસુ તરીકેનો પૂરો રોલ ભજવતી હતી. પોતાના પૌત્ર-પૌત્રીને રમાડે ત્યારે ખુબ

હેત વરસાવે, ત્યારે પણ એની માને ટોણા મારે 'આ તારા જણ્યા છે માટે નહીં, મારા પુત્રના અંશ છે માટે મને હેત છે.. તું તો જણનારી, પેટ ભાડે આપનારી બાઇ છે આમાં તારું કશું નથી.' આમ પોતાના દેખતા પોતાની માને દાદીમા ત્રાસ આપે, ત્યારે આ મારી પત્નીએ બાળકી અવસ્થામાં જ ગાંઠ વાળેલી. હું વહુ બનું ત્યારે આ સાસુઓની ખબર લઇ નાંખીશ! સાસુની જાત જ કજાત છે. મારી સાસુ પણ એ જ જાતની. માટે મારી માએ ભોગવવા પડેલા ત્રાસનો બદલો એ સાસુને પીડીને લઇશ. બસ આ એક ગણિત સાહેબ! મારી પત્ની મારી માને ત્રાસ આપતી હતી તેની પાછળ. પણ જ્યારે પોતાને સાસુ બનવાનું આવ્યું. સાસુની એ કજાતમાં પોતાનો નંબર જોયો, અને બદલાયેલા જમાનાની કન્યાએ પોતે વીસ વર્ષથી પોતાનો કરી રાખેલા પુત્રને જે સ્પષ્ટ વાત કહી. તેથી મારી પત્નીની આંખ ઉઘડી ગઈ. અને સાહેબ ! એને ખરા દિલથી પસ્તાવો થયો કે હું મારી માને સાસુ તરફથી થતાં ત્રાસને જોઈ શકી નહીં, તો મારા પતિને એમની માને પડતા ત્રાસથી કેટલી બધી વેદના થતી હશે ! અરર! મેં આ શું કર્યું! આજે મારો પતિ પોતાના પુત્રને સુખી થવા સામે ચાલીને જૂદા રહેવા કહે, એ મારી કેટલી બધી નાલાયકી ! બીજાને પીડવાનો આનંદ લેવા જતાં મેં સાસુને, પતિને અને હવે પુત્રને ગુમાવવાની પરિસ્થિતિ ઊભી કરી. બધાને વેદના અને ત્રાસ આપીને હવે હું શી રીતે શાંતિથી જીવી શકીશ! સાહેબ ! મારી પત્નીને આ થયેલો પસ્તાવો ખરેખર એના સ્વભાવને બદલવામાં ઉપયોગી બની ગયો. છેલ્લા ચોવીસ વર્ષોથી રંજાડવાના કરેલા પાપને ધોવા હવે એથી બમણા ઉત્સાહથી માની સેવા કરી રહી છે. વહુનું દિલ પણ જીતી લીધું છે. દીકરો-વહુસાથે જ રહે છે.

અને ઘરના પ્રસન્ન વાતાવરણથી મારું મન પણ સ્વસ્થ-પ્રસન્ન રહે છે. ચિંતાજન્ય કરચલીઓ મોંપરથી ચમત્કારિકરૂપે દૂર થઇ રહી છે. બી.પી. ને એસીડીટીના પ્રોબ્લેમ લગભગ દૂર થઇ ગયા છે. અને વ્યવસ્થિત કામ કરતો હોવાથી શેઠ પણ પ્રસન્ન છે.

આ આખી વિગત સાંભળી મને થયું કે મૈત્રી અને ક્ષમાપના, ભૂલને ભૂલી જવી, કો'કના વિચિત્ર સ્વભાવને નજરમાં ન લેવો, આ બધા આનંદબીજો આપણી પાસે હોવા છતાં આપણે હૃદયખેતરમાં વેર-ઇર્ષ્યા, બદલો લેવાની ભાવના વગેરે દુઃખબીજોને કેમ વાવતા હોઇશું? અને એ બીજોના ફળરૂપે ઉદ્ભવેલા દ્વેષ-સંતાપ-ક્રોધ-ચિંતા વગેરે વખતે ખોટી ફરિયાદો કેમ કરતા હોઇશું ?





# ક્ષમા ધર્મ ધ્યાનનું રસાયણ

મુનિરાજને એક ભાઈ મળવા આવ્યા. નામ રાખીશું મહેશભાઈ. વંદન કરી બેઠા. શાતા પૂછવા વગેરે ઔપચારિક વિધિ પતાવી સીધો ધડાકો કર્યો- સાહેબ ! આપ ઈતિહાસનું પુનરાવર્ત્તન થાય છે એ વાતમાં માનો છો?

મુનિરાજે કહ્યું- અરે ભાઈ! ઈતિહાસ જેનાથી છલકાયેલો છે, એ જ યુદ્ધ, સંઘર્ષો, આજે ચારે બાજૂ નજરે પડે છે, પછી માનવાની વાત ક્યાં રહી? અનુભવની વાત છે. હા... ક્યાંક વિશિષ્ટ દાન, પૂજા, સામાયિક, તીર્થયાત્રા જેવા પ્રસંગો જોવા-સાંભળવા મળે છે, ત્યારે એ આશ્વાસન રહે

છે કે ક્યારેક ક્યારેક ભૂતકાળનો ભવ્ય ઈતિહાસ પણ પુનરાવર્ત્તન પામે છે. પણ તમારે આજે અમને એ વાત કહેવાની કેમ જરુર પડી? શું તમને ઐતિહાસિક પ્રસંગ હમણાં અનુભવવા મળ્યો?

મહેશભાઈએ કહ્યું- હા, તેથી જ વાત કરવી છે. પણ આપને સમય છે?

મુનિરાજે કહ્યું:- જો તમે કોઇ અનુમોદનીય પ્રસંગ અથવા વૈરાગ્યપ્રેરક પ્રસંગ કહેવા માંગતા હો, અથવા યોગ્ય માર્ગદર્શનની અપેક્ષા રાખતો હો, કે પછી મનની કો'ક ગડમથલ વ્યક્ત કરી આશ્વાસન મેળવવા ઇચ્છતા હો, તો જરુર સમય છે.

મહેશાભાઇએ કહ્યું- મારે જે વાત કરવી છે, એમાં આ બધી જ બાબતો સંકળાયેલી છે. એમાં ઈતિહાસની પુનરાવૃત્તિ પણ છે, તો થોડી સારી વાત અને ઘણી વૈરાગ્યપ્રેરક વાત પણ છે. મનની મુંઝવણ વ્યક્ત પણ કરવી છે, તો ઉચિત માર્ગદર્શન પણ મેળવવું છે.

મુનિરાજે કહ્યું - તો કરો વાત, ઈતિહાસના પુનરાવર્ત્તનનો ઈતિહાસ માંડો.

મહેશભાઈએ કહ્યું- પુનરાવર્ત્તન કંઇ બહુ સારું નથી.

મુનિરાજે કહ્યું- ઈતિહાસને પુનરાવર્ત્તનની કુટેવ પડી છે, સુટેવ ખાસ નથી પડી. પણ તમે વાત માંડો. ઈતિહાસના કયા પ્રસંગના પુનરાવર્ત્તનની વાત કરવી છે?

મહેશભાઈએ કહ્યું- ભગવાન મહાવીરસ્વામીના સમકાલીન શ્રેણિક-કોણિકના પાત્રોની પુનરાવૃત્તિ થતી અનુભવની.

મુનિરાજે કહ્યું- તમે માંડીને વાત કરો, જેથી પિક્ચર ક્લીઅર થાય.

મહેશભાઇ:- કોણિક પોતાને જન્મના આરંભે બચાવનાર અને જીવનભર પ્રેમ આપનાર પિતા શ્રેણિકને રાજસત્તાખાતર જેલમાં મોકલવામાં અને પરલોકભેગા થવામાં કારણભૂત બન્યો, બસ એવી જ કાં'ક વાત મારે આપને કરવી છે.

મુનિરાજે કહ્યું:- તો કરો વાત.

મહેશભાઈ:- આપ મારા પિતાજી ચીમનભાઇને તો ઓળખતા હશો..

મુનિરાજે- હા... ખૂબ જ ધર્મશ્રદ્ધાળુ અને પરિણત આત્મા હતા...

મહેશભાઇએ વેદનાભર્યા સ્વરે કહ્યું:- હા, મારા સિવાય બધા એમ જ માનતા હતા.

મુનિરાજ:- કેમ એમ કહો છો?

મહેશભાઇ- વ્યક્તિત્વની વિરાટતાનો અંદાજ દૂરથી જેટલો આવી શકે, તેટલો તદ્દન નજીકથી ન આવી શકે. અને ઘણી વખત તો એવું બને છે કે એ વ્યક્તિત્વની છાયામાં ઉછરેલાને પોતાની છાયા ગુમાવ્યાનો અફસોસ ઈર્ષ્યારૂપ બની જાય છે, જે પેલા મહાન વ્યક્તિત્વને સતત ડંખ દીધે

રાખે. મારા પિતાજીના મહાન વ્યક્તિત્વ સામે હું કાયમ વામણો પુરવાર થયો છું.. અને પુત્રપર સતત વહાલ વરસાવતા પિતા એ પુત્રની જ ઇર્ષ્યાના ભોગ બની ગયા. આ ઈર્ષ્યાના કારણે જ હું હમેશા મારા પિતાને ધાર્મિકતાનો આંચળો ઓઢી દંભ આચરનારા માનતો હતો. એમના વાત્સલ્યને પણ હું કુટિલ ચતુરાઈમાં જ ખતવતો.

મહેશભાઇની આંખમાં ઝળઝળિયા જોઇ ગમગીન બની મુનિરાજે પણ આ વાતપર પરદો પાડવાના આશયથી કહ્યું:- હશે! હવે તો પિતાજી ગયા.. એમની યાદ..

વચ્ચેથી જ મુનિરાજની વાત કાપતાં મહેશભાઈએ ધડાકો કર્યો - સાહેબ, પિતાજી ગયા નથી.

એકદમ આશ્ચર્ય અનુભવતાં મુનિરાજે કહ્યું- શું વાત કરો છો? મેં તો સાંભળ્યું હતું કે..

મહેશભાઇએ કહ્યું:- એ બધી સાંભળેલી વાત ખોટી.

મુનિરાજે કાં'ક મુંઝવણ, ગડમથલ અનુભવતા અને જીવતા ચીમનભાઈ માટે મરી ગયાની કલ્પનામાટે ક્ષોભ અનુભવતા કહ્યું- એમ ! મને તો એવા સમાચાર મળ્યા હતા કે ચીમનભાઇ બાથરૂમમાંથી બહાર નીકળતા પડી ગયા, અને ખૂબ લોહી વહી જવાથી તથા મગજની નસ ફાટી જવાથી મરી ગયા.

મહેશભાઈએ કહ્યું- એ પડી ગયા એ બરાબર છે, પણ મરી ગયા નથી.

મુનિરાજે પૂછ્યું - એમ ! તો બધાના મોઢે સાંભળેલી વાત ખોટી જ ને !

મહેશભાઈએ કહ્યું- બધા કહે એ સાચું કે હું કહું તે?

મુનિરાજ- એમાં સવાલ જ નથી. તમે એમના પુત્ર છો. એટલે તમે કહો તે જ બરાબર ગણાય. તો ચીમનભાઇ હાલ હોસ્પિટલમાં છે ?

મહેશભાઈ - ના !

મુનિરાજ- તો ઘરે જ છે ?

મહેશભાઇ- ના !

મુનિરાજ અકળાયા... ચીમનભાઇ મર્યા નથી, હોસ્પિટલમાં નથી, ઘરે નથી, તો છે ક્યાં?

મહેશભાઇ- આપ ગુંચવાયાને! બસ આમાં જ એક ગજબના અને ગમગીન બનાવી દે, તેવા ચકરાવાની વાત દટાયેલી છે.

મુનિરાજ- હવે ચકરાવાના ચગદોળમાં ફેરવી મને ગૂંચવવાનું છોડો, અને જે કંઇ સ્પષ્ટ હોય, તે કહો.

મહેશભાઇ- હા! એ જ વાત મારે કરવી છે. મારા પિતાજી બાથરૂમમાંથી નીકળતી વખતે પડી ગયા, એ વાત સાચી, અને એમની સ્મશાનયાત્રા પણ નીકળી ચૂકી છે, એ પણ સાચું જ છે.

મુનિરાજ- એ સાચું છે? તો હું ક્યારનો કહું છું કે બધાના મોઢે મેં સાંભળ્યુ છે કે ચીમનભાઇ મરી ગયા, ને તમે સ્પષ્ટ ના પાડી દીધી. આમ પૂર્વાપર વિરોધી-ઉંધી ચત્તી વાત કેમ કરો છો?

મહેશભાઈ- બસ, અહીં જ બીજાઓને મારે ખોટા કહેવા છે. કારણ કે ખરી અંદરની વાત હું જાણું છું..

પાછી ખરા-ખોટાની વાત આવવાથી અકળાયેલા મુનિરાજ- તમે અંદરની શી વિશેષ વાત જાણો છો? એક બાજૂ સ્મશાનયાત્રાની વાત કહેવી અને બીજી બાજૂ મરી ગયાની વાત ખોટી કહેવી, એમાં કંઇ ધડ-માથાનો મેળ મળતો નથી, જીવતા બાળી આવ્યા હો, તો પણ હવે બળી મરવાથી પણ મરી ગયા છે, છતાં તમે ના પાડો છો. તે એવું નથી ને કે 'મરી ગયા' કે 'ગયા' એવો શબ્દ વાપરવો તમને ગમતો નથી. રાજાએ ગામલોકોને મરવા પડેલો હાથી આપી સાચવવાની સૂચના આપી અને કહ્યું 'હાથી મરી ગયો' એવા સમાચાર આપશો, તો દંડ કરીશ. તેથી હાથી મરી જવા છતાં ગામડાના લોકો 'હાથી મરી ગયો' એમ સમાચાર આપતા નથી, પણ 'હાથી શ્વાસ લેતો નથી' 'હાથી ખાતો-પીતો નથી' 'હાથી ઢળી પડ્યો છે' વગેરે વગેરે સમાચાર આપે છે. ત્યારે રાજા પૂછે છે 'શું હાથી મરીગયો?' ત્યારે ગામલોકો કહે છે, 'એ આપ બોલો છો, અમે નહીં' આવી વાત તો નથી ને! અલબત્ત એમાં પણ 'મરી ગયો' એ વાત તો ખોટી ઠેરવાતી જ નથી. જ્યારે તમે તો સ્મશાનયાત્રાની વાત કર્યા પછી પણ મરી ગયાની વાતને ખોટી ઠેરવો છો ! 'તો શું પ્રભુપ્યારા થયા' 'સદ્ગત થયા' એમ કહીએ? મને તો એમ કહેવામાં કોઈ વાંધો નથી, કેમ કે હકીકત એ હકીકત છે. શબ્દો ફેરવવાથી તે બદલાતી નથી. તેથી શબ્દો ફેરવાઇ જાય એમાં મને વાંધો નથી.

મહેશભાઇ- આમ જૂઓ તો 'પ્રભુપ્યારા થયા' કે 'સદ્ગત થયા' એ શબ્દો મને વધુ પસંદ છે, કેમ કે તેઓનું જીવન જોતાં એ અવશ્ય સદ્ગતિગામી જ હશે. મરવામાં અને સદ્ગત થવામાં ઘણો ફરક છે. મરે તો ઢોર પણ છે, પણ સદ્ગત તો ઉત્તમ જીવન જીવનારો જ થાય. જીવનમાં જીવોને અને ધર્મને પ્યારો કરનારા જ પ્રભુપ્યારા થાય, બાકીના તો લાકડાપ્યારા કે પરમાધામીપ્યારા જ થાય. એ હિસાબે મારા પિતાજી પ્રભુપ્યારા થયા એમ કહી શકાય. વળી સતત ઘરમાં, ઘરની એક એક સામગ્રીમાં, મારા વિચારોમાં સતત પિતાજી જ દેખાયા કરતાં હોવાથી એમના ગયાનો ભાવ મારું મન ન સ્વીકારે તે પણ સહજ છે. પણ આપે જ્યારે અકળાઈને આટલી લાંબી વાત કરી, તો મારે આપને પૂછવું છે કે કોઇનું સહજ મોત આવે અને કો'કનું ખુન થાય, તો બંને ઠેકાણે 'મરી ગયા' એમ પ્રયોગ થઇ શકે ખરો?

મુનિરાજ- ના ! એક ઠેકાણે 'મરી ગયા' એમ કહેવાય, જ્યારે બીજે ઠેકાણે 'મારી નાંખ્યા' એમ કહેવાય. 'મરી ગયા' એમ કહેવામાં તો મારનારો નિર્દોષ જાહેર થાય, કેમ કે 'એ મરી ગયા' 'મેં માર્યા નથી' એમ સિદ્ધ થાય.

મહેશભાઇ- બરાબર! હવે ગાડી પાટે આવી રહી છે... માટે જ મારે બધાને ખોટા કહેવા છે.

મુનિરાજ- એટલે? એટલે તમારે શું એમ કહેવું છે કે ચીમનભાઇ મરી ગયા નથી, પણ તેમને મારી નાંખવામાં આવ્યા છે.

મહેશભાઇએ અત્યંત ખિન્ન અને ધીમા સ્વરે કહ્યું- હા, એમ જ.

મુનિરાજ ચોંકીને- શું એમ જ! તમે એમ કહેવા માંગો છો, કે ચીમનભાઇને કોઇએ મારી નાંખ્યા છે. અમને આ વાત બેસતી નથી, અમારી નજરમાં એવી કોઇ વ્યક્તિ ચઢતી નથી કે જે ચીમનભાઇને એટલા ખતરનાક શત્રુ માને કે જેથી માંરી નાંખવાની બુદ્ધિ જાગે.

મહેશભાઇ- એમનો સ્વભાવ જોતાં એમનો કોઇ શત્રુ હોય, એવો વિચાર પણ કોઇના મનમાં ન ઉઠે તે સહજ છે. એમનો બધા માટે કરી છૂટવાનો સ્વભાવ અને નિંદા કે વાદવિવાદને બાર ગાઉ દૂર રાખવાની ટેવ કોઇને શત્રુ જ ન બનવા દે એવા હતાં...

તો પછી કોણે તેમનું ખુન કર્યું..? અને તો તમે પણ જે સ્વીકારો છો કે બાથરૂમમાંથી નીકળતા પડી ગયા, એ વાત તો ખોટી જ ને !

મહેશભાઇ- એ વાત સાચી છે. મારવાની પદ્ધતિ અનેક પ્રકારની હોય છે, માત્ર ખુન જ નથી.

મુનિરાજ- તો?

મહેશભાઇ- માણસ પડી ગયો હોય, સખત લોહી વહેતું હોય, તે વખતે જોવા-જાણવા છતાં, અને તાત્કાલિક સારવારના ઉપાયોથી બચાવી શકાય એમ હોવા છતાં, જે હાથે કરી ઉપાયો કરે નહીં, કરવા દે નહીં અને એ ઘાયલ વ્યક્તિ યમરાજાનો કોળિયો બની જાય એવી પરિસ્થિતિ ઊભી કરે, તે પેલી મોતને ભેટેલી વ્યક્તિનો દુશ્મન ગણાય કે નહીં ? એ મારનારો મનાય કે નહીં?

મહારાજ- ચોક્કસ, એ હિતશત્રુ છે. અને મારનારો-હત્યારો ગણાય...

આટલું મહારાજે કહ્યું, ત્યાં તો મહેશભાઇએ રૂમાલથી મોં ઢાંકી દીધું અને બાળકની જેમ ફ્ફક-ફ્ફક રડવા માંડ્યા...

'મારાથી ઘા લાગે એવું શું બફાઇ ગયું?' એ ન સમજાતા અવઢવમાં અટવાયેલા મહારાજે મહેશભાઈને કયા શબ્દોમાં ઉષ્મા ભરી આશ્વાસન આપવું? તેની સૂઝ ન પડવાથી ભોંઠા પડી, સામે મોટી વ્યક્તિને રડતી જોઇ ખીસિયાણા પડી, અકળામણ અનુભવતા ચકળ-વકળ જોવા માંડ્યા...

કાં'ક ડચૂરો ઓછો થતાં રોતી આંખે અને ગદ્ગદ્ શબ્દોમાં મહેશભાઇએ કહ્યું... સા'બ!

મારા પિતાનો એ હિતશત્રુ અને હત્યારો હું જ છું! બીજોકોઇ નહીં....

આટલું કહેતાં કહેતા ફરી હૈયુ ભરાઇ જવાથી જાણે પોક મુકી હોય, તેમ રડી પડ્યા. મહારાજ સાવ બાઘા જેવા બની ગયા. નિરવ શાંતિ અને ઉદાસ વાતાવરણમાં મહેશભાઇનું રોવાનું મહારાજને શૂળની જેમ પીડી રહ્યું હતું. એમના આંસુની ઉષ્ણતા મહારાજને રીતસર દઝાડી રહી હતી... જાણે પોતે ખુન કર્યુ ન હોય, એવો ગ્લાનીભર્યો અપરાધભાવ ડંખ દેવા માંડ્યો...

થોડીવારે મનોબળ મક્કમ કરી મહેશભાઇએ દિલની દર્દભરી દાસ્તાન રજૂ કરતાં કહ્યું- સાહેબ! મોણ નાંખ્યા વિના કહું, તો પિતાજી મારી નજરસામે બાથરૂમમાંથી નીકળતાં વૃદ્ધાવસ્થાની અશક્તિના અને આંખે ઓછુ દેખાવાના કારણે ઠોકર ખાઇને પડ્યા. માથુ જમીનસાથે જોરથી ભટકાયું, લોહીની ધારા વહેવા માંડી, આ જોવા છતાં મેં કલાકો સુધી ન તો પિતાજીને લોહી નીંગળતી એ હાલતમાંથી ઊભા કર્યા, ન તો કોઇ ફર્સ્ટ એઇડ ટ્રીટમેન્ટ આપી, ન તો ડોક્ટરને બોલાવ્યા, ન તો ઘરની એક પણ વ્યક્તિને ડોક્ટર બોલાવવામાટે ફોન કરવા દીધો કે ફ્લેટની બહાર જવા દીધા. અને પછી જ્યારે રુદિયામાં વસતો રામ જાગ્યો ને પિતાજીને બચાવવા દોડધામ કરી, ત્યારે બાજી હાથમાં રહી નહોતી, ખેલ ખતમ થઇ ચૂક્યો હતો... મૃત્યુતરફ સરી ગયેલા પિતાજી પોતાનો અંતિમ શ્વાસ મારા ખોળામાં મુકી પરલોકગામી બની ગયા, અને હું અદશ્ય પિતૃહત્યારો બની ગયો. સાહેબ! પિતાજીનો એ અંતિમ શ્વાસ હવામાં જાણે પ્રસરી મારી ચોમેર વીંટળાઇ ગયો લાગે છે... તે દિ'થી હું એવી અવસ્થામાંથી પસાર થઇ રહ્યો છું કે મને જાણે એમ લાગે છે કે મારી દુર્ગતિ ચોંતરફથી મને ખેંચી રહી છે. બોલાવી રહી છે. આમંત્રણ આપી રહી છે... પિતાજીનું એ મોત મને દિવસે બેચેન બનાવે છે, રાતના સપનોમાં ભૂતના હલકારાની જેમ ડરાવી- ચીસ પડાવી દે છે. દૂધમાં પિતાનું લોહી દેખાય છે, ચા માં પિતાજીની મૂંગી ચીસની કડવાશ ભળેલી દેખાય છે, ઘર, ખુણો, ટી.વી., કપડા, વ્યક્તિ, વ્યક્તિના ચહેરા, બસ બધે જ પિતાજી ડોકિયા કરી રહ્યા છે. મારી સામે દાંત પીસી રહ્યા છે, અટ્ટહાસ્ય કરી મને ગભરાવી રહ્યા છે.. ક્યાંય ચેન નથી, કશું ગમતું નથી, કોઇની સાથે વાત કરવાનું ય મન થતું નથી.. ક્યાંક જતો રહું, ભાગી જાઉં, ઝેર પી લઉં, ટ્રેનનીચે કચડાઇ જાઉં, દરિયામાં કૂદી પડું એવા એવા ભયાનક વિચારોની અનંત વણઝાર મારા મનને બેબાકળું બનાવી દે છે, સ્ટ્રેસ, ડીપ્રેશન સહજ બની ગયા છે... સાહેબ શું કરું ? મને બચાવો ! મને શાંતિ આપો ! કંઇક કરો ગુરુમહારાજ... કંઇક કરો...

અને મહેશભાઇ ફરી આક્રંદ કરી બેઠા... હૈયાનો વલોપાત આંસુ બનીને આંખમાંથી ધોધ બની વહેવા માંડ્યો.

આખી વાત સાંભળી થીજી ગયેલા મહારાજને શું કહેવું ? કેવી રીતે આશ્વાસન આપવું? કેવી રીતે શાંત-સ્વસ્થ કરવા? કશું સૂઝ્યું નહીં... મહારાજ પણ ઘેરા મૌનમાં સરી પડ્યા... મહેશભાઇના હાર્દિક પશ્ચાતાપથી દયામણા બની ગયેલા ચહેરાના વિવિધ ભાવો નિરખતા મહારાજને

લાગ્યું- થવા કાળ થઇ ગયું, હવે આ માણસ સ્વર્ગથી ઉતરી આવેલી પશ્ચાત્તાપની પાવન ગંગામાં ડૂબકી લગાવી પવિત્ર થઇ રહ્યો છે, ત્યારે તિરસ્કારપાત્ર રહેતો નથી, પણ દયાપાત્ર, સહાનુભૂતિપાત્ર જ ઠરે છે.

થોડીક પળો એમ જ વહેવા દઇ થોડાક સ્વસ્થ બનેલા મહેશભાઇને મહારાજે કહ્યું- અલબત્ત આમ કેમ થયું? એ જાણવાનું મન મને થાય એ સહજ છે. પણ મારે તમારી દુઃખતી નસ દબાવવી નથી. મારી તત્કાલ સલાહ એ જ છે કે ઘર-પરિવાર-વગેરે બધાને છોડી કમ સે કમ એક સપ્તાહમાટે તમે કોઇ તીર્થસ્થાનમાં જતા રહો, શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના સાંનિધ્યમાં પહોંચી જાવ. ત્યાં દરેક ભગવાનની પૂજા કરવાની, ઓછામાં ઓછા પાંચ ભગવાનની અષ્ટપ્રકારી પૂજા કરવાની, સ્નાત્રપૂજા ભણાવવાની અને સાંજે આરતી/મંગલ દીવો ઉતારી જેટલા બને એટલા સ્તવનો ભગવાન આગળ લલકાર્યા કરવા. મનને પળની પણ ફૂરસદ આમાંથી ન મળે એ ખાસ જોજો. અને સૂવાનું રાખજો ત્યાં જે કોઇ સાધુમહાત્મા હોય, એમની પાસે-ઉપાશ્રયમાં. પછી આગળ વિચારીશું.

એ પછી લગભગ ૨-૩ દિવસ પછી એક વૃદ્ધ માજી અને યુવાન બેન આવ્યા. વંદન કરી બેઠા. પોતાની ઓળખાણ આપતા વૃદ્ધાએ કહ્યું- આપ પાસે મહેશ આવેલો ને! મહારાજે પૂછ્યું- કોણ ? શ્રી ચીમનભાઇના મહેશની વાત કરો છો? વૃદ્ધાએ કહ્યું- હા! એ મહેશની હું બા છું, અને આ એની ઘરવાળી છે.

એ દિવસનો પ્રસંગ મહારાજની નજરસામે તરવરવા માંડ્યો. મહારાજને લાગ્યું બોલવામાં ખૂબ ઉપયોગ રાખવો પડશે. ક્યાં'ક બફાઇ જાય નહીં.

ત્યાં માજી જ બોલ્યા- આપના સૂચનમુજબ મહેશ શંખેશ્વર ગયો છે. જતાં પહેલા મને આપસાથે થયેલી વાતો જણાવેલી. અને આપને મળવા કહ્યું હતું. તેથી ખાસ આવ્યા છીએ.

મહારાજે પૂછ્યું- મને મળવા માટે કહેવા પાછળ કોઇ ખાસ કારણ?

માજીએ કહ્યું- બની ગયેલા પ્રસંગથી મહેશનું આખું ચેતનાતંત્ર હતપ્રભ થયું છે, અને પોતાની ભૂલમાટે લાગેલા આઘાતનો ઘા હજી રુઝાતો નથી. એમાં પણ કોઇ પિતાનું નામ દે, કે પોતે જ એ બાબતમાં કશું કહેવા જાય, ત્યાં પોતાની ભૂલના આઘાતનો હુમલો આવે છે. દિલની વાત માત્ર રોઇને જ કહી શકે છે.. શબ્દો તો એમાં કયાંય તણાઇ જાય. તેથી આપ આગળ પણ પોતાની જિંદગીના પાના બરાબર ખોલી શક્યો નહીં. અને આપને 'મહેશે આમ કેમ કર્યું?' વગેરે અંગે મુંઝવતા યક્ષપ્રશ્નોનું સમાધાન મળ્યું નહીં. મહેશ પોતે દિલની વાત આપને બતાવવા સમર્થ નહીં થાય. તેથી જતી વખતે અમને મળી સિલસિલાબંધ હકીકતો જણાવવા કહેલું. તેથી આપને જણાવવા આવ્યા છીએ.

મહેશને આવું પગલું ભરવા તરફ દોરી જનાર કયું પ્રેરકબળ છે? તે જાણવા માટે અને એને ન્યાય મળે એ હેતુથી મહારાજે કહ્યું- જણાવવાયોગ્ય જણાવો.

વૃદ્ધાએ કહ્યું- સાહેબ ! શ્રેણિક-કોણિકના સંબંધમાં પૂર્વભવના સંસ્કારની વાત આવે છે ને !

મહારાજ- હા, કોણિક માસક્ષમણના પારણે માસક્ષમણ કરનારો તાપસ હતો. શ્રેણિક પૂર્વભવમાં પણ રાજા હતો. આ રાજાએ તાપસને દરેક પારણાવખતે પોતાને ત્યાં પધારવા આમંત્રણ આપ્યું હતું. તાપસે સ્વીકારેલું પણ ખરું. પણ રાજ્યના અન્ય અન્ય ઊભા થયેલા મહત્ત્વના કાર્યોમાં વ્યસ્ત રાજા દરેક વખતે આ વાત ભૂલી ગયા અને પારણું થયું નહીં. અંતે તાપસ રાજાપ્રત્યે ક્રોધ અને વેરના ભાવમાં મૃત્યુ પામ્યો. રાજાનો જીવ આ ભવમાં શ્રેણિકરાજા બન્યો અને તાપસનો જીવ એની જ પટ્ટરાણી ચેલ્લણાની કુક્ષિમાં આવ્યો. ત્યારથી જ પૂર્વના સંસ્કારના કારણે રાજાના આંતરડાનું માંસ ખાવાની ઇચ્છાવગેરે દ્વારા પોતાનો પિતાપ્રત્યે દ્વેષભાવ વ્યક્ત કરતો રહ્યો. છેવટસુધી વેરભાવ રહ્યો.

વૃદ્ધાએ પૂછ્યું- આ વેરભાવ જાય ખરો કે કાયમ રહે ?

મહારાજે કહ્યું- આમાં અનેકાંત છે. અતિ તીવ્રભાવે- ગાંઠ/નિદાનપૂર્વક જ્યારે વેરભાવ ઊભો થાય છે, ત્યારે તેની લાંબી પરંપરા ચાલે છે. ભવોભવ એ વેર બાંધનારના હાથ જેનીસાથે વેર બાંધ્યું હોય, તેના ખૂનથી ખરડાય છે. પછી ભલે તે-તે ભવમાં તે અત્યંત નીકટના સગપણની વ્યક્તિ બની હોય કે મહાપુરુષ બની હોય.

આ વેરભાવ બેમાંથી જે વેરમુક્ત હોય, પ્રાયઃ તેના મોક્ષગમન પછી જ અટકે છે. વેર રાખનાર વ્યક્તિ તો તે પછી પણ પ્રાયઃ અનંત સંસારમાં ભટકે છે. આપણા શાસ્ત્રોમાં એમાટે ગુણસેન અને અગ્નિશર્માની કથા આવે છે. એમાં અગ્નિશર્માએ ગુણસેનપ્રત્યે રાખેલો વેરભાવ નવ ભવસુધી ચાલ્યો. ગુણસેન સમરાદિત્ય કેવલી બની મોક્ષે ગયા પછી આ વેરપરંપરા અટકી. એક વખતનો મહાતપસ્વી સમતાભાવી અને ક્રોધ કરવામાટે દુનિયાની દૃષ્ટિથી સાચા કારણવાળો અગ્નિશર્મા આ વેરભાવથી અનંતસંસાર ભમશે.

કેટલાક વેરભાવ એવી તીવ્રતાવાળા ન હોય, તો બીજા જ ભવમાં વેરનો હિસાબ ચૂકતે કરતાં કે કર્યા પછી સાચી હકીકત જાણવા વગેરે કારણે પશ્ચાતાપ થાય, તો વેર રાખનાર વ્યક્તિ એ જ ભવમાં વેરભાવને મુકી દે છે. પછી એ પરંપરા આગળ ચાલતી નથી. જેમકે કોણિક ગર્ભમાંથી પિતા શ્રેણિક પ્રત્યે વેરભાવવાળો હતો. મોટો થયા પછી આ જ વેરભાવના પ્રતાપે શ્રેણિકને જેલમાં પૂર્યા. રોજના કોરડાના સો ફટકાનો માર મારવાનું રાખ્યું. પણ પછી માતા ચેલ્લણાદ્વારા પિતાજીનાં જન્મવખતથી માંડી હરવખતના પ્રેમભર્યા ઉપકારો જાણવા મળ્યા, અને છેવટે પણ રાજ્ય પોતાને

જ સોંપવાના હતા, કેમકે અભયકુમારે તો દીક્ષા લીધેલી. આ બધી સાચી હકીકત જાણી પશ્ચાતાપ થયો. પશ્ચાતાપના આંસુમાં વેરભાવની આગ બૂઝાઇ ગઇ.

તત્કાલ પિતાજીને જેલમુક્ત કરી કલંકમુક્ત થવા દોડ્યા. એ વાત જૂદી છે કે કોણિકના દોડતા આવવાની વાત જાણી ગેરસમજ થવાથી શ્રેણિકે પોતે જ વીંટીમાં રહેલું ઝેર ચૂસી દિકરાને પિતૃહત્યાના પાપથી બચાવવા આત્મહત્યા કરી લીધી. પછી તો કોણિકને પિતાજીના વિરહ-મોતનું એવું દુઃખ થયું કે પોતાની રાજધાની બદલી નાંખી. પણ તમે તો મહેશની વાત કહેવા આવેલા. એમાં કોણિક-શ્રેણિકની વાત કેમ યાદ કરી ?

વૃદ્ધાએ કહ્યું- અમને લાગે છે કે મહેશ અને તેના પિતાજીના સંબંધમાં પણ આ ઈતિહાસનું પુનરાવર્ત્તન થયું છે, અને એમાં ચેલ્લણાનો ભાગ ભજવવાનો ભાર મારે માથે આવેલો.

મહારાજે પૂછ્યું - કેવી રીતે તમે આમ કહો છો?

વૃદ્ધા :- મારો મહેશ એના પિતાને પહેલેથી જ ઘણો લાડકો હતો. લગ્નના ઘણા વખત પછી જન્મેલો ને એકનો એક. તેથી પ્રેમ ઘણો. મહેશને નાનપણમાં કફની પીડા ભયંકર હતી. એ આખી રાત રુએ, ત્યારે એના પિતાજી જ આખી રાત જાગી એને શાંત કરવા રમાડે. જૂદા-જૂદા ડોક્ટરોને બતાવવામાટે દિવસે દોડધામ કરે, એ માટે દુકાન-ખાવા-પીવાનું બધું ગૌણ કરે - જતું કરે. પણ કોણ જાણે તે વખતથી મહેશને બાપપર પ્રેમ નહીં. જ્યારે જ્યારે એના પિતા રમાડવા જાય, હાથમાં લે, ખોળામાં સુવાડે કે તેડી લે, ત્યારે અચૂક રોવાનું- હાથ-પગ પછાડવાનું ચાલુ કરી દે. અંતે મારા હાથમાં સોંપવો જ પડે. અને કોણ જાણે મારી પાસે આવે ને ડાહ્યો- ડમરો શાંત થઇ જાય. એ આઠ વર્ષનો થયો, ત્યારે કમળાની ભારે બિમારીમાં પટકાઇ પડેલો. ત્યારે લોહી ચઢાવવાની નોબત આવી ગયેલી. તે વખતે એના પિતાએ પોતાનું જીવન જોખમમાં મુકાઇ જાય, એટલી હદે લોહી આપેલું. છતાં એ જેમ જેમ મોટો થતો ગયો, તેમ-તેમ પિતાપ્રત્યે નફરત વધતી જ ગઇ.

અલબત્ત, એના પિતાનો ધાર્મિક સ્વભાવ હોવાથી મહેશને કોઇ ખોટી ટેવ ન પડી જાય, તેની કડકાઇપૂર્વકની તકેદારી જરૂર રાખે, પણ એ કંઇ નફરત પેદા કરાવી દે, એટલી હદે પહોંચેલી ન હતી.

વ્યાપારમાં એના પિતા કુશળ. ગજાવર કક્ષાના વેપારી. પુત્રને વેપારમાં કુશળ બનાવવા સાથે લીધો. એમાં વડની વિશાળ છાયામાં છોડની છાયા સમાઇ જાય, એમ પિતાના પ્રભાવ આગળ મહેશ ઢંકાઇ જતો. મહેશના અહંને આ ખટકતું.

તેથી એકવાર પિતાસાથે કલહ કરી પોતાનો ધંધો અલગ ચાલુ કર્યો. એમાં ફાવ્યો નહીં- નુકસાન ગયું. એના પિતાએ નુકસાન ભરપાઇ કર્યું- પણ મહેશને એમાં પણ ખરાબ લાગ્યું. 'પિતાની સાથે આટલા વરસ બગાડવાથી જ મને યોગ્ય અનુભવ ન મળ્યો, તેથી આ નુકસાન ગયું.

ને હવે આ નુકસાન ભરપાઇ કરી પિતાજી હંમેશા મને પોતાના દાબ હેઠળ રાખશે !'

આમ તો એ પિતાજીથી અલગ જ રહેવા ઇચ્છતો હતો. પણ મારાપર પ્રેમ અને એની સુશીલ પત્નીનો અલગ થવા સામે વિરોધ હોવાથી એ અલગ થઇ શક્યો નહીં. પણ વર્ષોથી પિતાજી સાથે અબોલા લઇ લીધેલા.

એકવાર એ એના પિતાજીની કાર લઇ કામે નીકળ્યો હશે, બ્રેક ફેલ ગઇ હશે, એની કાર ઝાડસાથે જોરથી અથડાઇ. એ મૂર્ચ્છિત થઇ ગયો. તત્કાલ હોસ્પિટલમાં દાખલ કર્યો. ડોક્ટરના રીપોર્ટમાં એની બંને કીડની ફાટી ગયાનો અહેવાલ આવ્યો. ત્યારે પુત્રપ્રેમથી પ્રેરાઇને એના પિતાએ પોતાની બે કીડનીમાંથી એક કીડની આપી દીધી. મહેશને તો આ વાતની ખબર પણ નહીં. સાજા થયા પછી એમ જ માને કે પિતાજીએ કારની બ્રેક ફેલ હતી, તે મને જણાવ્યું નહીં- તેથી અકસ્માત થયો, બાપા મને મરાવી નાંખવા માંગતા હતા....

મહારાજે વચ્ચે જ પૂછ્યું - પણ આ સાચી હકીકત જણાવી દેવી હતી ને !

વૃદ્ધા- મારી ઇચ્છા આ વાત જણાવવાની હતી જ. પણ એના પિતાજીએ સ્પષ્ટ ના પાડેલી. 'દીકરાને દીધું એ કંઇ દાન ન કહેવાય. અને આ વાત જાણી એ હંમેશા મને ઓશિયાળો રહે એ મને પસંદ નથી' એવો એમનો મત હતો. પછી તો મારા દીકરા- મહેશે બાપાપ્રત્યે દ્વેષ ઓર વધારી દીધો.

એમાં એને કોઇ મોટો ધંધો કરવો હશે. બે ત્રણ કરોડ રૂા.ની જરૂરત હતી. એના પિતાજી એ ધંધામાં હિંસા-આરંભ-સમારંભ વધુ હોવાથી અને નુકસાન જવાનું મોટું જોખમ હોવાથી એ ધંધાની વિરોધમાં હતાં. મહેશ બાપાસાથે સીધી વાત તો કરે નહીં, મારાદ્વારા વાતો ચલાવે- દબાણ વધારે.

એમાં અમારા આ ફ્લેટના ભાવ વધ્યા. લગભગ બે કરોડની કિંમત અંકાવા માંડી. મહેશે હવે નવી રમત આદરી. વારંવાર મારાદ્વારા એના પિતાપર દબાણ લાવવા માંડ્યો કે કાં તો આ ફ્લેટ વેંચી નાંખો- અથવા મારા-મહેશના નામપર કરી દો. એના પિતાએ કહ્યું 'આ ફ્લેટ વેંચી દઇ મૂર્ખામી કરવી નથી. વર્ષોથી આ ફ્લેટમાં રહીને જ ઊંચે આવ્યા છીએ. અને મારા મર્યા પછી મહેશનો જ થવાનો છે. પોતાના નામપર કરવાની ઉતાવળની શી જરૂરત છે !'

બસ સાહેબ ! આ મુદ્દો મારા પતિ- એના પિતાના મોતનું નિમિત્ત બની ગયો.

મહારાજે પૂછ્યું - કેવી રીતે? વૃદ્ધા-એક બાજૂ આ કચકચ રોજની ચાલે. બીજી બાજૂ વધતી ઉંમરના કારણે, એક જ કીડનીપર ભાર હોવાથી કીડની નબળી પડવાના કારણે અને તપ કરવાના કારણે એના પિતાજી શરીરથી નબળા પડતાં જતાં હતાં. એમાં થોડા દિવસ પૂર્વે બાથરૂમમાંથી નીકળતા ચક્કર આવવાથી લપસીને પડ્યા. ઉંબરો જોરથી વાગ્યો. લોહી નીકળવા માંડ્યું.

મહેશના મનમાં એ વખતે શેતાન પેઠો. 'બાપા જો આમને આમ મરી જાય, તો એક દુશ્મન ઓછો થાય, ને બે કરોડનો ફ્લેટ મારો થાય.' આવી ગણતરીથી ટાઢા પાણીએ ખસ કાઢવા- અને બાપાને માર્યાનું કલંક પણ ન આવે એમાટેનો પ્લાન ઘડી કાઢી- અમને બધાને સ્પષ્ટ ના પાડી દીધી- ખબરદાર કોઇએ બાપાને ઊભા કર્યા છે કે ડોક્ટરને બોલાવ્યા છે તો !

મેં સમજાવવાની ઘણી દલીલ કરી, પણ મહેશ માન્યો જ નહીં- એણે રીતસરની ધમકી જ આપી 'જો મેં કહ્યું એમ નહીં કરશો, તો બાપાને મારી નાખી હું આત્મહત્યા કરી લઇશ.'

એક બાજૂ એના પિતાજીના માથામાંથી લોહી વહી જઇ રહ્યું હતું. બી.પી. ડાઉન થતું જતું હતું - ને મહેશ કઠોર બનતો જતો હતો.

અંતે મેં લાલ આંખ કાઢી મહેશપર ફિટકાર વરસાવતાં કહ્યું- કપાતર! તારા જન્મથી અત્યારસુધી તારા બાપાએ કરેલા કોઇ ઉપકાર તને યાદ નથી. તને જીવાડવા જે બાપાએ પોતાના મોતની પરવા કર્યા વિના લોહી આપેલું, એ બાપનું લોહી વહી રહ્યું છે, ને તને કંઇ વેદનાય થતી નથી. અલ્યા મારી કુખે જન્મેલા કલંક! તું અકસ્માત કરી બેઠો ને તારી બંને કીડની ફાટી ગઇ, ત્યારે તને જીવાડવા પોતાની કીડની આપી દેનારા તારા બાપને મારીને તું કયા ભવમાં છુટીશ... મારી આ છેલ્લી વાત સાંભળી ચોંકેલા મહેશે પૂછ્યું - આ કીડનીની વાત શી છે ?

મેં તરત કબાટમાં અત્યારસુધી છુપાવેલા બધા રીપોર્ટો- રાજીખુશીથી કીડની દેવાની સંમતિ આપતો પત્રવગેરે બતાડ્યા. અને મહેશને આખો ભૂતકાળ યાદ કરાવ્યો.

મહેશના રુદિયામાં રામ વસ્યો. અત્યંત પસ્તાવા સાથે તરત ડોક્ટરને ફોન કર્યો. પોતે પિતાજીપાસે દોડી ગયો. પિતાજીનું મસ્તક પોતાના ખોળામાં લીધું. એના પિતાજી પણ જાણે છેલ્લે છેલ્લે દિકરાનો પ્રેમાળ ચહેરો જોઇને સંતોષ પામ્યા હોય, જીવતર સફળ થયું હોય, એમ એની સામું જોઇ સ્મિત ભર્યા ચહેરે.. છેલ્લો શ્વાસ લીધો. જીવનમાં કોઇના દુશ્મન નહીં બનેલા એના પિતાજીને છેવટે એટલો આનંદ થયો હશે કે હાશ ! આ એક જ મને દુશ્મન માનતો હતો, એ પણ હવે મને દુશ્મન નથી માનતો- હવે હું અજાતશત્રુ બન્યો.. હવે પરલોક જવામાં વાંધો નથી... ડૉક્ટર આવ્યા.. ત્યારે છેલ્લા શ્વાસ ચાલતા હતા...

મહારાજે પૂછ્યું - પણ આટલો વિલંબ કરવાની નોંધ ડોક્ટરે લીધી નહીં હોય ? આ માટે ગુનામાં ન આવે?

વૃદ્ધા- ડૉક્ટર ફેમીલી છે. તેણે તો રીપોર્ટ લખી આપ્યો કે ચક્કર આવવાથી માથામાં લાગેલી ચોટના કારણે માથાની નસ ફાટી જવાથી મૃત્યુ થયું છે.

અને ડોક્ટર સામે જોઇ મહેશના પિતાએ પણ છેલ્લા ડચકા ખાતા ખાતા કહ્યું- ડોક્ટર સા'બ! મારી વૃદ્ધાવસ્થા- નબળાઇ આદિના કારણે મોત થયું છે- એમ જ રીપોર્ટ લખજો. મારા મહેશને કે

ઘરની કોઇ વ્યક્તિને મારા મોતનિમિત્તે કોઇ સરકારી પરેશાની ન થાય, તે જોજો. નહીંતર જીવનભર કોઇને નહીં નડનારો હું, મારા મોતદ્વારા ઘરની વ્યક્તિને નડનારો બનીશ- મારું મોત કલંકિત થશે. આટલું બોલીને નવકાર ગણતાં ગણતાં પરલોકવાસી બન્યા.

પણ પ્રશ્ન મહેશનો આવ્યો. મરતા બાપની પણ છેવટસુધી પોતાના પ્રત્યેની લાગણીથી આર્દ્ર બનેલો મહેશ પોતાને ખુની ઠેરવવાની જીદ લઇને બેઠો. માંડ માંડ મારે વાત વાળવી પડી. 'અલ્યા જિંદગીભર તો બાપની ઇચ્છાવિરુદ્ધ વર્ત્યો. હવે પણ આ જ કરીને બાપનું મોત કલંકિત કરવું છે?' ઇત્યાદિ કહી અને આત્મહત્યાની ધમકી આપી એની જીદ છોડાવી તો ખરી- ને બધી વાતની પતાવટ તો થઇ. પણ હવે તેની હાલત આપે જોઇને- ભારે થઇ છે. પિતાપરનો વેરભાવ ભવોભવ ચાલવાને બદલે અહીં જ અટકી ગયો તે આનંદની વાત છે. પણ હવે મહેશની હાલત જોવાતી નથી.

મહારાજે કહ્યું- કોણિકે આવી પરિસ્થિતિમાં જ્યાં પિતાજીની યાદ આવતી હતી, તે મહેલ-નગર બધું છોડી બીજે નગર વસાવ્રેલું. મહેશમાટે આવું કાંઇક કરો.

વૃદ્ધા વહૂ સાથે ગયા.

સાત દિવસ પછી મહેશભાઇ આવ્યા. કાંક સ્વસ્થ દેખાયા.

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ ભગવાનના સાંનિધ્યથી દિલને મળેલી શાંતિનું વર્ણન કરી, હવે શું કરવું ? સલાહ માંગી.

મહારાજે કહ્યું- આ ફ્લેટ કાઢી નાંખો, કેમકે એ તમને સતત ગમખ્વાર પ્રસંગની યાદ અપાવશે. ફ્લેટની રકમ અંગતખર્ચમાં વાપરવી નહીં, કેમ કે એમાં પિતાના મોતની અનુમોદના ભળી ગણાશે. તીર્થસ્થાનોમાં, સાતક્ષેત્ર-જીવદયા-અનુકંપામાં વાપરશો, તો પિતાએ ઉપાર્જેલી હોવાથી ભગિની ગણાતી સંપત્તિનું ગૌરવ વધશે, સદ્ગત આત્માના ઉપકારોની કૃતજ્ઞતા વ્યક્ત થશે, અને પુત્રધર્મ બજાવ્યો ગણાશે.

મહેશભાઇએ શાંતિથી વાત સાંભળી.

ખરેખર ! મહેશભાઇએ થોડા દિવસોમાં જ ફ્લેટ વેંચી નાંખ્યો. આવેલી લગભગ ૨ – ૩ કરોડ જેટલી રકમ પિતાના નામે શુભમાર્ગે વાપરી કાઢી. નાના ફ્લેટમાં રહેવા ગયો. દર મહીને પિતાની મૃત્યુતિથીએ ઉપવાસ ચાલુ કર્યા. પિતાજીના મોતનું નિમિત્ત બનવામાં લોભ કારણ હતો, માટે પરિગ્રહ પરિમાણ તો લીધું જ, ત્રણ જોડથી વધુ કપડા નહીં રાખવા ને, ભોજનમાં પાંચ દ્રવ્યથી વધુ દ્રવ્ય નહીં વાપરવાનાં સંકલ્પ સાથે એવો નિર્ણય કર્યો કે ક્યારે ય પોતાની કાર વસાવવી નહીં.

પશ્ચાતાપની સ્વર્ગીયગંગામાં ડૂબકી લગાવી પવિત્ર થયેલા મહેશભાઇએ કે જે પહેલા ધર્મની સૂગવાળા હતા, એમને પિતાના બધા જ ધર્મો સવાયા ચાલુ કરી દીધા. એનો તર્ક હતો, શાપિત સંપત્તિના વારસા માટે પિતાના મોતથી ખરડાયેલા મારા આત્માની શુદ્ધિ ધર્મસંસ્કારનો

વારસો સવાયો જાળવી લેવાથી જ શક્ય બનશે!

ચીમનભાઈએ પિતૃભાવે કરેલા ઉપકારો અને રાખેલા ક્ષમાભાવે ઇર્ષ્યાથી ખારાપાટ થઇ ગયેલા મહેશભાઇની જીવન ભૂમિને સુસંસ્કારોથી બાગ-બાગ બનાવી દીધી.

ચીમનભાઇએ પુત્રપ્રત્યે સાધર્મિકની ગણત્રીથી રાખેલા ધર્મથી રંગાયેલા સ્નેહભાવનો અને 'જીવ કદી અપરાધી હોય જ નહીં, અપરાધી તો પોતે કરેલા કર્મો જ છે' આવી વિચારધારાથી જીવમાત્રપર ધારી રાખવા યોગ્ય ક્ષમાભાવનો અને અપરાધી દેખાતા પુત્રપર વિશેષતયા રાખેલા ઉપશમભાવનો અંતે પડેલો આ ઉત્તમ પડઘો આપણને ક્ષમાભાવ અને ઉપશમભાવપર છેવટસુધી શ્રદ્ધા ટકાવી રાખવાનું પ્રેરકબળ બની શકે છે. શ્રેણિકનો હોય કે ચીમનભાઇનો હોય, રાખેલો પ્રેમમય ક્ષમાભાવ જ અંતે વેરાગ્નિમાં બળતાં કોણિક કે મહેશભાઇ જેવાને મૈત્રીભાવના શીતળતાદાયક અમૃતકુંડમાં પહોંચાડી શકે છે.




ચંદુભાઈ અને રમેશ બંને સગા ભાઈ હતા. અલબત્ત, બંનેની ઉંમરમાં ૧૦ વર્ષનું અંતર હતુ. ચંદુભાઈ કાબેલ વેપારી માણસ હતા. કુશલ વેપારીમાં જે ગુણો હોવા જોઈએ તે બધા ગુણો તેમનામાં હતા. હાર્ડવેર (મશીનરીના સામાન) નો ધંધો હતો. ચંદુભાઈ મોટા વેપારીને સમજાવવામાં અને ગ્રાહકોને ખુશ કરવામાં પાવરધા હતા. લેણદારને વાયદો આપીને ખાલી હાથે રવાના કરવામાં અને દેવાદાર પાસેથી કોઈ પણ રીતે નાણા-રોકડાં કઢાવવામાં ચતુર હતા. પરિશ્રમી અને વ્યવહારજ્ઞ હતા. બજારની રુખને પારખવામાં અજોડ હતા. પવનને અનુકૂળ પાઘડી ફેરવવાની અનોખી કળા

હસ્તગત કરી હતી. પંદર વરસ પહેલાં પરલોકવાસી થવાના સમયે પિતાજીએ સોંપેલી પેઢીનો કારભાર ચંદુભાઈની કુનેહથી હજારોથી લાખોપર પહોંચી ગયો હતો. બજારમાં આ પેઢીની પ્રતિષ્ઠા પણ સારી હતી.

ભાઈનો સંબંધ હોવાથી અને પિતાજીને આપેલા વચનને ખાતર રમેશનો પણ પેઢીમાં અડધો ભાગ રાખ્યો હતો. પરંતુ રમેશને માથે કોઈ જવાબદારી નહોતી. રમેશે પોતાની ઈચ્છામુજબ અભ્યાસ કર્યો. ચંદુભાઈએ જ યોગ્ય કન્યાસાથે રમેશના લગ્ન કરવાનો ભાર પણ નિભાવ્યો. રમેશ પણ મોટાભાઈને પિતાતુલ્ય માનીને જ વ્યવહાર કરતો હતો. ક્યારે'ય ''આજ્ઞાલોપ'' નો પ્રસંગ આવવા દેતો નહી. ભાઈની સામે ક્યારે'ય આંખ ઊંચી કરીને વાત કરતો નહીં. વ્યાપારમાં અનુભવ પણ નહી અને કુશળતા પણ ઓછી. હા, ભાઈનું સોંપેલું કામ જરૂરથી પોતાની રીતે કરી લેતો હતો. ક્યારેય પણ હિસાબની પણ પરવા કરતો નહી. એક વાત દિલમાં બેસાડી દીધી હતી કે – જ્યાં પ્રેમ છે, ત્યાં વિશ્વાસનું વાતાવરણ ખુશનુમા રહે છે. અને જ્યાં વિશ્વાસની હવા પ્રસન્નતાની સુવાસથી હૃદયને ભરી દે છે. ત્યાં હિસાબ રાખવાની દુર્ગંધનું નામ પણ નથી રહેતું, કેમકે હિસાબ રાખવાનો એક વિચાર પણ વિશ્વાસ – પ્રેમનો અભાવ અથવા ઓછાશ હોય, તો જ સંભવે.

ચંદુભાઈ પણ ઉદારદિલ હતા. ક્યારેય ''રમેશ કેટલું કામ કરે છે ? પોતાના અંગત ખર્ચમાટે કેટલા રૂપિયા ઉપાડે છે ?'' એ વાતોનો હિસાબ નહોતા રાખતા. કેમ કે એવું ગણિત ગરજની શેતાનિયતભરી પેદાશ છે. જ્યારે પ્રેમ હૃદયની પવિત્ર ઉપજ છે. સંબંધોનું ખેતર જ્યારે હૃદયરૂપી પાતાળકૂવાની સાથે જોડાયેલું હોય છે, ત્યારે ભાવુક્તારૂપી પાણીનો પ્રવાહ સતત વહેતો રહે છે, જે આ ખેતરને હંમેશા લીલું રાખે છે.

રમેશ પણ ક્યારેક ક્યારેક સબહુમાન ચંદુભાઈને મળતી સફળતાની ચાવી પૂછતો. ત્યારે ચંદુભાઈ પણ પોતાની લાક્ષણિકમુદ્રાથી કહેતા ''જો રમેશ! વેપારમાં સફળ બનવા માટે બે ગુણ હોવા જોઈએ. (૧) પ્રમાણિકતા (૨) હોંશિયારી."

રમેશ – પ્રમાણિકતા કોને કહેવાય ?

ચંદુભાઈ – જે પણ કહ્યું હોય – વચન આપ્યું હોય, એનું પાલન કરવું તે પ્રમાણિકતા છે.

રમેશ – સારું. અને હોંશિયારી એટલે ?

ચંદુભાઈ – કોઈને ક્યારેય વચન જ ન આપવું તે હોંશિયારી છે. અને ચંદુભાઈની આ ફિલોસોફીથી રમેશ પણ ખુશ થઈ જતો.

વ્યાપારનો વિકાસ અને બંને ભાઈનો પરસ્પર પ્રેમ કોઈના પણ દિલમાં ઈર્ષ્યા પેદા કરવા માટે સક્ષમ હતા. પરંતુ ઈર્ષ્યા બીજા કોઈને થવાને બદલે ખુદ કલિકાલને જ થઈ ગઈ. સતયુગમાં થયેલા રામ-લક્ષ્મણનો ભ્રાતૃભાવ આ કાલમાં પોતાનો પગ જમાવી દે એમાં કલિકાલને પોતાના

પ્રભાવની ખામી જણાવા લાગી. કદાચ આ બેના ભ્રાતૃભાવનો આધાર લઈને મારી જગ્યા સતયુગ લઈ લેશે. સમજો કે, એ જ ડરથી કલિકાલે પોતાની જાલ પાથરવી શરૂ કરી.

ધીમે ધીમે ચંદુભાઈને પોતાની બુદ્ધિ, પોતાનો પુરુષાર્થ – પોતાની સફળતાનો નશો ચઢવો શરૂ થયો. દરેક બાજુથી મળતી પ્રશંસારૂપી પાણીના અતિરેકથી બુદ્ધિમાં સડો થયો, સડેલી દ્રાક્ષમાં આલ્કોહોલિકતત્વનું પ્રમાણ વધારે રહે છે. જેનાથી નશો ચઢે છે. તેવી રીતે સડેલી બુદ્ધિમાં વિકૃત કલ્પનાઓનું તત્વ વધારે રહે છે. જેનાથી અહંનો નશો ચઢે છે. વળી, જેમ દારુડિયાને દૂધ કરતાં સ્મૉક (ધુમાડો) વધુ પસંદ હોય છે. એવી રીતે સડેલી બુદ્ધિને પ્રેમના દૂધની જગ્યાએ દ્વેષનો ધૂમાડો કાઢવો વધુ ગમે છે.

ચંદુભાઈને જેમ જેમ બુદ્ધિનો નશો ચઢવા લાગ્યો, તેમ તેમ રમેશ પર પ્રેમ ઘટવા લાગ્યો. હવે વાત-વાતમાં 'રમેશ ભૂલ કરે છે.' એવી કલ્પના ઉઠવા લાગી. ગુણદૃષ્ટિમાટે પ્રેમની ઉષ્મા જરૂરી છે. જ્યારે પ્રેમની ઉષ્મા ઘટવા લાગે ત્યારે ગુણદૃષ્ટિનો છોડ મુરઝાઇ જાય છે, અને દ્વેષપ્રેરિત દોષદૃષ્ટિનો છોડ વિકસ્વર થવા લાગે છે.

'વેપારનો વિકાસ અને સારી આવક પોતાની જ બુદ્ધિ અને પરિશ્રમની પેદાશ છે', એવી માન્યતાએ ચંદુભાઇના મગજરૂપી મેદાનમાં પોતાનું ઘર બનાવવું શરૂ કર્યું. જેમ બિનકાયદેસર ઘર બનાવનારો પહેલાં કાચું ઘર બનાવે છે. પછી જ્યારે બરાબર પગદંડો જમાવે અને આ ઘરને તોડનારો કોઈ ન મળે, ત્યારે પાકું ઘર બનાવે છે. એવી રીતે ખોટી ધારણા મગજમાં પહેલાં કાચા રૂપમાં દાખલ થાય છે. પછી જ્યારે ખોટી ધારણાને દૂર કરવાનો પ્રયાસ નથી થતો, ત્યારે તે દઢતાનો રંગ પકડે છે. રમેશપ્રત્યેની ચંદુભાઈની ખોટી ધારણાએ ધીમે ધીમે ચંદુભાઈના મગજમાં ઘર બનાવવાનું શરૂ કર્યું.

આજસુધી ચંદુભાઈ-રમેશનો સંબંધ હાર્દિક હતો. ચંદુભાઈની બુદ્ધિપર હૃદયનો પ્રભાવ હતો. આથી બુદ્ધિ પણ નિર્મળ હતી. પ્રેમ પણ પવિત્ર હતો. અને નિઃસ્વાર્થભાવના પણ પ્રબળ હતી. હવે ખોટી ધારણાથી વિકૃત મગજને કારણે બુદ્ધિ ભ્રષ્ટ થઈ અને ભ્રષ્ટ બુદ્ધિએ હાર્દિકભાવુકતા ઉપર પોતાનો રંગ ફેલાવ્યો. આથી પ્રેમભાવ કરમાવા લાગ્યો, સ્વાર્થની રમત શરૂ થઈ. ''મેં આજ સુધી આને માટે ઘણું કર્યું. એણે મારા માટે શું કર્યુ ?'' વગેરે તુચ્છ ગણિતનો વર્ગ ચાલુ થયો. હૃદયની વિશાળતા માણસને પરોપકારી તેમજ નિઃસ્વાર્થ બનાવે છે. અને બુદ્ધિની તીક્ષ્ણતા માણસને ઉદરંભરી અને સ્વાર્થી બનાવે છે.

હવે ચંદુભાઈને રમેશ મૂરખ, યોગ્યતાહીન અને ફૂવડ લાગે છે. ચંદુભાઈના મગજરૂપી Calculator - એ હિસાબ કરીને બતાવ્યું કે રમેશ મહાસ્વાર્થી છે. જે થોડું કામ કરીને વધારે ભાગ લે છે.

એટલામાં એકવખત, કાકતાલીય ન્યાયથી જ સમજો, રમેશથી થોડી ગફલત થઈ ગઈ. સામાન્ય રીતે ચંદુભાઈ એવી ગફલતને નજરમાં લેતા પણ નહોતા. પરંતુ, હવે ચંદુભાઈની દૃષ્ટિ સૂક્ષ્મદર્શક (Microscop) જેવી થઈ ગઈ હતી. આથી આ ભૂલને મોટું સ્વરૂપ આપી દીધું. અને એક ભયાનક ચિત્ર ઘડી નાખ્યું. કલ્પનાઓ અને વિચારોની પરંપરાએ તેમાં નવા - નવા રંગ પૂરવાનું કામ કર્યું. પોતાના ચાર પુત્રોના ભવિષ્યની ચિન્તાજનિત સ્વાર્થે આ ચિત્રને આખરી સ્પર્શ આપ્યો. અને રમેશને પૂછ્યું ત્યારે રમેશે હંમેશાની જેમ ગંભીર બન્યા વિના આપેલા જવાબે આની કાળી બોર્ડર બનવાનું કામ કર્યું.

ચંદુભાઈના મનમાં લાગી ગયું કે - આ રમેશ મારી બુદ્ધિ અને મારા પુરુષાર્થથી થયેલી વેપારની જમાવટનો ખોટો લાભ ઉઠાવીને બુદ્ધિનો બળદ બની ગયો છે. અને ભાર મારે એકલાને ઉઠાવવો પડે છે. વ્યાપાર મેં ઊભો કર્યો, જમાવટ મેં કરી. આટલો નફો થાય છે મારી કાબેલતાથી. રમેશે શું ભોગ આપ્યો ? નથી વેપારની કલા, નથી કામ કરવાની પદ્ધતિ, બસ એક ભેંસની જેમ પડી રહેવાનું અને ખાઈ - પીને મઝા કરતાં આવડે છે. ઉપરથી આ મૂરખનો સરદાર ઉલટ-સૂલટ કરીને મને પણ નુકસાનના ખાડામાં ઉતારી રહ્યો છે. જો આમ જ ચાલ્યા કરશે, તો વેપાર કેવી રીતે ચાલશે ? મારી તો જમાવેલી પેઢી જ ડૂબી જશે. પછી મારા બાળકોનું શું થશે ? પિતાજીને વચન આપ્યું હતું એટલે ઠીક છે આજ સુધી નભાવ્યું. પરંતુ હવે ક્યાં સુધી નભાવવું ? હવે એણે પણ પોતાનો ભાર ઉઠાવવો જોઈએ. પોતાના પગ પર ઊભા રહેવું જોઈએ. મેં કાંઈ જીવનભર નભાવવાનો ખતપત્ર તો નથી લખી આપ્યો ને ? અને આ નાલાયક પણ કેવો છે કે જેમ જેમ નરમ થઈ જવા દઈએ છીએ તેમ તેમ માથે ચઢે છે, હવે તો તેને તેનું કદ બતાવવું જ પડશે. ત્યારે જ તેને અક્કલ આવશે અને પોતાની જવાબદારી સમજશે. (આ આખી સ્વાર્થમય વિચારધારા વિચારવા જેવી છે.)

ચંદુભાઈએ પોતાના મગજની ખાતાવહીમાં પોતાના અને રમેશના જમા-ઉધારનો હિસાબ રાખવો શરૂ કર્યો. રમેશે વેપારાદિમાં કેટલો ભોગ આપ્યો ? અને આ ભોગની બરોબરીમાં રમેશને કેટલું મળવું જોઈએ ? બસ, ગુણાકાર - ભાગાકારનું ગણિત શરૂ થયું. જે થોડો ઘણો પ્રેમ રહ્યો હતો, તે ગુણાકાર તરફ લઈ જતો. અને ન્યાય - અન્યાયના વિચારથી સ્વાર્થી બનેલી બુદ્ધિ ભાગાકાર તરફ લઈ જતી. વિચારની નૌકાને, બંને બાજુ તરફ હલકારી પછી એક નિશ્ચયના કિનારાપર સ્થિર કરી. કાલથી વેપારમાં રમેશનો ચોથો ભાગ રહેશે.

ચંદુભાઈ માત્ર વિચારશીલ નહોતા. જે વિચાર મગજમાં બેસી જાય તે વિચારને તરત જ અમલમાં મુકનારા પણ હતાં. આજ સુધી બીજા લોકો ચંદુભાઈની સલાહ લેવા આવતા હતા. આથી આજે ચંદુભાઈ બીજા હિતચિંતકોની સલાહ લેવા જાય તે સંભવિત જ નહોતું. કેમકે તેમાં ચંદુભાઈનો અહં ઘવાતો હતો. અને જ્યારે મગજે પોતાના ફાયદામાં વિચારી જ લીધુ હતું, પછી

બીજાની સલાહ લેવાની જરૂર જ ક્યાં હતી ?

માણસ જ્યારે પોતાના ફાયદાની વાત, પોતાના ન્યાયની વાતનો જાતે નિર્ણય નથી કરી શકતો, ત્યારે જ બીજાની સલાહ લેવાનું વિચારે છે. પોતાની સાથેના વ્યવહારમાં બીજાને લાભ કેવી રીતે થાય ? બીજાને પોતાના વ્યવહારથી અન્યાય તો ક્યાંય નથી થઈ રહ્યો ને ? આ આશયથી બીજાની સલાહ લેનારા કેટલા ? ચંદુભાઈએ પણ આ વિષયમાં કોઈની સલાહ લેવી યોગ્ય ન માની. કદાચ બીજાએ રમેશના પક્ષમાં કાંઈ કહી દીધું તો ?

ચંદુભાઈએ બીજા જ દિવસે સવારથી પોતાના નિર્ણયની ભૂમિકા બનાવવાની શરૂ કરી દીધી. રોજના પોતાના સમયમુજબ આવેલો રમેશ 'રોજ મોડો આવે છે' એવું નિમિત્ત શોધી કાઢ્યું. અને ચંદુભાઈએ રમેશને સપાટામાં લીધો. જેટલી પણ દુર્ભાવની એસીડીટી (બળતરા) થયેલી તે બધી વાણીરૂપી વોમિટદ્વારા વમી નાખી. બે-ત્રણ કલાકની વાગ્ધારાથી રમેશ હતપ્રભ થઈ ગયો. પહેલાં જે જે પણ પ્રસંગો એવા બન્યા હોય, તે બધાની યાદ અપાવીને ચંદુભાઈએ સાબિત કરી આપ્યું કે પોતે રમેશને માટે આજ સુધી ઘણું કર્યું. અને કદરહીન રમેશે પોતાની મૂર્ખતા અને બેદરકારીથી બદલામાં પોતાને આજ સુધી કેટલું નુકસાન પહોંચાડ્યું !

રોજ ભાઈ તરફથી શેરડીનો રસ મળતો હતો. આજે લીમડાનો રસ..... આથી દિગ્મૂઢ બનેલો રમેશ નીચું મોં રાખીને ચૂપચાપ બધું સાંભળી રહ્યો હતો. ક્યારે પણ મોટાભાઈની મર્યાદા તોડી ન હતી. આથી રમેશે સામો જવાબ ન આપ્યો. પોતાનો બચાવ સુદ્ધાં ન કર્યો. મોટાભાઈએ આપેલા આ ઠપકાને પોતે સ્વીકારી લે છે, એવા ભાવથી માથું નીચું રાખી ઊભો રહ્યો. પરંતુ આથી તો ચંદુભાઈનું મગજ વધારે ગરમ થયું. ચંદુભાઈ રમેશને નુકસાન પહોંચાડવા ઈચ્છતા હતા. આથી મનમાં ધારણા હતી કે

''હું જ્યારે રમેશને ખરુ-ખોટું સંભળાવીશ, ત્યારે રમેશ પોતાના બચાવમાં કાંઈક કહેશે, ત્યારે મને એને ઝૂડવાનો વધારે અવસર મળશે, ત્યારે તે ગરમ થઈ જઈને ઉલટ-સૂલટ બોલશે અથવા આવેશમાં આડુઅવળું કરી બેસશે, જેને નિમિત્ત બનાવીને હું કહી દઈશ ''હરામખોર ! તું તારા મગજમાં શું સમજે છે ? હું જેટલી નરમાશ રાખું છું, તું એટલો માથે ચઢે છે. હવે જો આ પેઢીમાં રહેવું હશે તો ચાર આનીથી વધારે ભાગ નહી મળશે.'' અને મારું કામ થઈ જશે.

ચંદુભાઈની આ કલ્પનાને રમેશભાઈના મૌને ઝાટકો લગાવ્યો. આવેશમાં આવેલો માણસ આમ પણ પાગલ તો બની જ ગયો હોય છે. તેમાં પણ જ્યારે પોતાની કલ્પના સાકાર નથી થતી, ત્યારે વધારે ધૂંધવાઈ જાય છે. આવેશમાં પાગલ બનેલી વ્યક્તિને સંભાળવી મુશ્કેલ છે. કદાચ સામો જવાબ મળે, તો સંભળાવશે. - ''હરામખોર ! એક તો ભૂલ કરે છે અને ભૂલ બતાવીએ છીએ તો સામો જવાબ આપે છે.'' અને જો જવાબ ન આપે તો ધૂંધવાઈને ચંદુભાઈની જેમ રાડ પાડશે - ''હું આટલું કહું છું છતાં સાંભળતો નથી, અને જવાબ પણ નથી આપતો. જાણે મારી કાંઈ

કિંમત જ નથી. આને તો કાંઈ પણ કહો, પત્થર પર પાણી.....''

અને ત્યારે પોતાના મૌનનો મોટાભાઈ જૂદો અર્થ તારવે છે, એમ લાગવાથી જ્યારે રમેશે મોટાભાઈના ઉપકારનો સ્વીકાર કરી પોતાની ભૂલ સ્વીકારી, ત્યારે પોતાની જીતપર મુસ્તાક બનેલા ચંદુભાઈએ અવાજ મોટો કરી સંભળાવ્યું – મને આટલો ડૂબાડી દીધો, હવે ભૂલ સ્વીકારવાનો ઢોંગ કરે છે. આજ સુધી મારો ઉપકાર યાદ ન આવ્યો, હવે મારા કહેવાથી યાદ આવે છે, તેમાં તારા દિલની વાત ક્યાં છે ?'' રમેશ મુંઝવણમાં પડ્યો, હવે શું કરું ? મૌન રહેવામાં, જવાબ આપવામાં, માફી માંગવામાં કે ત્યાંથી ચાલ્યા જવામાં મોટાભાઈની નારાજગી સ્પષ્ટ હતી.

આવેશમાં આવેલી વ્યક્તિ આગળ-પાછળનું ખરું-ખોટું યાદ કરી-કરાવી બેફામ આક્ષેપબાજી કરે – તે વખતે (૧) મૌન રહો તો 'હું કહું છું અને આ સાંભળતો જ નથી. હરફ ઉચ્ચારવા જેટલી ય પડી નથી. બીજા કાનેથી બધું કાઢી નાંખે છે – બહેરો છે' વગેરે સાંભળવા મળે. (૨) સ્વબચાવમાં કાંઇ કહેશો તો 'એક તો ભૂલ સ્વીકારતો નથી ને સામો જવાબ આપે છે' એવો ઠપકો મળશે. (૩) ભૂલ સ્વીકારી – માફી માંગશો તો 'અત્યાર સુધી ભાન ન હતું, હવે કહ્યું એટલે માફી માંગવાનો ઢોંગ કરે છે. મને ખાડામાં ઉતારી હવે માફી માંગવા નીકળ્યો છે.' એવો ટોણો સાંભળવો પડશે. (૪) ત્યાંથી ખસી જવા જશો તો 'જોયું લાટસાહેબને જરા'ય કડવું સાંભળવું ગમતું નથી. જાતે સુધરવું નથી, ને સુધારવા કડવું કહીએ તો સાંભળવાની ત્રેવડ નથી.' એવો કટાક્ષ સહેવાનો આવશે.

મોટાભાઈએ ચાર આની ભાગ કરી દીધો તો રમેશે વિરોધ કર્યા વિના સ્વીકારી લીધો. ઘરમાં પત્નીની નારાજગી અને ફરિયાદને મોટાભાઈનો ઉપકાર, પોતાની ભૂલ, સામે બોલવાની પોતાની નાહિમ્મત અને ભાગ્યની રમતનું વર્ણન કરીને દૂર કરી.

ચંદુભાઈએ પોતાની બુદ્ધિને ધન્યવાદ આપ્યા..... જ્યારે પણ મન આ વિષયમાં વિચાર કરવા લાગે, ત્યારે હૃદયની કોમલ ભાવુક્તાનો પ્રભાવ થોડ પણ વધી ન જાય, તેનું ધ્યાન બુદ્ધિ રાખતી હતી. ''જે પણ કર્યું તે ન્યાયયુક્ત જ છે, પોતાના અધિકારને અનુરૂપ જ છે. રમેશ એ જ લાગનો હતો.'' એવો જ અંતિમ નિષ્કર્ષ દરેક વખતે કાઢતી હતી.

વર્ષના અંતે વ્યાપારમાં નફામાં સારો એવો વધારો થયો. ચંદુભાઈએ રમેશને એક પણ મહત્વપૂર્ણ કાર્ય સોંપ્યું ન હતું. સામાન્ય નોકરની જેમ તેની પાસેથી કામ લીધા કર્યું. આથી ચંદુભાઈની બુદ્ધિ જોરમાં આવી ગઈ. મન અને હૃદયને સમજાવી દીધું કે ''બસ, રમેશ કાંઈ કામનો નથી.'' રમેશને મહત્વનું કામ નહી સોંપવાથી અને પોતાની બુદ્ધિથી ચાલવાથી આટલો નફો વધ્યો છે. આટલા વર્ષ મૂર્ખાઈ કરીને જ રમેશને કામ સોંપ્યાં. કોણ જાણે આથી કેટલું નુકસાન થયું હશે ? હવે તો અવસર મળે એટલે તેનો પગ જ પેઢીમાંથી કાઢી નાખવો ઉચિત છે, આમ પણ આ પેઢીમાં રમેશનું છે શું ?

કલ્પનાના મેદાનમાં બુદ્ધિએ ઘોડ-દોડ શરૂ કરી. પરંતુ સફલતા ભાગ્યપર નિર્ભર છે, આ વાત ભૂલી ગઈ. દરેક બાજુની ગણતરીમાં કુશલ ચંદુભાઈ પોતાની બુદ્ધિના ઘમંડમાં ''દરેક પોતપોતાના ભાગ્યનું ખાઈ રહ્યા છે.'' આ વાત નજરમાં લેવાનું ભૂલી ગયા. નફાના વધારામાં પોતાની બુદ્ધિને શાબાશી આપી, પરંતુ આ ખ્યાલ ન રહ્યો કે ''રમેશની પાસે કાંઈ વિશેષ નહી કરાવવા છતાં અને ચોથો ભાગ આપવા છતાં પણ રમેશને નફો વધવાનાં કારણે જરા કે ઓછું નથી મળ્યું. મને પણ અલબત્ત આવક વધારે થઈ. વધેલા નફામાંથી ત્રણ ભાગ મારા રહ્યા. પરંતુ આ સાલ ઘરમાં અચાનક જ મોટી બિમારી વગેરેનો જે ખર્ચ થયો, તેનાથી બચત તો પહેલા કરતાં પણ ઓછી થઈ, એટલે રમેશનું ભાગ્ય તેજ છે અને મારુ મંદ.''

સાચે જ પોતાની બુદ્ધિ પર ઘમંડી માણસને પુણ્યની વાત પસંદ નથી આવતી. 'પોતાની બુદ્ધિ કુશળતાથી શું શું લાભ થયો' તેના ગીત ગાનારાને જો એ વખતે એમ કહેવામાં આવે - 'હા ! આપનું પુણ્ય સારું છે. આપનું ભાગ્ય ચમકી રહ્યું છે. આથી આપને સારો લાભ થયો' તો જોઈ લ્યો એ મહાશયનો ચહેરો..... અનેક ચિત્ર-વિચિત્ર રેખાંકન મોં ઉપર ઉપસી આવશે. 'પોતાની સફળતામાટે ભાગ્ય-પુણ્યના સહારાની વાત જેવી અપમાનજનક વાત બીજી કોઈ નહીં' એવું તેને લાગશે.

અને જો આ વ્યક્તિની આગળ તેના પ્રતિસ્પર્ધીની સફળતા બતાવવાનું શરૂ કરાય, તો તે તરત જ ચહેરો બગાડીને બોલી દેશે - ''ઠીક છે ભાઈ, ભાગ્યશાળી છે. પુણ્ય જોર કરી ગયું. આથી સારું કમાઈ ગયો..... બાકી તેનામાં છે શું ? મોં પરથી માખી તો ઉડાડી શકતો નથી.''

તે જ માણસને તેની પોતાની નિષ્ફળતાનું કારણ પૂછો, તો તે ક્યાં તો બીજી વ્યક્તિને, અથવા તો પરિસ્થિતિને અને જો તે બેમાં એક પણ કારણ ન બની શકે, તો પોતાના ભાગ્યને દોષ દેશે.

અને જો પ્રતિસ્પર્ધીની નિષ્ફળતાનું રહસ્ય પૂછશો તો જવાબ મળશે - ''મને તો ખબર જ હતી, આ માણસ સફળ નહીં થઈ શકે. તેની પાસે બુદ્ધિ-કાબેલિયત જ ક્યાં છે?''

છે ને વિચિત્રતા..... પોતાની સફળતા પોતાની હોંશિયારી - પરાક્રમથી અને બીજાની સફળતા ભાગ્યાધીન..... પોતાની નિષ્ફળતા પરિસ્થિતિવશ અથવા દુર્ભાગ્યવશ અને બીજાની નિષ્ફળતા તેની બિનઆવડતથી.....

ચંદુભાઈને આમે પોતાની બુદ્ધિનું અભિમાન તો હતું જ, તેમાં પણ આ વખતે વધારે નફો થયો. આથી તે અભિમાનમાં આંધળા બની ગયા. ન્યાય - અધિકારની વિચારણાથી બુદ્ધિએ હૃદયમાં રહેલી થોડી પણ લાગણીના પાણીને પોતાના તાપથી બાષ્પીભૂત કરી દીધું. ન્યાય-હક-અધિકારની ભાષા જ્યાં બોલાય છે, ત્યાં પરસ્પર દ્વેષ - તિરસ્કાર - નફરત - સંઘર્ષ - અપરાધની

ભાવના અને સજાની કઠોરતાના દૂષણ આખા સમાજમાં ભયાનક રીતે ફાલે છે. ત્યાં રાવણરાજ્ય પ્રસ્થાપિત થઈ ચૂક્યું છે. ત્યાંની લંકા સોનાની હશે તો પણ શાંતિ નહીં સ્થપાય. જ્યાં હૃદય કોમલ છે, ત્યાં અધિકારની નહીં, ઉલ્ટાની ફરજની, પોતાની જવાબદારીની, પોતાના કર્તવ્યની ભાષા સહજ છે. પ્રેમ-સમાધાન-સન્માન અને મિત્રતાનું પ્રસન્ન વાતાવરણ રામરાજ્યની હવા ઊભી કરે છે. નંદનવનનો આભાસ કરાવે છે.

ચંદુભાઈની અધિકાર-ન્યાયના વિચારોથી નિષ્ઠુર બનેલી બુદ્ધિએ સ્વાર્થની ભાવનાથી કઠોર બનેલા હૃદયસાથે સલાહ - સૂચન કર્યા. રમેશનું નામ પણ પેઢીમાંથી કાઢી નાખવા સુધીનો નિર્ણય થઈ ગયો. ચંદુભાઈ કોણે કેટલું કર્યું ? તેનો હિસાબ કરવામાં એક અતિમહત્વની સાચી વાતને ભૂલી ગયા હતા - ''રમેશના પુણ્યરૂપી દહીમાં મારું બુદ્ધિરૂપી પાણી ભળે છે. પછી પરિશ્રમરૂપી રવૈયો ફરે છે, ત્યારે નફારૂપી નવનીત તૈયાર થાય છે. જો રમેશનાં પુણ્યરૂપી દહીં નહીં હશે, તો હું બુદ્ધિરૂપી પાણીમાં પરિશ્રમરૂપી રવૈયો ગમે તેટલો ફેરવીશ, કાંઈ મળશે નહિં સિવાય કે વ્યાયામ.''

ચંદુભાઈ બીજે દિવસે જલ્દી પેઢીપર પહોંચી ગયા. આજે તેમની નજરમાં ઝેર હતું. આથી રોજના સમયે રમેશ આવ્યો, તો પણ ચંદુભાઈને લાગ્યું કે તે મોડો આવ્યો છે. બસ છિદ્રાન્વેષી બુદ્ધિને છિદ્ર મળી ગયું. રુઆબમાં આવી ચંદુભાઈએ રમેશને જનાવરને પણ ન સંભળાવાય તેવા શબ્દોમાં ઝાટક્યો. અને કહી દીધું ''ચાલ્યો જા અહીંથી નાલાયક ! અહીં તારુ કાંઈ કામ નથી.''

આ સાંભળી ડરીને આંસુ સારતા રમેશે હાથ જોડીને-પગમાં પડીને અત્યંત ધીમા સ્વરે કહ્યું - ''મોટાભાઈ ! હું તમને છોડીને ક્યાં જાઉં ? આ રીતે મને ન કાઢી મુકો.''

પરંતુ નિર્દય બનેલા ચંદુભાઈએ પગમાં પડેલા રમેશને ફૂટબોલની જેમ ફટકારીને કહ્યું - હરામખોર ! આટલા વર્ષસુધી ભાઈ માનીને પોષ્યો, એટલે આ રીતે ગળે પડે છે. તારે જ્યાં જવું હોય ત્યાં જા, પરંતુ અહીંથી મોં કાળુ કર.''

રમેશે દીન બનીને ઘણી વિનંતી કરી. આક્રન્દ કર્યુ. અંતે એટલે સુધી કહી દીધું. ''મને કાંઈ આવડતું નથી. દુનિયાનો કોઈ અનુભવ નથી. હું ક્યાં જાઉં ? તમે જ નોકરીમાં રાખી લો.''

સામાવાળાની દીનતા કઠોર માણસના રુઆબનો આહાર હોય છે. જેમ જેમ તે દીનતા બતાવે છે, તેમ તેમ તેમને પોતાનો રોફ સફળ થતો દેખાય છે. અને રુઆબ વધતો જાય છે. ચંદુભાઈનો રુઆબ પણ રમેશની દીનતાથી વધી ગયો. ચંદુભાઈ ગાજી ઉઠ્યા - તો શું તારા જેવા બેવકૂફનો ભાર મારે જ જીવનભર ઉઠાવવાનો છે ? આજ સુધી સાથે રાખવાથી મને કોણ જાણે કેટલું નુકસાન થયું હશે ! હવે તો હું તને રાખવાનો જ નથી.....''

રમેશની આંખનો અશ્રુપ્રવાહ ચંદુભાઈની સ્વાર્થજન્ય અને સર્વોપરિતાની છાંટવાળી ગરમીને શાંત કરવામાં સફળ ન થઈ શકી. રમેશનું મૂળ કાયમમાટે ઉખેડી નાખવા માટેજેમ ભસતા

કુતરાને શાંત કરવા માટે રોટલીનો ટુકડો નંખાય, તેમ ચંદુભાઈએ રમેશપર સો રૂપિયાનું એક બંડલ ફેંકીને ત્યાંથી રવાના થવાનો આદેશ આપી દીધો.....

થાકેલો, હારેલો, નિરાશ, હતાશ રમેશ બંડલ ઉઠાવી કંપતા હાથ સાથે ત્યાંથી નીકળી ગયો. હવે લાખો માનવોની વચમાં પોતાને એકલો માનતા રમેશને 'ક્યાં જવું ? શું કરવું ?' સમજાયું નહિ... આથી શૂન્યમનસ્ક બનેલા રમેશને જ્યાં પગ લઈ જાય, ત્યાં જવું જ ઉચિત લાગ્યું.

આ રીતે જઈ રહેલા રમેશને પોતાની પેઢી પાસેથી પસાર થઈ રહેલો જોઈ શાંતિભાઈએ બોલાવ્યો - ''રમેશભાઈ ! રમેશભાઈ ! આવો ! આવો !'' રમેશ શાંતિભાઈની દુકાન પર આવ્યો. શાંતિભાઈએ પોતાની આદત અનુસાર એકધારી વાગ્ધારા શરૂ કરી. ''હમણાં જ મેં ચંદુભાઈને ફોન કર્યો હતો. પંદર દિવસમાં એક Consignment (ઑર્ડર આપેલો માલ) આવવાનો છે. લગભગ લાખ રૂપિયા કિંમત છે. આજકાલ મારી પરિસ્થિતિ તંગ છે. આથી માલ એમને એમ વેંચી નાખવો છે. મેં ચંદુભાઈને માલ ખરીદવા ફોન ઉપર ઓફર કરી. પરંતુ મને લાગ્યું, તે સમયે ચંદુભાઈ કોઈક કારણસર ગુસ્સામાં હતાં. આથી બરાબર સાંભળ્યા વિના સ્પષ્ટ ના પાડી દીધી. કદાચ પછી વિચાર કરીને તમને મોકલ્યા હશે. સારુ થયું. તમે સમયપર આવી ગયા. હમણાં જ હું ચીમનભાઈને ફોન કરવાનો હતો. લો..... અહીં સહી કરો. હું કાગળપર તમારું Endorsment કરી દઉં છું. તમારે મને અત્યારે જ એડવાન્સના રૂપમાં દસ હજાર રૂપિયા આપવા પડશે.''

રમેશને કાંઈ પણ કહેવાનો મોકો આપ્યા વિના જ શાંતિભાઈએ પોતાની પૂરી વાત બતાવી દીધી. રમેશ ગુંચવણમાં પડ્યો..... શું કરવું ? વિચાર્યું કે- ''આમ પણ હવે કાંઈ કામધંધો તો કરવો જ પડશે. તો અત્યારથી જ આરંભ કેમ ન કરાય ? મોટાભાઈની પણ સલાહ એવી જ છે કે મુહૂર્તમાં કોઈ સોદો સામેથી આવી જાય તો ખેંચતાણ કર્યા વિના સ્વીકાર કરી લેવો. તો પછી જે થવાનું હશે તે થશે. હાલમાં તો શાંતિભાઈની વાતનો સામેથી સ્વીકાર કરી લેવો જ ઉચિત છે.'' અને રમેશે પોતાની પાસે રહેલા દસ હજાર રૂપિયા શાંતિભાઈને સોંપી દીધા. અને પોતાના નામથી જ દસ્તાવેજ ઉપર સહી કરી. શાંતિભાઈ પેઢીનું નામ નહીં જોઈને આશ્ચર્યમાં પડી ગયા. રમેશને આ વિષયમાં પૂછ્યું.

દુઃખ પાણી જેવું છે. જ્યાં સહાનુભૂતિનું ઢળાણ મળે તે તરફ ઢળી જાય છે. શાંતિભાઈના પૂછવાથી રમેશે પોતાના હૃદયનું બધું દુઃખ શાંતિભાઈને બતાવી દીધું. શાંતિભાઈ જમાનાના અનુભવી માણસ હતા. સંસારના બધા રંગ જોઈ લીધા હતા. છતાં પણ જે બે ભાઈઓનો પ્રેમ આદર્શ ગણાતો હતો, એ બે ભાઈઓની વચ્ચે આ રીતે અલગતા થયેલી જાણીને શાંતિભાઈને સખેદ વિસ્મય થયું. વિવેકબુદ્ધિથી અને ઔપચારિક રીતે શાંતિભાઈએ આશ્વાસનના બે શબ્દો કહીને રમેશના ઘાપર મલમપટ્ટી કરવાની ચેષ્ટા કરી. રમેશને અનુભવ લેવા માટે પોતાની પેઢીપર રોજ આવવાનું આમંત્રણ

આપ્યું. પણ શાંતિભાઈનું મગજ કંઈક બીજું પણ વિચારી રહ્યું હતું – ''રમેશની પાસે કાંઈ બચ્યું તો નથી, અને મેં બધો માલ એના નામે ટ્રાન્સફર કરી દીધો. હવે તે રૂપિયા લાવશે ક્યાંથી ? અને માલ છોડાવશે કેવી રીતે ? ક્યાંક હું તો આમાં નહીં ફસાઉંને ?''

લાગે છે કે માણસના મગજ અને કુદરતની વચમાં શતરંજની રમત ચાલે છે. મગજ વિચારી વિચારીને પોતાની એક ચાલ ચાલે છે. અને કુદરત બધા કારણોને આધારે એવી પરિસ્થિતિનું નિર્માણ કરવા રૂપ એવી ચાલ ચાલે છે, કે જેથી માણસના મગજને ચોંટ લાગી જાય. કુદરત એક ચાલ ચાલે છે, તો માણસનું મગજ તે ચાલને જોઈ પોતાની બુદ્ધિથી તેના લાભ-નુકસાનનું લેખું કરીને કુદરતની દસ ચાલનો વિચાર કરે છે..... અને કલ્પનાના આધારપર પોતાની ચાલ રમવા તૈયાર થાય છે, પણ જો તેમાં કુદરતની ચાલ બીજી જ હોય, તો મગજની કલ્પનાનો મહેલ ધરાશાયી થઈ જાય છે. માણસનો વારંવાર અનુભવ છે કે, કુદરત ક્યારેય પણ આપણી કલ્પના મુજબ ચાલતી નથી. તો પણ માણસ કલ્પનાઓ કર્યા વિના રહેતો નથી. શાંતિભાઈના મગજે રમેશની પરિસ્થિતિપર નજર ટેકવીને સારી-ખોટી કલ્પનાનું Productionકરી દીધું અને મનોમન માની લીધું કે રમેશ સાથે સોદો કરવામાં ફસાઈ ગયા.

રમેશ પણ શાંતિભાઈની પેઢી પરથી ઉઠી પોતાના ઘરતરફ ચાલવા લાગ્યો. આંખના પ્રોજેક્ટરમાંથી આંસુની ફિલ્મ પસાર થવા લાગી. પ્રત્યેક બુંદનીસાથે અતીત-વર્તમાનમાં બનેલાં સારા-ખોટા પ્રસંગોના કલરચિત્ર પ્રસારિત થવા લાગ્યા. પિતાજી – ભાઈ આદિની સાથે બનેલા ખાટાં – મીઠાં પ્રસંગોનો અવાજ જાણે કાનોમાં ગુંજવા લાગ્યો.

ઘરે જઈને ઉદાસ બેઠો છે. પત્ની આ સમયે ઘરે આવીને ઉદાસ બેસવાનું કારણ પૂછે છે. રમેશે બધી વાત જણાવી દીધી. અપમાન – અન્યાય – દ્વેષ – તિરસ્કારથી બળેલી પત્નીએ આક્રોશભર્યા અવાજમાં કહ્યું – ''હું એક વરસથી જોઈ રહી છું, તમારા મોટાભાઈ તમારીસાથે અને મારીસાથે કેવો વ્યવહાર કરી રહ્યા છે ? આજ સુધી મોટાભાઈ છે, તમારાપર ઘણા ઉપકાર છે, સમાજમાં પણ આપણા ઘરની સારી આબરૂ છે, અને ઘરખર્ચ પણ નીકળી જાય છે. એમ વિચારીને હું પણ શાંત રહી. અને મને ખબર છે, તમે તમારા મોટાભાઈની સામે મોં પણ નથી ઉઠાવી શકતા. પરંતુ હવે તો અપમાન-અન્યાયની ચરમસીમા આવી ગઈ છે. આ પેઢી – મિલ્કત ચંદુભાઈની એકલાની તો નથીને ? તમે પણ એની વૃદ્ધિમાં સહયોગ આપ્યો છે. અને જો જૂદા પણ થવું હતું, તો વચમાં કોઈ મોટા માણસને રાખી યોગ્ય ભાગ તો કરવા હતા. ઓછામાં ઓછું શાંતિથી ઘરખર્ચ નીકળી શકે, એટલું તો આપવાની ઉદારતા રાખવી હતી. આ તો ચંદુભાઈએ કૂતરાને ટુકડો આપવાની જેમ થોડા રૂપિયા ફેંકીને પૂરું નામ જ કાઢી નાખ્યું. એ કેવી રીતે ચાલે ? હું જાણું છું કે તમે તો કાંઈ કરી ન શકો, મોટા ધરમનું પૂછડું લઈને બેઠા છો. પરંતુ હું સહન નથી કરવાની. આજે જ મારા ભાઈને સમાચાર મોકલું છું. કોર્ટમાં કેસ દાખલ કરાવીશ. હું પણ જોઉં છું, આપણીસાથે આ રીતે

અન્યાય કરીને તમારા મોટાભાઈ કેવી રીતે સુખપૂર્વક સૂઈ શકે છે?'' બોલતાં બોલતાં રૂંવાડા ખડા થઈ ગયા. આંખમાંથી જાણે અંગારા વરસવા લાગ્યા. વાણી સ્ખલિત થઈ. મોંઢું ટામેટાં જેવું લાલ થઈ ગયું. શરીર કંપવા લાગ્યું.

રમેશ પત્નીનું રૌદ્રરૂપ જોઈ અચંબો પામ્યો. ''હું આ વિષયમાં કાંઈક કરીશ.'' એવા આશ્વાસનના બે ટીપાં પાણીથી ક્રોધની આગ શાંત કરવાનો રમેશનો પ્રયત્ન સુઝબુઝથી ભરેલો હતો. કેમકે ક્રોધી વ્યક્તિને શાંત કરવાનો એકમાત્ર ઉપાય છે, કોઈ પણ રીતે કાળક્ષેપ કરવો. આવી નાજુક પળમાં બીજુ કાંઈ કહેવાથી કે ઉપદેશ આપવાથી વિપરીત અસર થાય છે. અને ક્રોધાગ્નિ વધારે પ્રબળ થાય છે. વ્યક્તિ ક્રોધાવેશના સમયે નાસ્તિક અને અનુપદેશ્ય હોય છે.

પછી, રમેશે કાંક ઠંડી પડેલી પત્નીને મોટાભાઈનો વિશેષ ઉપકાર, પોતાની નાહિમ્મત, ઘરની આબરુ-શોભાનો સવાલ, વગેરે અનેક મુદ્દા બતાવીને સમભાવ રાખવાની સલાહ આપી. ''આજે હું ભિખારીતુલ્ય બની ગયો છું. ચંદુભાઈએ મને કૂતરાની જેમ કાઢી મુક્યો. આ બધી વાતોનો મને અવશ્ય આઘાત અને દુઃખ છે, પરંતુ ચંદુભાઈને એવું કરવા માટે મતિ થઈ તેમાં ભાગ્ય અને ભવિતવ્યતાનો જ હાથ છે. અને આ બે આગળ આપણે તુચ્છ છીએ. આથી હું ચંદુભાઈની સામે કોર્ટમાં કેસ કરવા નથી માંગતો. કેમકે પિતાજીની ગેરહાજરીમાં મેં તેમનો જ પિતાના રૂપમાં સ્વીકાર કર્યો છે. એવો વ્યવહાર પણ આજ સુધી રહ્યો છે. આજ સુધી મેં ક્યારે પણ મારા કર્તવ્યની બાબતમાં વિચાર્યું નથી. તો આજે મારે મારા અધિકારની બાબતમાં વિચારવું યોગ્ય નથી.'' રમેશની વાતોથી પત્ની શાંત થઈ.

પરંતુ ભાગ્યનો ખેલ કોણ સમજી શકે છે ? પોતાની બુદ્ધિ, હોંશિયારી, કુશલતા અને સુઝપર મુસ્તાક ચંદુભાઈ જેવા ધુરંધર ખેલાડી પણ ભાગ્યના ગણિતને ભૂલી ગયા. પિતાજી જ્યારે જીવતા હતા, ત્યારે વારંવાર રમેશના ભાગ્યની પ્રશંસા કરતા હતા ''રમેશના પગલે પગલે ઘરમાં લક્ષ્મી આવી છે.'' એવું અનેકવખત ધ્રુવવાક્યની જેમ લલકારતા હતા. ચંદુભાઈને સલાહ આપી હતી - તારી બુદ્ધિ અને રમેશનું ભાગ્ય-જ્યાં સુધી આ બંનેનો યોગ રહેશે, ત્યાં સુધી આપણી પેઢીની ધ્વજા ઊંચે ઉડતી રહેશે.''

પરંતુ ''આ પેઢીની આબાદી મારી બુદ્ધિ- મારા પુરુષાર્થથી થઈ છે. રમેશે કાંઈ નથી કર્યુ.'' એવો હિસાબ લગાવવામાં, પોતાની બુદ્ધિ પર અભિમાન રાખવામાં ચંદુભાઈ આ ભાગ્યની વાત ભૂલી ગયા. પરંતુ ભાગ્ય તો પોતાનું કામ કરી જ રહ્યું હતું.

થયું એવું કે શાંતિભાઈને ત્યાં બીજે જ દિવસે સવારમાં જ બીજી પાર્ટીનો ફોન આવ્યો. એ પાર્ટીને શાંતિભાઈને ત્યાં જે માલ આવવાનો હતો, તેની ખબર હતી, અને એક મોટાઓર્ડરમાં આ માલની પણ જરૂર હતી. શાંતિભાઈએ તે પાર્ટીને ફોનમાં કહી દીધું “મેં કાલે જ ચંદુભાઈના રમેશની સાથે આ માલની બાબતમાં સહી કરી લીધી છે. હવે તો પૂરો અધિકાર રમેશનો જ છે.”

ત્યારે સામી પાર્ટીએ દસ હજાર રૂપિયા વધારે આપવાની ઓફર કરી. શાંતિભાઈએ રમેશને બોલાવ્યો. રમેશ તેમની પેઢી પર આવ્યો.

શાંતિભાઈએ રમેશને ફોનની વાત કરી પૂછ્યું "શું વિચાર છે ?" રમેશ સીધો માણસ હતો. "બીજાની ગરજનો લાભ ઉઠાવી નફો વધારવો." એવી વેપારકળાથી અનભિજ્ઞ હતો. કોઈની આવશ્યકતાનો ગેરવાજબી લાભ ઉઠાવવો તે લોહી પીવા જેવું છે. એવી રમેશની માન્યતા હતી. અને રમેશને સંબંધ પણ વધારવો હતો. લાભ પણ સારો થઈ રહ્યો હતો. આથી રમેશે ખેંચતાણ કર્યા વિના વાત સ્વીકારી લીધી. જે સહી-સિક્કા કરવાના હતા, થઈ ગયા. રમેશને દસ હજાર રૂપિયા વધારે મળ્યા. બધું શાંતિભાઈની પેઢીમાં થયું હતું. અને શાંતિભાઈનું સૌજન્ય હતું. આથી રમેશે પોતાનામાંથી ૨૦૦૦ રૂપિયા શાંતિભાઈને શુભેચ્છારૂપે આપી દીધા.

આમ તો શાંતિભાઈ હમણાં હમણાં કંઈક ટાઈટ પોઝીશન અનુભવી રહ્યા હતા. પણ જમાનાના અનુભવી હતા. શાંતિભાઈએ જોઈ લીધું કે "રમેશનો સિતારો ચમકી રહ્યો છે. જો રમેશને સાથે રાખું તો રમેશની સાથે મારું પણ સારુ થઈ જશે." તેથી શાંતિભાઈએ રમેશને ઓફર કરી - "રમેશભાઈ ! હવે તમે મારી પેઢીમાં ભાગીદાર બની જાવ. તમારો ચાર આની ભાગ રહેશે." એક ક્ષણ તો રમેશ આશ્ચર્ય પામ્યો. રમેશે વાતને સહર્ષ સ્વીકારી લીધી.

ઘાસ પવનને અનૂકુળ બની જાય છે, તો ઘાસને પણ ઉડવા અને દોડવા મળે છે. એવી રીતે જે વ્યક્તિ બીજાના પુણ્યોદયને સત્કારે છે, અનુકૂળ થાય છે, તો તે પણ તેના પુણ્યનો સ્વાદ પામે છે. અને પુણ્યરૂપી પવનની ગતિ પામે છે. રમેશના આવ્યા પછી શાંતિભાઈની પેઢીનો કારભાર અને નફો વધી ગયા. શાંતિભાઈ પણ રમેશના પુણ્યના ચમત્કારથી આકર્ષિત થયા હતા, એટલે બીજા જ વર્ષથી રમેશને સરખે સરખો ભાગીદાર બનાવી દીધો.

બીજી બાજુ પોતાની કુશળતાથી ચંદુભાઈએ ઘણું આમતેમ કર્યું. બધા પ્રયત્ન ધૂળમાં મળી ગયા. જ્યારે પવન જ ન હોય, ત્યારે વહાણને ગમે તેટલું આમ-તેમ કરો, શું થાય ? બધી બાબતોને ધ્યાનમાં રાખી - રાખીને અને અનુભવના એરણપર ટીપી ટીપીને ધંધાને ઘાટ આપવા માંગતા હતા. પરંતુ પુણ્યની સહાય ન હતી. અનિચ્છાથી પણ નુકસાનના માર્ગે દોડવા લાગ્યા. ઢાળવાળા રસ્તે આવેલી કારની બ્રેક ફેલ થઈ જાય, પછી સ્ટીયરીંગ હાથમાં હોય તો પણ શું થઈ શકે ?

ચંદુભાઈની પેઢીની હાલત ફૂટેલા ફૂગ્ગા જેવી થઈ ગઈ. મોંથી ફૂગ્ગામાં હવા પૂરવામાં કેટલી મહેનત કરવી પડે છે ? ત્યારે ધીમે ધીમે ફૂલે છે. અને જો ફૂટી જાય, તો ક્ષણમાત્રમાં હવા નીકળી જાય છે. જે પેઢીને આટલે ઊંચે આવવામાં ૨૫ વર્ષ લાગ્યા, તે પેઢીને ડૂબવામાં પૂરુ એક વર્ષ ન લાગ્યું.

રમેશને ભાઈની પેઢીની હાલતના સમાચાર મળ્યા. રમેશનું દિલ માખણનું બનેલું હતું. ભાઈની બૂરી હાલતના સમાચારની ગરમીમાત્રથી પીગળવા લાગ્યું. રમેશનો સ્વભાવ મીઠાઈનો સ્વાદ યાદ રાખનારો હતો, લીંબડાનો નહીં. આથી તે ભૂતકાળને ભૂલીને સરળપરિણામથી ચંદુભાઈને મળવા ગયો. નમસ્કાર કર્યા. વાતવાતમાં રમેશે ચંદુભાઈને વેપારના સમાચાર પૂછ્યા. અલબત્ત, રમેશે ચંદુભાઈને સહાય કરવાની સરળભાવનાથી પૂછ્યું. પરંતુ ચંદુભાઈને માટે તે વાત જાણે સુતેલા સિંહની પૂંછડી ખેંચવા જેવી હતી. ચંદુભાઈને આ પ્રશ્ન પોતાની હોંશિયારીને માટે પરીક્ષા જેવો લાગ્યો. આથી તિરસ્કારપૂર્ણ અવાજમાં ચંદુભાઈ ગાજી ઉઠ્યા "મારો વેપાર સારામાં સારી રીતે ચાલી રહ્યો છે, તારે એની ચિન્તા કરવાની જરૂર નથી." પોતાના અહંને દૂધ પીવડાવવા ચંદુભાઈએ રમેશને ધૂત્કારી દીધો.

પરંતુ રમેશ ભાઈના મગજને સમજતો હતો. સ્વભાવથી પરિચિત હતો. અને પોતે ઉપકાર કરવામાટે નહિ, પરંતુ ભાઈએ કરેલા ઉપકારનું યત્કિંચિત ઋણ ચૂકવવા તત્પર હતો. રમેશને મન ચંદુભાઈ અત્યારે પણ પિતાતુલ્ય ઉપકારી જ હતા.

અગ્નિનો રસોઈ પકવવા વગેરે ઉપકાર જેને યાદ છે, તે અગ્નિમાં હાથ નાખવાથી અગ્નિ બાળે છતાં અગ્નિના બાળવાના સ્વભાવથી ત્રાસ નહીં પામે. ''અગ્નિએ મને બાળ્યો, આથી આજથી અગ્નિની સાથે કોઈ સંબંધ નહીં.'' એવું વિચારીને અગ્નિથી દૂર નહી ભાગે, પરંતુ અગ્નિના આ સ્વભાવને સહન કરીને પણ સંબંધ રાખે છે.

એવી રીતે રમેશ પણ ચંદુભાઈના આ સ્વભાવને પરિસ્થિતિનું પરિણામ સમજી ગૌણ કરવામાં સમજતો હતો. એ પછી પણ બે - ચાર વખત એક અથવા બીજા રૂપમાં ભાઈને સહાય કરવા પ્રયત્ન કર્યો. પરંતુ ચંદુભાઈનો પોતાની કુશળતાનો નશો હજી સુધી પૂર્ણ રૂપમાં દૂર નહોતો થયો.

વ્યાપારિક અને પારિવારિક મુંઝવણોમાં ફસાવાથી ભીંસમાં હોવા છતાં ચંદુભાઈ રમેશને સત્કારવા તૈયાર ન હતા. હારેલાં જુગારીની જેમ પેઢીને સક્ષમ કરવા નવા નવા દાવ રમતા જતા હતા. પરંતુ દરેક દાવ તરાવવાવાળું લાકડું સાબિત થવાને બદલે ડૂબાડનારું લોઢાનું પતરું સાબિત થતાં હતા, જે ચંદુભાઈને વધારે નુકસાનના સમુદ્રમાં ડુબાડતાં હતાં. પરિસ્થિતિ એવી આવી ગઈ, કે ચંદુભાઈનું દેવાળું નીકળી ગયું. પેઢીને તાળું લગાડવું પડ્યું. અને પોતાને કોઈને ત્યાં સામાન્ય કારકૂનની નોકરી સ્વીકારવી પડી. હવે ચંદુભાઈનો નશો નાશ પામ્યો હતો. હવે ચંદુભાઈ ખુલે આમ સ્વીકારતા હતા કે ''અમારી પેઢીની જમાવટમાં મારી કાબેલિયત કરતાં વધારે રમેશનું પુણ્ય કામ કરી રહ્યું હતું. જ્યારથી મેં રમેશને કાઢી મુક્યો, ત્યારથી પુણ્યનો સહારો નહીં રહેવાથી લક્ષ્મી મારાથી નારાજ થઈ ગઈ.''

નમ્રભાવથી રમેશ ચંદુભાઈપાસે ફરી આવ્યો. ''મારું જે છે તે આપનું જ છે. આપનો મારા પર અસીમ ઉપકાર છે. તમે અને હું ફરીથી પાર્ટનરશીપમાં આપણી પેઢીને પુનર્જીવિત કરીએ.....'' ચંદુભાઈ બગડેલા સંબંધને સુધારવા તૈયાર હતા, પરંતુ રમેશની સહાય લેવા તૈયાર ન હતા. રમેશે જ્યારે વારંવાર આગ્રહ કર્યો, ત્યારે ચંદુભાઈએ કહ્યું – પહેલાં હું મારી કુશળતાના નશામાં હતો. આથી તારો તિરસ્કાર કર્યો. તે વખતે ''બધાં પોતપોતાના ભાગ્યમુજબ મેળવે છે.'' આ સનાતન સત્યને ભૂલીને હું મારી કુશળતાના જોરપર હિસાબ કરી રહ્યો હતો કે, ''હું કેટલો બધો ભોગ આપું છું અને તું કંઈ નથી કરતો. મારી કુશળતાથી ફાયદો થાય છે. છતાં પણ તું પોતાની લાયકાત કરતાં વધારે લઈ જાય છે. અને મને ઓછું મળે છે.'' એવો વ્યાપારમાં રાખવાનો હિસાબ તારીસાથે રાખવાનો શરૂ કર્યો. આ હિસાબ રાખવાની કળાએ મારા દિલમાં રહેલા તારાપરના પ્રેમને છોલવામાટે રંધાનું કામ કર્યું. મેં તને અપમાન કરીને કાઢી મુક્યો. પછી પણં તું જ્યારે નુકસાનમાં સહાયમાટે આવ્યો, ત્યારે પણ મને તારી વાત અહંપર ઘા જેવી લાગી. આથી તને ધૂત્કાર્યો. હવે મારી શાન ઠેકાણે આવી ગઈ છે. હવે મને ''હિસાબ રાખવાની પદ્ધતિ ઉષ્માભર્યા સંબંધોને ઠંડા કરનારી છે.'' તે સમજાઇ ચૂક્યું છે. તું પૂર્વેના ઉપકારોને યાદ રાખીને કૃતજ્ઞતાભાવથી મને ફરી ઊંચે લાવવા આવ્યો છે. હું પણ આજ સુધી એમ જ માની રહ્યો હતો કે મેં તારાપર ઘણો ઉપકાર કર્યો છે. પરંતુ વાસ્તવિકતા કાંઈક જુદી જ છે. જ્યાં સુધી તારા પુણ્યનું પીઠબળ હતું, ત્યાં સુધી મારા દાવ સફળ થયા. પણ હું સમજતો હતો કે મારી કુશળતા – બુદ્ધિથી સફળતા મળી રહી છે. આથી વાસ્તવમાં ઉપકારી તું હતો અને અભિમાન હું રાખતો હતો. એ જ અભિમાનમાં ભાન ભૂલીને કૃતજ્ઞ બનવાને બદલે કૃતઘ્ન બની ગયો.

રમેશ કહે છે – ભાઈસા'બ ! પહેલાની વાત ભૂલી જાઓ. અને ફરી આપણે આપણી પેઢી જમાવીએ.''

ચંદુભાઈ કહે છે – રમેશ ! તારી વાત બરાબર છે. અને મને પણ હમણાં તારા પુણ્યની – સહાયની જરૂર છે. છતાં પણ હું તારો સહારો લેવા નથી ઈચ્છતો.''

રમેશ સખેદ પૂછે છે – એવું કેમ ?

ચંદુભાઈએ કહ્યું – કેમકે આ ભવમાં કરેલા પાપનું પ્રાયશ્ચિત કરવાનો અવસર આ ભવમાં જ મળે છે. કદાચ આ ભવમાં પ્રાયશ્ચિત ન કર્યું, તો ભવોભવ પાપફળ ભોગવવું પડે છે. આથી પાપના દંડની પરંપરા લાંબી ચાલે છે. એવું મેં મુનિવરોના પ્રવચનમાં સાંભળ્યું છે. આથી મને મારા પાપનું પ્રાયશ્ચિત આ ભવમાં કરી લેવા દે.

રમેશે કહ્યું – એક વાત એ છે કે પિતાજીની ગેરહાજરીમાં આપ મારે માટે પિતા સમાન છો. આપે મને એવી રીતે મોટો કર્યો છે કે મને ક્યારેય પિતાની ગેરહાજરી લાગી નથી. આથી આપે જે કર્યું, તે માટે આપને મોટાભાઈ અને પિતાજીના રૂપમાં અધિકાર છે. તેથી તેને પાપ કે દંડયોગ્ય

સમજવું બરાબર નથી. અને જો આપના મનમાં તેનું દુ:ખ હોય, તો પણ પશ્ચાતાપ કરવાથી પાપ ધોવાઈ જાય છે, તેથી પછી પ્રાયશ્ચિત્ત કરવાની કોઈ જરૂર નથી.

ચંદુભાઈએ જવાબ આપ્યો – ''પોતાની જાતને પિતા અથવા મોટોભાઈ સમજી જાતે જ પોતાના અધિકાર-ન્યાયની કલ્પના કરી લેવાથી કુદરત કે કર્મસત્તા તેનો સ્વીકાર નથી કરતી. કુદરત કોઈને એવો અધિકારપત્ર નથી આપતી કે – તું પિતા છે કે મોટોભાઈ છે, એટલે તને આટલાં આટલાં અધિકાર મળે છે. કુદરતે તો દરેકને પોતપોતાની ફરજ બતાવી છે. જો બધાં બીજાની પ્રતિ પોતપોતાની ફરજ બજાવશે તો Automatic ફરજનું ચક્ર પૂરુ થશે. અને બધાને માંગ્યા વિના પણ પોતપોતાના અધિકાર પૂરાં થતા દેખાશે. જે આ ફરજના ચક્રને તોડે છે, તે કુદરતના કાયદાનો અપરાધી બને છે. તેમાં પણ જે જેટલો વધારે બળવાન, શક્તિ-સામગ્રી સંપન્ન છે, તેને કુદરતે વધારે કર્તવ્ય સોંપ્યા છે. એની ફરજ વધી જાય છે. મેં તારીસાથે દુર્વ્યવહાર કરીને આ કાનુનનો ભંગ કર્યો છે. હવે યથાશક્તિ પ્રાયશ્ચિત કર્યા વિના માત્ર પસ્તાવાના આલંબનથી મારી જાતને શુદ્ધ માની લઉં, તો તે મારી આત્મવંચના છે..... દંભ છે..... આથી હું પ્રાયશ્ચિત જ કરી લેવા માંગુ છું. તેનાથી જ્યારે મારા પાપ નાશ પામશે અને પુણ્યોદય જાગશે ત્યારે આપણે બંને એક થઈ જઈશું. હા, તારી ઉદારતા – દિલની વિશાળતા આગળ હું તુચ્છ સંકુચિત – વામણો સાબિત થયો છું. હવે તારા પ્રભાવથી હું પણ વિશાલ હૃદયવાળો બનવા કોશિશ કરીશ.''

અલબત્ત અહીં દૃષ્ટાંતને થોડું વિસ્તૃતરૂપ આપી અનેક વાતો જોડી દીધી છે. પરંતુ મુખ્ય સાર એક જ છે કે સંબંધોની મીઠાશમાં ખટાશ ઉત્પન્ન કરનારો પદાર્થ છે – અંગત સંબંધોમાં પણ એવું ધ્યાન રાખવું કે કોણ કેટલું કામ કરે છે ? અને કોણ કેટલો લાભ ઉઠાવે છે ? સામેથી જ્યારે આવા ગણિતવાળો વ્યવહાર થાય, ત્યારે કડવા થઇ રહેલા સંબંધ-વ્યવહારની મીઠાશને ટકાવી રાખવાની ચાવી દિલની વિશાળતામાં અને 'પુણ્ય-પાપના ખેલ સમજી' ક્ષમાભાવને ટકાવી રાખવામાં છુપાયેલી છે, એ વાત સ્પષ્ટ છે. છતાં ન્યાય-હકના નામે અદાલતમાં જઇ અદાવતને વધારવાની ને જાતે બધી રીતે ખુવાર થવાની ચલ શું કામ બધાને ઉપડતી હશે ? તે ગહનપ્રશ્ન છે.




પ્રથમ દેવલોકના ઇંદ્ર-સૌધર્મેન્દ્રએ પોતાની સભામાં કહ્યું- ઘણી વખત મનુષ્યોનું સત્ત્વ દેવોની શક્તિને પણ વામણી પૂરવાર કરી શકતું હોય છે. એવી જ એક સત્ત્વશાલિની નારી અચ્ચંકારી ભટ્ટા છે. ક્ષમાધર્મમાં એનો જોટો જડે તેવો નથી. રાખમાંથી પાછા અંગારા થઇ શકતા નથી. આ સ્ત્રીમાં ક્રોધાગ્નિ ઠરીને રાખ થઇ ગયો છે. હવે દેવની પણ તાકાત નથી કે એ રાખમાંથી ફરીથી ક્રોધના અંગારા સર્જી શકે. જેમ સૂર્યનું પશ્ચિમમાં ઉગવું, અગ્નિશિખા અધોગામી બનવી, પવનનું અટકી જવું, બરફમાંથી ભડકો થવો, કે અગ્નિમાંથી શીતળતા પ્રગટવી શક્ય નથી. તેમ અચ્ચંકારી

ભટ્ટાને એના ક્ષમાધર્મમાંથી ચલિત કરી ક્રોધિત કરવી શક્ય નથી. ખરેખર આ ક્ષમાવીર નારી આપણામાટે વંદનીય છે.

ઝવેરી ચીંથરામાં વીંટળાયેલા હીરાને પારખી શકે, ખોટા મોતીના ઢગલામાં રહેલા પાણીદાર મોતીને ઓળખી શકે, તેમ મહાપુરુષો જ છુપા રુસ્તમ જેવા બીજા મહાપુરુષોને જાણી તેઓની તારિફ કરી શકે. સામાન્ય પુરુષોનું આ કામ નહીં. હા, એ મધ્યમકોટિના હોય, તો મહાપુરુષોએ કરેલી પરખ અને કરેલી તારિફને સ્વીકારી લઇ મહાજનો યેન ગતઃ સ પન્થાના ન્યાયે પોતે પણ એ તારિફ કરાયેલા મહાપુરુષોને મહાપુરુષ તરીકે સ્વીકારી લે. પણ અધમ જીવો તો એવા હોય કે ન તો સ્વયં મહાપુરુષને ઓળખી શકે, ન તો બીજાએ આપેલી ઓળખાણને શ્રદ્ધાથી સ્વીકાર શકે. એ હંમેશા એનો વિરોધ કરે. એવા જ એક અશ્રદ્ધાળુ મિથ્યાત્વી દેવે ઇંદ્રની વાત સ્વીકારી નહીં. વિરાટ દેવો આગળ વામણા મનુષ્યની પ્રશંસા ગમી નહીં. 'આગિયાને સૂર્યથી વધુ તેજસ્વી બતાવવા જેવી આ વાત છે' એમ માની એ દેવે ઇંદ્રની વાત ખોટી પાડવાનો નિર્ધાર કર્યો. કેમ કે ઇંદ્રની વાતમાં એ દેવને દેવતરીકેના સ્વાભિમાન પર ઘા પડ્યા જેવું લાગ્યું.

આમે ય ઈર્ષ્યાળુના કાન તપેલા તેલથી ભરેલા કઢા જેવા હોય છે. એ કઢામાં પાણીનું ટીપુ પડે ને ભડકો થાય, અને તડ તડ અવાજ આવે, એમ એ ઈર્ષ્યાળુ કાનમાં કોઇની પ્રશંસાના શબ્દો પડે ને ભડકો થાય, મન તડ તડ થવા માંડે.

એ દેવ તરત જ ત્યાંથી નીકળી અચ્ચંકારી ભટ્ટાના નિવાસસ્થાને આવ્યો. દૈવીશક્તિથી અદશ્યરૂપે ત્યાં ગોઠવાઇ ગયો. અને અચ્ચંકારી ભટ્ટાને ક્રોધિત કરવાનો મોકો જોવા માંડ્યો.

બસ એ જ વખતે બે મુનિવરો પણ અચ્ચંકારી ભટ્ટાને ત્યાં આવ્યા. 'ધર્મલાભ' કહ્યા. મુનિદર્શનથી પુલકિત અંગવાળી બનેલી અચ્ચંકારી ભટ્ટા એકદમ સંભ્રમપૂર્વક બહાર આવી. ધર્મલાભ શબ્દ સાંભળતાં જ રોમાંચિત બની 'પધારો... પધારો..' એમ કહી સબહુમાન આવકાર આપ્યો.

મુનિભગવંતોને સર્વવાંછિત દેનારા વંદન કરી કહ્યું- આપે અમ ગરીબના આંગણા પાવન કરી અમૃતના મેઘ વર્ષાવ્યા છે. અનંતભવના પાપના તાપ મિટાવે એવા આપના દર્શનથી અમે પાવન થયા છીએ. સર્વ સંતાપને શમાવે અને સર્વ કલ્યાણને સાક્ષાત્ કરે એવા ધર્મલાભના આશીર્વાદથી અમે ધન્યભાગ્ય બન્યા છીએ. પધારો.. બસ હવે આ જ રીતે ઉપકારની વર્ષા વરસાવી અમને ખપમાં આવતી યોગ્ય વસ્તુનો લાભ આપો.

મુનિવરોએ કહ્યું- હે શ્રાવિકા! અમને સાધુવૈયાવચ્ચમાટે તત્કાલ લક્ષપાક તેલનો ખપ છે, તો જો તમારે ત્યાં નિર્દોષ લક્ષપાક તેલનો જોગ હોય, તો તે વહોરાવી લાભ લ્યો.

બહુમાન-ભક્તિપૂર્વક ગદ્ગદ્ભાવથી યોગ્ય સમયે યોગ્ય વસ્તુનું યોગ્ય પાત્રને દાન આપતાં અને તે પછી ભૂરિ ભૂરિ અનુમોદના કરતાં સર્જાતા એક અનુપમ પુણ્યપુંજના વિશિષ્ટ સૌભાગ્યનો આ અવસર છે, એમ સમજતી અચ્ચંકારી ભટ્ટા આ લક્ષપાકતેલના ઉત્કૃષ્ટ લાભથી

આનંદિત થઈ. એને લાગ્યું આ તો જાણે ખરેખર કલ્પવૃક્ષ વાવવાની વાત છે. આવું પ્રત્યેકદાન કલ્પવૃક્ષનું બીજ છે. તરત જ દાસીને પ્રેમપૂર્વક કહ્યું- જાઓ! અંદરથી લક્ષપાક તેલ લઇ આવો.

દાસી પણ આ સુકૃતમાં સહભાગી થવા ઉત્સાહપૂર્વક અંદર ગઇ. દાસપણાના કલંકને કાયમમાટે મિટાવી દેનારી આ દાનક્રિયામાં પોતાને પણ આ રીતે લાભ મળશે એમ માની થનગનતી ચાલે લક્ષપાકે તેલની બરણી લઈ અચ્ચંકારી ભટ્ટાને સોંપવા દોડી.

પણ ત્યાં જ... ખણણણણ.. બરણી હાથમાંથી છટકી. કાચની કરચો ચારેબાજૂ ફેલાઇ ગઇ. અત્યંત મોંઘુ તેલ જમીનપર ઢોળાઇ ગયું. દાસી તો શું મુનિઓના કાળજે ફડક બેસી ગઇ. હમણા શેઠાણી શબ્દોના પ્રહારોથી દાસીના હૈયાને ચીરી નાંખશે...

પણ અહો આશ્ચર્યમ્ ! અચ્ચંકારી ભટ્ટા એટલી જ સ્વસ્થ અને શાંત છે.. બોલી- બહેન ! હોય, કાચનો સ્વભાવ તૂટવાનો છે, મનમાં લઇશ નહીં. અને હા, તને વાગ્યું તો નથી ને !

દાસી બોલી- ના ! મને વાગ્યુ નથી. પણ બરણી તૂટી ગઇ તેથી દિલમાં ડંખ છે.

અચ્ચંકારી ભટ્ટાએ કહ્યું- મારી બેન! એમાં ડંખ શાનો! તૂટવાનું હોય, તે તૂટે... જા બીજી બરણી લઇ આવ...

દાસી વધુ ચોક્સાઇપૂર્વક અને સાવધાનીપૂર્વક બરણી લેવા ગઇ. દેવી જેવી સ્વામિનીને મનોમન વંદન કરતી બરણી લઇને સ્વામિનીને આપવા જાય છે...

ત્યાં તો ધડીંગ... બરણી પડી ગઇ... મુનિઓને લાગ્યું બરણી જમીનપર નહીં, અમારા હૈયામાં ફૂટી છે અને જાણે કાચની કરચો ખુંચી રહી છે.. દિલમાં થડકારો થઇ ગયો.. હવે તો આ શેઠાણી દાસીને ગરમ ગરમ શબ્દોના ડામ દેશે..

પણ અચ્ચંકારી ભટ્ટા સ્વસ્થ છે.. શાંત છે- બોલી-ભગિની! ડરીશ નહીં. નાશવંતના નાશમાં આપણો કોઇ હાથ નથી, કોઇ વાંક નથી. જા.. જો ત્રીજી બરણી જરા ધ્યાનપૂર્વક લાવ, જેથી આપણે મુનિલાભથી વંચિત નહીં રહીએ. દૈવ આપણી પરીક્ષા કરી રહ્યું છે. આપણને મળનારા અચિંત્ય લાભ માટે આપણી યોગ્યતા તપાસી રહ્યું છે.. માટે સાવધાનીથી ત્રીજી બરણી લાવ.

દાસી પણ ડરતી ડરતી, મનોમન પોતાની જાતને કોસતી અને સ્વામિનીની ઉદારમનોવૃત્તિને અભિનંદન દેતી ત્રીજી બરણી લેવા ગઇ.

હવે આ બરણી તો હાથમાંથી છટકવા નહીં જ દઉં, એવી મક્કમ ધારણા સાથે આગળ વધી.. અચ્ચંકારી ભટ્ટાપાસે પહોંચવા જાય, ત્યાં તો..

પાછી ત્રીજી બરણી હાથમાંથી ઉછળી જોરથી જમીન સાથે ટકરાઇ અને કાચના કરચોમાં

પલટાઇ ગઇ. તેલ બધું જમીનપર ઢોળાઇ ખતમ થઇ ગયું.

પહેલી ભૂલ બેદરકારી ગણાય, બીજી ભૂલ ગફલત ગણાય, પણ ત્રીજી ભૂલ તો અક્ષમ્ય અપરાધ જ ગણાય. તેથી હવે આ શેઠાણી દાસીને કેવા કેવા વચનોના ચાબખાં મારશે ? તેની કલ્પનામાત્રથી મુનિવરો ધ્રુજી ગયા. બે-બે વખત માફ કરી દેનારી શેઠાણી હવે ત્રીજી વખત માફ નહીં કરે અને બે માફીની પૂરેપૂરી વસૂલાત થઇ જાય એવો દંડ આ દાસીને ફટકારશે એમ ધારી મુનિવરોએ અચ્ચંકારી ભટ્ટાને કહ્યું- હે શ્રાવિકા! આ તેલ ઢોળાઇ ગયું હોવાથી અમારે અનેષણીય છે. તેથી હવે અમારે એનો ખપ નથી, અને તમે પણ દાસીપર કોપ કરશો નહીં. તમારા આપવાના ભાવથી જ તમને લાભ મળી ચૂક્યો છે. માટે મનમાં ઓછું લાવશો નહીં.

ત્યારે બરફ જેવી ઠંડકતાને ધારણ કરી અચ્ચંકારી ભટ્ટાએ ચંદ્ર જેવી સૌમ્ય વાણીથી કહ્યું- હે મુનિભગવંતો ! મારે ત્યાં લક્ષપાક તેલ પ્રચુર પ્રમાણમાં છે. તેથી આપે અમને લાભ આપવાનો જ છે. સુપાત્રદાનનો મહિમા હું જાણું છું. સુપાત્રદાનથી જ ધન-સમૃદ્ધિ-પુણ્ય-દેવલોક-સુખની પ્રાપ્તિ થાય છે. અનુકંપાદાન, ઔચિત્યદાન અને કીર્તિદાનથી ભોગોવગેરે મળે છે, જ્યારે અભયદાન અને આપ જેવા સુપાત્રને કરેલા દાનથી મોક્ષ મળે છે. મારે મોક્ષ મેળવવો છે. સુપાત્રદાનથી આજના દિવસને સફળ બનાવવો છે. સુપાત્રદાનથી ધનને લક્ષ્મીમાં અને ભાગ્યને સૌભાગ્યમાં રૂપાંતરિત કરવા છે. હે પ્રભો! આ દાન નથી, આ તો સમ્યક્ત્વાદિ બોધિબીજોની વાવણી છે. આપ મને આ લાભથી વંચિત કરશો નહીં..

હે મારી બેનડી ! તું પણ ડરીશ નહીં, આપણું આ આયખું આ જ પ્રમાણે નાશવંત છે. આપણું જીવન આ જ રીતે અકસ્માત પૂરું થઇ જવાનું છે, એનો સુંદર બોધ આ તુટેલા કાચના ટૂકડાઓ આપી રહ્યા છે. માટે તું સ્વસ્થ રહે. અને હા! ભૂલ મારી જ છે. આવો સરસ સુપાત્રનો લાભ મળતો હોય, ત્યારે એ કામ બીજાપાસે ન કરાવાય, જાતે જ કરવું જોઇએ. આ બાબતમાં મેં ભૂલ કરી તેથી મને ચેતવવા અને દંડ દેવા જ જાણે ભાગ્યે આ ત્રણ બરણીઓ તોડી છે. ખેર! હવે હું જ બરણી લઇને આવું છું.

અચ્ચંકારી ભટ્ટા ચોથી બરણી લેવા ગયા. ક્ષમાશ્રમણ ગણાતાં મુનિવરો એ અરસામાં વિચારવા લાગ્યા કે ક્ષમાનો ખરો પાઠ આપણે આ શ્રાવિકાપાસેથી ભણવા મળ્યો. આ ક્ષમાભાવ આ સમતા ઊંચી ભૂમિકાને પામેલા યોગી વિના કોનામાં શક્ય છે ? અને ખરેખર કોઇ દેવ આ દેવી જેવી સ્ત્રીની પરીક્ષા કરી રહ્યો હોય તેમ લાગે છે. નહિંતર ત્રણ ત્રણ બરણી કેવી રીતે તૂટી જાય? હશે ! જોઇએ હવે આ અચ્ચંકારી ભટ્ટા પોતે બરણી લેવા ગયા છે, તો હેમખેમ લાવી શકે છે ખરા ?

અચ્ચંકારી ભટ્ટા ચોથી બરણી લેવા ગઇ. દાસી અને મુનિઓ શું થશે? તે આતુરતાપૂર્વક જોઇ રહ્યા હતા. અચ્ચંકારી ભટ્ટા તો બરણી સહજભાવે લાવી. અને એમાંથી મુનિરાજોને ખપ હતો, તેટલું તેલ વહોરાવ્યું.

આમ અચ્ચંકારી ભટ્ટાના હાથે બરણી તૂટી નહીં, તેથી દાસીને વધુ ક્ષોભ થયો, કેમ કે આનાથી તો એ નક્કી થયું કે તેલની બરણીઓ તૂટવામાં બીજું કોઇ કારણ હતું નહીં, માત્ર દાસીની બેદરકારી કે ચીવટનો અભાવ જ કારણભૂત હતો.

મુનિરાજો પણ વિચારતા હતાં કે હમણાં અચ્ચંકારી ભટ્ટા અભિમાનપૂર્વક દાસીતરફ જોઇ કાં તો અહં અને તિરસ્કારના ઝેર પાયેલા શબ્દોથી દાસીને વિંધી નાંખશે, કાં તો ઝેરીલી આંખે જોઇ ઇશારાથી જ સમજાવી દેશે કે 'જોયું તમે કેટલા બેદરકાર છો ! અને કેટલું મોટું નુકસાન કરી બેઠા છો! કામમાં કેવી વેઠ ઉતારો છો! આ જ કામ મેં કર્યું અને કશું નુકસાન થયું નહીં. બોલો તમારી બેદરકારી કેવી રીતે ચલાવી લેવાય !' મુનિઓ અચ્ચંકારી ભટ્ટા તરફથી દાસીપ્રત્યે આવા પ્રતિભાવની અપેક્ષા રાખતા હતા..

પણ અચ્ચંકારી ભટ્ટાએ દાસીપ્રત્યે લેશમાત્ર પણ શબ્દોથી તો શું આંખના ઇશારાથી પણ દુર્ભાવ વ્યક્ત કર્યો નહીં.

ત્યારે મુનિરાજોથી રહેવાયું નહીં. તેઓએ અચ્ચંકારી ભટ્ટાને પૂછ્યું-આપ મુનિઓને પણ દુર્લભ આવી ક્ષમા કેવી રીતે રાખી શક્યા? આવી ક્ષમા રાખવામાટે તમે કઈ ચાવીનો ઉપયોગ કરો છો ? અમને પણ બતાવો, જેથી અમે પણ ક્ષમાભાવમાં આગળ વધી શકીએ. અલબત્ત ગૃહસ્થના ઘરે સાધુએ આ રીતે વધુ સમય રોકાવું ન જોઇએ, તથા શ્રાવિકાસાથે આ રીતે વાતો પણ ન કરવી જોઇએ અને અમારું સાધુ-વૈયાવચ્ચનું કાર્ય પણ વિલંબમાં પડી રહ્યું છે. છતાં અમે આપની આ ક્ષમાથી એવા પ્રભાવિત થયા છીએ કે આ અંગે આપપાસેથી જાણકારી મેળવ્યા વિના ખસવાનું મન થતું નથી. તેથી આપને વાંધો ન હોય, તો આ ક્ષમા રાખવા પાછળનું બળ બતાવો.

ત્યારે અચ્ચંકારી ભટ્ટાએ જરા પણ અભિમાન દાખવ્યા વિના સરળતાથી કહ્યું- હે મુનિરાજો ! મારી આ ક્ષમામાં કોઇ વડાઇ નથી. આ તો ઠોકર ખાઇને ઠેકાણે આવી છું. ક્રોધના કડવા ફળ ચાખીને હવે ક્ષમાના અમૃતફળ માણી રહી છું. આ ક્ષમાનામનો ઘાટ ક્રોધના અગ્નિમાં શેકાયા પછી, અનુભવના એરણપર ટીપાયા પછીનો છે. સહજ નથી.

જ્યારે પણ એવો દેખીતો અણગમતો પ્રસંગ બને છે, ત્યારે મને મેં આ જ ભવમાં ક્રોધના અનુભવેલા કડવા પરિણામો યાદ આવી જાય છે, અને ક્રોધ ઉઠતો નથી, ક્ષમા સહજ થઇ જાય છે. મેં ક્રોધના પચ્ચખાણ કર્યા છે. તેથી મોટા ગણાતા અપરાધમાં પણ કોઇના પર ક્રોધ ઉઠતો નથી. મને અનુભવથી બોધ મળી ગયો છે કે તમામ અનર્થોનું મૂળ છે ક્રોધ. દુઃખમય સંસારને વધારનારો છે ક્રોધ. સમસ્ત ધર્મોને ખાઇ જનારો છે ક્રોધ. લોકપ્રિયતાને બાળનારો છે ક્રોધ. બધા જ કર્યા કારવ્યાપર પલિતો ચાંપે છે ક્રોધ.

મુનિઓએ પૂછ્યું- હે શ્રાવિકા ! આ ભવમાં તમે ક્રોધનું કયું ફળ અનુભવ્યું ? અને

ક્રોધના પચ્ચખાણ કેમ કર્યા ? તે બધી વાત અમને વિગતવાર કહો... જેથી અમને ક્રોધપર નિર્વેદ જાગે, ક્ષમા સહજ બને.

અચ્ચંકારી ભટ્ટાએ પોતાનું ચરિત્ર કહેવા માંડ્યું- હે મુનિઓ, સાંભળો!

આ જ નગરમાં ધન નામના શેઠ રહે છે. એમને કમળશ્રી નામની ધર્મપત્ની છે. આ બંનેને સંસારસુખ ભોગવતા આઠ પુત્રો થયા, અને પછી નવમા સંતાન તરીકે હું પુત્રીતરીકે અવતરી. મારું નામ ભટ્ટિકા રાખ્યું. આઠ પુત્રો પર હું એકની એક અને સૌથી નાની દીકરી હોવાથી મારા માતા-પિતાને અને ભાઇઓને અત્યંત લાડકી હતી. એમાં પણ મારા પિતાને તો હું પ્રાણથી પણ અધિક વહાલી હતી.

એક વખત મારા પિતાએ અમારા તમામ સ્વજન-પરિવાર-નોકર-ચાકર આગળ કહ્યું- આ ભટ્ટિકા મને અત્યંત વહાલી છે. માટે જે કોઇ એને ઊંચે સાદે બોલાવશે કે એની સામે બોલશે કે એની આગળ ચૂં-ચા કરશે, તે બધું મારું અપમાન ગણાશે અને તે હું સહન કરી શકીશ નહીં, માટે બધાએ આ વાતનો ખ્યાલ રાખવો.

બસ, ત્યારથી મારું નામ પડી ગયું અચ્ચંકારી ભટ્ટા ! પ્રેમ હોવાથી અને મારા પિતાનો ડર હોવાથી બધા મને અનુકૂળ થઇને જ રહેવા માંડ્યા. મારી બધી વાત સ્વીકારી લેવામાં આવતી.

પ્રેમનો અતિરેક મોહદશારૂપ છે. મોહનો પવન વિવેકદીપને બુઝવી દે છે. એમાં મોહ કરનાર કરતાં પણ વધુ નુકસાન જેનાપર મોહ થાય છે, તેનું થાય છે. લાડ વિકાસઆડે વાડ બને છે.

સમગ્ર જીવનચિત્રને નજરમાં લઇને કહી શકાય કે ખરેખર જે કમભાગી હોય છે, એને જીવનના પૂર્વાર્દ્ધમાં ખૂબ પ્રેમ મળે છે. જેનો પૂર્વાર્દ્ધ મજામાં એનો ઉત્તરાર્દ્ધ સજામાં.

આમ મારા પિતાએ મોઢે ચઢાવેલી હું અભિમાનનું પૂતળું બની ગઈ. પૂર્વભવમાં કરેલી જ્ઞાનઆરાધનાના પ્રભાવે આ ભવમાં મને સ્ત્રીઓની કળાનું જ્ઞાન શીઘ્ર પ્રાપ્ત થયું.

ધર્માચાર્યપાસેથી નવતત્ત્વવગેરે ભણેલી અને સમ્યક્ત્વમૂળ બારવ્રત ધારણ કરનારી હું પંડિતાણી બની, પણ જ્ઞાની નહીં, કેમ કે છલોછલ અભિમાન અને એના પડછાયારૂપ ક્રોધ મારા કાયમી સાથી બની ગયા. તત્ત્વ જાણવા છતાં અને વ્રત ધારવા છતાં જો મારું અભિમાન ઘટે નહીં અને ક્રોધ કેડો મુકે નહીં, તો એ જ્ઞાન કે વ્રતનું મૂલ્ય કેટલું રહે? મારું જ્ઞાન અને મારા વ્રત બીજાઓને પ્રેરણારૂપ બનવાને બદલે તિરસ્કાર કે ઉપહાસપાત્ર બનવા માંડ્યા.

મેં વિચાર કર્યો કે અહીં પિતાને ત્યાં તો હું સ્વામિનીની જેમ મનસ્વિની બનીને વર્ત્તી શકું છું. અહીં મારી સામે બોલનાર કોઇ નથી. જો લગ્ન કરી સાસરે જઇશ, તો ત્યાં મારું કોણ બેલી? સાસુ-સસરા, નણંદ-ભોજાઇ, પતિ-જેઠ-દિયર કેટકેટલાની ગુલામી કરવાની? કેટલાના કડવા-ઊંચા સાદે બોલાયેલા બોલ સાંભળવાના! અને બદલામાં કરવાનું શું? આખા ઘરનું વૈતરું.. અહીં

એક કામ કરવું પડતું નથી, ત્યાં તો દાસી બનીને જ જીવવાનું ને ! આપણને એ ન ફાવે. એના કરતાં તો આજીવન કુંવારા રહેવું વધારે સારું. એક થોડા વિષયસુખની લાલચમાં સવારથી રાતસુધી ગદ્ધામજૂરી કરવાની, ધૂમાડા ખાવાના, હાથ છોલવાના, શરીર ઘસવાનું, અને ઉપરાંતમાં પારિતોષિકરૂપે મળતા મેણાં-ટોણાં સાંભળી મન બાળવાનું ! પંકમાંથી ઉગી પંકજ બનવાના ભવમાં પંક = કાદવમાં જ આળોટ્યા કરતાં પશુ જેવું જીવવું? ના.. ના. આ મારાથી નહીં બને. મેં મનોમન નક્કી કર્યું, મારે લગ્ન કરવા જ નથી.

પણ ઉંમરલાયક થયેલી કન્યા સાસરે જઇ ઠેકાણે ન પડે, તો મા-બાપની આબરુ જાય, ભાઇ-ભાંડુઓને માથે ભારરૂપ થાય, ભાભીઓને આકરુ લાગે.. સમાજ-સ્વજનો પીંખી નાંખે. તેથી મારા પિતાજી મારા લગ્નની ચિંતા કરવા માંડ્યા.

લગ્નના બજારમાં વેંચાવા ઊભા રહેવાથી છટકવા મેં પિતાજીને મારી શરત સંભળાવી- પિતાજી! હું એને જ પરણીશ, જે મારા તાબામાં હોય, મને દેવી માની પૂજે, મને ગુરુ માની મારી સેવા કરે અને મારા વચનને સાક્ષાત મંત્રસ્વરૂપ માની અનુસરે ! જો એવો કોઇ યુવાન નહીં મળે, તો હું આજીવન કુંવારી રહી ધર્મારાધના કરીશ !

પિતાજીએ કહ્યું- બેટી ! તું મને પ્રાણથી પણ અધિક પ્રિય છે. પણ અમે હવે ઘરડા થયા. તું લગ્ન કરી સાસરે જશે, તો તારો વિરહ મારે સહન કરવો ભારે પડશે. છતાં તું પરણે નહીં, તો અમારા ગયા પછી તારું કોણ? કેમ કે પિતારૂપી છત્રના ગયા પછી નારીના ત્રણ જ આધાર છે પ્રથમ પતિ, પછી પુત્ર અને વિપરીત સંજોગો ઊભા થાય, તો છેવટે ભાઇ. સ્ત્રી નિરાધાર રહી શકે નહીં.

પિતાજીની આવી સમજાવટ છતાં મેં મારો આગ્રહ મુક્યો નહીં. ઘણા યુવકો મારા રૂપથી અને પિતાજીના ધનથી આકર્ષાઈને લગ્નનો પ્રસ્તાવ લઇને આવ્યા. પણ મારા પિતાજીએ એ બધાને મારી સ્પષ્ટ વાત કહી સંભળાવી કે બધું જ મારી દીકરીનું ધાર્યું જ કરવા તમે આજીવન બંધાતા હો, તો દીકરી આપું.

'બાયડીઘેલા' 'જોરું કા ગુલામ' એવા સમાજતરફથી મળી શકનારા બિરુદથી ડરેલા એ સ્વમાનપ્રિય બધા યુવાનોએ આ શરતનો અસ્વીકાર કર્યો.

મારી ઉંમર વધતી ચાલી. બીજી બાજૂ મારી આવી આઝાદ વાતો પણ લોકોમાં ચર્ચાવા માંડી. એમાં એકવખત આ જ નગરમાં વસતા સુબુદ્ધિ નામના યુવાન મંત્રીએ મને જોઇ. મારા રૂપમાં પાગલ બનેલા મંત્રીએ મારા પિતાજી આગળ મારી માંગણી મુકી. મારા પિતાજીએ મારી શરત સંભળાવી.

મારા રૂપમાં પતંગિયા બનેલા મંત્રીશ્વરે બધી શરત સ્વીકારવાની સહર્ષ સ્વીકૃતિ આપી. મારા રંગે ચંગે મહોત્સવપૂર્વક લગ્ન થયા. મંત્રીશ્વરે મને પોતાના ઘરે દેવી, સ્વામિની, રાણીની જેમ

રાખવા માંડી. એનો પરિવારજન મને અનુકૂળ થઇ રહેવા માંડ્યો. મારા દિવસો સુખમયરીતે વીતવા માંડ્યા.

પણ માણસ કાંતો સુખ પચાવી શકતો નથી, એનો આફરો ચડે છે. અથવા જાણે કે પોતાના સુખની પોતાને જ ઇર્ષ્યા થાય છે. અને પછી તે અતિરેકમાં તણાઇ એવું પગલું ભરી બેસે છે કે જે અંતે એનામાટે પેટ ચોળી શૂળ ઊભું કરવા જેવું બને છે.

મને આટલી સુખ-સાહેબી-સલામીથી સંતોષ ન થયો, ને મેં ફરમાન બહાર પાડ્યું- તમારે સૂર્યાસ્ત થતાં પહેલા જ ઘરે આવી જવું અને રાતે ભય રહેતો હોવાથી ક્યાંય બહાર જવું નહીં. મારામાં પાગલ મારા પતિ સુબુદ્ધિએ મારી વાત માન્ય રાખી. હવે એ નિયમિતરીતે સાંજે વહેલા ઘરે આવવા માંડ્યા. મને મારી વાતનો અમલ થતો જોઈ અભિમાનનો નશો ચઢતો ગયો.

મિત્રો મંત્રીને રાતે મળવા - ચોકમાં ગપાટા મારવા અથવા બીજા-ત્રીજા કામમાટે બોલાવે ત્યારે મંત્રી સ્પષ્ટ ના કહી દે. મંત્રીના આ બદલાયેલા રૂપ પાછળ એની પત્નીનો આદેશ છે, એ જાણીને તો મિત્રો સમસમી ગયા. આમ મિત્ર છિનવાઇ જવાનો વસવસો અને તેથી મારાપ્રત્યે ઉદ્‌ભવેલી ઇર્ષ્યા મંત્રીના મિત્રોને આગ વિનાના અગ્નિએ બાળવા માંડી. આ ઇર્ષ્યાએ ઉપહાસનું રૂપ ધારણ કર્યું. મિત્રો મંત્રીને કાયર, સ્ત્રીનો ગુલામ વગેરે વિશેષણોથી નવાજી મશ્કરી કરવા માંડ્યા. છતાં પણ મંત્રી મારાપર આસક્ત હોવાથી, એ બધાની જરા પણ પરવા કર્યા વિના મારી આજ્ઞામુજબ સાંજે સમયસર આવતા રહેતા.

મશ્કરી કરવાથી પણ મિત્રોનું કામ થયું નહીં. હવે મિત્રો અમારા બેમાં ભેદ પડાવવા- કલહ કરાવવા- મનમેળ તોડાવવા રીતસરના ધમપછાડા કરવા માંડ્યા. એમાં કો'ક કહેવાતા મિત્રે રાજાના કાનમાં ફૂંક મારી - આ સુબુદ્ધિ મંત્રી કોની આજ્ઞામાં છે? કોનો નોકર છે?

રાજાએ કહ્યું- કેમ વળી! મારી આજ્ઞામાં ! મારો નોકર! હું પગાર આપુ છું!

મિત્રે કહ્યું- રાજન્ ! તમે ખોટું ન લગાડશો ! પણ તમારો પગાર ખાનારો આ મંત્રી તમારી નહીં, એની ઘરવાળીની આજ્ઞામાં છે, તમારો નહીં, એની ભાર્યાનો આજ્ઞાંકિત નોકર છે! મારી વાતપર વિશ્વાસ બેસતો ન હોય, તો મંત્રીને રાત સુધી કચેરીમાં રોકી બતાવો!

મિત્રે રાજાના કાનમાં બરાબર ફૂંક મારી અને રાજાના કાન કંઇ વાંસળી થોડી હતી કે એ ફૂંકમાંથી મનોરમ્ય સંગીત પ્રગટાવે ! રાજાએ તો સુબુદ્ધિ મંત્રીની સીધી જ ઉલટતપાસ લીધી.

મંત્રીએ મને પરણવાઅંગેની શરતની વિગતવાર વાત કહી કબૂલ કર્યું કે મારે સુખી ઘરસંસાર ચલાવવા ઘરવાળીને ખુશ રાખવી પડે છે. અને એની આજ્ઞામુજબ સાંજે વહેલા ઘરભેગા થઇ જવું પડે છે.

રાજાએ મંત્રીને આટલા બધા સ્ત્રીઘેલા ન થવાની સલાહ આપી. આમ ઘરવાળીને બહુ

વજન આપવામાં તમે બધે વજન ગુમાવો છો. સ્ત્રી તો સોટીને લાયક ગણાય..

મંત્રીએ કહ્યું- હું માનું છું કે રૂપાળી સ્ત્રી આકર્ષક જોડાની જેમ ભલે બહાર સારી લાગે, પણ અંદર ક્યાં ડંખે છે, એ તો પહેરનારને જ ખબર પડે.. મારી હાલત પણ આવી જ છે. પણ મેં એની શરત સામે ચાલીને સ્વીકારી છે, તેથી મારાથી શરતભંગ કેવી રીતે કરી શકાય? અને ક્યાંક એવું ડહાપણ કરવા ગયો અને મારા સુખી સંસારમાં આગ લાગી જાય, તો દાઝવાનું તો મારે જ છે ને! બીજા તો એ આગમાં તાપણું કરી તમાશાનો આનંદ માણશે!.

રાજાએ કહ્યું- તું મારો એ સ્ત્રીસાથેના વિવાહ પહેલાનો વફાદાર સેવક છે, અને હવે તું મારા કરતાં પણ વધુ એ એક સ્ત્રીમાત્રની વફાદારી દાખવે, તે કેમ ચાલે? અલબત્ત, તારી સ્ત્રીસાથે તારે કેમ વર્ત્તવું? એ તારો અંગત પ્રશ્ન છે, પણ એમાં તો તારી મારા પ્રત્યેની વફાદારી જોખમાઈ રહી છે. કાલે ઉઠીને તારી સ્ત્રીથી દોરવાયેલો તું આપણી ગુપ્ત મંત્રણાઓની વાત પણ એને કહેવા માંડે અને શત્રુ સુધી પહોંચવા માંડે તો ? સ્ત્રીને તો સોનાનો ચળકાટ બતાવી વશમાં કરી લેવાય. કોઇ શત્રુ આ રીતે તારી સ્ત્રીને વશમાં કરી લે ને તેનાદ્વારા તારીપાસેથી બધી વાતો ઓકાવવા માંડે, તો વખત આવ્યે મારે રાજપાટ અને જાન ગુમાવવાનો અવસર આવે. માટે આ નહીં ચાલે. આજે જ તારે મોડી રાત સુધી ઘરે નથી જવાનું. આ મારો હુકમ છે. હું પણ જોઉં તો ખરો કે તારી સ્ત્રી શું કરી શકે છે?

રાજાની વાતથી ડરેલો સુબુદ્ધિ મંત્રી મન મારીને રાજાપાસે બેસી રહ્યો. રાજાએ વિનોદ-ટીખળ કરવા હાથે કરીને મંત્રીને રાત સુધી કામે વળગાડી રાખ્યો.

મંત્રીને પોતાની કામવાસના-સ્ત્રીઆસક્તિપર ધિક્કાર છુટ્યો. કોઇપણ આસક્તિ જીવનમાં નબળી કડી બની ભયંકર હોનારત સર્જી શકે છે, તેવા વિચારોના વાદળાથી ઘેરાયેલા મંત્રી ચિંતિતવદને ઘરે મોડી રાતે પાછા આવ્યા.

હું મંત્રી- પતિ સમયસર ન આવ્યા, તેથી ધુંઆપુંઆ થઇ ગયેલી. આટલા દિવસોથી મારી આજ્ઞા માનતો મારો પતિ આજે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરે, એ કેમ ચાલે ? હું એ ભૂલી ગઇ કે આવી રીતે અચાનક વર્ત્તન આદિમાં આવતા પરિવર્ત્તન પાછળ કો'ક મહત્ત્વનું કારણ કામ કરતું હશે! માટે ક્રોધ કરવાને બદલે એ કારણ શોધું! ક્રોધાવેશમાં આ કારણ શોધવાની અક્કલ રહી નહીં. ક્રોધની ટેવ પડેલાને સમાધાનની વાતમાં રસ ક્યાંથી હોય? મારું મન તો 'એક વખત ચલાવી લઇશ, તો વાત આગળ વધશે, મારી બધી આજ્ઞાઓનો ભંગ થશે, અને અવસરે મારે ગુલામ બની જવાનું આવશે' એવી એવી ભયાનક કલ્પનાઓના ઝેરીપ્યાલા પી-પીને એકદમ ઝેરીલું બની ગયું. અને હું જાણે છંછેડાયેલી સાપણ બની. પતિને બોધપાઠ આપવા મેં ઘરના દ્વાર વાસી દીધા.

પતિ ડરતો ડરતો ઘરપાસે આવ્યો. દ્વારે ટકોરા પાડ્યા. પહેલા તો મેં ઉપેક્ષા કરી. પછી એણે કહ્યું - પ્રિયે! દ્વાર ઉઘાડ. રાજાએ મને આજ્ઞા કરી, એટલે મોડું થયું છે... મારો વાંક નથી..

રાજાની આજ્ઞા તો માનવી પડેને !

મેં ફૂંફાડો માર્યો- તો મને પરણ્યા કેમ? મને આજ્ઞા માનવાનું વચન કેમ આપ્યું ? રાજાની આજ્ઞા વહાલી હોય, તો રહો રાજાપાસે! અહીં આવ્યા કેમ ?

મારા પતિએ મને મનાવવા ઘણા પ્રયત્નો કર્યા... પણ એ જેમ જેમ ઢીલાઘેંસ થતા ગયા, તેમ-તેમ મારો રુઆબ વધતો ગયો. છેવટે તડાફડીની નોબત આવી. અંતે આ ફજેતાથી કંટાળેલા, મોડી રાત સુધી બહાર ઊભા રહીને થાકેલા, સૂડી વચ્ચે સોપારી જેવી હાલતથી ત્રાસેલા, સમજાવટના શાણપણની થતી ઉંધી અસરથી ભડકેલા, અને મારા રોફના અતિરેકથી ધુંધવાયેલા મારા પતિએ મને પૂછ્યું- આટલો બધો રોફ કોના ઘરમાં રહીને તમે લગાવો છો કે જેથી મારી એક પણ વાત સાંભળતા નથી ?

આ સાંભળતા જ અભિમાન - રોફના પર્વતપર ચઢેલી મને મેં જમીનપર પછડાતી અનુભવી. અને ભૂમિગત ક્રોધ આસમાને ચઢ્યો. ક્રોધની આગમાં ભાન ભૂલેલી મેં જોરથી બારણા ખોલી નાંખ્યા.. ઘરમાં પેસેલા મારા પતિ કંઇ સમજે એ પહેલા તો હું ધમધમ કરતી બહાર ધસી ગઇ.

આજસુધી કોઇએ મારીસામે હરફ સરખો ઉચ્ચાર્યો ન હોતો, તેથી આજની આ પરિસ્થિતિ મારામાટે અસહ્ય થઇ પડી. જાણે ઠંડા પ્રદેશમાંથી સીધાં જ ગરમપ્રદેશમાં આવી જવાનો આ અનુભવ હતો. તેથી હું તો મારા પિયરતરફ જવા નીકળી. મારા પતિને મારા ક્રોધનો ખ્યાલ આવી ગયો. પાછળથી મને મનાવવા-સમજાવવા-પટાવવા મીઠા-મધુરા-પ્રેમાળ ઘણા વચનો કહ્યાં. એ બધા પણ અગ્નિમાં ઘી હોમાવા જેવા બન્યા. એમની આ વાત જતી કરવાની ઉદારતામાં મને ‘એમને મારી ગરજ છે’ એવા ખોટા સંકેત સાંપડ્યા. અને મારો ક્રોધ અને રોફ બંને વધ્યા.. ‘પહેલા અપમાન કર્યું, હવે ગરજ બતાવો છો! જાવ હવે તમે એનો દંડ ભોગવો’ એવા ભાવસાથે પતિને કશો જવાબ આપ્યા વિના હું મારા રસ્તે પડી.

પતિ પણ આ અંગારા એમ નહીં ઠરે, એમ માની પાછા ફર્યા.

અંધારામાં આગળ વધેલી હું રસ્તો ભૂલી. ખોટા માર્ગે આગળ વધેલી મને રાત્રે ચોરોએ પકડી. મારા કિંમતી આભૂષણો ઉતારી લીધા. મારું રૂપ જોઇ મને પોતાની પલ્લીમાં લઇ જઈ પલ્લીપતિને ભેટરૂપે સોંપી.

પલ્લીપતિ ભોગ ભોગવવા મારીપાસે આવ્યો અને મેં ત્રાડ પાડી- ખબરદાર છે! મારા શરીરને હાથ લગાડ્યો છે તો !

મારી આંખમાંથી અંગારા વરસતા જોઇ પલ્લીપતિ પાછો હઠ્યો. એણે વિચાર્યુ- આ સીધી રીતે નહીં માને... માર મારવાથી સીધી થશે.

હવે તે રોજ મારીપાસે ભોગ ભોગવવાની વાત મુકે. તત્ત્વને સમજતી અને પ્રાણાંતે શીલખંડન નહીં કરવાની પ્રતિજ્ઞા લેનારી હું રોજ આ વાતને ધુત્કારી નાંખું. એ મને રોજ સોટી-લાકડીથી માર મારીને અધમુવી કરી નાંખે.

આમ રોજનું થવા છતાં મેં જરા પણ મચક આપી નહીં. ત્યારે એ પલ્લીપતિની માએ પલ્લીપતિને કહ્યું- વત્સ! આ સ્ત્રી મહાસતી લાગે છે. સ્ત્રી તો વેલ જેવી હોય, જે પુરુષરૂપી ઝાડ મળે એને વીંટળાઇ વળે. જ્યારે આ સ્ત્રીને તું રોજ આટલું મારે છે, છતાં પોતાનું શીલ મુકતી નથી. એથી જ આ મહાસતી સિદ્ધ થાય છે.

પલ્લીપતિએ કહ્યું- એ સતી હોય કે શંખિણી, મારે શી લેવા દેવા? હું તો માર મારીને એની છાલ ઉતારી નાંખીશ ! મારી વાત માને કેમ નહીં?

પલ્લીપતિની માએ કહ્યું- બેટા ! બધે દંડાનું જોર નથી ચાલતું. સતીઓ ચામડી ઉતરી જાય, તો પણ શીલ મુકે નહીં. માટે એ વાત છોડી દે. ક્યાંક આ સતી જો ક્રોધે ભરાઇને શાપ આપશે, તો તારું ધનોતપનોત નીકળી જશે. ક્યાંક તારું મોત ન થઇ જાય ! તે જોજે.

પલ્લીપતિએ પૂછ્યું - મા ! શું સતીના શાપથી એવું થતું હશે? શું સતીઓપાસે વિશેષ શક્તિ હોય છે?

માએ કહ્યું- હા ! બેટા ! સાંભળ આ વિષયમાં મેં સાંભળેલું એક દૃષ્ટાંત તને કહું છું.

એક વનમાં એક પરિવ્રાજક રહેતો હતો. એ જબરો તપસ્વી હતો. તપના પ્રભાવે એ તાપસને તેજોલેશ્યા ઉત્પન્ન થઈ. એક વખત એ વૃક્ષની નીચે ધ્યાન ધરી રહ્યો હતો. તે વખતે ઝાડપર રહેલું પંખી એનાપર ચરક્યું. ગુસ્સે થયેલા પરિવ્રાજકે ક્રોધથી એ પંખી સામે જોયું. આંખમાંથી આગ નીકળી. એ પંખી બળીને ખાખ થઇ ગયું. ત્યારે પરિવ્રાજકને પોતાની આ તેજોલેશ્યાનો ખ્યાલ આવ્યો ને અભિમાનથી નિર્ણય કર્યો- આજથી જે કોઇ મારી અવજ્ઞા કરશે, તેને હું આ તેજોલેશ્યાથી બાળી નાંખીશ.

એકવાર તે તાપસ નગરમાં ભિક્ષામાટે ગયો. એક ઘરે તે ભિક્ષા માંગવા ઊભો રહ્યો. અને ભિક્ષામાટે ગૃહિણીપાસે યાચના કરી. પણ તે વખતે એ પતિવ્રતા સુશીલસ્ત્રી પોતાના પતિને જમાડી રહી હતી. તેથી ભિક્ષા લાવવામાં વિલંબ થયો. તાપસે આ વિલંબમાં પોતાની અવજ્ઞા જોઈ. વિવેક નામના અંકૂશ વિનાની શક્તિ કે લબ્ધિ જીવને અસહિષ્ણુ અને અધીર બનાવી દે છે. તાપસપાસે તપ હતો, પણ વિવેક ન હોતો. તેથી અસહિષ્ણુ એ તાપસે પોતાની અવજ્ઞા કરનાર આ સ્ત્રીપર તેજોલેશ્યા છોડી સ્ત્રીને બાળવાનો પ્રયત્ન કર્યો. પણ એ સુશીલ સ્ત્રી બળી નહીં.

પછી એ સ્ત્રીએ તાપસને કહ્યું- હું એ પંખી નથી!

આ સાંભળી ચમકેલા તાપસે પૂછ્યું - અરે! વનમાં કોઇ પણ મનુષ્યની ગેરહાજરીમાં બનેલી

પંખીને બાળી નાંખવાની આ વાત તમે શી રીતે જાણી? ત્યારે એ સુશીલ સ્ત્રીએ કહ્યું- હે તાપસ ! તમને આનો ખુલાસો વાણારસીનો અમુક કુંભાર આપશે! માટે ત્યાં જઇ એને પૂછજો.

ત્યારે અત્યંત વિસ્મય પામેલો એ તાપસ વાણારસીમાં એ કુંભારપાસે આવ્યો. કુંભારે પોતાના કાર્યમાં વ્યગ્ર હોવાથી તેની તરફ ધ્યાન આપ્યું નહીં. એ વખતે ક્રોધાવેશમાં આવેલો તાપસ આ કુંભારને બાળી નાંખવા ઉદ્યત થાય છે, ત્યારે જ કુંભારે કહ્યું- હે તાપસ! પેલી સુશીલ સ્ત્રીની જેમ મારાપર પણ તારી લબ્ધિનો પ્રભાવ ચાલશે નહીં.

તે વખતે તાપસના આશ્ચર્યનો પાર રહ્યો નહીં, એ કુંભારને પૂછે છે- તે નગરમાં બનેલી ઘટના તમે કેવી રીતે જાણી? અને એ નગરની એ સ્ત્રીએ વનમાં બનેલી ઘટના કેવી રીતે જાણી? ત્યારે કુંભારે કહ્યું- એ સ્ત્રી પતિવ્રતા અને સુશીલ છે. હું પણ શીલધર્મમાં અત્યંત રક્ત છું. અમને બંનેને શીલધર્મના પ્રભાવથી વિશેષજ્ઞાન પ્રાપ્ત થયું છે. માટે અમે બંને દૂર બનેલી ઘટનાઓ પણ જાણી શકીએ છીએ. અને કોઈની દુષ્ટ લબ્ધિઓ અમને કશું કરી શકતી નથી. માટે ફોગટ ક્રોધ કરવાનું છોડી વિવેકપૂર્વકના શીલધર્મ માટે પ્રયત્ન કરો. તાપસ શાંત થયો. પોતાના સ્થળે રવાના થયો.

માટે હે વત્સ ! તું આ મહાસતીને સતાવવાનું છોડી દે.

પલ્લીપતિ આ કથાનક સાંભળી મારાથી વિરક્ત થયો. માને હવે મને નહીં સતાવે એવું વચન આપ્યું.

પછી આ પલ્લીપતિએ મને એક મ્લેચ્છ વણકરને વેંચી દીધી. એ વણકરે પણ મારા રૂપથી લુબ્ધ થઇ મારીપાસે ભોગની યાચના કરી. રૂપ અને શીલનો સંયોગ સતીના સત્ત્વમાટે અગ્નિપરીક્ષારૂપે બને છે. મારામાટે ફરીથી અગ્નિપરીક્ષા આવી. પણ હું મક્કમ હતી. પ્રાણાંતે પણ શીલખંડન કરવું નહીં.

મેં વણકરની વાત ધુત્કારી નાંખી. વણકર સમજી ગયો, આ સ્ત્રી મારી વાત માનશે નહીં. હવે આ સ્ત્રી ખરીદવા ખર્ચેલા પૈસા વસૂલ કરવા એ વણકરે મારાપર ક્રૂર પ્રયોગો અજમાવ્યા.

મારા શરીરમાં છિદ્રો પાડી એમાંથી લોહી ખેંચવા માંડ્યું. આખા શરીરમાંથી લોહી કાઢી એક વાસણમાં ભેગુ કર્યું. આમ લાગટ સાત દિવસસુધી લોહી કાઢવાની પ્રક્રિયા ચાલી. એ ભેગા થયેલા લોહીમાં કૃમિઓ ઉત્પન્ન થયા. એ વણકરે એ કૃમિઓમાંથી ક્રૂર પદ્ધતિથી લોહી કાઢી લોહીવાળા પાણીથી કપડા રંગ્યા. આ રીતે રંગાયેલા કપડાનો રંગ અનંતાનુબંધી લોભની જેમ જિંદગીભર સુધી જતો નથી. કપડું ફાટે પણ રંગ ન જાય.

પછી એ વણકર મને મિષ્ટ ભોજનવગેરે પોષકતત્ત્વોનું ભોજન ફરજિયાત કરાવવા માંડ્યો. આ ભોજનદ્વારા શરીરમાં ફરીથી સારા પ્રમાણમાં લોહી ભરાય, એટલે ફરીથી પૂર્વ પ્રમાણે

લોહી કાઢે. આમ ઘણાવખત સુધી ચાલ્યું. તે વખતે મેં સાક્ષાત નરકની વેદનાઓ અનુભવી.

દિવસે પીડા, રાતે બેચેની, ઉંઘ આવે નહીં. હું મારા જીવનઅંગે વિચારવા માંડી. ઘણા મનોમંથન પછી મને નવા-નવા પ્રકાશ લાધ્યા. મને મારા જીવનપરથી જ ઘણો બોધ પ્રાપ્ત થયો.

(૧) સત્તા કે સત્તાધારીના વિશેષ પક્ષપાતથી દેખાતો લાભ વિકાસમાટે અવરોધક બને છે, બીજાઓમાં દ્વેષ ઊભો કરાવે છે. પોતાના જીવનપ્રત્યે, બીજાઓ પ્રત્યે, યોગ્ય પરિશ્રમ પ્રત્યે ઘોર ઉપેક્ષા કરાવે છે. અહંકારવગેરે ભયાનક દોષો અને ખોટી ટેવો માટે મુખ્ય કારણભૂત બને છે.

(૨) વડીલોનો સંતાનપ્રત્યે લાડ પ્રેમ નથી પણ મોહ છે, કેમ કે એમાં સંતાનના હિતનો-વિકાસનો કોઇ વિચાર જ નથી. મોહ માલિકીભાવ ઊભો કરાવે. સંતાનપ્રત્યે પણ માલિકીભાવ આવી જાય. તેથી મોહાંધ માણસો સંતાન હંમેશા પોતાને પરાધીન અને તાબામાં રહે એમ જ ઈચ્છે. પ્રેમમાં પોતાની લાગણી કરતાં સંતાનના હિતનો પ્રથમ વિચાર થાય. મોહ વિકાસને રુંધે છે, પ્રેમ વિકાસ તરફ પ્રેરે છે. સાધનસંપન્ન મોહઘેલા માતાપિતાના સંતાન બનવું એ સૌભાગ્ય નથી, પણ પરિણામની દૃષ્ટિએ જોઇએ તો મહાદુર્ભાગ્ય છે, કમનસીબી છે.

(૩) તત્ત્વને જાણ્યા પછી જો વિવેક - સ્વસ્થતા, ધૈર્ય અને સહનશીલતા ન વધે, તો એ તત્ત્વમાહિતી છે, તત્ત્વજ્ઞાન નથી. બાર વ્રતધારી-ક્રિયાસંપન્ન શ્રાવક બન્યા પછી જો ઉદાર, ઔચિત્યસભર અને ગંભીર જીવનવ્યવહાર જીવતાં ન આવડે, તો એ વ્રતભાર છે, વ્રતારાધના બનતી નથી.

(૪) માનવજીવનના મુખ્ય દુશ્મનો છે કોઇપણ નામ અપાતો અહંકાર, અને કોઇ પણ કારણે થતો ક્રોધ. ક્રોધને અહંકારપર ઘણો પ્રેમ છે, જે અહંકારને ઘાયલ કરે એનાપર ક્રોધ તૂટી પડે છે.

(૫) બધું જ બરાબર મળવું જોઇએ- થવું જોઇએ! આવું વલણ આત્મઘાતી છે. દુઃખી થવાની મુખ્ય ચાવી છે. સંતાપ અને સંકલ્પ-વિકલ્પો તરફ દોરી જતો ધોરી માર્ગ છે. બધાને દુશ્મન બનાવવાનો શ્રેષ્ઠ ઉપાય છે. કારણ કે કાતિલકર્મોના ગુલામને એવા વલણં - ઇચ્છા - અપેક્ષાનો કોઇ અધિકાર નથી. કોઇનું એવું પુણ્ય નથી કે કાયમ બધા જ અનુકૂળ થઇને રહે, કોઇ વચન ઉત્થાપે નહીં.

(૬) અહંકારી અધીરો હોય છે, ક્રોધી ઉતાવળો. બીજાના અજુગતું વર્ત્તનમાટે કારણ જોવા-તપાસવાની એ રાહ જોઇ શકતા નથી. અને બીજો માણસ જેમ જેમ અનુકૂળ વર્ત્તે તેમ-તેમ અહં વધે છે અને બીજાપાસેથી એવા વર્ત્તનની અપેક્ષા પણ વધતી જાય છે.

(૭) બીજાની દેખીતી નાની ભૂલમાટે મોટો દંડ આપવા જનાર કે કઠોર વ્યવહાર કરનારને અંતે ભયંકર સજા ભોગવવાનો વારો અવશ્ય આવે છે.

(૮) કોઇપણ તંતને જેમ વધુ ખેંચો તેમ ઘર્ષણ વધું થાય છે, અને સમાધાનની શક્યતાઓ

ખતમ થતી જાય છે. માટે તંત રાખવો નહીં.

(૯) જીદ જલ્લાદ છે. વગર મોતે મારે છે. બીજાની સાચી-હિતકારી વાતને પણ સ્વીકારવા દેતી નથી. માટે સુખી અને પ્રિય થવું હોય, તો જીદ જોઇએ જ નહીં.

(૧૦) ક્રોધથી પરલોકમાં તો નરક છે જ. ક્રોધ કરતી વખતે નરક સર્જાય છે અને એના પરિણામરૂપે જે પીડા ભોગવવી પડે છે એ સાક્ષાત નરકનો અનુભવ કરાવે છે. માટે ક્રોધ જોઇએ જ નહીં. બીજું કોઇપણ નુકસાન ક્રોધથી થતા નુકસાન કરતાં ઓછું જ હોવાનું. અને ક્રોધ કોઇપણ નુકસાનનું વળતર આપવા સક્ષમ નથી. માટે હવે કોઇપણ નુકસાનપર પણ ક્રોધ તો કરવો જ નહીં.

(૧૧) આ વણકર મને પહેલા માલ-મલીદા ખવડાવે છે અને પછી લોહી કાઢી ભયાનક ત્રાસ આપે છે. મોહરાજા જીવને મનગમતા વિષયોની મજા માણવા જતાં આ જ રીતે દુર્ગતિઓમાં ત્રાસ આપે છે. વિષયસુખમાં આકર્ષાતા લોકોએ મારી આ હાલત નજરમાં સતત રાખવી જોઇએ.

આવા-આવા વિચારોના મંથનથી માખણ તારવ્યું - મારી બધી જ વિટંબણાઓના મૂળમાં મારો અહં અને મારો ક્રોધ છે, બીજા કોઇનો વાંક નથી. માટે જો હું મારા શીલના પ્રભાવે આ જીવતી નરકમાંથી બહાર નીકળી શકું, તો પછી ક્યારે'ય પણ ક્રોધ કરવો નહીં, અને એ ક્રોધમાં કારણભૂત અહંકાર રાખવો નહીં.

વણકરની મને માલ-મલીદા ખવડાવવાની અને પછી લોહી કાઢવાની રમત ઘણા વખત સુધી ચાલી. હું સાવ ફીક્કી પડી ગઈ. છતાં મને એ વાતનો ખાસ સંતોષ હતો કે મારા શીલને ઉની આંચ આવતી નથી. મારા શીલનું જો રક્ષણ થતું હોય, તો આ ત્રાસ હું જીવનભર વેઠવા તૈયાર છું.

પણ મારી આ કઠોર-ક્રૂર પરિસ્થિતિમાં પણ પળાયેલો શીલધર્મ જ જાણે કે મારી વહારે ધાયો. મારો ભાઇ એ જ શહેરમાં ધંધાર્થે આવ્યો હતો. વણકર પાસે કાપડ લેવાના આશયથી આવ્યો. ત્યાં મને જોઇ. અલબત્ત ચહેરો રૂની પૂણી જેવો થઇ ગયો હતો. પણ શકલ એમ થોડી બદલાય છે? મારા ભાઇને લાગ્યું કે ઘણા વખતથી જેના કોઇ સમાચાર જ નથી, અને જેને અમે મરી ચૂકેલી માનીએ છીએ, એ જ આ અમારી લાડકી બેન તો આ નથીને ?

એણે વણકરને પૂછ્યું- આ સ્ત્રી તારીપાસે ક્યાંથી આવી ?

વણકરે કહ્યું- એક પલ્લીપતિએ મને પૈસાથી વેંચી. મેં પણ રૂપાળી સ્ત્રી જોઇ ભોગાર્થ ખરીદી. પણ સ્ત્રી તો જીદ્દી નીકળી. મારી ભોગેચ્છા પૂરી કરી નહીં. તેથી હવે તેના શરીરમાંથી લોહી કાઢી કપડા રંગુ છું. એમ કરીને ચૂકવેલા પૈસા વસૂલ કરું છું.

મારા ભાઇને ખાતરી થઇ ગઈ કે ચોક્કસ આ મારી બહેન જ લાગે છે. ચોરોએ પકડીને પછી પૈસા ઉપજાવવા આને વેંચી મારી હશે. છતાં આવી વિકટ પરિસ્થિતિમાં પણ મારી બેને પોતાનું શીલ અખંડ રાખ્યું છે, અને તે ખાતર આટલું ભયંકર કષ્ટ ઉઠાવી રહી છે, તે ખરેખર

ધન્યવાદને પાત્ર છે.

મારા ભાઈએ આવો વિચાર કરી મને પૂછ્યું - હે ભદ્રે! તમે ક્યાંના રહેવાસી છો? કોની કન્યા છો?

મેં કહ્યું- 'હે મહાસત્ત્વશાલી ! મારા વીરા ! અવંતીમાં રહેતા ધનશેઠની ભદ્રિકા નામની અને પ્રસિદ્ધ નામે અચ્ચંકારી ભટ્ટા નામની કન્યા છું અને સુબુદ્ધિમંત્રીની પત્ની છું. તમે મને મારા ભાઈ જેવા લાગો છો !

મારો ભાઇ મારો આ પરિચય સાંભળી ગળગળો થઇ ગયો- લાડકી બેનની અહીં, આવા સંજોગમાં મુલાકાત જાણે એને મન બિન વાદળ વર્ષા જેવી નીવડી. એણે મને તરત જ બેન ! બેન ! કરી ગળે વળગાડી અને તેની આંખેથી આંસુની ધારા વહેવા માંડી.

ઘણા વખતે આપ્તજનના દર્શનથી અત્યારસુધી વેઠેલા દુઃખનો ડૂમો પીગળીને મારી આંખેથી ગંગા-જમના બની વહેવા માંડ્યો... ભાઇ! ભાઇ! કરતી હું ભાઇના પગમાં પડી.. ત્યાં જ ફસડાઇ ગઇ. થોડીવાર તો અમારા બંનેમાંથી કોઇ બોલી શક્યું નહીં. વણકર પણ આ પ્રસંગથી અવાચક બનીને ઊભો રહ્યો. થોડીવારમાં મારો ભાઈ સ્વસ્થ થયો, મારી વિગત પૂછી. મેં પણ બનેલા પ્રસંગો અથથી ઇતિ સુધી કહી કહ્યું- મારી જીદમાં સમાધાન ન કરવાથી મને આ દુઃખ આવ્યું, અને શીલમાં સમાધાન ન કરવાથી આ દુઃખમાં પણ ટકી રહેવાનું બળ મળ્યું ને હવે આ દુઃખથી છોડાવનારો ભાઇ મળ્યો.

મારા ભાઈએ વણકરને સંતોષ થાય, એટલા પૈસા આપ્યા, મને વણકરના સકંજામાંથી મુક્ત કરાવી. ઘરે લઇ આવ્યો. ઘરે તો બધા મને જોઇ જાણે કે મહોત્સવના મંડાણ થયા. જાણે કે મરી ગયેલી બેન દેવલોકમાંથી પાછી આવી, એમ ભાઈઓએ આનંદ વ્યક્ત કર્યો. પોતાના કાળજાની કોર સમાન દીકરી ખોવાઇ ગઈ ત્યારથી દુઃખી દુઃખી થઈ જીવતા મારા-પિતાએ દીકરી જડ્યાના આનંદમાં નવું જીવતર મળ્યાનો આનંદ અનુભવ્યો.

વૈદ્યની દવા વગેરે સારવારથી હું ફરીથી પૂર્વવત રૂપસુંદરી બની ગઇ. પણ હવે મારું રુપ દજાડનારું નહીં, પણ ઠારનારું બન્યું. હવે મારા વચનો સૂર્યના દઝાડનારા કિરણોને બદલે ચંદ્રની શીતલતા બક્ષતી ચાંદની સમા બન્યા. મારો ધરમૂળથી બદલાઇ ગયેલો સ્વભાવ બધાને સાશ્ચર્ય આનંદ પમાડતો હતો. મારા શીલધર્મના પાલનના સમાચારથી બધા મને મહાસતી અને દેવી સમાન ગણવા માંડ્યા.

સુબુદ્ધિમંત્રીને પણ મારા મળી જવાના સમાચાર મોકલવામાં આવ્યા. મારી બનેલી વ્યથાભૂત કથા પણ એમને જણાવી મારા અખંડ શીલપર જરાય શંકા નહીં રાખવા પણ સમજાવ્યા. પણ મંત્રી કહે- તમે કહો છો, તેમ એ શીલવાન અને રૂપવતી જરુર છે. પણ સોનાની લગડી પણ દઝાડતી હોય, તો હાથમાં કોણ લે?

મારા પિતાજીએ કહ્યું- મારી દીકરી હવે પહેલા જેવી રહી નથી. કદી ન બદલાઈ શકતો ગણાતો સ્વભાવ સાવ બદલાઇ ગયો છે. તમને વિશ્વાસ ન બેસતો હોય, તો થોડા દિવસ ઘરે લઇ જાવ. ફાવે તો ઠીક છે, નહીંતર એને અમારે ત્યાં પાછી મોકલી આપજો.

અતિઆગ્રહથી સુબુદ્ધિમંત્રી મને ઘરે - મારા સાસરે લઇ ગયો. થોડા દિવસના સહવાસમાં એ ઓળખી ગયો કે આ ક્ષમામૂર્તિ છે. આના મગજમાં પહેલા ભટ્ઠી હતી, હવે બરફની ફેક્ટરી છે, જીભપર પહેલા તમામ મરચાની તીખાશ હતી, હવે સાકરનું કારખાનું છે. હૈયામાં અહંના પર્વતની જગ્યાએ શાંતિ અને ક્ષમાના સાગર ઘુઘવી રહ્યા છે. પહેલા એ મંત્રી કામપીડાથી મને દેવીની જેમ પૂજતા હતા, હવે મને મારા શીલ, ક્ષમા, શાંતિ વગેરે ગુણોથી મહાદેવીની જેમ પૂજવા માંડ્યા.

મેં પણ પૂર્વના અનુભવોથી નિયમ લઇ લીધો છે કે આભ તૂટી પડે, તો પણ ક્રોધ કરવો નહીં, અને અહંને પાસે ફરકવા દેવો નહીં. માટે હે મુનિવરો! હું મરી જઇશ, પણ ક્રોધ નહીં કરું. હું હજી પણ જિદ્દી જ છું- ફરક એટલો કે ક્ષમા જ કરવી- ક્ષમા જ રાખવી, આ જ હવે મારી જીદ છે. આ જ કારણથી મને દાસીપર પણ ક્રોધ આવ્યો નથી.

અચ્ચંકારી ભટ્ટાના મુખેથી એનું આ અદ્ભુત ચરિત્ર સાંભળી અદૃશ્યરૂપે રહેલો દેવ પ્રત્યક્ષ થયો. દેવે પોતાનો પરિચય આપતાં અને અહીં આવવાનું પ્રયોજન બતાવતાં કહ્યું- પ્રથમ દેવલોકનો હું દેવ છું. અમારા ઇંદ્રના મુખે તમારા ક્ષમાભાવની પ્રશંસા સાંભળી હું અહીં પરીક્ષા કરવા આવ્યો હતો. મેં જ તમારી દાસીના હાથમાંથી ત્રણેય બરણી સરકાવી દઇ ફોડાવી નાંખી હતી. તમે જે ચોથી બરણી લઇને આવ્યા, ત્યારે એ બરણી ફોડવાનો મારો પ્રયત્ન નિષ્ફળ ગયો, કેમ કે તમારા શીલના પ્રભાવ આગળ મારું કશું ચાલ્યું નહીં. તમે કરેલી સાધુને સુપાત્રદાનની ઈચ્છાને અટકાવવાની મારી ઈચ્છા બર ન આવી, કેમ કે તમારી એ શુભઈચ્છા પાછળ તમારા પ્રબળ શીલનું બળ હતું. અને શીલવાનને તો દેવ-દાનવ-ગંધર્વો-યક્ષો-રાક્ષસો અને કિન્નરો પણ નમસ્કાર કરે છે, કેમ કે શીલ પાલન દેવોમાટે અત્યંત દુષ્કર છે.

આમ કહી દેવે ત્રણેય બરણી ફરી જેવી હતી તેવી કરી દીધી. પછી સંતુષ્ટ થયેલા દેવે અચ્ચંકારી ભટ્ટાને વરદાન માંગવા કહ્યું. ત્યારે અચ્ચંકારી ભટ્ટાએ કહ્યું- મને શીલધર્મ નામનું ચિંતામણિરત્ન અને ક્ષમા નામનું પારસમણિરત્ન પ્રાપ્ત થઇ ગયાં છે. હવે બીજા કશાની ઈચ્છા નથી.

છતાં દેવદર્શન નિષ્ફળ ન જાય, એ નિયમથી દેવે એના ઘરમાં સુવર્ણવૃષ્ટિ કરી. દેવ ફરી અચ્ચંકારી ભટ્ટાને નમી દેવલોકમાં ગયો. દાસીથી બરણી ફૂટી, એમાં દાસીનો નહીં, દેવનો વાંક હતો, તેથી સર્વત્ર વાંક કાં તો દેવનો કાં તો દૈવ (=ભાગ્ય)નો સમજી માણસને નિરપરાધી માનવામાં જ ન્યાય છે, એ વાતની પુષ્ટિ મળવાથી અચ્ચંકારી ભટ્ટા ખુશ થઇ. સત્ત્વશાળી શીલવાનને દેવો પણ નમે છે, અને ક્રોધ-ક્ષમાના સાક્ષાત્ આવા નુકસાન-લાભ હોઇ શકે છે, એ રોમાંચક વાતો

સાંભળી પુલકિત થયેલા બંને સાધુઓ લક્ષપાક તેલ લઇ કુંચિકશેઠને ત્યાં ગયા. અચ્ચંકારી ભટ્ટા અંતે સમાધિથી કાળ કરી દેવલોકમાં ગઇ. ત્યાંથી મહાવિદેહમાં મનુષ્ય થઇ મોક્ષે જશે.

કોઇની દેખિતી ભૂલપર શીઘ્ર એને 'અપરાધી' 'પ્રમાદી' 'ખરાબ' 'અક્કલ વગરનો' 'બેદરકાર' માની લેવાની અને તેવા અભિપ્રાયો ઉચ્ચારી લેવાની ઉતાવળી ભયંકર ભૂલથી બચાવે છે ઉપશમભાવ અને મૈત્રીપૂર્ણ ક્ષમાભાવ. આ આવી જાય એટલે કદાચ પરિસ્થિતિ ખરાબ લાગે પણ જીવ ક્યારેય ખરાબ લાગે નહીં.




સાધુઓ વિહારમાં હતા... શહેર મોટું હતું. ઉપાશ્રય હજી ત્રણેક કીલોમીટર દૂર હતો..

અચાનક મુનિરાજની નજરસામે ઉપાશ્રયની દિશામાંથી આવી એક રીક્ષા સામેની દિશામાં થોડે દૂર ઊભી રહી.. એક કપલ(જોડું) એમાંથી ઉતર્યું.. પતિ-પત્ની વચ્ચે કો'ક વાતની રકઝક થઇ. રીક્ષાવાળો પણ બન્ને સામે અવાચક બની જોઇ રહ્યો હોય.. તેમ લાગ્યું.. 'પ્રાયઃ ભાડુ ચૂકવવા અંગે રકઝક હોય' તેવું અનુમાન બાંધ્યુ. અલબત્ત આ રકઝક સતયુગના આદર્શરૂપ નહીં, પણ કલિયુગના ફારસરૂપ હોય, તેવું લાગતું હતું. ચોક્કસ ખ્યાલ ન આવ્યો પણ એમ લાગ્યુ કે પુરુષે

ભાડુ ચૂકવ્યું...

સાધુઓ તો ઉપાશ્રય પહોંચી ગયા.. રાતના સમયે એક ભાઈ વંદનાર્થે આવ્યા... 'મહારાજ આવ્યા છે.. તે ચાલો દર્શન કરી લઈએ' એવો જ આશય હશે.. રાતના ઝાંખા પ્રકાશ-અંધારામાં એમનો ફેસ બરાબર દેખાતો ન હતો.. અને સવારના પેલા ભાઇનો અસ્પષ્ટ ચહેરો યાદ આવ્યો.. આ બન્ને અસ્પષ્ટતા સમાન લાગવાથી મુનિરાજને લાગ્યુ 'કદાચ આ ભાઈ એ જ તો નહીં હોય ને' અને સહસા પૂછાઈ ગયું.. 'આજે સવારે લગભગ આઠેકવાગે તમે અહીંથી પ્રાયઃ ત્રણેક કી.મી. દૂર ક્યાંક ગયા હતા..?' મુનિરાજનો ખ્યાલ સાચો પડ્યો.. એ ભાઇએ કહ્યું 'હા! હું મારી પત્ની સાથે એક બીમાર ભાઇની મુલાકાતે ગયો હતો..'

ઘણીવાર આપણે ધારીએ- ઈચ્છીએ નહીં, તો પણ હૈયાની વાત અચાનક હોઠે આવી જાય છે.. અને ઇંગ્લીશમાં જે Slip of Tongue અને ગુજરાતીમાં 'જીભ કચરવી' કહેવાય છે તેના જેવી હાલત સર્જાઇ જાય છે. મુનિરાજને પણ એવું જ થયું.. એકદમ જ બોલાઇ ગયું 'તમારે પત્નીસાથે શી રકઝક ચાલતી હતી?' પછી લાગ્યું 'અરે મેં ભારે ભૂલ કરી !' એક સાધુની રુએ મારે ગૃહસ્થની પંચાતમાં પડવું ન જોઇએ. અને તેમાં પણ કોઇની અંગત કહેવાય તેવી બાબતમાં ખણખોદિયા ન જ બનવું જોઇએ.' એ ભાઇ આ સાંભળી થોડા થોથવાયા હોય તેવું પણ લાગ્યું.. એટલે મુનિરાજે તરત સજાગ બની સહૃદય માફી માંગતા કહ્યું 'અરે! મારી ભૂલ થઇ.. મારે તમને આવું પૂછવું ન જોઇએ.. મહેરબાની કરી આ વાત મનમાં લાવશો નહીં, અને મને માફ કરો..' પણ એટલી વારમાં એ ભાઈ સ્વસ્થ થઇ ગયા હતા...

મુનિરાજને કહ્યું 'સાહેબ! એમાં આપે શેની માફી માંગવાની હોય.. આપનો કોઇ વાંક નથી.. ત્યાં એ પ્રસંગ જોનારા કોઇને પણ કુતુહલ થાય.. અને જાણવાની ઈચ્છા થાય તે સહજ છે... તેથી આપે કંઈ આ પૂછવા બદલ શરમાવાની જરુર નથી..'

આ સાંભળવાથી મુનિરાજને પણ થોડી હિંમત આવી. અને 'જરુર કોઇ રસપ્રદ બાબત હોવી જોઇએ' એમ થવાથી જાણવાની ઉત્કણ્ઠા વધી. મુનિરાજે કહ્યું 'જો એમ જ હોય.. તો તમને વાંધો ન હોય અને અમને સાંભળવામાં બાધ આવે એવું ન હોય.. તો આ બાબતમાં કહેવા જેવું હોય.. તો કહો..'

એ ભાઈ નિખાલસપણે હસ્યા.. પણ મુનિરાજને લાગ્યું એ હાસ્યમાં છૂપું છૂપું - આંશિક પણ કાં'ક ઉદાસીનતા-દુઃખ સમાયેલું છે. એ ભાઈએ કહ્યું 'સાહેબ! આપને આ નાનકડો પ્રસંગ લાગે છે.. પણ એ પ્રસંગની પાર્શ્વભૂમાં મારી જીવનકિતાબના મહત્ત્વના અનેક પૃષ્ઠોમાં લખાયેલી એક વિચિત્ર વાર્તા રહેલી છે. એ કંઈ સાંભળવા જેવી નથી... નાહક તમારો સમય બગડશે...' અને પછી સહજ ગણગણ્યા..

લાચાર જિંદગી તણા અપહૃત વિમાનમાં,

ઈચ્છાના ચાંચિયે મને પકડ્યો છે બાનમાં..

સા'બ ! શું વાત કરું.. અમારી ઈચ્છાઓ - આશાઓ ખુટતી નથી અને લાચારી ઘટતી નથી.'

કંઇક હમદર્દી સાથે મુનિરાજે કહ્યું 'જો તમને વાંધો ન હોય, ઘરની ગોપનીય વાતોને કહેવામાં જો આંચકો ન આવતો હોય, તો મને તમારી એ દાસ્તાન.. વિચિત્ર વાર્તા સંભળાવશો ? જો સારપ હશે, તો સંવેગ વધશે.... જો કરુણતા હશે.. તો વૈરાગ્ય વધુ દૃઢ થશે...'

એ ભાઈએ થોડી આનાકાની પછી પોતાની જીવનવાર્તા કહેવાની શરુ કરી...

અમે બન્ને (=પતિ-પત્ની) અમારી કોલેજ લાઇફમાં ક્લાસ-મેટ (સહાધ્યાયી) હતા... બી.એ. અને એમ.એ. સુધી અમે સાથે ભણ્યા... એમાં અમારા બન્ને વચ્ચે લવ-અફેર (પ્રેમ-લફરું) થયું...અને મા-બાપના વિરોધ વચ્ચે પરણી પણ ગયા... આમ તો અમે બન્ને મધ્યમવર્ગીય... મને પિતાનું ભાડાનું ઘર મળેલું.. તો એને દાયજામાં થોડુ ઘણું સોનું મળ્યું હશે. એ પણ લગ્ન પછી.

ઘરસંસાર ચલાવવાનો હતો. એને સ્કુલમાં શિક્ષિકાની સર્વીસ મળી.. મને નોકરી પસંદ નહીં.. તેથી ૫/૬ ટ્યુશનો લઈ લીધા... બે-ત્રણ મહીના નીકળી ગયા.. આ બે-ત્રણ મહીનામાં મને ખ્યાલ આવ્યો કે મારી પૂરી આવક ઘરખર્ચમાં ચટણી બની જાય છે.. પણ મારી પત્ની ઘરખર્ચમાટે પોતાની આવકની એક પાઈ આપતી નથી.. એક રાતે મેં સહજ વાત ઉપાડી...

'આપણે બન્નેએ મનની અને કોર્ટની સાખે એક-બીજાના જીવનસંગી બનવાનું નક્કી કર્યું... હવે આપણે માત્ર શરીરથી અલગ.. મનથી તો એક જ છીએ..'

મારી પત્નીએ પૂછ્યું.. 'આજે કેમ આ વાત ઉપાડી છે?'

મેં કહ્યું 'મને તો એમ જ કે તું સર્વીસ કરે, હું ટ્યુશન કરું.. આપણી બન્નેની આવકથી ઘરખર્ચ નીકળી જશે.. અને કાં'ક બચશે... પણ મારા ખ્યાલ મુજબ મારી પૂરી આવક સાફ થઇ જાય છે.. અને તારી પૂરી આવક તું બચાવે છે..'

'તે તમે મારી આવક પણ ઘરખર્ચ માટે માંગો છો... પત્નીની આવક પર નજર નાખતાં તમને શરમ નથી આવતી... મારી પૂરી આવકની હું માલિકણ છું.. એનું શું કરવું તે મારી મુનસફીની વાત છે.. ઘરખર્ચ આપવાની જવાબદારી મારી નથી..' મારી પત્ની તાડુકી.

આ સાંભળી મારું માથું ફાટી ગયું.. 'પ્રેમ અને ત્યાગ' સિક્કાની બે બાજૂ હોય તેમ માનવાવાળા મને 'પ્રેમ અને સ્વાર્થ' નો આ સિક્કો વિચિત્ર લાગ્યો... પણ મને થયું, ગરમ થવાથી વાત નહીં સરે.. સમજાવટથી કામ લેવા દે.. સમજાવવા માંડ્યું..

એણે એક જ વાત કરી 'પત્ની તરીકે મારી ફરજ તમને રસોઈ જમાડવાની.. તમારાં

ઘરને-ઘરવખરીને વ્યવસ્થિત રાખવાની... એ ફરજ હું બજાવી દઉં છું.. હવે મારો પગાર માંગવાનો તમારો અધિકાર નથી..'

મેં કહ્યું 'જેમ તું રસોઇ કરે છે.. તેમ હું ઘરનું ભાડું ભરું છું.. જમીએ છીએ તો આપણે બન્ને જ...' અમારી વચ્ચે ખુબ તડાફડી થઈ...

અંતે નક્કી થયું.. 'જે કંઇ ઘરખર્ચ આવે.. તેના ૭૦% મારે ભરવાના... ૩૦% એણે. રસોઇની જવાબદારી એની. પણ બીજા કામમાટે ઘરનોકર રાખવાનો.' પછી તો જેમ જેમ સમય વીતતો ગયો.. તેમ અમારી આ આર્થિક ગોઠવણનો વ્યાપ વધતો ગયો... દર રવિવારે ફરવા જઈએ.. ત્યારે એક રવિવારનો ખર્ચો મારા માથે... બીજા રવિવારનો એનાપર... ખર્ચો પોતપોતાની ઈચ્છા મુજબ કરવાનો.. એમાં બીજાની દખલગીરી ન ચાલે... પહેલી સૂવાવડ એના પિયરમાં થઇ, બીજી સૂવાવડનો ખર્ચો મેં ઉઠાવ્યો. એની સાડી વગેરેનો ખર્ચો એનો.. મારા કપડાનો મારો... હા ! મારા જન્મદિને એ મને એક પેન્ટ કે શર્ટ પીશ ભેટ આપે છે.. અને એના જન્મદિને હું એને એક સાડી આપું છું.

અમારી ગોઠવણ એટલે સુધી પહોંચી છે, કે ઘરમાં કોના કેટલા મહેમાન આવ્યા ? કેટલો ખર્ચ થયો? તેની પણ નોંધ લેવાય છે. એ પૂરો ખર્ચો જેના મહેમાન હોય એ ભોગવે. જેના સગાના લગ્ન હોય, તેમાં જવાનું બન્નેએ, પણ જવા-આવવાનો ખર્ચ.. ચાંદલો પોતપોતાએ ભોગવવાનો... અમારા બન્ને છોકરાનો ખર્ચો તો ઘરખર્ચમાં જ ગણાય જાય... સાહેબ ! શું વાત કરું... અમે બન્ને એટલા બધા સ્વાર્થી બની ગયા છીએ કે નાનામાં નાની વાતમાં પણ હિસાબ ચોખ્ખો રાખીએ છીએ. વેપારમાં જે પાઇનો પણ હિસાબ રાખવાનો હોય, તે અમે ઘરમાં રાખીએ છીએ. આજની મોંઘવારીમાં આખો દિવસ ટ્યુશનોનો ઘસરડો કરી કરીને જે આવક થાય છે.. તેમાંથી મોટો ભાગ આ ઘરમાં સલવાઇ જાય છે. મારી પત્ની પણ ૩૦% આપે છે, પણ મને તેની આવક કેટલી છે ? દર મહીને કેટલા બચાવે છે? ક્યાં રાખે છે? કશું ખબર નથી... પૂછવાની હિંમત પણ નથી... હા! મારે અર્જન્ટ પૈસાની જરુર પડે.. તો તરત આપે છે... પણ ૧૨% વ્યાજપર... વ્યાજ એક એક દિવસનું ગણાય... અને ઉપરથી ઓછા વ્યાજનો ઉપકાર ગણાય છે. એને તો ક્યારે'ય એવી જરુર ઊભી જ થઇ નથી... આ છે અમારો સંસાર...

'તો પછી આજે સવારે રકઝક શાની થઇ ?' મુનિરાજે પૂછ્યું.. કા'ક અધીરતા સાથે..

'એ તો એવું છે ને સાહેબ... જે ભાઇ બીમાર છે.. તે અમારા જૂના પાડોશી... હવે તો બીજે રહે છે.. એમની બીમારીના સમાચાર મળ્યા.. અને પહેલેથી સારો સંબંધ.. તેથી આજે મળવા ગયા હતા... હવે પ્રશ્ન એ આવ્યો કે ભાડું કોણ ચૂકવે? કેમકે આ તો અમારા બન્નેના કોમન ગણાય... પહેલા ખર્ચ કોણ ઉઠાવે તેની માથાકુટ થઇ.. પછી નક્કી કર્યું જવાનો ખર્ચ એકનો... આવવાનો બીજાનો.. તો પાછી એ ખટપટ થઇ, આ જવાનું ભાડું કોણ ચૂકવે ? મેં કહ્યું- 'તું

સ્ત્રીસમાનતા અને "Ladis' first' ની હિમાયત કરે છે.. તેથી પ્રથમ તારે ચૂકવવાનું.. વળતી વખતે હું ચૂકવીશ..' પણ એ માની નહીં.. કહે "Ladis' first તો અધિકાર માટે છે.. ફરજો તો પ્રથમ પુરુષે જ અદા કરવી જોઇએ.' આખરે વાતનો અંત લાવવા મેં ભાડું ચૂકવ્યું... વાત આમ હતી... સાહેબ છે ને અમારો આ વિચિત્ર સંસાર...

મુનિરાજે કહ્યું 'ભાઇ ! પૂ. હરિભદ્રસૂરિ મહારાજે પણ કહ્યુ જ છે 'इइसो चेव संसारो' સંસાર આવો વિચિત્ર જ છે.

એ ભાઈએ કહ્યું.. 'આ જગતમાં આવ-જા માટે ફક્ત બે દ્વાર છે..

એક બાજૂ દર્દ બીજે મોત ચોકીદાર છે.

જન્મ લઈ જેણે નથી ખાધી હવા સંસારની

એ જ સાચો સુખીં બાકી બધા લાચાર છે.'

સાહેબ! આપ જેવા સાધુઓ જ સુખી છે... અમારી રામકહાણીની તો વાત જ મા કરશો...

મુનિરાજે સહજ પૂછ્યું.. આ બધું જોઇ તમને વૈરાગ્ય આવતો નથી?'

એમણે કહ્યું- સાહેબ! અમે તો આધુનિક ઉંદર જેવા છીએ. આજ-કાલના ઉંદરને ડી.ડી.ટી.નું ઝેર ચડતું નથી... એ બધા ડી.ડી.ટી.થી ટેવાઇ ગયા છે.. તેમ અમે બધા આ સંસારથી ટેવાઇ ગયા... સાચું પૂછો તો વૈરાગ્યનો વિચાર કરવાની ય અમને ફુરસદ રહી નથી..'

અંતે ઉમેર્યું... 'સા'બ મને તો કદાચ વૈરાગ્ય નહીં થાય... પણ મારી આ કહાનીથી કોઈ બીજાને વૈરાગ્ય થાય.. તો પણ મને લાભ મળશે જ ને..'

આ છે સંસારની વિગત...



## • સૌજન્ય •

| | |
|---|---|
| શ્રી વિરલ હસમુખરાય અમૃતલાલ ગાંધી | મુલુન્ડ |
| શ્રી હાર્દિક હસમતભાઈ લક્ષ્મીચંદ દોશી | મુલુન્ડ |
| શ્રી મહાસુખરાય દલીચંદ સંઘવી હસ્તે જયસુખભાઈ | મુલુન્ડ |
| શ્રી અનોપબેન ધીરજલાલ પારેખ હસ્તે નગીનભાઈ | મુલુન્ડ |
| શ્રી દિનેશભાઈ નગીનદાસ ચુનાવાળા | મુલુન્ડ |
| એક સદ્‌ગૃહસ્થ હ. જયાબેન | મુલુન્ડ |
| દિલીપભાઈ પ્રફુલભાઈ નાણાવટી | મુલુન્ડ |
| સ્વ. ચિરાગ ખાન્તીલાલ બાવચંદ દોશીના પુણ્યસ્મરણાર્થે હ. વિરસ. | મુલુન્ડ |
| માતુશ્રી રતનબેન વેલજીભાઈ ગાલા હ. રામજીભાઈ | મુલુન્ડ |
| સ્વ. ચંપાબેન મનસુખલાલ શાહ | મુલુન્ડ |
| સંઘવી શાંતિલાલ જાદવજી પાંચ ટોબરાવાળા | મુલુન્ડ |
| ઉર્મિલાબેન જેઠાલાલ સાવલા. | મુલુન્ડ |
| શા. ચંપાલાલજી થાનમલજી દોલાણી પરિવાર. | મુલુન્ડ |
| શા. હઠીચંદ ખીમચંદ વોરા હ. મનહરભાઈ | મુલુન્ડ |
| વોરા પાનાચંદ ગોપાળજી | મુલુન્ડ |

## • આધારભૂત સૌજન્ય •

એક સદ્ગૃહસ્થ હ. — મુલુન્ડ

શ્રી વિનોદભાઈ મેઘજી દોઢિયા. — મુલુન્ડ

એક સદ્ગૃહસ્થ — ઘાટકોપર

## • વિશેષ સૌજન્ય •

સ્વ. જયાલક્ષ્મી અમૃતલાલ વીરચંદ પારેખ પરિવાર — મુલુન્ડ

શ્રી મહાસુખલાલ બાવચંદ દોશી — મુલુન્ડ

સ્વ. શાંતીલાલ ગીરધરલાલ રવાસાના પુણ્યસ્મરણાર્થે — મુલુન્ડ
હસ્તે જીતેન્દ્રભાઈ.

એક સદ્ગૃહસ્થ હ. ડૉ કીર્તિભાઈ વોરા — મુલુન્ડ

સ્વ. શા મિશ્રિમલજી મુલચંદજી કાંકરિયાના પુણ્યસ્મરણાર્થે — મુલુન્ડ
ભરતભાઈ અને નરેશભાઈ.

શ્રી વિનોદભાઈ અંબાલાલ પૂનાવાળા — મુલુન્ડ

શ્રી બાબુલાલજી ચુનીલાલજી ખાંટેડ પરિવાર — મુલુન્ડ

શ્રી નરેન્દ્ર છબીલદાસ માળિઆ — મુલુન્ડ


ક્ષમાપના


ક્ષમાપના


મિચ્છામિ
દુક્કડમ્


ક્ષમાપના




૧. ક્ષમાપના = પ્રેમ + મૈત્રીની મહેક...

૨. ક્ષમાપના : વિષને અમૃતમાં ફેરવતો મંત્ર...

૩. ક્ષમાપના નું સૌંદર્ય...

૪. સગુતારું કોણ સાચુરે...

૫. ક્ષમાભાવ ઈર્ષ્યાની આગમાંથી પ્રમોદનો બાગ...

૬. ક્ષમાપના = દ્વેષની આગમાંથી પ્રેમનો ફુવારો...

૭. ક્ષમા ધર્મ દયાનનું રસાયણ...

૮. હિસાબ રાખવાની કળા...

૯. અચ્ચંકારી ભઠ્ઠા...

૧૦. દેખ ! તેરે સંસાર કી હાલત...





Yulty Graphics
(022) 2665747 / 3880208